**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૩.૯૨ |
| પાઉન્ડ | ૧૦૬.૭૨ |
| યુરો | ૯૧.૬૮ |
| સઉદી રિયાલ | ૨૨.૩૫ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૧,૪૪૦ |
| ચાંદી (૧ કિલો) | ૮૨,૫૦૦ |

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991

ન્યુ ઝમઝમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ઉમરાહ 2024 ફ્લાઈટ અમદાવાદથી અમદાવાદ
દિવાળી વેકેશન
28 ઓક્ટોબર 90,000/- (22 દિવસ)
15 થી 20 સપ્ટેમ્બર 85,000/- (25 દિવસ)
સ્પેશ્યલ ઓફર : નવેમ્બર 18 દિવસ 65,000/- (બુકિંગની છેલ્લી તારીખ 30 ઓગસ્ટ)
મૌલાના સાજીદ સિદ્ધપુર 9638929480
ઐયુબ ભાઈ અહમદાબાદ 9825442205

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૧૦ ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

### અમેરિકાએ હસીનાના સત્તાવાર વિઝા રદ કર્યા, બ્રિટને કહ્યું : પ્રવાસની મંજૂરી નથી

# શેખ હસીનાને શરણ આપવા પશ્ચિમી જગતનો ઈન્કાર

## બાંગ્લાદેશમાંથી હકાલપટ્ટી કરાયેલા પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ પશ્ચિમમાં શરણ માંગતા અમેરિકાએ વિઝા રદ કર્યા

(એજન્સી) ઢાકા, તા.૬

બાંગ્લાદેશમાં વિપક્ષની નજીકના આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા પોતાના હાંકી કાઢવામાં આવેલા વડાંપ્રધાન શેખ હસીનાના વિઝાને રદ કરવામાં આવ્યા છે. આ ઘટનાક્રમ એવા અહેવાલો વચ્ચે આવ્યો છે કે, યુએસ સહિતના પશ્ચિમી દેશોએ તેણીને

**શેખ હસીનાના આશ્રયના અહેવાલો વચ્ચે બ્રિટને કહ્યું; 'બ્રિટિશ ઈમિગ્રેશન નિયમો સામાન્ય લોકોને તે દેશમાં આશ્રય અથવા અસ્થાયી આશ્રય મેળવવા મુસાફરી કરવાની મંજૂરી આપતા નથી'**

સત્તામાંથી હટાવવાની માંગ કરી હતી. બીજી તરફ બ્રિટને પણ શેખ હસીનાને તાત્કાલિક ધોરણે શરણ આપવા ઈન્કાર કર્યો છે અને જણાવ્યું છે કે, તેઓ જ્યાં સૌપ્રથમ ગયા છે ત્યાં જ શરણ માંગે અને આ જ સૌથી સુરક્ષિત માર્ગ છે. બાંગ્લાદેશમાં હિંસક વિરોધ બાદ રાજીનામું આપીને ભારત ભાગી ગયેલી હસીના હાલ ગાઝિયાબાદના હિંડન એરબેઝ પર છે. જ્યારે




તેઓ યુરોપિયન દેશોમાં આશ્રય માટેના વિકલ્પોની શોધી રહ્યા છે ત્યારે અહેવાલો અનુસાર યુકે તેમને આશ્રય આપવા માટે તૈયાર નથી. સૂત્રો સૂચવે છે કે, યુકેની નાગરિકા ધરાવતાં તેમના બહેન રેહાના ટૂંક સમયમાં યુકે જવા રવાના થઈ શકે છે. સોમવારે બાંગ્લાદેશમાંથી ભાગીને ભારત પહોંચ્યા પછી હસીનાને રાષ્ટ્રીય



સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને વરિષ્ઠ સૈન્ય અધિકારીઓએ મળ્યા હતા જેમણે તેમને સંપૂર્ણ સુરક્ષાની ખાતરી આપી હતી. ભારતીય વાયુસેનાએ તેમની ફ્લાઈટની દેખરેખ રાખી હતી, તેણીના સલામત માર્ગને સુનિશ્ચિત કરવા માટે રાફેલ ફાઈટર જેટ તૈનાત કર્યા હતા. નોબેલ પુરસ્કાર વિજેતા ડૉ.મુહમ્મદ યુનુસના નેતૃત્વમાં સૈન્ય દ્વારા વચગાળાની સરકારની રચનાની જાહેરાત સાથે બાંગ્લાદેશમાં હાલ સ્થિતિ અસ્થિર બની રહી છે. મંગળવારે વિદેશપ્રધાન એસ. જયશંકરે સંસદમાં જણાવ્યું હતું કે, હસીનાએ અચાનક રાજીનામું આપ્યા બાદ સલામત માર્ગ માટે ભારત પહોંચ્યા હતા. રાજ્યસભામાં સુઓમોટુ નિવેદન આપતા જયશંકરે કહ્યું કે, હસીનાને 'ખૂબ જ ટૂંકી સૂચના' પર ભારત પ્રવાસ કરવાની મંજૂરી મળી હતી. તેમણે કહ્યું કે, પાંચમી ઓગસ્ટે પ્રદર્શનકારીઓ કર્ફ્યુ હોવા છતાં ઢાકામાં ભેગા થયા. અમારી સમજણ એ છે કે, સુરક્ષા સંસ્થાના નેતાઓ સાથેની બેઠક બાદ વડાંપ્રધાન શેખ હસીનાએ દેખીતી રીતે રાજીનામું આપવાનો નિર્ણય લીધો હતો.' તેમણે કહ્યું 'ખૂબ જ ટૂંકી સૂચના પર તેમણે મિનિટોમાં ભારત આવવા માટે મંજૂરીની વિનંતી કરી હતી. અમને તે જ સમયે બાંગ્લાદેશ સત્તાવાળાઓ તરફથી ફ્લાઈટ ક્લિયરન્સ માટે વિનંતી મળી હતી અને તેઓ સોમવારે સાંજે દિલ્હી આવ્યા હતા.'

બીજી તરફ યુકે હોમ ઓફિસે જણાવ્યું કે, બ્રિટિશ ઈમિગ્રેશન નિયમો વ્યક્તિઓને આશ્રય

**'જેઓને આંતરરાષ્ટ્રીય સુરક્ષાની જરૂર હોય તેઓએ તેઓ જ્યાં પહોંચ્યા હોય તે દેશમાં પ્રથમ આશ્રયનો દાવો કરવો જોઈએ, આ સલામતીનો સૌથી ઝડપી માર્ગ છે' : બ્રિટન મંત્રાલય; જો કે, હસીનાની વિનંતી પર વિચારણા ચાલુ**

અથવા અસ્થાયી આશ્રય મેળવવા માટે તે દેશમાં જવાની મંજૂરી આપતા નથી. હસીના હાલ દિલ્હીમાં છે અને ભારતની અસ્થાયી શરણ લઈ રહ્યા છે. ગયા મહિને જ બ્રિટનમાં સર કેર સ્ટારમરની સરકારે કહ્યું હતું કે, આશ્રય મેળવતા વ્યક્તિઓએ 'તેઓ પહોંચતા પહેલા સુરક્ષિત દેશમાં' આવું કરવું જોઈએ. યુકે હોમ ઓફિસના પ્રવક્તાએ જણાવ્યું કે, 'યુકે પાસે એવા લોકો માટે રક્ષણ પૂરૂં પાડવાનો ગૌરવપૂર્ણ રેકોર્ડ છે જેમને તેની જરૂર છે. જો કે, કોઈ વ્યક્તિને આશ્રય અથવા અસ્થાયી આશ્રય મેળવવા માટે યુકેમાં મુસાફરી કરવાની મંજૂરી આપવાની કોઈ જોગવાઈ નથી.' નિવેદનમાં જણાવ્યું કે, 'જેઓને આંતરરાષ્ટ્રીય સુરક્ષાની જરૂર હોય તેઓએ તેઓ જ્યાં પહોંચે છે તે પ્રથમ સુરક્ષિત દેશમાં આશ્રયનો દાવો કરવો જોઈએ, તે સલામતીનો સૌથી ઝડપી માર્ગ છે.' તેમ છતાં સૂત્રો અનુસાર શરણની વિનંતી પર વિચારણા ચાલુ છે. નોકરીમાં અનામત અંગે જોરદાર વિરોધ પ્રદર્શન પછી બાંગ્લાદેશના વડાપ્રધાન તરીકે રાજીનામું આપીને ૭૬ વર્ષના હસીના લશ્કરી વિમાનમાં ભારત ભાગી આવ્યા હતા. તેમને ૪૫ મિનિટનું અલ્ટિમેટમ મળ્યા પછી તેઓ ગાઝિયાબાદના લશ્કરી બેઝ પર ઉતર્યા હતા. અગાઉ કહેવાયું હતું કે, હસીના સોમવારે રાત્રે જ લંડનની ફ્લાઈટમાં જશે પરંતુ હવે બ્રિટન દ્વારા શરણનો ઈન્કાર કરાતાં તેઓ વધુ એક મુશ્કેલીમાં મૂકાયા છે. સૂત્રોએ કહ્યું છે કે, તે ભારતીય ગુપ્તચર સેવાઓની ''રક્ષણાત્મક કસ્ટડી'માં છે. સૂત્રો અનુસાર હસીનાના બહેન રેહાના બ્રિટનના નાગરિક હોવાથી તેઓ ત્યાં જઈ શકે છે અને તેમની ભત્રીજી ટ્યુલિપ સિદ્દીકી લેબર સાંસદ છે તેમ છતાં તેમના માટે આશ્રય મેળવવું સરળ રહેશે નહીં. બીજી તરફ ભારત સરકાર માટે અસમંજસની સ્થિતિ ઊભી થઈ છે. મંગળવારે સવારે બાંગ્લાદેશી પ્રકાશન ડેઈલી સને અપ્રમાણિત સ્ત્રોતોને ટાંકીને જણાવ્યું હતું કે, ભારતે 'વચગાળાના રોકાણ' માટે પરવાનગી આપી છે જે દરમિયાન શેખ હસીનાને વ્યાપક લોજિસ્ટિકલ સપોર્ટ મળશે. તેમ છતાં અન્ય દેશો દ્વારા તેમને મંજૂરી ન અપાતાં હવે તેઓ ભારતમાં ક્યાં સુધી રોકાશે તે જોવાનું રહેશે.

# વડાપ્રધાન દેશ છોડી ભાગ્યા પછી મુસ્લિમ વિદ્વાનોનું બાંગ્લાદેશ સેનાને પારદર્શી ચૂંટણી યોજવાનું આહ્‌વાન

**ન્યુઝ GT પોઈન્ટ**

**હજુ જાન્યુઆરી ૨૦૨૪માં ચૂંટણી થઈ, વિરોધ પક્ષને જેલ ભેગા કર્યા અને ડરાવ્યા બાદ શેખ હસીના ચોથીવાર ચૂંટાઈ તો આવ્યાં પરંતુ અંચાઈ ક્યાં સુધી ચાલે ? ફક્ત ૭ મહિનામાં જ લોક જુવાળે સરકારને કચડી નાંખી અને ચોથીવાર ચૂંટાયેલા શેખ હસીનાને સત્તા તો ઠીક પરંતુ દેશ છોડવું પડ્યું ! જે વિરોધ પક્ષના નેતાઓને જેલ ભેગા કર્યા હતા એ આજે ખાલેદા ઝિયા જેવા વિરોધ પક્ષના દિગ્ગજને જેલ મુક્ત કર્યા છે.**

(એજન્સી) ઢાકા, તા.૬

મુસ્લિમ વિદ્વાનોના એક જૂથે સોમવારે બાંગ્લાદેશની સેનાને દેશની રક્ષા કરવા અને પારદર્શક ચૂંટણીઓ કરાવવા વિનંતી કરી હતી. ઈન્ટરનેશનલ યુનિયન ઓફ મુસ્લિમ સ્કોલર્સ (IUMS)એ શેખ હસીનાના રાજીનામું આપ્યા બાદ ભારતમાં હંગામી શરણ લીધા પછી નિવેદન બહાર પાડ્યું હતું. IUMSએ બાંગ્લાદેશી લોકો સાથે એકતા વ્યક્ત કરી, જ્યાં સુધી પારદર્શક ચૂંટણીઓ ન થાય ત્યાં સુધી વચગાળાની નાગરિક સરકારને સત્તા સ્થાળાંતરિત કરવા સેનાને વિનંતી કરી હતી. નિવેદનમાં લોકોને વ્યવસ્થા જાળવવા અને રાજ્ય અને ખાનગી સંપત્તિ પરના કોઈપણ હુમલાને રોકવા માટે પણ કહેવામાં આવ્યું હતું. મીડિયા અહેવાલો અનુસાર પ્રદર્શનકારીઓએ રાજધાની ઢાકામાં સરકારી ઈમારતો અને સત્તાધારી અવામી લીગ પાર્ટીના મુખ્યાલયને આગ ચાંપી દીધી હતી. સોમવારે વહેલી સવારે બાંગ્લાદેશના લશ્કરી વડા જનરલ વકાર-ઉઝ-ઝમાને હસીના દેશમાંથી ભાગી ગયા પછી સંક્રમણકારી સરકારની જાહેરાત કરી હતી. બાંગ્લાદેશમાં જુલાઈની શરૂઆતથી મોટાપાયે વિરોધ જોવા મળ્યો છે જે વિવાદાસ્પદ સિવિલ સર્વિસ જોબ ક્વોટા સામે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની આગેવાની હેઠળના દેખાવો તરીકે શરૂ થયો હતો. સ્થાનિક મીડિયાએ વિરોધ દરમિયાન લગભગ ૪૦૦થી વધુ લોકોનાં મોતના અહેવાલ આપ્યા હતા.

# દેખાવકારોના અલ્ટિમેટમ વચ્ચે બાંગ્લાદેશના રાષ્ટ્રપતિએ સંસદ ભંગ કરી

(એજન્સી) ઢાકા, તા.૬

બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીને વિવિધ રાજકીય પક્ષો, સંરક્ષણ દળો, નાગરિક સમાજના નેતાઓ અને ભેદભાવ વિરોધી વિદ્યાર્થીઓના પ્રમુખો સાથે ચર્ચા કર્યા પછી સંસદને ભંગ કરવાની જાહેરાત કરી હતી તેમ સૂત્રોએ જણાવ્યું હતું. સૂત્રોએ ઉમેર્યું હતું કે, જો મંગળવારે બપોરે ૩ વાગ્યા સુધીમાં સંસદનું વિસર્જન કરવામાં નહીં આવે તો ભેદભાવ સામેના વિદ્યાર્થીઓએ કડક વલણ અપનાવવા અલ્ટિમેટમ આપ્યા બાદ આ નિર્ણય આવ્યો છે. સવારે વિદ્યાર્થી નેતાઓએ કહ્યું હતું કે, તેઓ નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મુહમ્મદ યુનુસને વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર તરીકે ઈચ્છે છે. વિદ્યાર્થી નેતાઓમાંના એક નાહિદ ઈસ્લામે જણાવ્યું હતું કે, 'અમે કોઈપણ સેના સમર્થિત અથવા સેનાના નેતૃત્વવાળી સરકારને સ્વીકારીશું નહીં. અમે મુહમ્મદ યુનુસ સાથે પણ ચર્ચા કરી છે અને તે અમારા આમંત્રણ પર આ જવાબદારી નિભાવવા માટે સંમત થયા છે.' સોમવારે રાષ્ટ્રપતિ શહાબુદ્દીને બાંગ્લાદેશના પ્રથમ મહિલા વડાંપ્રધાન ખાલિદા ઝિયાને તાત્કાલિક મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો જે મુખ્ય વિપક્ષી બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી)ના પ્રમુખ છે. ઉલ્લેખનીય છે કે, ખાલિદાએ રાષ્ટ્રપતિ પ્રણાલીને સંસદીય સ્વરૂપની સરકાર સાથે બદલી હતી જેથી સત્તા વડાપ્રધાન પાસે રહે. રાષ્ટ્રપતિએ કહ્યું કે, વચગાળાની સરકાર તમામ પક્ષો અને હિતધારકો સાથે ચર્ચા કર્યા પછી શક્ય તેટલી વહેલી તકે ચૂંટણી યોજવાના પ્રયાસ કરશે.

# વકફ એક્ટમાં ૪૦ સુધારા : સરકાર ૮ ઓગસ્ટે સંસદમાં બિલ રજૂ કરે તેવી શક્યતા

## આ બિલ લિંગ સમાનતાને પ્રોત્સાહન આપવાના વ્યાપક પ્રયાસો સાથે વકફ બોર્ડમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ વધારવા માંગે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

વિપક્ષના અપેક્ષિત વિરોધ વચ્ચે NDA-III સરકાર વકફ એક્ટ ૧૯૯૫માં ૪૦ સુધારાની દરખાસ્ત કરતું બિલ ૮ ઓગસ્ટે સંસદમાં રજૂ કરે તેવી શક્યતા છે. વકફ બોર્ડ ધાર્મિક હેતુઓ માટે દાનમાં આપવામાં આવેલી મુસ્લિમ મિલકતોનું સંચાલન કરે છે. સૂત્રોએ સંકેત આપ્યો હતો કે, બિલને ૮ ઓગસ્ટે રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. જો તે કોઈ કારણોસર ન થઈ શકે તો આ સપ્તાહના અંત સુધીમાં બિલ રજૂ થઈ શકે છે. સૂચિત સુધારાઓમાં વકફ પ્રોપર્ટીની વધુ અસરકારક દેખરેખ અને વ્યવસ્થાપન સુનિશ્ચિત કરતી જોગવાઈઓનો સમાવેશ થવાની અપેક્ષા છે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર આ બિલના મુખ્ય



પાસાઓ પૈકી એક વકફ સંપત્તિના ઉપયોગમાં પારદર્શિતા વધારવા અને કડક જવાબદારીના પગલાં રજૂ કરવાના છે. વધુમાં આ બિલ લિંગ સમાનતાને પ્રોત્સાહન આપવાના વ્યાપક પ્રયાસો સાથે વકફ બોર્ડમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ વધારવા માંગે છે. ઉપલબ્ધ સંદર્ભો મુજબ વકફ બોર્ડ હાલમાં સમગ્ર ભારતમાં ૯.૪ લાખ એકર જમીનમાં ફેલાયેલી ૮.૭ લાખ મિલકતોનું નિયંત્રણ કરે છે અને તે સશસ્ત્ર દળો અને ભારતીય રેલવે પછી ભારતમાં ત્રીજા સૌથી વધુ જમીન માલિક છે. સરકારના દાવાઓ છે કે, આ બિલનો હેતુ વકફની જમીનો પર કબજો કરવાનો નથી પણ આ સૂચિત કાયદાને ભારે વિરોધનો સામનો કરવો પડે તેવી શક્યતા છે. વકફ એ ઈસ્લામિક કાયદાઓ હેઠળ ધાર્મિક અથવા સખાવતી હેતુઓ માટે સમર્પિત મિલકતોનો ઉલ્લેખ કરે છે. વકફ બોર્ડ હાલમાં સમગ્ર ભારતમાં ૯.૪ લાખ એકર જમીનમાં ફેલાયેલી ૮.૭ લાખ મિલકતોને નિયંત્રિત કરે છે. સૂચિત સુધારાઓમાં વકફ પ્રોપર્ટીની વધુ અસરકારક દેખરેખ અને વ્યવસ્થાપન સુનિશ્ચિત કરતી જોગવાઈઓનો સમાવેશ થવાની અપેક્ષા છે.

# 'એકહથ્થુ શાસન માટે દબાણ કરનારાઓ માટે બોધપાઠ' બાંગ્લાદેશની અશાંતિ અંગે પત્રકાર રાજદીપ સરદેસાઈનું મંતવ્ય

(એજન્સી) તા.૬

ભારતના પડોશી દેશ બાંગ્લાદેશમાં હિંસક વિરોધ બાદ સત્તાપલટો થયો હતો. વડાપ્રધાન શેખ હસીનાને તેમની ક્વોટા નીતિ વિરુદ્ધ દેશવ્યાપી પ્રદર્શનો વચ્ચે રાજીનામું આપીને ભાગી જવાની ફરજ પડી હતી. બાંગ્લાદેશમાં આ ઉથલપાથલ પર ઘણી અગ્રણી હસ્તીઓએ તેમના મંતવ્યો વ્યક્ત કર્યા છે. વરિષ્ઠ પત્રકાર અને ન્યૂઝ એન્કર રાજદીપસર દેસાઈએ પણ આ પરિસ્થિતિ પર તેમના મંતવ્યો શેર કર્યા છે. બાંગ્લાદેશમાં સરકારની નિષ્ફળતા પર ટિપ્પણી કરતા, રાજદીપે કહ્યું કે, ''મોટાભાગે આ એક એવા નેતા સામે લોકોનો બળવો છે જે કહેવાતા 'ચૂંટાયેલા' હતા અને સત્તામાં નિરંકુશ બની ગયા હતા અને તમામ પ્રકારની

**વરિષ્ઠ પત્રકાર અને ન્યૂઝ એન્કર રાજદીપ સરદેસાઈએ આ પરિસ્થિતિ પર તેમના મંતવ્યો ટ્વિટર પર શેર કર્યા હતા**

અસંમતિને કચડી નાખવા માંગતા હતા. આપણાં પાડોશમાં એક દેશ કે જેનું નેતૃત્વ મોટાભાગના મુદ્દાઓ પર ભારત સરકારની જેમ જ હતું. તેમના વડાપ્રધાન શેખ હસીના બાંગ્લાદેશમાંથી ભાગી ગયા છે, અને આર્મી ચીફ કહે છે કે તે 'સંમતિ સાથે વચગાળાની સરકાર બનાવશે.' અમારી લોકશાહીમાં ખામીઓ છે, ઓછામાં ઓછું અમારી સેના બેરેકમાં રહે છે અને દરેક સામાન્ય ચૂંટણીમાં ચૂંટણી પછીનું શાંતિપૂર્ણ સંક્રમણ જોવા મળે છે.

રાજદીપે X પોસ્ટમાં જણાવ્યું હતું કે, આશા છે કે, બાંગ્લાદેશ પણ એક મુક્ત અને ન્યાયી મતદાન દ્વારા શાસન કરવાનો માર્ગ શોધી કાઢશે, બુલેટ અને હિંસા દ્વારા નહીં. આ એક એવા નેતા વિરુદ્ધ લોકોનો બળવો છે કે કહેવાતા 'ચૂંટાયેલા' હતા અને નિરંકુશ બનીને અસંમતિના તમામ સ્વરૂપોને કચડી નાખવા ઈચ્છતા હતા અને તેઓ એકહથ્થુ શાસન માટે દબાણ કરવા માગે છે. અહેવાલો અનુસાર, નવી દિલ્હી ઢાકાની પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે. બાંગ્લાદેશના આર્મી ચીફ જનરલ વકાર-ઉઝ-ઝમાને કહ્યું છે કે દેશનું નેતૃત્વ કરવા માટે વચગાળાની સરકારની રચના કરવામાં આવશે. કેન્દ્રએ બાંગ્લાદેશ મુદ્દે સોમવારે સવારે ૧૦ વાગ્યે સંસદમાં સર્વપક્ષીય બેઠક બોલાવી છે.

## ક્યા બાત હૈ ?!

**એમણે મને ગુલાબનું ફૂલ આપ્યું એ કેટલાક સંસ્કૃતિ અને સભ્યતાના કહેવાતા રક્ષકો જોઈ ગયા !**




# SC-ST આરક્ષણ મુદ્દે CJI ચંદ્રચૂડને જાનથી મારી નાંખવાની ધમકી આપવા બદલ ભીમસેના સાંસદ પ્રભારી વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો

**બેતુલ જિલ્લાના રહેવાસી અતુલકર (૩૪)એ CJI પર SC-ST લોકોને ફરીથી ગુલામ બનાવવાનો આરોપ લગાવ્યો હતો**

(એજન્સી) ભોપાલ, તા.૬

ભીમસેના મધ્યપ્રદેશના રાજ્ય પ્રભારી, પંકજ અતુલકર પર ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) ધનંજય યશવંત ચંદ્રચૂડને સોશિયલ મીડિયા પર જાનથી મારી નાંખવાની ધમકી આપવા બદલ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, બેતુલ જિલ્લાના રહેવાસી અતુલકર (૩૪)એ રવિવાર, ૪ ઓગસ્ટની સાંજે તેના વિવિધ સોશિયલ મીડિયા હેન્ડલ પર પોસ્ટ શેર કરી હતી. બીજા દિવસે જિલ્લાના કોતવાલી પોલીસ સ્ટેશનમાં તેની વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો.

એક વ્યક્તિએ તેના સોશિયલ મીડિયા હેન્ડલ પર ભારતના મુખ્ય ન્યાયાધીશ વિરુદ્ધ એક અનિચ્છનીય પોસ્ટ શેર કરી છે. તેની સામે IT એક્ટ અને ભારતીય ન્યાય સાહિત્ય (BNS) ૨૦૨૩ની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસે તેની શોધ શરૂ કરી છે. આરોપી અને તેને ટૂંક સમયમાં પકડવામાં આવશે. અતુલકરે ANIને કહ્યું કે, અમારા મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચૂડે, ભારતીય બંધારણથી ભટકીને SC-ST લોકોને ફરીથી ગુલામ બનાવવા માટે SC-ST અનામતમાં ક્રિમી લેયર લાગુ કર્યું છે. આ અમારા માટે દયનીય પરિસ્થિતિ હશે. અમારા ગ્રામીણ વિસ્તારોમાં ઘણી સમસ્યાઓ છે અને અમારા CJI દ્વારા ક્રિમી લેયરનો અમલ બંધારણની વિરુદ્ધ છે. આને ધ્યાનમાં રાખીને અને આપણા મહાન વ્યક્તિત્વોના માર્ગ પર ચાલીને જો કોઈ આપણને ગુલામ બનાવવાના પગલાં લે છે, તો મેં સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી હતી. જો આપણા મહાન વ્યક્તિત્વોએ ગુલામીનો સામનો કરવા છતાં આવા પગલાં લીધાં છે, તો હું સ્વતંત્ર ભારતમાં શા માટે છું ? જેઓ આપણને ગુલામ બનાવવાની કોશિશ કરી રહ્યા છે તેમની સામે શું હું આવું ન કરી શકું ?

# ભારત માટે ગોલ્ડ મેડલની આશા, વિનેશ ફોગાટ ફાઇનલમાં

## ભારતના રેસલિંગ ફેડરેશનના પૂર્વ પ્રમુખ તથા ભાજપના સાંસદ બ્રિજભૂષણ સરણસિંહ સામે જાતિય શોષણના આરોપ લગાવનાર ફોગાટે અનેક પડકારો છતાં પેરિસ ઓલિમ્પિકમાં શાનદાર પ્રદર્શન જાળવી રાખ્યું

(એજન્સી) પેરિસ, તા. ૬

પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ભારતીય રેસલર વિનેશ ફોગાટે ૫૦ કિ.ગ્રા. શ્રેણીની સેમિફાઈનલ મેચમાં ક્યુબાની યુસમેનિસ ગુઝમેનને હરાવી ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. જો તે ફાઈનલ મુકાબલો જીતી જશે તો ભારત પાસે આ ઓલિમ્પિકમાં પ્રથમ ગોલ્ડ મેડલ જીતશે. વિનેશે સેમિફાઈનલમાં યુસમેનિસ ગુઝમેનને ૫-૦થી એકતરફી મુકાબલામાં હરાવી હતી. ફાઈનલમાં તેનો મુકાબલો અન્ય સેમિફાઈનલના પરિણામ પછી નક્કી થશે. મેચમાં પ્રથમ દોઢ મિનિટમાં બંને ખેલાડીઓએ દમદાર પ્રદર્શન કર્યું અને એકબીજા સામે એક પણ પોઈન્ટ મેળવી ના શક્યા. ત્યારબાદ ભારતીય ખેલાડી વિનેશ ફોગાટે એક પોઈન્ટ મેળવ્યો હતો અને પ્રથમ રાઉન્ડમાં એક પોઈન્ટથી આગળ રહી હતી. બીજા રાઉન્ડમાં ફોગાટે શાનદાર પ્રદર્શન કરતાં બે પોઈન્ટ મેળવ્યા હતા. આ રીતે તેણે ફરીથી બે પોઈન્ટ મેળવીને લીડ મેળવી લીધી હતી. ત્યારબાદ તેણે ૫-૦ની લીડ મેળવી લીધી હતી. અંતિમ ૩૭ સેકન્ડ બાકી હતી ત્યારે તેણે ૫-૦ની લીડ જાળવી રાખી હતી અને અહીંથી વિરોધી ખેલાડીને મેચમાં પરત ફરવું મુશ્કેલ બની ગયું હતું. અંતિમ ૩૦ સેકન્ડમાં ક્યુબાની રેસલરે જોરદાર પ્રદર્શન કર્યું હતું પરંતુ તે એકપણ પોઈન્ટ મેળવી શકી ન હતી. આમ વિનેશ ફોગાટે એકતરફી મુકાબલામાં શાનદાર વિજય મેળવ્યો હતો. આ પહેલાં વિનેશ ફોગાટે ક્વાર્ટર ફાઈનલમાં યુક્રેનની ઓકસાના લિવાચને હરાવી હતી. વિનેશે ઓકસાનાને ૭-૫થી રોમાંચક મુકાબલામાં હાર આપી હતી.

# ઉત્તરપ્રદેશની આઘાતજનક ઘટના : લખનૌમાં યોગી આદિત્યનાથના જનતા દરબારની બહાર મહિલાએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો

(એજન્સી) તા.૬

ઉત્તરપ્રદેશની એક આઘાતજનક ઘટનામાં ઉન્નાવની એક મહિલાએ ઉત્તરપ્રદેશના લખનૌમાં મંગળવારે સવારે મુખ્યમંત્રીના આવાસની બહાર આત્મદાહનો પ્રયાસ કર્યો હતો. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના જનતા દરબાર (લોક દરબાર)માંથી બહાર નીકળ્યા પછી તરત જ ગૌતમપલ્લી પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના વિક્રમાદિત્ય માર્ગ પર 19 BD ઈન્ટરસેક્શન પાસે મહિલાએ પેટ્રોલ છાંટી પોતાની જાતને આગ લગાવી દીધી હતી. પોલીસ કર્મચારીઓએ આગ બુઝાવવા માટે બ્લેન્કેટનો ઉપયોગ કર્યો હતો અને ગંભીર રીતે દાઝી ગયેલી મહિલાને ઝડપથી હોસ્પિટલ લઈ ગઈ. તેણીની હાલત ગંભીર છે અને સારવાર ચાલી રહી છે. પોલીસે જણાવ્યું કે, અંજની જાટવ નામની આ મહિલા પારિવારિક વિવાદને કારણે પરેશાન હતી. જ્યારે સ્થાનિક સ્તરે આ મુદ્દો ઉકેલી શકાયો ન હતો, ત્યારે તેણીએ મંગળવારે યોગી આદિત્યનાથના જનતા દરબારમાં તેની ફરિયાદ લઈને આવી હતી, પરંતુ કોઈ ઉકેલ મળ્યો ન હતો અને નિરાશ થઈને તેણીએ આત્મદાહ કરવાનો પ્રયાસ કર્યો હતો. રાજ્યની વિપક્ષી પાર્ટી સમાજવાદી પાર્ટી (SP)એ ઘટનાના જવાબમાં યોગી સરકાર પર નિશાન સાધ્યું હતું. એસપીએ તેના અધિકૃત એક્સ હેન્ડલ પર આ ઘટનાનો એક વીડિયો શેર કર્યો અને યોગી સરકારની ટીકા કરી અને કહ્યું કે, પીડિતાએ લખનૌમાં મુખ્યમંત્રી યોગીના જનતા દરબારમાં આત્મદાહનો પ્રયાસ કર્યો. આ સરકાર સામાન્ય લોકોને ન્યાય આપવામાં નિષ્ફળ રહી છે. ભ્રષ્ટાચાર અને સત્તાવાર મનસ્વીતાથી ચાલતી આ સરકાર ઉપરછલ્લી પ્રસિદ્ધિ પર ચાલી શકે નહીં. અહેવાલો અનુસાર પોલીસ આગ ઓલવી શકી ત્યાં સુધીમાં મહિલા ૮૦% દાઝી ગઈ હતી. તે તેના એક બાળક સાથે લખનૌ આવી હતી.



## રાજ્યની વિપક્ષી પાર્ટી સમાજવાદી પાર્ટી (SP)એ આ ઘટના અંગે યોગી સરકાર પર નિશાન સાધ્યું હતું

### મહિલાએ આટલું આત્યંતિક પગલું કેમ ભર્યું ?

પોલીસે જણાવ્યું કે, આત્મદાહનો પ્રયાસ કરનાર મહિલા અંજલિએ ૨ ઓગસ્ટે ઉન્નાવ જિલ્લાના પુરવા પોલીસ સ્ટેશનમાં દહેજ ઉત્પીડન માટે તેના પતિ, સાળા, સાસુ અને ભાભી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ મામલામાં તરત જ એફઆઈઆર નોંધવામાં આવી હતી. ગઈકાલે પોલીસે તેના પતિ દેશરાજ અને સાળા બબલુની શાંતિ ભંગ કરવા બદલ ધરપકડ કરી હતી. જો કે, આ મહિલા તેના સાસુ, ભાભી અને ૧૫ વર્ષના ભત્રીજાને પણ જેલમાં ધકેલી દેવાનો આગ્રહ કરી રહી હતી, જેના માટે તેને પોલીસ સ્ટેશનમાં તપાસ બાદ કાર્યવાહીની ખાતરી આપવામાં આવી હતી.

# પ્રદર્શનકારી વિદ્યાર્થી નેતાઓની નોબેલ વિજેતા મુહમ્મદ યુનુસને વચગાળાની સરકારનું નેતૃત્વ કરવા વિનંતી

(એજન્સી) ઢાકા, તા.૬

શેખ હસીનાએ ઢાકા છોડ્યા પછી હિંસક વિરોધ વચ્ચે ભેદભાવ વિરોધી વિદ્યાર્થી ચળવળના ઘણા નેતાઓએ નોબેલ વિજેતા ડૉ.મુહમ્મદ યુનુસને બાંગ્લાદેશના રાજકીય સંકટને પહોંચી વળવા વચગાળાની સરકારનું નેતૃત્વ કરવા વિનંતી કરી તેવા અહેવાલ મળ્યા છે. આ જાહેરાત મુખ્ય વિદ્યાર્થી નેતાઓ નાહીદ ઈસ્લામ, આસિફ મહમૂદ અને અબુ બકર મઝુમદાર દ્વારા મંગળવારે વહેલી સવારે જાહેર કરાયેલા એક વીડિયો સંદેશમાં કરવામાં આવી હતી. ઢાકા ટ્રિબ્યુન અનુસાર સોમવારે રાત્રે નાહિદે જાહેરાત કરી હતી કે, આગામી ૨૪ કલાકની અંદર વચગાળાની સરકારની રૂપરેખા ઘડવામાં આવશે. આ ઘટનાક્રમ બાંગ્લાદેશના વડાંપ્રધાન શેખ હસીનાની જાહેરાત પછી થયો છે જેઓ પોતાના પદ પરથી રાજીનામું આપીને બાંગ્લાદેશ છોડી ભાગી ગયા છે. નોકરીના ક્વોટા સામે વિરોધ તરીકે શરૂ થયેલા પ્રદર્શનો પરના દમનમાં સેંકડો લોકો માર્યા ગયા પછી હસીનાના ખસી જવા અને તેના પતનની માગણી કરતી ચળવળમાં વધારો થયો હતો. જો કે, બાંગ્લાદેશમાં આખી રાત વ્યાપક હિંસા ચાલુ રહેતાં સંયોજકોએ મધ્યરાત્રિમાં પણ શક્ય તેટલું ઝડપથી તેમનું વલણ જાહેર કરવાનું નક્કી કર્યું હતું. રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીને સોમવારે રાત્રે દેશ ચલાવવા માટે વચગાળાની સરકાર બનાવવાની મંજૂરી આપી દીધી હતી. આ પછી દેશની બગડતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને સંબોધવા માટે રાષ્ટ્રપતિ મહેલ બંગભવન ખાતે એક બેઠક યોજવામાં આવી હતી. ઉપસ્થિતોમાં આર્મી, નેવી અને એરફોર્સના વડાઓ, રાજકીય પક્ષોના નેતાઓ અને નાગરિક સમાજના સભ્યો સામેલ હતા. બંગભવનના આસિસ્ટન્ટ પ્રેસ સેક્રેટરી મુહમ્મદ શિપલુ ઝમાન દ્વારા હસ્તાક્ષર કરાયેલ એક અખબારી યાદી અનુસાર આર્મી, નેવી અને એરફોર્સના વડાઓ, વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ અને નાગરિક સમાજના સભ્યો સાથે વર્તમાન પરિસ્થિતિ અંગે ચર્ચા કર્યા પછી બંગભવન ખાતે આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

# પૂર્વ નાયબ વડાપ્રધાન એલ.કે. અડવાણી દિલ્હીની એપોલો હોસ્પિટલમાં દાખલ : અહેવાલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

અહેવાલ મુજબ પૂર્વ નાયબ વડાપ્રધાન અને ભારતીય જનતા પાર્ટી (BJP)ના દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણીને મંગળવારના રોજ દિલ્હીની એપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૯૬ વર્ષીય નેતાની સ્થિતિ સ્થિર હોવાનું કહેવાય છે.

૩ જુલાઈના રોજ BJP નેતાને એપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. થોડા સમયના રોકાણ બાદ એક દિવસ બાદ તેમને રજા આપવામાં આવી હતી. એક સપ્તાહ અગાઉ અડવાણીને વૃદ્ધાવસ્થા સંબંધિત સમસ્યાઓ માટે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (AIIMS)માં દાખલ કરવામાં આવ્યા હતા. એક દિવસ પછી તેમને પ્રીમિયર મેડિકલ ઈન્સ્ટિટ્યૂટમાંથી રજા આપવામાં આવી.

૩૧ માર્ચે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ અડવાણીને તેમના નિવાસસ્થાને ભારતનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર, ભારત રત્ન એનાયત કર્યો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પૂર્વ ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુ પણ હાજર હતા.

૮ નવેમ્બર, ૧૯૨૭ના રોજ કરાચીમાં જન્મેલા અડવાણી ૧૪ વર્ષની વયે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)માં જોડાયા હતા. ૧૯૪૭માં તેઓ ભાગલા પછી તેમના પરિવાર સાથે ભારતમાં સ્થળાંતર કરી ગયા હતા. અડવાણી ૧૯૫૧માં ભારતીય જનસંઘમાં જોડાયા જ્યારે તેની રચના શ્યામા પ્રસાદ મુખર્જીએ કરી હતી. તેઓ ૧૯૭૦માં રાજ્યસભામાં પ્રવેશ્યા અને બે વર્ષ પછી પાર્ટીના અધ્યક્ષ તરીકે ચૂંટાયા. ૧૯૭૫ની કટોકટી દરમિયાન પાર્ટીના સાથીદાર અટલ બિહારી વાજપેયીની સાથે તેમની ધરપકડ કરવામાં આવી હતી. ૧૯૭૭માં જ્યારે મોરારજી દેસાઈના નેતૃત્વમાં જનતા પાર્ટીની સરકાર બની ત્યારે અડવાણીને માહિતી અને પ્રસારણ મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ૧૯૮૦માં તેઓ ભારતીય જનતા પાર્ટી (BJP)ના સ્થાપક સભ્યોમાં સામેલ હતા.

અડવાણીને ૧૯૮૪ની સામાન્ય ચૂંટણીમાં માત્ર બે બેઠકોથી માંડીને ૧૯૯૦ના દાયકામાં રાષ્ટ્રીય પ્રસિદ્ધિ સુધી બીજેપીના ઉદયનું શ્રેય આપવામાં આવે છે. અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ માટે રામજન્મભૂમિ ચળવળમાં તેમની નેતૃત્વની ભૂમિકાએ ભાજપની ચૂંટણીના નસીબને પ્રોત્સાહન આપ્યું. તેઓ ત્રણ વખત ભાજપના અધ્યક્ષ રહ્યા. પાછળથી અડવાણીએ કેન્દ્રમાં અટલ બિહારી વાજપેયીની આગેવાની હેઠળની એનડીએ સરકારમાં નાયબ વડાપ્રધાન અને ગૃહપ્રધાન તરીકે સેવા આપી હતી. ૨૦૦૯ની સામાન્ય ચૂંટણીમાં તેમને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. પરંતુ પાર્ટી ચૂંટણી જીતી શકી નથી.

# શેખ હસીનાના ઢાકામાં નાટકીય છેલ્લા કલાકો : પુત્રનો ફોન આવ્યો અને ૪૫ મિનિટમાં પેક-અપ કરવામાં આવ્યું

**ટોચના સંરક્ષણ અધિકારીઓએ તેમને પેક-અપ કરવા અને ભાગી જવા માટે માત્ર ૪૫ મિનિટનો સમય આપ્યો, અગાઉ તેણીને સત્તા છોડવા માટે મનાવવા માટે બેઠકો થઈ હતી, આ કટોકટીનો સામનો કરવા માટે હસીનાએ વધુ બળ વાપરવું અથવા નાસી જવું તેમાંથી એક પસંદ કરવાનું હતું, ઢાકામાં હસીનાના અંતિમ કલાકો દરમિયાન આવું બન્યું હતું, તેમના વિદાય પહેલાં શેખ હસીનાએ રાષ્ટ્ર માટે વિદાય સંદેશ રેકોર્ડ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી પરંતુ સમયની મર્યાદાઓએ તેમની યોજનાને નિષ્ફળ બનાવી દીધી હતી**

(એજન્સી) તા.૬

સોમવારે બાંગ્લાદેશમાં સંકટ ઢાકાની આસપાસ કેન્દ્રિત હતું અને પરિસ્થિતિ ઝડપથી બગડી રહી હતી. રાજધાની શહેરની બહારના વિસ્તારોમાંથી લાખો વિરોધીઓ વડાપ્રધાનના સત્તાવાર નિવાસસ્થાન તરફ આગળ વધી રહ્યા હતા, તેમની એક જ માંગ હતી કે, વડાંપ્રધાન શેખ હસીના રાજીનામું આપે. આ વિરોધીઓ ઝડપથી નજીક આવતાં અધિકારીઓએ ગણતરી કરી કે તેઓ હસીનાના નિવાસસ્થાનથી માત્ર ૪૫ મિનિટના અંતરે હતા. બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાને એક કરૂણ નિર્ણયનો સામનો કરવો પડ્યો. શું તેણીએ તેના આંતરિક વર્તુળની સલાહ પર ધ્યાન આપવું જોઈએ અને તેણીએ છટકી જવું જોઈએ ?

૨૦૦૯થી બાંગ્લાદેશમાં સત્તાની સીટ પર કબજો જમાવનાર હસીનાએ આખરે ત્યાંથી જવાનું પસંદ કર્યું. પરંતુ તે નિર્ણય પહેલાં કલાકો સુધી તેઓને મનાવવા માટે અનેક ફોન કોલ્સ અને મીટિંગો થતી હતી. આ બાંગ્લાદેશમાં શેખ હસીનાના અંતિમ કલાકોની વાર્તા છે. સત્તા જાળવી રાખવાના પ્રયાસમાં બળનો ઉપયોગ કરીને અથવા અન્યથા શેખ હસીના અંત સુધી પણ તેમની સ્થિતિને વળગી રહી હતી.

આ દેશમાંથી ભાગતા પહેલાં તેણીએ વિવિધ કાયદા અમલીકરણ અને સંરક્ષણ દળોના ટોચના અધિકારીઓ પર લગભગ એક કલાક સુધી ભારે દબાણ કર્યું હતું. જો કે, તે સમય સુધીમાં ઢાકાની શેરીઓમાં લોકો તેમની તરફ આવી રહ્યા હતા.

રવિવારે ઓછામાં ઓછા ૯૮ બાંગ્લાદેશીઓની દુઃખદ હત્યા બાદ વિદ્યાર્થી નેતાઓએ એક દિવસ પહેલાં જ તેમના નિવસ્થાન પર હુમલો કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. શેખ હસીનાએ સુરક્ષા દળોને વધુ બળનો ઉપયોગ કરવા વિનંતી કરી હતી. શેખ હસીના છેલ્લા ત્રણ અઠવાડિયાથી સશસ્ત્ર દળો અને તેના પક્ષના કાર્યકરોનો ઉપયોગ કરવા છતાં વિદ્યાર્થીઓની આગેવાની હેઠળના વિરોધ અને વ્યાપક જાહેર અશાંતિને કાબૂમાં કરવામાં અસમર્થ હતા.

એક અહેવાલમાં જણાવાયું છે કે, પરિસ્થિતિની ગંભીરતાને સમજીને અવામી લીગના કેટલાક નેતાઓએ રવિવારે રાત્રે તેમને સૈન્યને સત્તા સ્થાળાંતરિત કરવા માટે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, તે ક્ષણે તેણી આ સલાહ સ્વીકારવામાં અચકાતી હતી. હસીનાએ સોમવારથી કડક કર્ફ્યુનો આદેશ આપ્યો હતો, જેમાં બાંગ્લાદેશમાં ઈન્ટરનેટ સેવાઓ પણ બંધ કરી દેવામાં આવી હતી. બાંગ્લાદેશમાં અરાજકતા ફેલાઈ ગઈ અને સુરક્ષાકર્મીઓ વિરોધીઓ સામે કાર્યવાહી કરી રહ્યા ન હતા. લાખો લોકો પહેલાથી જ ઢાકાના રસ્તાઓ અને શેરીઓમાં ઉતરી આવ્યા હતા.

વિવિધ એજન્સીઓના ઉચ્ચ સ્તરીય સૂત્રોએ જણાવ્યું કે, સવારે ૧૦:૩૦ વાગ્યે ત્રણેય સશસ્ત્ર દળોના વડાઓ, આર્મી, નેવી અને એરફોર્સના વડાઓ અને પોલીસ મહાનિરીક્ષક (IGP)ને વડાપ્રધાનના નિવાસસ્થાન ખાતે બોલાવવામાં આવ્યા હતા. શેખ હસીનાએ સુરક્ષા દળોની પરિસ્થિતિને નિયંત્રિત કરવામાં અસમર્થતા પર હતાશા વ્યક્ત કરી અને પ્રશ્ન કર્યો કે, તેઓ આંદોલનકારીઓ સામે કેમ કડક પગલાં લેતા નથી ન હતા.

પોલીસ મહાનિરીક્ષક (આઈજીપી)એ કહ્યું કે, પરિસ્થિતિ એ સ્તરે ખરાબ થઈ ગઈ છે જ્યાં પોલીસ માટે વિસ્તૃત સમયગાળા માટે આટલું કડક વલણ જાળવી રાખવું અસમર્થ હતું. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ટોચના અધિકારીઓએ સમજાવવાનો પ્રયાસ કર્યો કે પરિસ્થિતિને માત્ર બળથી નિયંત્રિત કરી શકાતી નથી, પરંતુ શેખ હસીના તેને સ્વીકારવા તૈયાર ન હતા.

તેમની બહેન અને પુત્રએ ફોન પર હસીનાને બાંગ્લાદેશ છોડવા માટે મનાવ્યા હતા. હસીના પરિસ્થિતિની ગંભીરતા સમજી શક્યા નહીં અને કેટલાક અધિકારીઓ તેની નાની બહેન રેહાનાને અલગ રૂમમાં મળ્યા હતા. તેઓએ તેણીને પરિસ્થિતિની ગંભીરતા હસીના સમજાવવા વિનંતી કરી, ત્યારબાદ રેહાનાએ તેની મોટી બહેન સાથે વાત કરી હતી પણ શેખ હસીના હજુ પણ મક્કમ રહ્યા હતા. આ પછી એક વરિષ્ઠ અધિકારીએ હસીનાના પુત્ર સજીબ વાઝેદ જોય સાથે પણ વાત કરી, જે વિદેશમાં રહે છે. અહેવાલ મુજબ જોયે તેની માતા હસીના સાથે વાત કરી, જેના પગલે તે રાજીનામું આપવા સંમત થઈ હતી. હસીનાએ કહ્યું કે, રાષ્ટ્ર માટે ભાષણ રેકોર્ડ કરવાનો આ સમય નથી.

આ દરમિયાન તે દેશ છોડવા માટે વિમાનમાં બેસે તે પહેલાં હસીનાએ રાષ્ટ્રને પ્રસારિત કરવા માટે વિદાય ભાષણ રેકોર્ડ કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી. પરંતુ એવું બન્યું નહીં. તે સમયે ગુપ્તચર અહેવાલો દર્શાવે છે કે, અસંખ્ય વિદ્યાર્થીઓ શાહબાગ અને ઉત્તરાના લોકલમાંથી કૂચ કરી રહ્યા હતા. એવો અંદાજ હતો કે, લોકોનું ૪૫ મિનિટમાં અહીં સુધી પહોંચી શકે છે. આ તાકીદને જોતાં શેખ હસીના પાસે ભાષણ રેકોર્ડ કરવાનો સમય ન હતો.

શેખ હસીના, તેમની નાની બહેન રેહાના સાથે, તેમના સત્તાવાર નિવાસસ્થાનથી અડીને આવેલા તેજગાંવ એર બેઝના હેલિપેડ પર પહોંચ્યા. તેમનો અમુક સામાન ઓનબોર્ડ લોડ કરવામાં આવ્યો હતો. શેખ હસીના રાષ્ટ્રપતિના ઘરે ગયા, જ્યાં તેમણે બાંગ્લાદેશમાં તેમના ૧૫ વર્ષના લાંબા શાસનનો અંત લાવીને તેમનું ઔપચારિક રાજીનામું આપ્યું હતું.

અહેવાલો કહે છે કે, ઢાકાથી હેલિકોપ્ટર હસીના અને તેની બહેનને લઈને ભારતીય હવાઈ ક્ષેત્રમાં પ્રવેશ્યા પછી તરત જ ત્રિપુરાના ઉત્તરપૂર્વીય શહેર અગરતલામાં બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) હેલિપેડ પર ઉતર્યું હતું. બાદમાં શેખ હસીના સાંજે ૫:૩૬ વાગ્યે નવી દિલ્હી નજીક ગાઝિયાબાદમાં ભારતીય વાયુસેનાના હિંડોન એર બેઝ પર પહોંચ્યા. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોવાલ સહિતના ભારતીય અધિકારીઓએ તેણીનું સ્વાગત કર્યું અને એવું માનવામાં આવે છે કે, તેણી દિલ્હીથી લંડનની યાત્રા કરી શકે છે. જો કે, શેખ હસીનાની વિદાય, કદાચ એક યુગનો અંત નહીં, પરંતુ બાંગ્લાદેશ માટે અનિશ્ચિત છતાં આશાસ્પદ અધ્યાયની શરૂઆત હશે.

# માત્ર બાંગ્લાદેશ જ નહીં, જનતાના ક્રોધનો સામનો કરી રહેલા ‘દરેક સરમુખત્યાર’ માટે શીખવા જેવો પાઠ છે : ફારૂક અબ્દુલ્લા

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

રાષ્ટ્રીય સંમેલનના વડા ફારૂક અબ્દુલ્લાએ ગઈકાલે એક સંદેશ મોકલ્યો હતો, જેમાં કહ્યું હતું કે, જનતાના રોષનો સામનો કરી રહેલા ‘દરેક સરમુખત્યાર’ માટે શીખવા જેવો પાઠ છે. અગાઉના જમ્મુ અને કાશ્મીર રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી ફારૂક અબ્દુલ્લાએ બાંગ્લાદેશમાં ઊભી થયેલી કટોકટીનો ઉલ્લેખ કરતા સૂચવ્યું હતું કે, શેખ હસીના વિશ્વભરના મુસ્લિમો પરના જુલમ સામે ઊભા નહોતા, જેના પરિણામે તેણીએ પોતાનો જીવ બચાવવા કટોકટીનો સામનો કરવો પડ્યો હતો.

રાષ્ટ્રીય સંમેલનના વડા જેમણે તાજેતરમાં પૂર્ણ થયેલી ચૂંટણીમાં વિપક્ષની જીતને ‘સરમુખત્યારશાહી’ સામેની જીત તરીકે બિરદાવી છે, તેમણે જણાવ્યું કે, ‘બાંગ્લાદેશમાં વિદ્યાર્થીઓએ એક ચળવળ શરૂ કરી હતી જેને કોઈ નિયંત્રિત કરી શક્યું ન હતું, ન તો તેમની સેના, ન કોઈ અન્ય, તેથી આ એક પાઠ છે. માત્ર બાંગ્લાદેશ માટે જ નહીં પરંતુ દરેક સરમુખત્યાર માટે.’

ફારૂક અબ્દુલ્લાએ કહ્યું કે, ‘વિશ્વમાં મુસ્લિમો પર થઈ રહેલા જુલમ સામે અવાજ ઊઠાવવામાં આવશે, એવી એક લાગણી હતી પણ તેણી (શેખ હસીના)એ આવુ ન કર્યું જેથી તેમને ત્યાંથી ના ભાગવું પડ્યું નહીં તો તેને પણ મારી નાખવામાં આવી હોત.’ કલમ ૩૭૦ નાબૂદ કરવાની પાંચમી વર્ષગાંઠ પર તેમના ઘરની બહાર પોલીસ ટ્રક મૂકવામાં આવી હતી. શાસક મોદીની ૩.૦ સરકાર પછી ત્રણ વખતના મુખ્યમંત્રીની ખૂહ જ મહેનત કરી રહી છે. એનસીના નેતા ઓમર અબ્દુલ્લાએ પણ ભાજપની ઉજવણીઓ અને અસંમતિના અવાજોની કેદમાં સરકારના ‘ડબલ સ્ટાન્ડર્ડ’ પર પ્રહાર કર્યા હતા. તેમણે શાસક પક્ષ ઉજવણી કરતી વખતે વિરોધ પક્ષના નેતાઓના લોકડાઉન તરફ ધ્યાન દોરતા ટિપ્પણી કરી કે, ‘જમ્મુ અને કાશ્મીરમાં લોકશાહી અને વાણીની સ્વતંત્રતા માટે આ જ પસાર થાય છે.’ બાંગ્લાદેશના વડાંપ્રધાન શેખ હસીના હાલમાં ભારતમાં અજ્ઞાત સ્થળે છે અને મીડિયા અહેવાલો અનુસાર ટૂંક સમયમાં લંડન જવા માટે તૈયાર છે. મીટિંગ દરમિયાન જયશંકરે નેતાઓને કહ્યું કે, કેન્દ્ર સરકાર બાંગ્લાદેશ આર્મીના સંપર્કમાં છે અને વચન આપ્યું કે તેઓ દેશના શ્રેષ્ઠ હિતમાં યોગ્ય સમયે યોગ્ય પગલાં લેશે. આ બેઠકમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને AICC અધ્યક્ષ કે.સી. વેણુગોપાલ સામેલ હતા. વધુમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ, ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડા અને સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુ સહિત કેન્દ્ર સરકારના પ્રતિનિધિઓ પણ હાજર હતા.

# બ્રિટનમાં ત્રણ છોકરીઓની હત્યા બાદ વિરોધ પ્રદર્શનમાં હિંસા ફાટી નીકળી

(એજન્સી) લંડન, તા.૬

બ્રિટનમાં ત્રણ છોકરીઓની હત્યા બાદ શરૂ થયેલા વિરોધ પ્રદર્શનમાં ફાટી નીકળેલી હિંસા અટકવાનું નામ નથી લઈ રહી. રસ્તાઓ પર ઈમિગ્રન્ટ વિરોધી જમણેરી જૂથોના ટોળાં છે અને અત્યાર સુધીમાં ૪૦૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. દરમિયાન, વડા પ્રધાન કીર સ્ટારર વિરોધીઓ સાથે કામ કરવા માટે સેના તૈનાત કરવાની તૈયારી કરી રહ્યા છે. બ્રિટિશ વડા પ્રધાને સોમવારે જણાવ્યું હતું કે, રમખાણોનો સામનો કરવા માટે પોલીસની સ્થાયી સૈન્ય તૈનાત કરવામાં આવશે અને ગયા અઠવાડિયે દેશભરમાં હિંસક અશાંતિ પછી સેંકડો ધરપકડોને નિયંત્રિત કરવા માટે કાયદાકીય પ્રણાલીમાં ફેરફાર કરવામાં આવશે.

દેશભરમાં ફેલાયેલી અરાજકતા પછી સ્ટારમેરે તાત્કાલિક મીટિંગ બોલાવી. તેણે રમખાણો માટે જમણેરી ગુંડાઓને જવાબદાર ઠેરવ્યા છે. નોંધનીય છે કે બ્રિટનમાં ડાન્સ ક્લાસમાં છરી વડે હુમલામાં ત્રણ છોકરીઓના મોત થયા હતા અને ૧૦ લોકો ઘાયલ થયા હતા. આ ઘટના બાદ વિરોધ પ્રદર્શનો શરૂ થયા હતા. જો કે, ભીડ પાછળથી હિંસક બની ગઈ જ્યારે સોશિયલ મીડિયા પર એવી અફવા ફેલાઈ કે શંકાસ્પદ વ્યક્તિ મુસ્લિમ શરણાર્થી છે. આ પછી ગુસ્સે ભરાયેલા ટોળાએ ઈમિગ્રન્ટ્સ અને મસ્જિદો પર હિંસક હુમલા કર્યા હતા. સ્ટારમેરે કહ્યું, “કારણ ગમે તે હોય, આ વિરોધ નથી. આ હિંસા છે અને અમે મસ્જિદો અથવા અમારા મુસ્લિમ સમુદાયો પરના હુમલાને સહન કરીશું નહીં. અરાજકતાને ઉશ્કેરનારા લોકો સામે કાર્યવાહી કરવામાં આવશે.” ઈન્સ્ટિટ્યૂટ ફોર ગવર્નમેન્ટ થિંક ટેન્કના વરિષ્ઠ સંશોધક કેસિયા રોલેન્ડે જણાવ્યું છે કે ફોજદારી ન્યાય પ્રણાલીમાં પરિવર્તન લાવવા અને તાત્કાલિક ન્યાય પ્રદાન કરવાની સ્ટારમરની યોજના ઘણા પડકારોનો સામનો કરે છે.

### મુર્મુએ બંને દેશો વચ્ચેના સંબંધોની પ્રશંસા કરી

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ફિજીના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારથી સન્માનિત કરાયાં

(એજન્સી) નવીદિલ્હી, તા.૬

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મંગળવારે ફિજીના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ‘કમ્પેનિયન ઓફ ધ ઓર્ડર ઓફ ફિજી’થી સન્માનિત કરવામાં આવ્યા હતા. મુર્મુએ બંને દેશો વચ્ચેના સંબંધોની પ્રશંસા કરી અને કહ્યું કે ભારત એક મજબૂત, સ્થિતિસ્થાપક અને વધુ સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણ માટે ફિજી સાથે ભાગીદારી કરવા તૈયાર છે. “ફિજીના રાષ્ટ્રપતિ રાતુ વિલિયમ માવાલીલી કાટોનીવેરે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને ‘કમ્પેનિયન ઓફ ધ ઓર્ડર ઓફ ફિજી’ એવોર્ડ અર્પણ કર્યો,” રાષ્ટ્રપતિ કાર્યાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું. આ ફિજીનું સર્વોચ્ચ નાગરિક સન્માન છે.” ફિજીની બે દિવસની મુલાકાતે આવેલા મુર્મુએ આ સન્માનને ભારત અને ફિજી વચ્ચેના ”મૈત્રીના ગાઢ બંધનોનું પ્રતિબિંબ” ગણાવ્યું હતું. દ્વીપસમૂહ રાષ્ટ્રની ભારતીય રાજ્યના વડાની આ પ્રથમ મુલાકાત છે.

રાષ્ટ્રપતિ મુર્મુએ ફિજીની સંસદને પણ સંબોધિત કરી હતી. “જેમ કે ભારત વૈશ્વિક મંચ પર મજબૂત રીતે ઉભરી રહ્યું છે, અમે એક મજબૂત, સ્થિતિસ્થાપક અને વધુ સમૃદ્ધ રાષ્ટ્ર બનાવવા માટે તમારી પ્રાથમિકતાઓને અનુરૂપ ફિજી સાથે ભાગીદારી કરવા તૈયાર છીએ,” તેમણે કહ્યું. ચાલો આપણે આપણા બે પ્રિય દેશોના લોકોના પરસ્પર લાભ માટે અમારી ભાગીદારીની સંપૂર્ણ ક્ષમતાનો ઉપયોગ કરવા માટે એકસાથે આવીએ.” તેમણે કહ્યું કે કદમાં વિશાળ તફાવત હોવા છતાં, ભારત અને ફિજીમાં વાઈબ્રન્ટ લોકશાહી સહિત ઘણું સામ્ય છે . તેમણે યાદ કર્યું કે લગભગ ૧૦ વર્ષ પહેલા આ જ હોલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારત અને ફિજીને જોડતા કેટલાક મુખ્ય મૂલ્યોનો ઉલ્લેખ કર્યો હતો.

રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું, “આમાં આપણી લોકશાહી, આપણા સમાજની વિવિધતા, તમામ માનવ સમાન છે તેવી અમારી માન્યતા અને દરેક વ્યક્તિની સ્વતંત્રતા, ગૌરવ અને અધિકારો પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાનો સમાવેશ થાય છે. આ વહેંચાયેલ મૂલ્યો કાલાતીત છે અને અમને માર્ગદર્શન આપતા રહેશે,” તેણીએ કહ્યું, “અહીં મારા ટૂંકા સમયમાં, હું જોઈ શકું છું કે બાકીના વિશ્વને ફિજી પાસેથી ઘણું શીખવાનું છે. ફિજીની સૌમ્ય જીવનશૈલી, પરંપરાઓ અને રિવાજો માટે ઊંડો આદર, ખુલ્લું અને બહુસાંસ્કૃતિક વાતાવરણ એ જ ફિજીને વિશ્વમાં વધુને વધુ સંઘર્ષમાં ઘેરાયેલું વિશેષ બનાવે છે. તેમાં કોઈ અજાયબી નથી કે ફિજી જ્યાં વિશ્વના બાકીના લોકો તેમની ખુશી શોધવા આવે છે.” તેમણે કહ્યું કે તેમને વિશ્વાસ છે કે સુવામાં સ્થપાઈ રહેલી ‘સુપર સ્પેશિયાલિટી કાર્ડિયોલોજી હોસ્પિટલ’ સહિતના નવા પ્રોજેક્ટ લોકો માટે પ્રાથમિકતા હશે. ફિજી અને વિશાળ પેસિફિક ક્ષેત્રની જરૂરિયાતોને પહોંચી વળવામાં મદદ કરશે. અગાઉ, રાષ્ટ્રપતિ મુર્મુનું રાષ્ટ્રપતિ કાટોનીવેરે ‘સ્ટેટ હાઉસ’ ખાતે સ્વાગત કર્યું હતું જ્યાં બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરવાના માર્ગો પર ચર્ચા કરી હતી. “સ્ટેટ હાઉસ ખાતે, રાષ્ટ્રપતિ મુર્મુએ ‘સોલરાઈઝેશન ઓફ હેડ્સ ઓફ સ્ટેટ રેસિડેન્સીસ’ પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરી,” તેમની ઓફિસે ‘ઠ’ પરની પોસ્ટમાં જણાવ્યું હતું. આ એક ભારતીય પહેલ છે જે ગયા વર્ષે ફેબ્રુઆરીમાં શરૂ કરવામાં આવી હતી.” નવી દિલ્હીમાં વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ફિજીની મુલાકાત બાદ મુર્મુ ન્યુઝીલેન્ડ અને તિમોર-લેસ્ટેની મુલાકાત લેશે.

### અફઘાનિસ્તાન, શ્રીલંકા, પાકિસ્તાન અને હવે બાંગ્લાદેશ

# એશિયાઈ દેશોમાં લોકશાહી કેમ મરી રહી છે ?

### પાડોશી દેશ પાકિસ્તાનના રાજકારણના પ્રખ્યાત નિષ્ણાત ડૉ.ચાર્લ્સ એચ. કેનેડીએ એક લોકપ્રિય લેખ લખ્યો હતો


(એજન્સી) નવી દિલ્હી, તા.૬

પાડોશી દેશ પાકિસ્તાનના રાજકારણના પ્રખ્યાત નિષ્ણાત ડૉ.ચાર્લ્સ એચ. કેનેડીએ એક લોકપ્રિય લેખ લખ્યો હતો. તેનું શીર્ષક હતું, ‘એ યુઝર્સ ગાઈડ ટુ ગાઈડેડ ડેમોક્રેસી’. આ લેખમાં તેમણે વ્યંગાત્મક રીતે ૧૦ પગલાંની રૂપરેખા આપી છે જે પાકિસ્તાનના કોઈપણ નવા શાસકને તેમના શાસનને મજબૂત કરવામાં મદદ કરી શકે છે. ખાસ કરીને જેનો ઉપયોગ પાકિસ્તાનના લગભગ તમામ લશ્કરી સરમુખત્યારો કરતા હતા. આ લેખ ૧૯૪૭થી શરૂ થતાં પાકિસ્તાનના ઈતિહાસ પર આધારિત હતો અને તેમાં ૧૯૫૮, ૧૯૭૮ અને ૧૯૯૯માં પાકિસ્તાનમાં થયેલા તમામ લશ્કરી બળવાની વાર્તા છે. ખાસ વાત એ છે કે, તખ્તાપલટ બાદ તમામ સૈન્ય શાસકોએ જે વ્યૂહરચનાનો ઉપયોગ કર્યો હતો તે લગભગ એકસરખો હતો. આમાં રાજકીય વિરોધીઓને હેરાન કરવા, બંધારણ સાથે છેડછાડ, સરકારી પ્રણાલીમાં છેડછાડ અને માત્ર પોતાની સુરક્ષા માટે કાયદાનો ઉપયોગ કરવાનો સમાવેશ થાય છે. દેખીતી રીતે પાકિસ્તાની પ્રજા આ લશ્કરી શાસનોથી પરેશાન છે, પરંતુ તેમ છતાં પાકિસ્તાન એક એવા દેશનું ઉદાહરણ છે જ્યાં ઘણી વખત તખ્તાપલટ થઈ ચૂકી છે અને વર્તમાન પરિસ્થિતિમાં પણ તેનો ડર યથાવત્ છે. સવાલ એ થાય છે કે, લશ્કરી શાસનની સ્થિતિ જોયા અને સમજવા છતાં બળવો કેમ થાય છે ? આજે આ પ્રશ્ન એટલા માટે પણ હાજર છે કારણ કે, ભારતના પાડોશી દેશ બાંગ્લાદેશમાં જે એક સમયે પાકિસ્તાનનો ભાગ હતો, ત્યાં ફરી એકવાર બળવો થયો. જો કે, પાકિસ્તાનની જેમ બાંગ્લાદેશનો ઈતિહાસ પણ તખ્તાપલટોનો રહ્યો છે. સોમવારે બાંગ્લાદેશના વડાંપ્રધાન રહેલા શેખ હસીનાએ હિંસક વિરોધ વચ્ચે રાજીનામું આપવું પડ્યું હતું અને પરિસ્થિતિ એવા તબક્કે પહોંચી હતી કે, તેમને દેશ છોડવો પડ્યો હતો. પૂર્વ પીએમ શેખ હસીના અને બાંગ્લાદેશ આજે જે સ્થિતિમાં છે, તે દક્ષિણ એશિયાના ઘણા દેશોની સ્થિતિ છે, જેમાં બાંગ્લાદેશ અને પાકિસ્તાન તેમજ મ્યાનમાર, અફઘાનિસ્તાન અને શ્રીલંકાનો સમાવેશ થાય છે. સવાલ એ છે કે, આ દેશોમાં માંગ અને જરૂરિયાત હોવા છતાં લોકશાહી કેમ મરી જાય છે ? પ્રશ્ન એ છે કે, બળવો આટલી સરળતાથી કેવી રીતે થાય છે ? ચાલો આપણે પાકિસ્તાન પાછા જઈએ. અહીં લોકશાહીનો બહુ બગાડ થાય છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે, ૧૯૪૭માં ભારતના ભાગલા પછીથી અહીં સૈન્ય હસ્તક્ષેપ સત્તામાં છે અને આ પાડોશી દેશે ઘણા દાયકાઓ લશ્કરી શાસન હેઠળ વિતાવ્યા છે. આજ સુધી પાકિસ્તાનના ઈતિહાસમાં એક પણ વડાપ્રધાને પોતાનો કાર્યકાળ પૂરો કર્યો નથી અથવા તો તેમને આવું કરવા દેવામાં આવ્યું નથી. કાં તો સેના સત્તામાં રહી છે અથવા સત્તામાં રહીને સેના એવી ભૂમિકા ભજવે છે કે સરકાર અને ખુદ અધિકારીઓએ પણ સેનાની સાથે મળીને કામ કરવું પડે છે. આઝાદી બાદથી સેનાએ પ્રભુત્વનો એવો અહેસાસ કરાવ્યો છે કે, પડોશી દેશના લોકો તેમાંથી મુક્ત થઈ શક્યા નથી. બીબીસીના એક રિપોર્ટમાં લંડનની કિંગ્સ કોલેજના ડિપાર્ટમેન્ટ ઓફ મિલિટરી સ્ટડીઝની વરિષ્ઠ ફેલો અને પાકિસ્તાની બાબતોના વિશ્લેષક આયશા સિદ્દીકી કહે છે, પાકિસ્તાન માટે સુરક્ષાનો મુદ્દો અત્યંત મહત્ત્વનો રહ્યો છે. આ જ કારણ છે કે, અહીં સેનાને શરૂઆતથી જ મહત્ત્વ મળ્યું છે પછી ધીમે-ધીમે તે એવી સ્થિતિમાં આવી ગઈ જ્યાં તે રાજકારણને પ્રભાવિત કરી શકે.

# હિઝબુલ્લાહે ઉત્તરી ઈઝરાયેલમાં લશ્કરી લક્ષ્યો પર ડ્રોન હુમલા કર્યા

કદાચ જૂની ફોર્મ્યુલા અને પ્રચાર !! મુસ્લિમ પક્ષ કે જે તદ્દન લઘુમતી કે ગણ્યા ગાંઠ્યા હોય તે ''હુમલો કરે'' એટલે કે કોઈને ''લાફો'' મારે અને પછી આખી ફોજ ખતરનાક બોમ્બ અને લેટેસ્ટ ટેક્નોલોજીના મિસાઈલ વડે વસેલા શહેરને રાખ કરી દેવાની ''કાયદેસર સત્તા'' મેળવી લે !

વળી ખરેખર હિઝબુલ્લાહે ડ્રોન એટેક કર્યા કે તા.૭મી ઓક્ટોબરે હમાસે જ ઈઝરાયેલ ઉપર હુમલો કરેલ કે કેમ તે તો મીડિયા અને પ્રચાર કરનારાઓની કળા ઉપર છે, બાકી ગોધરાકાંડ અને અમેરિકામાં ૧૧મી સપ્ટેમ્બરના ટ્વિન ટાવર હુમલો હોય, બધે જ અલગ અલગ થિયરીઓ સામે આવેલી !



વડાની ગયા અઠવાડિયે તેહરાનમાં થયેલી હત્યાનો જવાબ આપવા માટે હિઝબુલ્લાહ બદલો લેશે એવી આશંકા વચ્ચે મધ્ય પૂર્વમાં સંપૂર્ણ યુદ્ધ શરૂ થઈ શકે તેવી આશંકા વધી રહી છે. હિઝબુલ્લાહના એક સ્ત્રોતે જણાવ્યું હતું કે કમાન્ડર ફુઆદશુકરની હત્યાનો જવાબ હજી આપવામાં આવ્યો નથી.

મંગળવારે સરહદની ઉત્તરે લગભગ ૩૦ કિમી દૂર લેબનીઝ ટાઉન માયફાદૌનમાં એક ઘર પર હુમલામાં ચાર લોકો માર્યા ગયા હતા. તબીબી અને સુરક્ષા સૂત્રએ જણાવ્યું હતું કે, આ માર્યા ગયેલા લોકો હિઝબુલ્લાહ લડવૈયા

## લેબનોનના હિઝબુલ્લાહે કહ્યું કે, તેણે મંગળવારે ઉત્તરી ઈઝરાયેલમાં લશ્કરી લક્ષ્યો પર હુમલો કરવા માટે ડ્રોન લોન્ચ કર્યા છે, ઈઝરાયેલ દ્વારા હિઝબુલ્લાહ કમાન્ડર ફુઆદશુકરની હત્યા માટે આ સશસ્ત્ર જૂથે તેનો બદલો લેવાની પ્રતિજ્ઞા લીધી છે

(એજન્સી) તા.૬

લેબેનોનના સશસ્ત્ર જૂથ હિઝબુલ્લાહે મંગળવારે ઉત્તરી ઈઝરાયેલમાં શ્રેણીબદ્ધ ડ્રોન અને રોકેટ હુમલાઓ શરૂ કર્યા હતા અને ચેતવણી આપી હતી કે ગયા અઠવાડિયે ઈઝરાયેલના એક ટોચના કમાન્ડરની હત્યા માટે તેનો અપેક્ષિત બદલો લેવાનો હજુ બાકી છે. હિઝબુલ્લાહે કહ્યું કે તેણે ઉત્તરી ઈઝરાયેલમાં એકર નજીકના બે લશ્કરી સ્થળો પર હુમલાના ડ્રોનનો સમૂહ શરૂ કર્યો, અને અન્ય સ્થાને ઈઝરાયેલી લશ્કરી વાહન પર પણ હુમલો કર્યો હતો.

ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું હતું કે લેબેનોનમાંથી સંખ્યાબંધ ડ્રોનની ઓળખ કરવામાં આવી હતી અને એકને અટકાવવામાં આવ્યો હતો. દરિયાકાંઠાના શહેર નાહરિયાની દક્ષિણમાં ઘણા નાગરિકો ઘાયલ થયા છે. એક નિવેદનમાં, ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું હતું કે એકરની આસપાસ સાયરન સંભળાય છે, પરંતુ તે ખોટું એલાર્મ હોવાનું બહાર આવ્યું છે. તેણે કહ્યું કે તેની વાયુસેનાએ દક્ષિણ લેબેનોનમાં હિઝબુલ્લાહની બે સુવિધાઓ પર હુમલો કર્યો હતો. હિઝબુલ્લાહ કમાન્ડર ફુઆદશુકરની હત્યાનો બદલો લેવા અને ઈરાન દ્વારા પેલેસ્ટીની જૂથ હમાસના હતા, પરંતુ જૂથે હજી સુધી તેની સામાન્ય મૃત્યુની સૂચનાઓ પોસ્ટ કરી નથી.

હિઝબુલ્લાહ અને ઈઝરાયેલી સૈન્ય ગાઝા યુદ્ધની સાથે છેલ્લા ૧૦ મહિનાથી લડી રહ્યા છે, જેમાં હુમલાઓ મોટાભાગે સરહદી વિસ્તાર સુધી મર્યાદિત છે. ગયા અઠવાડિયે, ઈઝરાયેલે લેબેનોનની રાજધાની બેરૂતના દક્ષિણ ઉપનગરોમાં જૂથના ગઢ પર હુમલામાં હિઝબુલ્લાહના સૌથી વરિષ્ઠ લશ્કરી કમાન્ડરને મારી નાખ્યો હતો. હિઝબુલ્લાહના નેતા સૈયદ હસન નસરાલ્લાહે બદલો લેવાની પ્રતિજ્ઞા લીધી છે.

# આમ આદમી પાર્ટી MVAનો ભાગ નથી, મહારાષ્ટ્રમાં એકલા ચૂંટણી લડશે

(એજન્સી) મુંબઈ, તા.૬

આમ આદમી પાર્ટી (AAP)એ જાહેરાત કરી કે, તેઓ એકલા આગળ વધશે અને આગામી વિધાનસભા ચૂંટણીમાં શહેરની તમામ ૩૬ બેઠકો પર ચૂંટણી લડશે. પાર્ટીએ કહ્યું કે, તે જ રીતે તેઓ રાજ્ય સ્તરે નિર્ણય લેશે. તાજેતરની સંસદની ચૂંટણી દરમિયાન AAPએ મહારાષ્ટ્રમાં ઈન્ડિયા બ્લોકના ભાગીદારો, કોંગ્રેસ, શિવસેના UBT અને NCP (SP)નો ભાગ હતો અને તેણે ઉમેદવારો માટે પ્રચાર કર્યો હતો, જો કે, તેઓએ રાજ્યમાં કોઈ બેઠક પર ચૂંટણી લડી ન હતી. AAPના મુંબઈ અધ્યક્ષ પ્રીતિ શર્મા મેનને લગભગ સેંકડો પાર્ટી કાર્યકરોની હાજરીમાં એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે, 'અમે દેશની ત્રીજી સૌથી મોટી પાર્ટી છીએ. અમે BMC (બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન)ને ચૂંટણી માટે તૈયારી કરી રહ્યા હતા અને અમે વિધાનસભાની ચૂંટણી માટે અમારી તૈયારી ચાલુ રાખી હતી.



શહેરમાં અમારો સારો આધાર છે, કારણ કે, લોકો યાદ કરે છે કે, છેલ્લી ઈન્ડિયા બ્લોકની રેલી દરમિયાન અમારી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલની હાજરીમાં શહેરમાં AAP સમર્થકો સૌથી વધુ સંખ્યામાં હતા.'

તેણીએ જણાવ્યું હતું કે, પાર્ટીએ મહારાષ્ટ્રમાં વિધાનસભા માટે બેઠકોની વહેંચણી અથવા ગઠબંધન સંબંધિત MVA નેતાઓ સાથે કોઈ ચર્ચા કરી નથી. જ્યારે પૂછવામાં આવ્યું કે, શું આપ (AAP) MVA અથવા BJP-મહાયુતિ વોટ બેંકને નુકસાન પહોંચાડશે, તે પ્રીતિએ કહ્યું કે, AAP ચૂંટણી લડવાને કારણે ભાજપની વોટ બેંકને સૌથી વધુ નુકસાન થશે. પાર્ટીએ કહ્યું કે, તેઓએ ૨૦૧૪ની સંસદની ચૂંટણી દરમિયાન શહેરમાં પાર્ટીની હાજરી પર ભાર મૂકતા ૨.૭ લાખ મત મેળવ્યા હતા.

AAPના રૂબેન મસ્કરેન્હાસે કહ્યું, 'તે અમારા શરૂઆતના દિવસો હતા, હવે અમે રાષ્ટ્રીય સ્તરે સ્થાપિત પક્ષ છીએ અને અમારૂં પ્રદર્શન સાબિત થશે કારણ કે, લોકો BMC તેમજ રાજ્યમાં ભ્રષ્ટાચારથી કંટાળી ગયા છે અને તેઓ વધુ સારો વિકલ્પ ઈચ્છે છે. અમે દિલ્હી અને પંજાબમાં વધુ સારૂં શાસન પ્રદાન કરી રહ્યા છીએ, તેવી જ રીતે અમે મહારાષ્ટ્રમાં પણ સારૂં શાસન પ્રદાન કરીશું.' પાર્ટીની અખબારી યાદીમાં જણાવ્યું કે, 'હાલની ભાજપ-શિંદે સેનાની આગેવાની હેઠળની 'ખોકે સરકાર' જન કલ્યાણ માટે શૂન્ય રાજકીય ઈચ્છા ધરાવે છે અને તેના બદલે તેઓ જથ્થાબંધ ભ્રષ્ટાચારમાં વ્યસ્ત છે. એકનાથ શિંદે સરકાર રાજ્યની તિજોરીની સંગઠિત લૂંટ સિવાય બીજું કંઈ કર્યું નથી. ભાજપ-શિંદે સેનાએ બંધારણ સાથે છેતરપિંડી કરી છે.'

# માત્ર એક રોલથી ૫,૦૦૦ કરોડ રૂપિયાની કમાણી કરનાર અભિનેતા એક સમયે બેઘર હતા, જેઓ હવે વિશ્વના સૌથી ધનિક અભિનેતાઓમાંના એક છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

કેટલાક કલાકારો તેમની ફિલ્મ કારકિર્દીમાં વિવિધ પ્રકારના પાત્રો દર્શાવીને તેમની વૈવિધ્યતા પર ગર્વ અનુભવે છે. અન્ય તેમના એક યાદગાર પ્રદર્શન માટે પ્રખ્યાત છે.અને પછી એવા લોકો છે જેઓ બંનેને સંતુલિત કરે છે, વિવિધ ભૂમિકાઓ સાથે પોતાનું નામ બનાવે છે અને યોગ્ય પ્રદર્શન ભૂમિકા માટે પણ જાણીતા છે.ઘણી વખત, આ કલાકારો આ ફિલ્મોની લોકપ્રિયતાના સૌજન્યથી આ પાત્રો ભજવીને ઘણી કમાણી કરે છે.દાખલા તરીકે, આ એક અભિનેતાએ તેની કારકિર્દી દરમિયાન માત્ર એક ભૂમિકા ભજવીને ૫૦૦૦કરોડ રૂપિયાની કમાણી કરી છે. રોબર્ટ ડાઉની જુનિયર એ ૮૦ના દાયકામાં તેની ફિલ્મી શરૂઆત કરી હતી અને ૯૦ના દાયકામાં તેની ફિલ્મી કારકિર્દી ખૂબ જ અસ્પષ્ટ હતી. વ્યસન સામે લડ્યા પછી, અભિનેતાએ ૨૦૦૦ના દાયકામાં રાશિચક્ર જેવી ફિલ્મોમાં સહાયક ભૂમિકામાં શાનદાર પુનરાગમન કર્યું. પરંતુ એક સ્ટાર તરીકે તેને મુખ્ય પ્રવાહમાં પાછો લાવનાર ભૂમિકા ટોની સ્ટાર્ક ઉર્ફે આયર્ન મૅનની હતી. ૨૦૦૮માં રિલીઝ થયેલી આયર્ન મેન સાથે MCU માં પાત્રની શરૂઆતથી લઈને એવેન્જર્સ : એન્ડગેમમાં તેમના પરાક્રમી મૃત્યુ સુધી



૧૧વર્ષ પછી, ડાઉનીએ તેને ત્રણ આયર્ન મૅન ફિલ્મો, ચાર એવેન્જર્સ ફિલ્મો, કેપ્ટન અમેરિકા ક્રોસઓવર અને અન્ય કેટલાક કેમિયોમાં સ્ક્રીન પર ભજવ્યો.આ ફિલ્મો દરમિયાન, તેમણે આ ફિલ્મોમાંથી ફી અને બોનસમાં અંદાજે ૫૦-૬૦કરોડ રૂપિયા (૪૨૦૦-૫૦૦૦ કરોડ રૂપિયા) કમાવ્યા હતા. અને તે બધું માત્ર એક પાત્ર માટે. હવે, માર્વેલ સિનેમેટિક યુનિવર્સ તેનો સૌથી મોટો ચહેરો પાછો લાવી રહ્યું છે કારણ કે MCU ફિલ્મોના આગલા તબક્કા માટે અભિનેતાને વિલન વિક્ટર વોન ડૂમ તરીકે જાહેર કરવામાં આવ્યો છે. અનુક્રમે ૨૦૨૬ અને ૨૦૨૭ માં રિલીઝ થનારી બે એવેન્જર્સ ફિલ્મો ડૂમ્સડે અને ધ સિક્રેટ વોર્સ માં ડાઉની પ્રખ્યાત માર્વેલ વિલનની ભૂમિકા ભજવશે. વિવિધ અહેવાલો છે કે અભિનેતા બે ફિલ્મો માટે ૮કરોડ રૂપિયા (૬૫૦ કરોડ રૂપિયા) કરતાં નોંધપાત્ર રીતે વધુ ફી લઈ રહ્યા છે. રોબર્ટ ડાઉની જુનિયરે ૮૦ના દાયકામાં તેમની ફિલ્મ કારકિર્દીની શરૂઆત ટીન સેન્સેશન તરીકે કરી હતી.જ્યારે તેમણે શરૂઆતમાં જ લોકપ્રિયતા અને ટીકાકારોની પ્રશંસા મેળવી હતી, ત્યારે અભિનેતા વ્યસનથી પીડિત હતા જેણે તેમની કારકિર્દી અને આંતરવ્યક્તિત્વ સંબંધો પર છાપ છોડી દીધી હતી.૨૦૦૦ સુધીમાં, તેમણે ડ્રગ્સના સેવન અને કબજા માટે ધરપકડનો સામનો કરવો પડ્યો હતો. ૨૦૦૧ માં, તેઓ બેઘર હતા અને નાદારીની આરે હતા.તે સમયે મોટાભાગની ફિલ્મ કંપનીઓએ તેમને કાસ્ટ કરવાનો ઈનકાર કર્યો હતો.ગોથિકા, ગુડ નાઈટ અને ગુડ લક અને ઝોડિએક જેવી ફિલ્મોમાં સહાયક ભૂમિકાઓ સાથે તેઓ પુનઃ પ્રતિષ્ઠા પામ્યા.૨૦૦૮ માં, જ્યારે તેઓ આયર્ન મેન તરીકે દેખાયા અને ટ્રોપિક થન્ડરમાં ઓસ્કર-નોમિનેટેડ પરફોર્મન્સ આપ્યું ત્યારે તેમણે સ્ટારડમ પ્રાપ્ત કર્યું. આજે, તેમની કિંમત આશરે ૩૦કરોડ રૂપિયા (૨૫૦૦ કરોડ રૂપિયાથી વધુ) હોવાનું અનુમાન છે, જે તેમને વિશ્વના સૌથી ધનિક અભિનેતાઓમાંના એક બનાવે છે.

# મુસ્લિમ વિદ્યાર્થીઓ, નેતાઓએ વિરોધ પ્રદર્શન વચ્ચે બાંગ્લાદેશમાં મંદિરોની રક્ષા કરી

ભારતીય મીડિયા દ્વારા હિંદુ મંદિરો પર હુમલાના સમાચારો વચ્ચે મુસ્લિમ વિદ્યાર્થીઓએ સોશિયલ મીડિયા પર મંદિરોની સુરક્ષાના ફોટા સાથે અભિયાન ચલાવ્યું

ભારતીય મીડિયા દ્વારા આગનો ભોગ બનેલા મકાનને ક્રિકેટર લિટન દાસનું ગણાવ્યું જ્યારે મુસ્લિમ વિદ્યાર્થી સંગઠને આ મકાન મશર્રફે મુર્તઝાનું હોવાનો ખુલાસો કર્યો



(એજન્સી) ઢાકા, તા. ૬

બાંગ્લાદેશમાં ભારે વિરોધ પ્રદર્શન વચ્ચે પણ કોમી એકતાના દશ્યો જોવા મળ્યા હતા. વિરોધ કરી રહેલા મુસ્લિમ વિદ્યાર્થીઓ ઢાકામાં ઢાકેશ્વરી મંદિરની રક્ષા કરી હતી. આ વિદ્યાર્થીઓ મંદિર પરિસરની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા તેની દેખરેખ રાખી રહ્યા હતા. એ જ રીતે સુનામગંજમાં કાલી મંદિર સ્થાનિક શિબિર જૂથના જિલ્લા પ્રમુખ અને સચિવની દેખરેખ હેઠળ રખાયું હતું જેઓ સ્થળની સુરક્ષા માટેના પ્રયાસોનું નેતૃત્વ કર્યું હતું. સોશિયલ મીડિયા પર ફરતી અસંખ્ય તસવીરોમાં મુસ્લિમ વિદ્યાર્થીઓ મદ્રેસા, બાંગ્લાદેશના મંદિરોમાં મુસ્લિમ વિદ્યાર્થીઓએ સુરક્ષા કરતાંજોવા મળ્યા હતા. હેશટેગ #HindusAreSafeInBangladeshએ હિંદુ સમુદાયો પર હુમલાનો આક્ષેપ કરતા ભારતીય મીડિયાના અહેવાલોના જવાબમાં ચળવળ ચલાવી હતી. રિપબ્લિક નામના એક ભારતીય સમાચાર આઉટલેટે પણ મુસ્લિમ વિદ્યાર્થીઓના હિંદુ મંદિરોની રક્ષા કરતા વીડિયોને ખોટી રીતે રજૂ કર્યો હતો અને ખોટી રીતે સૂચવ્યું હતું કે તેઓ વિરોધ કરી રહેલા મુસ્લિમો સામે રક્ષણ કરતા સામાન્ય વિદ્યાર્થીઓ હતા. આનાથી બાંગ્લાદેશીઓમાં વ્યાપક આક્રોશ ફેલાયો છે જેઓ ભારતીય મુખ્ય પ્રવાહના મીડિયા પર પક્ષપાતી અહેવાલ અને ભય ફેલાવવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો. સોશિયલ મીડિયા પર એવા દાવાઓ પણ ફરતા હતા કે વિરોધીઓએ બાંગ્લાદેશી ક્રિકેટર લિટન દાસના હિંદુ આસ્થાના કારણે તેના ઘરને આગ લગાવી દીધી હતી. આ પોસ્ટ્સ સૂચવે છે કે આ ઘટના બાંગ્લાદેશમાં હિંદુ સમુદાય વિરૂદ્ધ લક્ષિત હિંસાનું ઉદાહરણ છે. સોશિયલ મીડિયા પર ખોટા દાવાઓ ફરતા હોવા છતાં તપાસમાં બહાર આવ્યું છે કે ઘરને આગ લાગતી દર્શાવતી તસવીરો બાંગ્લાદેશી ક્રિકેટર લિટન દાસના ઘરને દર્શાવતી નથી. તેના બદલે તેઓ શેખ હસીનાના અવામી લીગનું પ્રતિનિધિત્વ કરતા ભૂતપૂર્વ ક્રિકેટર અને સંસદના સભ્ય મશરફે મોર્તઝાના નિવાસસ્થાનને બતાવે છે જેમાં તોડફોડ કરવામાં આવી હતી અને સળગાવી દેવામાં આવી હતી.

# બાંગ્લાદેશમાંથી ૧ કરોડ હિંદુ શરણાર્થીઓ ટૂંક સમયમાં પશ્ચિમ બંગાળમાં પ્રવેશ કરી શકે છે : ભાજપના નેતા સુવેન્દુ અધિકારીનો દાવો

## વિધાનસભાના મોનસૂન સત્ર દરમિયાન મીડિયા સાથે વાત કરતા પશ્ચિમ બંગાળના ભાજપના નેતા સુવેન્દુ અધિકારીએ કહ્યું કે, પશ્ચિમ બંગાળના લોકોએ બાંગ્લાદેશમાંથી એક કરોડ હિંદુ શરણાર્થીઓના પ્રવેશ માટે તૈયાર રહેવું જોઈએ

(એજન્સી) તા.૬

બાંગ્લાદેશમાં રાજકીય અશાંતિ વચ્ચે, પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા, સુવેન્દુ અધિકારીએ સોમવારે દાવો કર્યો હતો કે આગામી થોડા દિવસોમાં લગભગ એક કરોડ હિન્દુ શરણાર્થીઓ પાડોશી દેશમાંથી રાજ્યમાં પ્રવેશ કરી શકે છે. વિધાનસભાના મોનસૂન સત્ર દરમિયાન મીડિયા સાથે વાત કરતા, પશ્ચિમ બંગાળના ભાજપના નેતા સુવેન્દુ અધિકારીએ કહ્યું કે પશ્ચિમ બંગાળના લોકોએ બાંગ્લાદેશમાંથી એક કરોડ હિન્દુ શરણાર્થીઓના પ્રવેશ માટે તૈયાર રહેવું જોઈએ. બાંગ્લાદેશમાં હિંદુઓની કતલ થઈ રહી છે. રંગપુર નગર પરિષદના કાઉન્સિલર હરાધન નાયકની હત્યા કરવામાં આવી છે. સિરાજગંજમાં તેર પોલીસકર્મીઓની હત્યા કરવામાં આવી હતી, જેમાંથી નવ હિંદુ હતા. નોઆખલી ખાતેના હિંદુ નિવાસોને સળગાવી દેવામાં આવ્યા છે. અધિકારીએ કહ્યું કે, હું રાજ્યપાલ સી.વી. આનંદ બોઝ અને મુખ્યમંત્રી મમતા બેનરજીને કેન્દ્ર સરકાર સાથે વાત કરવા વિનંતી કરું છું કારણ કે નાગરિકતા સુધારા કાયદામાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે જો કોઈ વ્યક્તિ ધાર્મિક હિંસાનો શિકાર બને છે, તો આપણે તેમને જરૂરી આશ્રય આપવો જોઈએ. તેમણે એમ પણ કહ્યું હતું કે જો આગામી ત્રણ દિવસમાં બાંગ્લાદેશની વર્તમાન સ્થિતિ નહીં બદલાય તો બાંગ્લાદેશ કટ્ટરવાદી શક્તિઓની પકડમાં આવી જશે. એક કરોડ હિન્દુ શરણાર્થીઓને આશ્રય આપવા માટે માનસિક રીતે તૈયાર રહો. ઓછામાં ઓછું હું તેના માટે તૈયાર છું. તેમણે પશ્ચિમ બંગાળની હિંદુ વસ્તીને ૧૯૭૧ની જેમ બાંગ્લાદેશથી આવતા હિંદુ શરણાર્થીઓને આશ્રય આપવા અપીલ પણ કરી હતી.


## સુવેન્દુ અધિકારીનું નિવેદન ગેરમાર્ગે દોરનારૂં

બાંગ્લાદેશથી આવનારા લોકો અંગે ભાજપના નેતા સુવેન્દુ અધિકારીએ આપેલું નાગરિકતા અંગેનું નિવેદન ગેરમાર્ગે દોરનારૂં છે. હિંસા અને સત્તા પલટાને પગલે ભારતમાં પ્રવેશનારા એ કોઈપણ ધર્મના હોય CAA અંતર્ગત તેવો ભારતીય નાગરિકતા માટે અરજી કરી શકતા નથી. આ કાયદાની ખાસ જોગવાઈમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે જે લોકો ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ના રોજ અથવા એ પહેલા ભારત આવ્યા હોય અને જે પાકિસ્તાન, અફઘાનિસ્તાન તથા બાંગ્લાદેશથી આવ્યા હોય તેવા માત્ર હિન્દુ, શીખ કે બુદ્ધ, પારસી અથવા જૈન કે ખ્રિસ્તી સમાજના લોકોને જ આ કાયદા મુજબ ભારતની નાગરિકતા મળી શકે છે.

# ૨૧ વર્ષની ઉંમરે પીએચડી પૂર્ણ કરી ૨૨ વર્ષની ઉંમરે IIT પ્રોફેસર બન્યો, થોડા વર્ષો પછી તેને IITમાંથી કાઢી મૂકવામાં આવ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

તથાગત અવતાર તુલસી, વિશ્વના સૌથી પ્રતિભાશાળી ભૌતિકશાસ્ત્રીઓમાંનો એક, હાલમાં બેરોજગાર છે. આ વાત ભલે અવિશ્વસનીય લાગે પરંતુ આ સત્ય છે. તથાગત અવતાર તુલસીનો જન્મ ૯સપ્ટેમ્બર, ૧૯૮૭ના રોજ બિહારમાં થયો હતો. તથાગત એક બાળ પ્રતિભા હતો કારણકે તેણે ૯વર્ષની ઉંમરે તેનું શાળાકીય શિક્ષણ પૂર્ણ કર્યું હતું. તેણે ૧૧વર્ષની ઉંમરે પટના સાયન્સ કોલેજમાંથી Bsc ની ડિગ્રી મેળવીને ઈતિહાસ રચ્યો હતો. તથાગતે ૧૨વર્ષની ઉંમરે Msc પૂર્ણ કર્યું અને પછી IISC બેંગ્લુરૂમાંથી પીએચડી પૂર્ણ કરી. તથાગતને ઘણાં લોકો ભારતીય પ્રતિભાશાળી તરીકે માને છે કારણકે તે માત્ર ૨૧વર્ષના હતો ત્યારે તેણે IISC માંથી PhD પૂર્ણ કર્યું હતું. નોંધનીય છે કે IISCના તત્કાલીન ભૌતિકશાસ્ત્ર



વિભાગના ડીન તથાગતને સારો છોકરો, ખૂબજ પ્રેમાળ અને તેના લક્ષ્યો સિદ્ધ કરવા માટે પ્રતિબદ્ધ ગણાવ્યો. તુલસીના પીએચડી થીસીસનો વિષય ક્વોન્ટમ સર્ચ અલ્ગોરિધમનું સામાન્યીકરણ હતો અને તેણે લવ ગ્રોવર સાથે એ ન્યૂ અલ્ગોરિધમ ફોર ફિક્સ્ડ-પોઈન્ટ ક્વોન્ટમ સર્ચ શીર્ષકવાળી સંશોધન હસ્તપ્રત સહ-લેખિત કરી, જોકે સંશોધન ક્યારેય પ્રકાશિત થયું ન હતું. ૨૦૧૦માં, IIT-મુંબઈએ તથાગત અવતાર તુલસીને પ્રતિષ્ઠિત સંસ્થામાં કરાર પર ભણાવવાની ઓફર કરી. પરંતુ તુલસી માટે ભાગ્યમાં કંઈક બીજું જ છે કારણ કે IIT મુંબઈએ માંદગીને કારણે વિસ્તૃત રજા લીધા પછી ૨૦૧૯માં તેની સેવાઓ સમાપ્ત કરી હતી. તથાગત અવતાર તુલસીના જણાવ્યા અનુસાર, ૨૦૧૧માં જયારે તેને ભારે તાવ આવ્યો ત્યારે તેની તબિયતનો સંઘર્ષ શરૂ થયો હતો, જે પછી તેને એલર્જી હોવાનું નિદાન થયું હતું. ૨૦૧૩માં તેણે IIT-મુંબઈમાંથી ચાર વર્ષની રજા લેવાનું નક્કી કર્યું અને પટના શિફ્ટ થઈ ગયો. કમનસીબે, ૨૦૧૯ માં, તેને સત્તાવાર રીતે તેના પદ પરથી બરતરફ કરવામાં આવ્યા હતા. હાલમાં, બેરોજગાર, તુલસીએ તેનું ધ્યાન કાયદાના અભ્યાસમાં ફેરવ્યું છે.

### નીતિ આયોગના રિપોર્ટમાં બહાર આવી વિગતો

# ગુણવત્તાસભર શિક્ષણ આપવા મુદ્દે ગુજરાત દેશમાં છેક ૮માં ક્રમે

## ડ્રોપ રેશિયો અને વિદ્યાર્થી દીઠ શિક્ષકોની સંખ્યામાં સમગ્ર દેશની એવરેજ કરતા પણ ગુજરાત પાછળ : કોંગ્રેસ

અમદાવાદ, તા.૬

એક તરફ ભાજપ દ્વારા રાજ્યના શિક્ષણને લઈને ગુજરાત મોડલન નામે ગુલબાંગો પોકારવામાં આવે છે ત્યારે રાજ્યમાં શિક્ષણની સ્થિતિ કથળી હોવાના કોંગ્રેસ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યા છે. કોંગ્રેસનો આક્ષેપ છે કે, સમગ્ર દેશમાં શિક્ષણ બાબતે ગુજરાતનો ૧૮મો ક્રમ છે. ૨૦૧૮માં ગુજરાત ફ્રન્ટ રનર હતું, તેની જગ્યાએ હવે પર્ફોર્મર બન્યું છે. ગુજરાતનો ડ્રોપઆઉટ રેશિયો અને વિદ્યાર્થીઓ દીઠ શિક્ષકની સંખ્યામાં કેન્દ્ર આગળ છે. મોંઘુ શિક્ષણ જ કથળતી શિક્ષણ વ્યવસ્થા માટે જવાબદાર છે.

ગુજરાત કોંગ્રેસ પ્રવક્તા પાર્થિવરાજ કઠવાડીયાએ જણાવ્યું હતું કે, ગુણવત્તા સભર શિક્ષણ આપવા મુદ્દે ગુજરાત દેશમાં ૧૮ ક્રમે છે. વર્ષ ૨૦૧૮ સુધી ગુજરાત શિક્ષણ મુદ્દે ફ્રન્ટ રનર હતુ. વર્ષ ૨૦૨૩-૨૪માં ગુજરાત ફ્રન્ટ રનર્સથી પરફોર્મરમાં આવી ગયુ છે. છેલ્લા છ વર્ષમાં ગુજરાત શિક્ષણ મુદ્દે અધોગતિ તરફ છે. દિવસે દિવસે શિક્ષણનું સ્તર કથળી રહ્યું છે. નિતિ આયોગના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ ઓફ ઈન્ડિયાના રિપોર્ટમાં આ બહાર આવી વિગતો છે.

ગુજરાતમાં ૧૭.૯ ટકા ડ્રોપ આઉટ રેશીયો જે દેશના ૧૨.૬ ટકા ડ્રોપ આઉટ રેશીયોથી પાંચ ટકા વધારે છે. રાજ્યના માત્ર ૪૮.૨ ટકા વિદ્યાર્થીઓ ધોરણ ૧૧ અને ૧૨માં પ્રવેશ મેળવે છે. જ્યારે દેશમાં ૫૭.૬ ટકા પ્રવેશ મેળવે છે. કોલેજમાં ગુજરાતમાં ૨૪ વિદ્યાર્થી જ્યારે દેશમાં ૨૮.૪ વિદ્યાર્થી પ્રવેશ મેળવે છે. ગુજરાતમાં ૨૯ બાળકોએ એક શિક્ષક દેશની અવરેજ ૧૮ વિદ્યાર્થીએ એક શિક્ષક છે. ગુજરાતની શિક્ષણ વ્યવસ્થાને શરમાવતો અહેવાલ છે. સરકાર શિક્ષણમાં સુધાર કરવામાં નિષ્ફળ નિવડી છે. આ અહેવાલ દર્શાવે છે. ગુજરાત રાજ્યમાં જેટલા બાળકો જન્મે છે તેમાંથી ૧૧% જેટલા બાળકો શાળામાં પ્રવેશ પણ નથી મેળવતા. જેટલા બાળકો સ્કુલ કક્ષાએ ભરતી થાય છે તેમાંથી માત્ર ૨૪% જેટલા ૧૮ થી ૨૩ વર્ષના વિદ્યાર્થીઓ સ્નાતક કે કોલેજ કક્ષાએ એડમીશન લે છે. સમગ્ર ગુજરાત એક સમયે શિક્ષણ ક્ષેત્રે સમગ્ર દેશને દિશા બતાવતું હતું તેની પરિસ્થિતિ દારૂણ અને દુઃખદ છે. શિક્ષણના નામે માત્ર વહેપાર અને ધંધો બનાવનાર શિક્ષણ વ્યવસ્થાથી ગુજરાતના યુવાનો અને બાળકોનું ભાવી ચિંતાજનક છે. ગુજરાતની ભાજપ સરકાર જાગે અને શિક્ષણના સુધારની દિશામાં કામ કરે તેવી સમગ્ર ગુજરાતની જનતા માંગ કરી રહી છે.

### રાજ્યમાં ભય ફેલાવતા ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ રોગચાળાના કેસોનો આંક ૧૫૯ થયો

# રાજ્યમાં ચાંદીપુરા વાયરસના ભરડામાં વધુ ત્રણ બાળ-દર્દી ભરખાયા : કુલ ૭૧ દર્દીઓનાં મોત

## જો કે ૨૪ કલાકમાં પોઝિટિવ કેસનો કોઈ રિપોર્ટ નહી : ૫૨,૧૫૩ ઘરોમાં સર્વેલન્સ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૬

ગુજરાતમાં શંકાસ્પદ ચાંદીપુરા વાયરસ આજે વધુ ત્રણ બાળકોને ભરખી ગયો છે. આ સાથે જ જીવલેણ ચાંદીપુરા વાયરસથી રાજયમાં કુલ મૃત્યુઆંક વધીને ૭૧ પર પહોંચ્યો છે. જયારે છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૨ શંકાસ્પદ કેસ સામે આવ્યા છે. જો કે આજે ચાંદીપુરાનો કોઈ નવો પોઝિટીવ કેસ નોંધાયો નથી. ગુજરાત સરકારના આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ રાજયમાં શંકાસ્પદ ચાંદીપુરા વાયરલ એન્કફેલાઈટીસના કુલ ૧૫૯ કેસો નોંધાયા છે. જે પૈકી સાબરકાંઠા ૧૬, અરવલ્લી ૭, મહીસાગર ૪, ખેડા ૭, મહેસાણા ૧૦, રાજકોટ ૭, સુરેન્દ્રનગર ૫, અમદાવાદ કોર્પો.૧૨, ગાંધીનગર ૮, પંચમહાલ ૧૬, જામનગર ૭, મોરબી ૬, ગાંધીનગર કોર્પો. ૩, છોટાઉદેપુર ૨, દાહોદ ૪, વડોદરા ૯, નર્મદા ૨, બનાસકાંઠા ૭, વડોદરા કોર્પો. ૨, ભાવનગર ૧, દ્વારકા ૨, રાજકોટ કોર્પો.૪, કચ્છ ૫, સુરત કોર્પો.૨, ભરૂચ ૪, અમદાવાદ ૨, જામનગર કોર્પો.૧, પોરબંદર ૧, પાટણ ૧, ગીરસોમનાથ ૧, તેમજ અમરેલી ૧ શંકાસ્પદ કેસો મળેલ છે. આ તમામ કેસ પૈકી રાજયમાં ચાંદીપુરા વાયરસના ૫૯ કન્ફર્મ (પોઝિટીવ) કેસ નોંધાયેલ છે. આજના દિવસમાં અન્ય દર્દીના પોઝિટીવના કોઈ કેસ નોંધાયેલ નથી. બીજી તરફ આ ભયાનક રોગચાળાએ રાજયમાં વધુ ત્રણ બાળકોનો ભોગ લીધો છે. જેને લઈને કુલ મૃત્યુઆંક ૭૧ થવા પામેલ છે. જેમાં સાબરકાંઠા ૫, અરવલ્લી ૩, મહીસાગર ૨, ખેડા ૨, મહેસાણા ૫, રાજકોટ ૪, સુરેન્દ્રનગર ૨, અમદાવાદ કોર્પો. ૬, ગાંધીનગર ૩, પંચમહાલ ૭, જામનગર ૩, મોરબી ૪, ગાંધીનગર કોર્પો. ૨, દાહોદ ૩, વડોદરા ૪, નર્મદા ૧, બનાસકાંઠા ૪, વડોદરા કોર્પો. ૧, દ્વારકા ૧, કચ્છ ૪, સુરત કોર્પો.૧, ભરૂચ ૧, જામનગર કોર્પો. ૧, પાટણ ૧ તેમજ ગીર સોમનાથ ૧ના મોત નોંધાયેલ છે. રાજયના વાયરલ એન્કેફેલાઈટીસના ૧૪ દર્દી દાખલ છે તથા ૭૪ દર્દીઓને રજા આપેલ છે આ સાથે આરોગ્યની ટીમ દ્વારા પોઝિટીવ અને શંકાસ્પદ મળેલ દર્દીના ઘર અને આસપાસના વિસ્તારના ઘરો મળીને કુલ ૫૨,૧૫૩ ઘરોમાં સર્વિલન્સની કામગીરી કરવામાં આવેલ છે.

### વિરોધપક્ષના નેતાએ મુખ્યમંત્રીને કરી રજૂઆત

# ઉમેદવારોને અન્યાયકર્તા સીબીઆરટી પદ્ધતિ દૂર કરી માર્ક્સ જાહેર થાય તેવી કાર્યવાહી કરો

## વન વિભાગમાં ફોરેસ્ટ બીટ ગાર્ડની પરીક્ષામાં અન્યાય મામલે થઈ રહ્યો છે વિરોધ

અમદાવાદ,તા.૬

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા વનવિભાગમાં ફોરેસ્ટ બીટ ગાર્ડની ૮૨૩ જેટલી જગ્યાઓ માટે લેવાયેલી પરીક્ષા બાબતે સીબીઆરટી પદ્ધતિ દુર કરી માર્કસ જાહેર તે માટે યોગ્ય કાર્યવાહી કરવા વિરોધ પક્ષના અમિત ચાવડાએ મુખ્યમંત્રીને રજૂઆત કરી છે. તેમણે જણાવ્યું છે કે તાજેતરમાં ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા વનવિભાગમાં ફોરેસ્ટ બીટ ગાર્ડની અંદાજે ૮૨૩ જગ્યાઓ માટે લેવાયેલી પરીક્ષાનું પરીણામ જાહેર કરવામાં આવેલ છે, તેમાં અંદાજે ચાર લાખ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. આ ઉમેદવારોને અન્યાય થયો હોવાની બીટ ગાર્ડની પરીક્ષા આપનાર ઉમેદવારો ખુબ જ નારાજ છે અને ગાંધી ચિંધ્યા માર્ગે વિરોધ/આંદોલન કરી રહ્યા છે અને તેઓની માંગ રજૂ કરતા ઉમેદવારોને પોલીસ પકડીને લઈ જાય છે. આ ઉમેદવારોની નીચે મુજબની માગણીઓ સંતોષાય તે જરૂરી છે. ગુજરાતમાં સરકારી ભરતીની પરીક્ષામાં કોમ્પ્યુટર બેઝ્ડ રિક્રુટમેન્ટ ટેસ્ટ (સીબીઆરટી) પદ્ધતિ રદ કરવામાં આવે. પરીક્ષા પછી ઉમેદવારોના માર્ક્સ જાહેર કરવામાં આવે. પોલીસ અને જીપીએસસીમાં જે રીતે પરીક્ષા લેવામાં આવે છે તે પદ્ધતિથી પરીક્ષા લેવામાં આવે. વર્ષ ૨૦૨૨માં આવેલી ફોરેસ્ટ બીટ ગાર્ડની ભરતી પ્રક્રિયા બે વર્ષે પણ પુર્ણ થયેલ નથી તો વર્તમાન ખાલી જગ્યાઓ મુજબ વધારો કરવામાં આવે. મેરીટમાં આવતા ઉમેદવારોને ફીઝીકલ ટેસ્ટ માટે બોલાવવાની યાદી જાહેર કરવામાં આવે. ફોરેસ્ટ બીટ ગાર્ડની ૮૨૩ જેટલી જગ્યાઓ માટે ચાર લાખ જેટલી મોટી સંખ્યામાં ઉમેદવારો નોંધાયેલ તે સરકારની પારદર્શક અને ઉમેદવારોને સંતોષકાર પરીક્ષા પદ્ધતિ ન હોવાના કારણે આંદોલન અને દેખાવો કરવા મજબુર થવું પડી રહ્યું છે. ૨-૩ વર્ષથી મહેનત કરનારા ઉમેદવારોની મહેનત એળે ન જાય તે માટે ઉમેદવારોને અન્યાયકર્તા સીબીઆરટી પદ્ધતિ દૂર કરી માર્કસ જાહેર થાય તે માટે યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી છે એવી રજૂઆત અમિત ચાવડાએ મુખ્યમંત્રીને કરી છે.

# ફોરેસ્ટ ભરતી મામલે ઉગ્ર આંદોલન બાદ માત્ર એક માંગ સ્વીકારાઈ

## ઉમેદવારો પોતાની માંગ પર અડગ રહેતા ૩૦૦ જેટલાની પોલીસ દ્વારા અટકાયત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

આજે સવારથી જ ગાંધીનગરમાં આંદોલનકોરા સામે પોલીસ એક્શન મોડમાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષામાં CBRT પદ્ધતિ નાબૂદ કરી ફોરેસ્ટ ભરતીમાં નોર્મલાઈઝેશન કર્યા બાદ માર્ક્સ પ્રસિદ્ધ કરવાની માંગ સાથે મોટી સંખ્યામાં ગઈકાલથી ગાંધીનગરમાં આંદોલન કરનાર ઉમેદવારોને આજે સવારથી પોલીસે ડિટેઈન કર્યા છે. અત્યાર સુધીમાં ૩૦૦ જેટલા ઉમેદવારોની અટક કરવામાં આવી છે. ત્યારે હવે ઉગ્ર આંદોલનના ૩૦ કલાક બાદ ગૌણ સેવા પસંદગી મંડળે ઉમેદવારોની એક માંગ સ્વીકારી છે. ૨૫ ગણા ઉમેદવારની યાદી તૈયાર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. બીજીતરફ સરકારે ૯ તારીખે પરિક્ષાર્થીઓની યાદી જાહેર કરવાની હૈયાધારણા આપી છે, જોકે, ઉમેદવારો આજે જ યાદી જાહેર કરો તેવી માંગ કરી રહ્યા છે. રાત્રે પોલીસે ઉમેદવારોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ, ઉમેદવારો ન માનતા વધુ ૨૦ જેટલા ઉમેદવારોને ડીટેઈન કર્યા હતા. આજે સવારથી વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ સહિત અંદાજિત ૩૦૦ જેટલા ઉમેદવારોની પોલીસે રામકથા મેદાન તેમજ ઘ-૪ ગાર્ડન સહિત અલગ અલગ સ્થળોએથી અટકાયત કરી છે. કેટલાય ઉમેદવારોએ વરસાદી માહોલ વચ્ચે ગઈકાલે ત્યાં મેદાનમાં જ રાત વિતાવી હતી. બીજી તરફ આ સમગ્ર મામલે આપના નેતા પ્રવીણ રામે સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. હવે ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૨૫ ગણા ઉમેદવારના પરિણામ જાહેર કરવાની સાથે દરેક ઉમેદવાર એકબીજાના ગુણ જોઈ શકે એ વ્યવસ્થા પર વિચારણા ચાલું છે. નોંધનીય છે કે, ૮૨૩ પદ માટે ૮ લાખ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી અને ૪ લાખ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. ત્યારે CBRT પદ્ધતિ અને નોર્મલાઈઝેશન કર્યા બાદ PDF જાહેર કરવાની માંગ સાથે ઉમેદવારોએ ગઈકાલથી ગાંધીનગર રામકથા મેદાનમાં આંદોલન શરૂ કર્યું હતું. રામકથા મેદાનમાં પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત મૂકવામાં આવ્યો હતો. તેમજ પોલીસ અધિકારીઓને પણ મેદાન પર ડ્યૂટી પર મોકલી દેવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા કે મામલતદાર દ્વારા આ ઉમેદવારોને રામકથા મેદાનમાં આંદોલન કરવાની પરમિશન આપવામાં આવી ન હોવાથી પોલીસ દ્વારા કાર્યવાહી કરવાની તૈયારી હતી, પરંતુ ઉચ્ચ કક્ષાએથી આદેશ ન છૂટતા પોલીસ કાર્યવાહી કરી ન હતી. જો કે, આજ સવાર પડતાં જ પોલીસ એક્શન મોડમાં આવી ગઈ હતી.

### રાજ્યમાં સિઝનનો ૬૭ ટકાથી વધુ વરસાદ નોંધાયો

# દક્ષિણ ગુજરાતમાં ૪૮ કલાક બાદ ભારે વરસાદ પડવાની સંભાવના

અમદાવાદ,તા.૬

રાજયમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. અત્યાર સુધી સીઝનનો ૬૭ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જયારે કચ્છ ઝોનમાં સૌથી વધુ ૮૬ ટકા વરસાદ નોંધાવા પામ્યો છે. સૌરાષ્ટ્ર ઝોનમાં ૭૭ ટકા, દક્ષિણ ઝોનમાં ૮૧, ઉત્તર ગુજરાતમાં ૫૦ ટકા અને પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૪૪ ટકા સીઝનનો કુલ વરસાદ નોંધાયો છે. ત્યારે આજે વરસાદનું જોર ઘટયું હતું. કેટલાક સ્થળોએ સામાન્ય વરસાદ નોંધાયો હતો. જયારે હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં આગામી પાંચ દિવસ વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં પાંચ દિવસ દરમિયાન સમગ્ર ગુજરાતમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ ઉપરાંત ૪૮ કલાક બાદ ફરી એકવાર દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ભારે વરસાદ થઈ શકે છે. હાલ પૂરતી બે દિવસ માટે ગુજરાતના કેટલાક ભાગમાં છૂટા છવાયા વરસાદી ઝાપટા વરસી શકે છે. અમદાવાદ શહેરમાં પણ આગામી બે દિવસ છૂટા છવાયો વરસાદ પડી શકે છે. જો કે, આજે વહેલી સવારથી જ અમદાવાદમાં ઉઘાડ નીકળ્યો હોય તેવી સ્થિતિ છે તેની સાથે સાથે હજુ પણ આવતીકાલે આ સ્થિતિ યથાવત રહેવાની શક્યતા છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી બે દિવસ બાદ ફરી એકવાર દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ રહેશે. ગુજરાતના દક્ષિણમાં આવેલા સુરત, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરા નગર હવેલીમાં ત્રીજા અને ચોથા દિવસ ભારે વરસાદ સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. એટલે કે, ૮ અને ૯ ઓગસ્ટના રોજ દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ વરસી શકે છે. હાલ બે દિવસ પરંતુ અમદાવાદ અને આસપાસના જિલ્લાઓ તથા સૌરાષ્ટ્ર કચ્છમાં પણ છૂટા છવાયા હળવા વરસાદી ઝાપટા વરસી શકે છે. આગામી બે દિવસ દરિયાકાંઠા વિસ્તારોમાં ૩૫થી ૪૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. બે દિવસ દરમિયાન ગુજરાતમાં વરસાદનું જોર હળવું રહે તેવી શક્યતા છે.

# સાંભારમાંથી વંદો નીકળતાં બંધ કરાયેલ હયાત હોટલને બે લાખ દંડ લઈ સીલ ખોલી અપાયું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

તાજેતરમાં અમદાવાદ શહેરના વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલી હયાત હોટલમાં જમવા ગયેલા ગ્રાહકના સાંભારમાંથી વંદો નીકળ્યો હતો. જે મામલે ગ્રાહકે ફરિયાદ કરી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના વિભાગને આ મામલે ફરિયાદ મળતા ફૂડ વિભાગની ટીમ દ્વારા હયાત હોટલના રસોડાને હાલ સીલ મારી દેવામાં આવ્યું હતું. હવે વંદો નીકળવા મામલે AMC ફૂડ વિભાગે હોટલ હયાતને રૂા.૨ લાખનો દંડ કરવામાં આવ્યો છે અને હોટલનું કિચનનું સીલ ખોલી દેવામાં આવ્યું છે. ફૂડ વિભાગ દ્વારા હોટલ પાસેથી લેખિત બાંહેધરી લેવામાં આવી છે. વસ્ત્રાપુરમાં આવેલી હયાત હોટલમાં એક કંપનીનો જમણવાર યોજવામાં આવ્યો હતો. જેમાં ઈડલી સાંભાર સહિતની ચીજ વસ્તુઓ હતી. કંપનીના એક કર્મચારી દ્વારા જ્યારે ઈડલી સાંભાર ઘર લઈ અને ખાઈ રહ્યા હતા, ત્યારે અચાનક તેમની નજર સાંભાર પર પડી હતી. સાંભારમાં તેઓએ જોયું તો વંદા જેવું જોવા મળ્યું હતું. જ્યારે બહાર કાઢીને તેઓએ જોયું તો મરેલો વંદો હતો. જેથી આ મામલે તેઓએ વીડિયો ઉતારવાનો શરૂ કર્યો હતો અને હોટલમાં હાજર સ્ટાફ તેમજ મેનેજરને બોલાવ્યા હતા.

### મનપા તંત્રમાં નાના કર્મીઓની બદલી કરાય છે પરંતુ વર્ગ-૧-૨ની કરાઈ નથી !

# અમદાવાદ મ્યુનિ.માં એક જ વિભાગમાં વર્ષોથી અડીંગો જમાવનારા અધિકારી બદલાતા નથી

## ત્રણ વર્ષ બાદ બદલીના નિયમ છતાં રાજકીય છત્રછાયાને લઈ બદલી કરાતી નથી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં છેલ્લા ચાર વર્ષથી વધુ સમયથી એક જ સ્થળ અને વિભાગમાં ફરજ બજાવતા વર્ગ ૧ અને ૨ના કર્મચારીઓની બદલી કરવામાં આવી નથી. માત્ર વર્ગ ત્રણ અને ચારના જ કર્મચારીઓની બદલી કરવામાં આવતી હોય છે. રાજ્ય સરકારના નિયમ મુજબ ત્રણ વર્ષ બાદ બદલી શકાય છે. પાંચ વર્ષથી વધુ સમય એક જ સ્થળ ઉપર કર્મચારી ફરજ ન બજાવી શકે તેમ છતાં વર્ગ ૧ ના ૫૪ અને વર્ગ ૨ના ૧૦૦ અધિકારીઓની ચાર વર્ષથી વધુ સમયથી બદલીઓ કરવામાં આવી નથી. પ્રાપ્ત વિગતો અનુસાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ૨૧ જેટલાં આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર એક જ સબ ઝોનમાં છેલ્લા ૪ વર્ષથી વધુ સમયથી ફરજ બજાવી રહ્યાં છે. ટેક્સ વિભાગમાં દેવાશિષ બેનર્જી, નાણા વિભાગમાં અમીશ શાહ, CNCD વિભાગમાં નરેશ રાજપૂત, વિજિલન્સ વિભાગમાં હીના ભાથાવાલા, આરોગ્ય વિભાગમાં ડો.ભાવિન સોલંકી અને ફૂડ વિભાગમાં ડો.ભાવિન જોશી, જન્મ-મરણ વિભાગમાં ડો. દિવ્યાંગ ઓઝા સહિતના વર્ગ ૧ના અધિકારીઓ તેમજ ઈજનેર વિભાગમાં ડેપ્યુટી સિટી ઈજનેર બ્રિજ પ્રોજેક્ટમાં જિજ્ઞેશ શાહ, પશ્ચિમ ઝોનના ઋષિ પંડ્યા, ઉપરાંત મેયર ઓફિસ અને સેન્ટ્રલ ઓફિસમાં ઓફિસ તરીકે રહેલા કર્મચારીઓની પણ બદલીઓ કરવામાં આવી નથી. આ મુદ્દે તંત્ર પાસે માંગવામાં આવેલ માહિતીમાં જાણવા મળ્યું હતું કે, મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ૬૫થી વધુ ખાતાઓમાં વર્ગ એકથી ચારના કર્મચારીઓ ફરજ બજાવે છે. જેમાં વર્ગ એક અને બેના મળી કુલ ૧૫૪ કર્મચારીઓની છેલ્લા ચાર વર્ષથી બદલી કરવામાં આવી નથી. રાજ્ય સરકારના નિયમ મુજબ એક જ સ્થળે ત્રણ વર્ષ સુધી નહીં બદલવા અને પાંચ વર્ષથી વધુ સમય જ એક જ સ્થળ પર ચાલુ રાખવા નહીં. તેમ છતાં અધિકારીઓ એક જ વિભાગ અને સ્થળ પર ફરજ બજાવતા હોવાના કારણે કોન્ટ્રાક્ટરો અને વચેટિયાઓ સાથે તેમના ખાસ સંબંધો બની જતા તેઓને ભ્રષ્ટાચાર કરવાનો મોકો મળતો હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરજ બજાવતા અધિકારીઓની બદલીઓ કરવા માટે ભૂતકાળમાં ભાજપના સત્તાધીશો દ્વારા પણ મ્યુનિસિપલ કમિશનરને અવારનવાર જાણ કરવામાં આવી હતી.

# જૂનાગઢ અભિલેખાગાર કચેરીમાં આવેલ જૂના રજવાડા-નવાબી કામના રેકોર્ડનું જતન કરવા રજૂઆત

## બિલ્ડિંગ જર્જરિત હોઈ એક વર્ષથી બંધ છે તેમજ રેકોર્ડની હાલત પણ જર્જરિત છે, કચેરીમાં પાણી પડતું હોઈ રેકોર્ડ નાશ થવાની દહેશત

જૂનાગઢ, તા.૬

જૂનાગઢના એડવોકેટ જે.એસ. બાસઠિયા અને આરટીઆઈ એક્ટિવિસ્ટ હસેનશા શામદારે સચિવ રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ જૂના સચિવાલય ગાંધીનગરને પત્ર લખી એવી રજૂઆત કરેલ છે કે જૂનાગઢ શહેરમાં આવેલ અભિલેખાગાર કચેરીમાં ઐતિહાસિક જૂના વખતનું રેકોર્ડ જેમાં જૂના રજવાડા અને નવાબી કાળનું રેકોર્ડ આવેલ છે. આ કચેરીમાં ૩૦૦ વર્ષ જૂનું રેકોર્ડ છે તેનું યોગ્ય જતન થાય તે ખૂબ જ જરૂરી અને અનિવાર્ય છે તેમ જણાવતાં પત્રમાં એવી રજૂઆત કરી છે કે, જૂનાગઢ સિટી વિસ્તાર સર્કો ચોકની બાજુમાં અભિલેખાગારની કચેરી આવેલ છે તે કચેરીમાં ૩૦૦ વર્ષ જૂના રેકોર્ડ રાખવામાં આવેલ છે. જે બીલ્ડિંગ જર્જરિત હાલતમાં હોય તેના કારણે ઓફિસ એક વર્ષથી બંધ હાલતમાં છે. તે કચેરીની અંદર જૂનાગઢ તથા પોરબંદરના રજવાડા નવાબી કાળના ૯૯૯ ગામનું રેકોર્ડ હોય તે રેકોર્ડની હાલત જર્જરિત થવાની હાલતમાં હોય તેમજ જે કચેરીમાં રેકોર્ડ રાખવામાં આવેલ છે તેમાં ચોમાસાની સિઝનમાં પાણી પડે છે અને તેમના કારણે રેકોર્ડનો નાશ થાય તેવી દહેશત છે. એક વર્ષથી કચેરી બંધ હાલતમાં હોય કચેરીની કલેકટર કે અન્ય અધિકારી દ્વારા એક વર્ષની અંદર રેકોર્ડની ખરાઈ કરવામાં આવતી નથી. તેમજ અવાર-નવાર અરજદારો દ્વારા ખરી નકલ માટે અરજી કરી રેકોર્ડ બાબતે આવેલ છતાં હજી સુધી તે અરજીનો નિકાલ થયો નથી. તેમજ રેકોર્ડનું કોઈ જાતનું જતન કરવામાં આવતું નથી. તેમજ કોઈ સરકારી અધિકારી રેકોર્ડ બાબતે ધ્યાન દેતા નથી. તેમજ નવી કચેરી માટે જગ્યા ફાળવેલ હોવા છતાં તે કચેરીમાં રેકોર્ડ શિફ્ટ કરેલ નથી. કચેરીમાં લાખો રૂપિયાનો ખર્ચ કરેલ હોવા છતાં તે કચેરીમાં રેકોર્ડ ટ્રાન્સફર કરેલ નથી તેમજ નવાબી કાળના તમામ રેકોર્ડ કચેરીમાં મોજુદ હોય જે રેકોર્ડ બીજીવાર બની ન શકે જેથી જૂના રેકોર્ડનું જતન કરવાની જવાબદારી સરકારની હોય છતાં આ રેકોર્ડનું કચેરી દ્વારા યોગ્ય જતન થતું નથી. આ રેકોર્ડના નવાબીકાળ તથા અશોક તથા મુગલ કાળ તથા અન્ય રાજા રજવાડાનું રેકોર્ડ કચેરીમાં મોજુદ છે. તેમજ જૂનાગઢનો ઈતિહાસ તે રેકોર્ડમાં હોય અને ૨૦૦થી ૩૦૦ વર્ષ જૂના રેકોર્ડ આવેલા છે. તે રેકોર્ડનું જતન કરવું જરૂરી હોય જેથી આ રેકોર્ડની ખરાઈ કરી નવી કચેરીએ રેકોર્ડ તાત્કાલિક શિફ્ટ કરવું જેથી જૂના રેકોર્ડને કોઈ નુકસાન થાય નહીં. તેમજ હાલ અરજદારોની અરજી પેન્ડિંગ પડેલ હોય તેમનો નિકાલ કરવા જણાવેલ છે.

જે કચેરીમાં રેકોર્ડ રાખેલ તેની છત નળિયાવાળી હોય અને તે પણ તૂટેલા હોય તેના કારણે રૂમમાં પાણી ભરાય છે. જૂનાગઢ, કુતિયાણા તથા માંગરોળનું રેકોર્ડ હાલ પાણીમાં તરતું હોય તે મકાન વર્ષથી જર્જરિત હાલતમાં છે. જે છેલ્લા વર્ષથી બંધ હાલતમાં છે. જેથી તે હવેલીની અંદર રેકોર્ડ રાખેલ છે તેની અંદર વરસાદનું પાણી ભરાતું હોય જેથી તે રેકોર્ડનું સર્વે કરવા સરકારી અધિકારીને તપાસ સોંપવા તથા તમામ રેકોર્ડ તાત્કાલિક નવી કચેરીમાં રેકોર્ડ ફેરવવા જણાવેલ છે. હાલ જે સ્ટાફ કચેરીમાં છે જે રેકોર્ડના જાણકાર નથી તેમ છતાં અરજી ન લેવી અને ફકત રજિસ્ટરમાં નામ લઈ અરજદારોને ખોટું બોલવાની કાર્યવાહી કરે છે તેમજ સ્ટાફ જણાવે છે કે રેકોર્ડ તમને ટૂંક સમયમાં મળી જશે તેવી ખોટી વાતો કરે છે. જ્યારે અરજદાર જાય છે તેમને અવાર-નવાર ધક્કા ખવડાવે છે. જૂનાગઢ અધિક્ષક જિલ્લા અભિલેખાગારની કચેરી તા.૧-૦૭-૧૯૭૯ના ચાલુ થયેલ તેમાં જૂનાગઢ કચેરીમાં જૂનાગઢ, માંગરોળ, માણાવદર, સરદારગઢ, સુલતાનગઢ, બીલખા અને બાંટવા રાજ્યનું સને ૧૭૮૦થી ૧૯૫૯ સુધીની આશરે ૫,૮૨,૧૧૫ ફાઈલો સંગ્રહાલયમાં છે. આ કચેરીના કાર્યક્ષેત્રમાં જૂનાગઢ જિલ્લાનો સમાવેશ થાય છે. તેમજ કચેરી બંધ રાખવા માટે સરકારનો પરીપત્ર કે હુકમ હોય તો જાણ કરવા જણાવેલ છે. જેથી અભિલેખાગાર એટલે ગુજરાત તથા દેશી રાજયો રજવાડાનાં સમયનાં રેકોર્ડનું ભંડાર આવેલ છે તે ઐતિહાસિક રેકોર્ડનું જતન કરવા અંતમાં જણાવેલ છે. આ પત્રની નકલ કેબિનેટ મંત્રી હર્ષ સંઘવી, રાજયકક્ષાના મંત્રી મુળુભાઈ બેરા, અભિલેખાગાર ખાતું ગાંધીનગર, જીલ્લા અભિલેખાગાર કચેરી જૂનાગઢ જિલ્લા કલેક્ટર જૂનાગઢ પણ મોકલાવેલ છે.

### પ્રિન્સિપાલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટનો ચુકાદો

# મોરબીમાં બે વર્ષની બાળકીની હત્યામાં મહિલા આરોપીને આજીવન કેદની સજા

મોરબી, તા.૬

મોરબીમાં રહેતા વિપ્ર પરિવારની ૨ વર્ષની બાળકી પિતાએ જ પ્રેમિકાને સોપી હોય અને ઘરેથી ફોટો પડાવવાના બહાને પ્રેમિકા સાથે મોકલી દીધી હતી જે બાળકીનું ગળું દબાવી મહિલા આરોપીએ હત્યા કરી હોય જે કેસમાં બાળકીના પિતા સહિતના પરિવારના ત્રણ સભ્યો વિરૂદ્ધ સબળ પુરાવોના હોવાથી તેમના વિરૂદ્ધ ચાર્જશીટ કરવામાં આવી ના હતી હત્યા કરનાર મહિલા આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ રજૂ કરી હતી જેને કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે.

ગત તા. ૦૨-૦૩-૨૦૧૯ના રોજ સુરતના રહેવાસી રીનાબેન ધવલભાઈ ત્રિવેદી નામની મહિલાએ આરોપી પતિ ધવલભાઈ માધવલાલ ત્રિવેદી, તેની પ્રેમિકા રસ્મીબેન દિવ્યેશભાઈ વરિયાવાલા, ફરિયાદીના જેઠ સંજયભાઈ ત્રિવેદી અને સસરા માધવલાલ ત્રિવેદી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી જેમાં પતિ ધવલ ત્રિવેદીએ તેની પ્રેમિકા રસ્મીબેન સાથે દીકરી યસ્વી (ઉ.વ.૦૨ વર્ષ ૭ માસ) વાળીને ભગાડી લઇ ગયેલ જેમાં જેઠ અને સસરાએ મારામારી કરી હતી મહિલા આરોપી રશ્મિબેને યસ્વીનું મોઢું સોફામાં દબાવી પછાડી દઈને ઈજા કરી મોત નીપજાવ્યું હતું જે બનાવ મામલે બી ડીવીઝન પોલીસે હત્યાની ફરિયાદ નોંધી હતી જે ગુનામાં તપાસ દરમિયાન આરોપી ધવલભાઈ ગુનાના બનાવ સ્થળે હાજર નહિ હોવાનું અને પોતાની કન્સ્ટ્ર કશન સાઈટ પર હોવાનું તેમજ આરોપી સંજય અને માધવલાલ બંને અમદાવાદ સોલા હાઈકોર્ટ ખાતે હોવાનું ફલિત થયું હતું જેથી ત્રણેય વિરૂદ્ધ સબળ પુરાવો ના હોવાથી ચાર્જશીટ કરવામાં આવી ના હતી.

પોલીસે મહિલા આરોપી રશ્મી વિરૂદ્ધ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી જે હત્યા કેસ પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ મોરબીની કોર્ટમાં ચાલી જતા જિલ્લા સરકારી વકીલ કોર્ટમાં ૩૦ મૌખિક પુરાવા અને ૩૩ દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા અને બચાવ પક્ષે ૧ દસ્તાવેજી પુરાવો રજૂ થયો હતો જેને ધ્યાને લઈને કોર્ટે આરોપી રસ્મીબેન દિવ્યેશભાઈ વરિયાવાળાને આઈપીસી કલમ ૩૦૨ મુજબના ગુનામાં કસુરવાન ઠેરવી આજીવન કેદની સજા અને રૂ ૧૦ હજારનો દંડ તેમજ દંડના ભરે તો વધુ ૬૦ દિવસની સજા ફટકારી છે તેમજ આઈપીસી કલમ ૩૨૩ મુજબના ગુનામાં બે માસની કેદની સજા અને રૂા.૧૦૦૦નો દંડ ફટકાર્યો છે.

### સોશિયલ મીડિયામાં ખોટો વીડિયો વાયરલ કરવો પડ્યો ભારે

# તાઈવાનનો ખાડો ગુજરાતના નામે બતાવનાર પ્રશાંત દલવાડીની ક્રાઈમ બ્રાંચે કરી ધરપકડ

અમદાવાદ, તા.૬

સોશિયલ મીડિયામાં ફેક ન્યૂઝ અને ફેક વીડિયોનો રાફડો ફાટ્યો છે. ઠ પ્લેટ ફોર્મ પર ખાડામાં વાહન આવે અને ફગોળાય તેવો વીડિયો પોસ્ટ કરનાર નડિયાના વેપારી સામે પોલીસે કાર્યવાહી કરી છે. તેણે તાઈવાનનો વીડિયો પોસ્ટ કરીને ગુજરાતને બદનામ કરવાનો પ્રયાસ કર્યો હોવાથી ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરી છે. પોલીસ સુત્રોના જણાવ્યા પ્રમાણે થોડા સમય પહેલા X ઉપર એક એવી પોસ્ટ થઈ હતી કે જેમાં કેટલાક વાહનો ખાડામાં પડે છે અને તેના કારણે વાહનો ફંગોળાઈ છે. આ વીડિયોની સાથે ગુજરાતનું નામ જોડવામાં આવ્યું હતું. ક્રાઈમ બ્રાંચે આ વીડિયોની તપાસ કરી તો વીડિયો ફેક હોવાનું અને સામેની દુકાન પણ ભારતની ન હોવાનું બહાર આવ્યું હતું. આ વીડિયો નડિયાદમાં રહેતા પ્રશાંત દલવાડી નામના વ્યક્તિએ પોસ્ટ કર્યો હતો. આ વીડિયો મૂળ તાઈવાન હતો. આ સમગ્ર મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે પ્રશાંત દલવાડીની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. ક્રાઈમ બ્રાન્ચના સૂત્રોના જણાવ્યા પ્રમાણે પ્રશાંત દલવાડી નડિયાદમાં રહે છે અને તે કોઈ રાજકીય પાર્ટી સાથે હોવાથી તે X ઉપર આવી રીતે ઘણી વખત પોસ્ટ કરતો હોય છે. આ વખતે તેને કરેલી પોસ્ટ બીજા દેશની હતી અને ગુજરાત સાથે જોડવામાં આવતા સમગ્ર મામલે તપાસ કરવામાં આવી હતી. પ્રશાંત ખૂબ જ સારો અંગ્રેજી ભાષાનો જાણકાર હોવાનું પણ જાણવા મળ્યું છે. તે ખાસ સમય દરમિયાન એક્સ ઉપર પોસ્ટ કરતો હોય, પરંતુ આ વખતે તેને કરેલી પોસ્ટ ખોટી હોવાથી હાલ એ દિશામાં તપાસ કરવામાં આવી છે.

# રિલાયન્સ ફાઉન્ડેશને વાયનાડમાં રાહત-સહાય કામગીરી શરૂ કરી



અમદાવાદ,તા.૬

વાયનાડમાં ભૂસ્ખલને વિનાશના કાળજું કંપાવી દેનારા દશ્યો સજર્યા છે. આવી આફતના સમયે રાષ્ટ્ર પ્રત્યેની ગહન પ્રતિબદ્ધતાના ભાગરૂપે રિલાયન્સ ફાઉન્ડેશને વાયનાડના લોકોને તાકીદની મધ્યમ ગાળાની અને લાંબા ગાળાની મદદ પૂરી પાડવા અનેકવિધ પ્રયાસોની જાહેરાત કરી છે. વાયનાડ જિલ્લામાં આ હોનારત બાદ કેમ્પમાં રહેતા અસરગ્રસ્તોને રિલાયન્સ ફાઉન્ડેશનની ટીમો દૂધ અને ફળો સહિતની જીવન જરૂરી ચીજવસ્તુઓ સાથે તાત્કાલિક રાહત પૂરી પાડી રહી છે. આ સાથે આપદા નિવારવા માટે આગોતરી માહિતી મળે અને તે મુજબ આગોતરી વ્યવસ્થા કરી શકાય તે માટેની પહેલ પણ હાથ ધરાઈ છે. કેરળની હોનારત અંગે શોક પ્રગટ કરતા રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરપર્સન નીતા અંબાણીએ જણાવ્યું હતું કે અમે વાયનાડમાં ભૂસ્ખલનથી થયેલા ભારે નુકસાન તેમજ લોકોની વેદનાથી વ્યથિત છીએ. આ અત્યંત દુઃખની પળોમાં અમારૂ હૃદય એવી દરેક અસરગ્રસ્ત વ્યકિત અને પરિવારની સાથે છે. ઘટના સ્થળે અમારી રિલાયન્સ ફાઉન્ડેશનની ટીમો જિલ્લાના લોકો માટે તાત્કાલિક રાહત, પુનઃવસન અને લાંબાગાળાની જરૂરીયાતોને પુરી કરવા ખડેપગે કામ કરી રહી છે. આ મુશ્કેલ સમયમાં અમે કેરળના લોકોની પડખે છીએ.

# છેલ્લા ૨૪ કલાકમાં ૪૦ પેલેસ્ટીનીઓનાં મોત

(એજન્સી) તા.૬

ગાઝાની નાગરિક સુરક્ષા એજન્સીનું કહેવું છે કે, લગભગ ૯૦ અજાણ્યા પેલેસ્ટીનીઓના 'વિઘટિત' મૃતદેહો ગાઝા પરત કરવામાં આવ્યા છે અને સામૂહિક કબરમાં દફનાવવામાં આવ્યા છે, જેમના અવશેષો ઈઝરાયેલી દળો દ્વારા લેવામાં આવ્યા હતા અને મહિનાઓ સુધી ઈઝરાયેલમાં રાખવામાં આવ્યા હતા.

યુએન હાઈ કમિશનર ફોર હ્યુમન રાઈટ્સ વોલ્કર તુર્કે મધ્ય-પૂર્વમાં તાત્કાલિક તણાવ ઘટાડવાનું આહ્‌વાન કર્યું છે કારણ કે, ગાઝા યુદ્ધ વધવાની ધમકી આપે છે.

રશિયાના સુરક્ષા પરિષદના સચિવ સર્ગેઈ શોઈગુએ તેહરાનમાં તેમના ઈરાની સમકક્ષને મળ્યા છે; તેઓ ઈરાનના નવા રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયન સાથે પણ વાતચીત કરવાના છે. ગાઝા પર ઈઝરાયેલના યુદ્ધમાં ઓછામાં ઓછા



૩૯,૬૨૩ લોકો મૃત્યુ પામ્યા છે અને ૯૧,૪૬૯ ઘાયલ થયા છે. ૭ ઓક્ટોબરે હમાસની આગેવાની હેઠળના હુમલા દરમિયાન ઈઝરાયેલમાં અંદાજિત ૧૧૩૯ લોકો મૃત્યુ પામ્યા અને ૨૦૦થી વધુ લોકોને બંદી બનાવવામાં આવ્યા છે.

# અવાકફ મંત્રાલયોએ આંતરરાષ્ટ્રીય સંમેલનમાં સંયમને પ્રોત્સાહન આપ્યું અને પેલેસ્ટીની અધિકારોનું સમર્થન કર્યું

(એજન્સી) તા.૬

સઉદી અરબના ઈસ્લામિક મામલાઓ, દાવા અને માર્ગદર્શન મંત્રાલયે આ વર્ષે મુસ્લિમ દેશોના અવાકફ મંત્રીઓનું સંમેલન આયોજિત કરવામાં આવ્યું છે. જેનો વિષય છે 'ઉદારવાદના સિદ્ધાંતો અને મૂલ્યોના પ્રચારમાં અવાકફ મંત્રાલયોની ભુમિકા. મક્કામાં આયોજિત બે દિવસીય કાર્યક્રમમાં ૬૨ દેશોના અવાકફ મંત્રી, મુફતી અને ઈસ્લામી સંસ્થાઓના પ્રમુખ એક સાથે આવ્યા. પેનલે વિવિધ વિષયો પર ચર્ચા કરી, જેમાં ઉગ્રવાદ અને આતંકવાદનો સામનો કરવો, ધર્મોપદેશોમાં ઉગ્રવાદને રોકવો, સહ-અસ્તિત્વ અને સહિષ્ણુતાને પ્રોત્સાહન આપવું, મુસ્લિમો અને ઈસ્લામની વિરૂદ્ધ નફરતનો સામનો કરવો, ધાર્મિક પ્રવચનને સમજવું અને યોગ્ય માહિતી વિના ફતવા જારી કરવાના જોખમ સામેલ હતા. ઓમાનના પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ કરતા ડો.મોહમ્મદ સઈદ અલ-મામારીએ મૂલ્ય અધોગતિ, નૈતિક પછાત અને સમાજ પર ધ્રુવીકરણ અને ઘૃણાની અસરના વૈશ્વિક પડકારો પર ભાર આપ્યો. તેમણે સમાજની સુરક્ષા અને નૈતિક મૂલ્યોને જાળવી રાખવા માટે ઈસ્લામી અધિકારીઓની વચ્ચે સહયોગનું આહ્‌વાન કર્યું. સંમેલને પેલેસ્ટીની મુદ્દા માટે ઈસ્લામી જગતના સમર્થનનો પણ પુનરોચ્ચાર કર્યો. તેમજ



પેલેસ્ટીનીઓને તેમના કાયદેસર અધિકાર મેળવવાની જરૂરિયાત પર પ્રકાશ નાખ્યો, જેમાં પૂર્વ જેરૂસલેમને પોતાની રાજધાની તરીકે એક સ્વતંત્ર રાજ્યની સ્થાપના પણ સામેલ છે. તેણે આંતરરાષ્ટ્રીય સમુદાયને ગાઝામાં ચાલી રહેલા નરસંહારની વિરૂદ્ધ પેલેસ્ટીનીઓનું સમર્થન કરવાનો આગ્રહ કર્યો.

# ઈઝરાયેલે ગાઝામાં ૮૯ પેલેસ્ટીનીઓના 'વિઘટિત' મૃતદેહો પરત કર્યા

(એજન્સી) તા.૬

ઈઝરાયેલે ગાઝા પટ્ટીમાં તેના લશ્કરી હુમલામાં મૃત્યુ પામેલા લગભગ ૯૦ પેલેસ્ટીનીઓના મૃતદેહો પરત કર્યા છે, પેલેસ્ટીની આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું.

દક્ષિણ ગાઝાના ખાન યુનિસમાં પેલેસ્ટીની નાગરિક કટોકટી સેવાના ડિરેક્ટર યામન અબુ સુલેમાને સોમવારે જણાવ્યું કે, તે અસ્પષ્ટ છે કે, શું ભૂમિ આક્રમણ દરમિયાન સૈન્ય દ્વારા કબ્રસ્તાનમાંથી મૃતદેહો ખોદવામાં આવ્યા હતા અથવા શું તેઓ બંદીવાન હતા જેમને ત્રાસ આપવામાં આવ્યો હતો.

અબુ સુલેમાને જણાવ્યું, 'કબજો કરનારાઓએ અમને નામ, ઉંમર કે કોઈપણ વસ્તુ વિશે કોઈ માહિતી આપી નથી. આ યુદ્ધ અપરાધ છે, માનવતા વિરુદ્ધ ગુનો છે.' તેમણે જણાવ્યું કે, મૃત્યુનું કારણ નક્કી કરવા અને ઓળખવા માટે મૃતદેહોની તપાસ કરવામાં આવશે અને પછી તેમને ખાન યુનિસમાં નાસેર હોસ્પિટલ નજીકના કબ્રસ્તાનમાં સામૂહિક કબરમાં દફનાવવામાં આવશે.

ગાઝાની સરકારી મીડિયા ઓફિસે જણાવ્યું કે, ઈઝરાયેલે ૮૯ મૃતદેહોને 'અમાનવીય રીતે હાડકાં અને સડી ગયેલા



મૃતદેહો' તરીકે મોકલ્યા હતા.

તેમાં જણાવવામાં આવ્યું છે કે, ઈઝરાયેલી દળોએ ૭ ઓક્ટોબરથી અત્યાર સુધીમાં ડઝનેક કબ્રસ્તાનમાંથી ૨૦૦૦ મૃતદેહોની 'ચોરી' કરી છે, જેને તેઓએ તેમના ચાલુ લશ્કરી અભિયાન દરમિયાન તોડી પાડ્યા હતા. કાર્યાલયે જણાવ્યું કે, ઈઝરાયેલી દળોએ અગાઉ ગાઝા શહેરના ખાન યુનિસ, જબાલિયા અને તુફાહ પડોશમાં કબરો ખોદી હતી અને મૃતદેહોને 'અજ્ઞાત સ્થાનો' પર સ્થાળાંતરિત કર્યા હતા, જે યુદ્ધ અપરાધો અને માનવતા વિરુદ્ધના અપરાધો સમાન છે.

તે કહે છે કે, ડઝનેક મૃતદેહો હજી પણ ઈઝરાયેલી દળોના કબજામાં છે, એક નિવેદનમાં જણાવ્યું હતું કે, મૃતદેહો 'સંપૂર્ણપણે સડી ગયા હતા અને તેમની ઓળખ કરવાની ક્ષમતા નથી.'

# તુર્કીએ ગાઝા જતી ફ્રીડમ ફ્લોટિલાને અવરોધિત કરી

(એજન્સી) તા.૬

આયોજકોએ અહેવાલ આપ્યો છે કે, તુર્કીના સત્તાવાળાઓએ નવી ફ્રીડમ ફ્લોટિલાને અવરોધિત કરી છે, જે પટ્ટી પર ઈઝરાયેલની ઘેરાબંધી તોડવાના પ્રયત્નમાં ગાઝાને તાત્કાલિક અને જીવનરક્ષક સહાય વહન કરે છે, જે ઈસ્તંબુલથી પ્રસ્થાન કરે છે.

ફ્રીડમ ફ્લોટિલા ગઠબંધન, જેમાં બહુવિધ માનવતાવાદી અને પેલેસ્ટીન તરફી જૂથોનો સમાવેશ થાય છે, શનિવારના રોજ એક નિવેદન જારી કરીને જાહેરાત કરી હતી કે, તેઓ ઈસ્તંબુલ પોર્ટ ઓથોરિટી પાસેથી સફર કરવા માટે મંજૂરીની રાહ જોઈ રહ્યા છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, તે હવે સ્પષ્ટ થઈ ગયું છે કે, તુર્કી સરકાર પરવાનગી આપશે નહીં. ગઠબંધને ઉમેર્યું હતું કે, સરકારે ફ્લોટિલાને સફર કરતા અટકાવવા માટે કોઈ સમજૂતી રજૂ કરી નથી, પરંતુ યુનાઈટેડ સ્ટેટ્સ, યુનાઈટેડ કિંગડમ અને કદાચ અન્ય નાટો દેશો કે જેઓ ઈઝરાયેલ સાથે મજબૂત રીતે સાથી છે તેના તીવ્ર દબાણ પર દોષ મૂક્યો છે.

મે ૨૦૧૦માં છ જહાજ ફ્રીડમ ફ્લોટિલા Iને ઈઝરાયેલી નૌકાદળ દ્વારા અટકાવવામાં આવ્યું હતું, જેમાં ઈઝરાયેલી કમાન્ડો તુર્કીના મુખ્ય જહાજ માવી મારમારામાં સવાર હતા, ગોળીબાર કરીને નવ કાર્યકરોને મારી નાખ્યા હતા.

અલ-મોનિટરના જણાવ્યા મુજબ ગયા અઠવાડિયે તેહરાનમાં હમાસના રાજકીય વડા ઈસ્માઈલ હાનિયાહની હત્યા બાદ



તુર્કી અને ઈઝરાયેલ વચ્ચે વધતા તણાવ વચ્ચે વર્તમાન ફ્લોટિલાના પ્રયાસો અવરોધાયા છે.

ઈઝરાયેલના વિદેશ મંત્રાલયે ગયા અઠવાડિયે તુર્કીના નાયબ રાજદૂતને બોલાવ્યા હતા અને તુર્કીને ઠપકો આપ્યો હતો કારણ કે, તેલ અવીવમાં તુર્કી દૂતાવાસે હાનિયાહની હત્યાના જવાબમાં તેનો ધ્વજ અડધો ઝૂકાવી દીધો હતો. ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયનના ઉદ્‌ઘાટનમાં હાજરી આપવા માટે તેહરાનમાં હાનિયાહની હત્યા કરવામાં આવી હતી. ઈઝરાયેલે તેમના મૃત્યુની જવાબદારીનો કોઈ સત્તાવાર દાવો કર્યો નથી પરંતુ ઈરાન અને હમાસ અને હિઝબુલ્લાહ સહિતના સહયોગીઓએ ઈઝરાયેલ પર હત્યા પાછળ હોવાનો આરોપ લગાવ્યો છે અને બદલો લેવાની કસમ લીધી છે.

હાનિયાહની હત્યાના સ્પષ્ટ સંદર્ભમાં તુર્કીના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઓન્કુ કેસેલીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટર પર કાત્ઝની ટિપ્પણીનો જવાબ આપતા કહ્યું, તમે વાટાઘાટકારોની હત્યા કરીને રાજદ્વારીઓને ધમકી આપીને શાંતિ પ્રાપ્ત કરી શકતા નથી. ગાઝામાં ઈઝરાયેલના બોમ્બ ધડાકા અભિયાનની શરૂઆતથી ઈઝરાયેલ અને તુર્કી વચ્ચેના તણાવમાં તીવ્ર વધારો થયો છે, જેમાં લગભગ ૪૦,૦૦૦ પેલેસ્ટીની માર્યા ગયા છે અને ૯૦,૦૦૦થી વધુ ઘાયલ થયા છે, જેમાં મોટાભાગના બાળકો અને મહિલાઓ છે.

# તુર્કી ઈઝરાયેલ સામે દક્ષિણ આફ્રિકા ICJ નરસંહાર કેસમાં જોડાવા માટે આવેદન કરશે

(એજનસી) તા.૬

તુર્કીનું કહેવું છે કે, તે હેગ ખાતેની ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (ICJ)માં ગાઝા પરના યુદ્ધ અંગે ઈઝરાયેલ વિરુદ્ધ દક્ષિણ આફ્રિકાના નરસંહારના કેસમાં હસ્તક્ષેપની તેની ઘોષણા ઔપચારિક રીતે રજૂ કરશે. તુર્કીના વિદેશમંત્રી હકન ફિદાને સોમવારના રોજ કાઈરોમાં એક ન્યુઝ કોન્ફરન્સને સંબોધિત કરતી વખતે આ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે, બુધવારે સંયુક્ત રાષ્ટ્રની કોર્ટમાં રજૂઆત થવાની અપેક્ષા છે. તુર્કીએ મે મહિનામાં જાહેરાત કરી હતી કે, તેણે દક્ષિણ આફ્રિકા દ્વારા શરૂ કરાયેલા કેસમાં જોડાવાનું નક્કી કર્યું છે કારણ કે, તેણે ગાઝા પરના તેના હુમલાને લઈને ઈઝરાયેલ સામે પગલાં લીધા છે અને તે જરૂરી કાનૂની તૈયારીઓ પછી આવેદન રજૂ કરશે.

ICJએ ઈઝરાયલને આદેશ આપ્યો છે કે, તે યુનાઈટેડ નેશન્સ નરસંહાર સંમેલન હેઠળ આવી શકે તેવા કોઈપણ કૃત્યોથી દૂર રહે અને દક્ષિણ આફ્રિકાએ ગાઝામાં ઈઝરાયેલ પર રાજ્યની આગેવાની હેઠળના નરસંહારનો આરોપ મૂક્યા પછી તેના સૈનિકો પેલેસ્ટીનીઓ વિરુદ્ધ કોઈ નરસંહાર ન કરે તે સુનિશ્ચિત કરે.

દક્ષિણ આફ્રિકાએ ડિસેમ્બરમાં ઈઝરાયેલ સામે ગાઝામાં પેલેસ્ટીનીઓ







વિરુદ્ધ નરસંહાર કરવાનો આરોપ મૂક્યો હતો. ઘેરાયેલા અને બોમ્બમારો કરવામાં આવેલા પ્રદેશમાં આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર ઓક્ટોબરમાં શરૂ થયેલા ઈઝરાયેલના યુદ્ધમાં મૃત્યુઆંક લગભગ ૪૦,૦૦૦ સુધી પહોંચી ગયો છે.

ICJ સમક્ષ દક્ષિણ આફ્રિકાનો કેસ એવી દલીલ કરે છે કે, ઈઝરાયેલ ૧૯૪૮ના નરસંહાર સંમેલનનું ઉલ્લંઘન કરે છે, જે હોલોકોસ્ટ પછી સ્થાપિત કરવામાં આવ્યું હતું અને દેશોને આવા ગુનાઓનું પુનરાવર્તન અટકાવવાની જરૂર છે.

ઈઝરાયેલ અને તેના પશ્ચિમી સાથીઓએ દક્ષિણ આફ્રિકાના આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. કેસના અંતિમ ચુકાદામાં વર્ષો લાગી શકે છે.

તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગને જાન્યુઆરીમાં કહ્યું હતું કે, તેમનો દેશ યુએનની ટોચની કોર્ટમાં કેસ માટે દસ્તાવેજો પ્રદાન કરી રહ્યો છે, જેને વર્લ્ડ કોર્ટ તરીકે પણ ઓળખવામાં આવે છે.

અત્યાર સુધીમાં ૧૩ દેશોએ ઈઝરાયેલ વિરુદ્ધ દક્ષિણ આફ્રિકાના નરસંહારના કેસમાં જોડાવા અથવા તેમની ઈચ્છા જાહેર કરી છે. ICJ રાજ્યોને કેસોમાં હસ્તક્ષેપ કરવાની અને તેમના મંતવ્યો આપવા માટે પરવાનગી આપી શકે છે.

# તેહરાનમાં હમાસ ચીફની હત્યા બાદ ઈરાને 'સાફસફાઈ' શરૂ કરી

## ઈઝરાયેલની ચુનંદા ગુપ્તચર એજન્સી મોસાદે ઈરાની સુરક્ષા એજન્ટોને ગેસ્ટહાઉસમાં વિસ્ફોટકો રોપવા માટે ભરતી કર્યા હતા જ્યાં ઈસ્માઈલ હાનિયાહ રહેતા હતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

મીડિયા અહેવાલ અનુસાર, તેની રાજધાની તેહરાનમાં હમાસના નેતા ઈસ્માઈલ હાનિયાહની હત્યાના જવાબમાં, ઈરાને રાજધાનીમાં લશ્કરી સંચાલિત ગેસ્ટહાઉસમાં ઉચ્ચ કક્ષાના ગુપ્તચર અધિકારીઓ, લશ્કરી અધિકારીઓ અને સ્ટાફ સહિત બે ડઝનથી વધુ વ્યક્તિઓની ધરપકડ કરી છે.

ઈઝરાયેલની ચુનંદા ગુપ્તચર એજન્સી મોસાદે ઈરાની સુરક્ષા એજન્ટોને ગેસ્ટહાઉસમાં વિસ્ફોટકો રોપવા માટે ભરતી કરી હતી જ્યાં હાનિયાહ રહેતા હતા. કતારમાં હમાસના રાજકીય કાર્યાલયનું નેતૃત્વ કરનાર હાનિયાહ ઈરાનના નવા પ્રમુખના પદગ્રહણ સમારોહ માટે તેહરાનમાં હતા. રાષ્ટ્રપતિના શપથ ગ્રહણ સમારોહના થોડા કલાકો પછી થયેલી આ હત્યાને ઈરાન માટે મોટા પાયે ગુપ્તચર અને સુરક્ષા નિષ્ફળતા તરીકે જોવામાં આવે છે.

ઈરાન ખાતેના ઈન્ટરનેશનલ ક્રાઈસિસ ગ્રૂપના ડિરેક્ટર અલી વાયેઝે મીડિયાને જણાવ્યું હતું કે, "ઈરાન ન તો તેના વતનનું રક્ષણ કરી શકે છે અને ન તો તેના મુખ્ય સાથીદારો ઈરાની શાસન માટે ઘાતક બની શકે છે, કારણ કે તે મૂળભૂત રીતે તેના શત્રુઓને સંકેત આપે છે કે જો તેઓ ઈસ્લામિક રિપબ્લિકને પછાડી શકતા નથી, તો તેઓ તેનો શિરચ્છેદ કરી શકે છે,".

ઈરાની સુરક્ષા દળોએ ગેસ્ટહાઉસ કમ્પાઉન્ડની સઘન તપાસ હાથ ધરી હતી. તેઓએ સ્ટાફની અટકાયત કરી, ઈલેક્ટ્રોનિક ઉપકરણો જપ્ત કર્યા અને સર્વેલન્સ ફૂટેજ અને ગેસ્ટ લિસ્ટની તપાસ કરી. તેહરાનની સુરક્ષા માટે જવાબદાર વરિષ્ઠ સૈન્ય અને ગુપ્તચર અધિકારીઓની પણ પૂછપરછ કરવામાં આવી હતી, જેમાં વધુ તપાસ બાકી છે. IRGC દ્વારા સંચાલિત કમ્પાઉન્ડમાં હાનિયાહને એક રૂમમાં રાખવામાં આવ્યા હતા જેનો તેઓ તમની





ઈરાની સુરક્ષા દળોએ ગેસ્ટહાઉસ કમ્પાઉન્ડની સઘન તપાસ હાથ ધરી હતી.

તેહરાનની મુલાકાતો દરમિયાન અવાર નવાર ઉપયોગ કરતા હતા.

ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ્‌સ કોર્પ્સ અથવા આઈઆરજીસીના જાસૂસી માટેના વિશિષ્ટ ઈન્ટેલિજન્સ યુનિટની આગેવાની હેઠળ તપાસ કરવામાં આવી રહી છે. તે હત્યા માટે જવાબદાર નેટવર્કનો પર્દાફાશ કરવા માટે શંકાસ્પદોનો સક્રિયપણે પીછો કરી રહ્યું છે.

ઈરાની અને હમાસના અધિકારીઓએ ઈઝરાયેલ પર હત્યાનું આયોજન કરવાનો આરોપ લગાવ્યો છે, જેને ઘણા યુએસ અધિકારીઓ દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે. હમાસની સૈન્ય ક્ષમતાઓને ખતમ કરવાના પોતાના વલણને જાળવી રાખતા ઈઝરાયેલે હુમલાની જવાબદારી સ્વીકારી નથી. મીડિયા અનુસાર ઈઝરાયેલની પ્રારંભિક યોજના મે મહિનામાં ઈરાનના પૂર્વ રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રાયસીના અંતિમ સંસ્કાર માટે તેહરાનની મુલાકાત દરમિયાન હાનિયાહની હત્યા કરવાની હતી. મીડિયા સાથે વાત કરતા બે ઈરાની અધિકારીઓના જણાવ્યા અનુસાર, ભારે ભીડને કારણે ઓપરેશન રદ કરવામાં આવ્યું હતું, જેણે નિષ્ફળતાનું મોટું જોખમ ઊભું કર્યું હતું. મોસાદના નિર્દેશન હેઠળ કામ કરતા બે એજન્ટોએ ઉત્તર તેહરાનમાં IRGC ગેસ્ટહાઉસના ત્રણ અલગ-અલગ રૂમમાં વિસ્ફોટક ઉપકરણો મૂક્યા હતા. આ હત્યાની પુષ્ટિ IRGCના અધિકારીઓ દ્વારા કરવામાં આવી છે, જેઓ હવે માને છે કે, મોસાદે અંસાર-અલ-મહદી પ્રોટેક્શન યુનિટના એજન્ટોને કામે લગાડ્યા છે, જે દેશની અંદર અને બહાર ઉચ્ચ કક્ષાના અધિકારીઓની સુરક્ષા માટે જવાબદાર જૂથ છે. ઈઝરાયેલે અગાઉ ઈરાની પરમાણુ વૈજ્ઞાનિકો અને લશ્કરી કમાન્ડરોને ટાર્ગેટ કર્યા છે, જેમાં ૨૦૨૦માં મોહસેન ફખરીઝાદેહની હાઈ-પ્રોફાઈલ હત્યાનો સમાવેશ થાય છે. આ કામગીરીમાં ઘણીવાર અત્યાધુનિક ટેક્નોલોજી અને ચોકસાઈથી અમલ સામેલ હોય છે. હાનિયાહની હત્યાના દિવસો પહેલા, ઈરાનના ગુપ્તચર મંત્રી, સૈયદ ઈસ્માઈલ ખાતિબે, મોસાદ ઘૂસણખોરીના નેટવર્કને તોડી પાડવામાં સફળતાનો દાવો કર્યો હતો. જો કે, હાનિયાહની હત્યા કોઈપણ સુરક્ષા નિષ્ફળતાની આ ખાતરીઓનો વિરોધાભાસ દર્શાવે છે.

# ગાઝા યુદ્ધમાં ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ઈઝરાયેલી સૈનિકો માર્યા ગયા, અન્ય ઘાયલ : અહેવાલ



(એજન્સી) જેરૂસલેમ, તા.૬

રવિવારના રોજ ઈઝરાયેલી મીડિયાના જણાવ્યા અનુસાર ગયા ૭ ઓકટોબરથી ગાઝા સંઘર્ષ ફાટી નીકળ્યા ત્યારથી ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ઈઝરાયેલી સૈનિકો માર્યા ગયા છે અને ઘાયલ થયા છે. યેડિઓથ અહરોનોથ અખબારે જણાવ્યું હતું કે, ગાઝા યુદ્ધમાં ઈજાગ્રસ્ત થવાને કારણે દર મહિને આશરે ૧૦૦૦ સૈનિકોને સંરક્ષણ મંત્રાલયના પુનર્વસન વિભાગમાં સ્થાળાંતરિત કરવામાં આવે છે. દૈનિકે જણાવ્યું હતું, ગાઝા પટ્ટીમાં લાંબા મહિનાની લડાઈ દરમિયાન સેના ઓછામાં ઓછા ૧૦,૦૦૦ સૈનિકોના મૃત્યુ અથવા ઘાયલ થયેલા લોકોની અછતથી પીડાય છે. અખબારે ફરજિયાત લશ્કરી સેવાને વિસ્તારવા માટે કાયદો પસાર કર્યા વગર ૧૧ જુલાઈથી મધ્ય ઓકટોબર સુધી ઉનાળાના વિરામ પર જવા બદલ નેસેટની ટીકા કરી હતી. સેનાના નાહલ બ્રિગેડમાં ઈઝરાયેલી સૈનિકની માતાએ યેડિઓથ અહરોનોથને કહ્યું, ઈઝરાયેલના યુદ્ધોના ઈતિહાસમાં આવી કોઈ પરિસ્થિતિ નથી, જ્યાં સૈનિકો સતત ૧૦ મહિના સુધી પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં દુશ્મન પ્રદેશની અંદર લડતા હોય. અખબારના જણાવ્યા મુજબ ઈઝરાયેલના કબજા હેઠળના સીરિયન ગોલાન હાઈટ્સમાં સેવા આપતી મહિલા સૈનિકોને તેમની સેવાના વધારાના ચાર મહિનાના વિસ્તરણની અનપેક્ષિત રીતે જાણ કરવામાં આવી હતી. ઈઝરાયેલ તાત્કાલિક યુદ્ધવિરામની માગણી કરતા યુએન સુરક્ષા પરિષદના ઠરાવને ફગાવીને પેલેસ્ટીની પ્રતિકાર જૂથ હમાસ દ્વારા ગયા ઓકટોબરમાં થયેલા હુમલા પછી ગાઝા પર તેના સતત ક્રૂર આક્રમણ વચ્ચે આંતરરાષ્ટ્રીય નિંદાનો સામનો કરવો પડ્યો છે. સ્થાનિક આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર ત્યારથી લગભગ ૩૯,૬૦૦ પેલેસ્ટીની માર્યા ગયા છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે અને લગભગ ૯૧,૪૦૦ ઘાયલ થયા છે. ઈઝરાયેલી યુદ્ધમાં લગભગ ૧૦ મહિના ગાઝાનો વિશાળ વિસ્તાર ખોરાક, સ્વચ્છ પાણી અને દવાની નાકાબંધી વચ્ચે ખંડેરમાં પડેલો છે. ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસમાં ઈઝરાયેલ પર નરસંહારનો આરોપ છે, જેણે તેને દક્ષિણના શહેર રફાહમાં તરત જ તેની લશ્કરી કામગીરી અટકાવવાનો આદેશ આપ્યો હતો, જ્યાં ૬ મેના રોજ આક્રમણ કરવામાં આવ્યું તે પહેલાં ૧૦ લાખથી વધુ પેલેસ્ટીનીઓએ યુદ્ધમાંથી આશ્રય મેળવ્યો હતો.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# બાંગ્લાદેશની અરાજકતાનો સંદેશ

છેલ્લા કેટલાયે સમયથી હિંસા અને અરાજકતાથી સળગી રહેલા બાંગ્લાદેશમાં છેવટે બહુમતીથી ચૂંટાયેલી શેખ હસીના સરકારનો ઘડો લાડવો થઈ ગયો છે. ચૂંટણીમાં ગેરરીતિના આક્ષેપો મધ્યે ૩૦૦માંથી ૨૨૫ બેઠકોની 'જંગી' બહુમતી સાથે થોડા સમય પહેલા જ બાંગ્લાદેશ પર સત્તાનશીન થયેલાં શેખ હસીનાને માત્ર વડાપ્રધાન પદ જ નહીં પરંતુ દેશ પણ છોડીને ભાગવું પડ્યું છે. જે બતાવે છે કે જનઆક્રોશ જ્યારે પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે ગમે તેટલી બહુમતી હોય કે ગમે તેટલા સત્તાના કેન્દ્રો પર કબજો હોય પણ આપખુદ શાસકોએ ઝુકવું પડે છે-ભાગવું પડે છે.

બાંગ્લાદેશમાં આમ તો એકતરફી અનામતનો વિરોધ છેલ્લા કેટલાયે વરસોથી થતો આવ્યો હતો. ૨૦૧૮માં જ્યારે આ અન્યાયી અનામત હસીના સરકાર દ્વારા લાવવામાં આવી ત્યારે જ તેનો ભારે વિરોધ થયો પરંતુ મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો અને ત્યારબાદ સુપ્રીમકોર્ટમાં પહોંચ્યો. સુપ્રીમ કોર્ટના અંતિમ ચુકાદામાં હસીના સરકાર દ્વારા પ્રસ્તાવિત ૩૦ ટકા અનામત રદ કરી દેવાઈ અને માત્ર સાત ટકા જેટલી જોગવાઈ ચાલુ રખાઈ ત્યારે લોકતાંત્રિક પ્રક્રિયાના ધજાગરા ઉડાડતા હસીનાએ સુપ્રીકોર્ટના આ આદેશને માનવાનો ઈન્કાર કર્યો અને બળજબરી કરી જેના કારણે બાંગ્લાદેશમાં હિંસા ફાટી નીકળી. વિદ્યાર્થી આંદોલન દેશભરમાં ફેલાયું અને તે માત્ર વિદ્યાર્થીઓનું જ આંદોલન ન રહેતાં સમગ્ર દેશનું આંદોલન બની ગયું. આ આંદોલનને હસીના સરકારે કચડવાના ભરપૂર પ્રયાસો કર્યા જે ભયાનક હિંસામાં પરિણમ્યા અને ૩૦૦થી વધુ લોકો માર્યા ગયા, સેંકડો ઘાયલ થયા. સમગ્ર દેશનું તંત્ર ઠપ થઈ ગયું. અર્થતંત્ર પણ હચમચી ગયું. બંધ, હડતાળ, આગજની વગેરેને કારણે વિકાસ કરી રહેલો દેશ અંધકારની ગર્તામાં ધકેલાઈ રહ્યો હતો પરંતુ લોકજુવાળ એટલો પ્રચંડ હતો કે પોલીસ અને સૈન્યની આકરી કાર્યવાહી છતાં લોકોએ વડાપ્રધાનના નિવાસનોય કબજો કરી લીધો અને કેમેય કરીને હિંસા કાબૂમાં આવતી ન હતી. જનઆક્રોશ સામે છેવટે લશ્કરે પણ હથિયાર હેઠા મૂકવા પડ્યા અને સતત કથળતી જતી સ્થિતિ વચ્ચે શેખ હસીનાને મજબૂરીવશ ભાગવું પડ્યું.

એ વાત સાચી કે હિંસા કે અરાજકતા કોઈ પણ સમસ્યાનો ઉકેલ હોઈ શકે નહીં પરંતુ શેખ હસીનાના વલણથી સ્પષ્ટ દેખાઈ આવતું હતું કે લોકોમાં પ્રવર્તતા અસંતોષ સામે કામ પાર પાડવાની તેમનામાં દૂરંદેશી તો નથી જ પરંતુ લોકોનાં મિજાજને પારખવાની દષ્ટિ પણ તેમનામાં રહી ન હતી. કેમ કે તેઓ સતત એવાં નિર્ણયો લઈ રહ્યા હતા કે જે સરમુખત્યારશાહી-આપખુદશાહીનું પ્રતીક હોય. તેમની આ તાનાશાહીને કારણે પ્રજાનો જુવાળ ફાટી નીકળ્યો. આમ તો અનામતના મુદ્દાથી ઉભરેલું વિદ્યાર્થી આંદોલન બાંગ્લાદેશની વર્તમાન સ્થિતિનું એક કારણ જરૂર માની શકાય પરંતુ માત્ર આ જ એક કારણ એના માટે જવાબદાર નથી. ખરેખર તો આની પશ્ચાદભૂ છેલ્લા કેટલાયે વરસોથી આકાર પામી રહી હતી. શેખ હસીના છેક ૨૦૦૯થી સત્તા પર ટકેલાં હતાં... એમાં એમની લોકપ્રિયતા નહીં પણ દમન અને એકપક્ષીય નિર્ણયોની ભૂમિકા મોટી હતી... હદ તો ત્યાં થઈ હતી કે ગત સામાન્ય ચૂંટણીઓમાં એમણે વિપક્ષનો એકડો જ કાઢી નાખ્યો હતો અર્થાત વિરોધ પક્ષોના બહિષ્કાર વચ્ચે એમણે છેલ્લી ચૂંટણી જીતી હતી.... હવે સામે કોઈ હરીફ જ ન હોય તો ૩૦૦માંથી ૨૨૫ બેઠકો હસીના જીતે તો એને જીત ન કહેવાય પણ અન્યાય અને ગેરરીતિ જ કહેવાય. લોકશાહીમાં તમે જો વિરોધ પક્ષોનું જ ગળું દબાવી દો તો પછી એ લોકશાહીને લોકશાહી કહેવાય જ નહીં... અધૂરામાં પૂરૂં સરકારી સંસ્થાઓનો દુરૂપયોગ, દમન દ્વારા વિરોધીઓને ખતમ કરી નાખવા જેવા પગલાંઓથી બાંગ્લાદેશની પ્રજાનો આક્રોશ જ્વાળામુખી બનીને ફાટ્યો અને એનું પરિણામ શેખ હસીના અને સમગ્ર દેશે ભોગવવું પડ્યું છે.

સમગ્ર ઘટનાક્રમનો પ્રાથમિક નિષ્કર્ષ જોઈએ તો લોકશાહીમાં પ્રજાના હિતના મુદ્દાઓની સતત અવગણના કરવી, ઘાલમેલ કરીને ચૂંટણીઓ જીતવી, વિપક્ષને કચડી નાંખવો, ન્યાયતંત્ર-ચૂંટણી પંચ-મીડિયા સહિતની લોકશાહીની આધારસ્તંભ સમી સંસ્થાઓની સ્વતંત્રતા-નિષ્પક્ષતા ખતમ કરી દેવી કે કબજે કરવા જેવી પ્રવૃત્તિ એ લોકતંત્રમાં હરગીઝ લાંબા સમય સુધી ન ચાલી શકે... શ્રીલંકા, પાકિસ્તાન તેમજ અન્ય ઘણા લોકશાહી દેશોમાં આ પ્રકારના પ્રયાસોનું શું પરિણામ આવ્યું છે તે આપણે જાણીએ છીએ.... આ પ્રકારે ગેરરીતિઓ દ્વારા બહુમતી પ્રાપ્ત કરીને સત્તા પ્રાપ્ત કર્યા બાદ પણ શાસન ટકાવવું શક્ય નથી... પ્રજાના અવાજને, વિપક્ષના અવાજને કે પછી લોકશાહી માટે આધારભૂત સંસ્થાઓના અવાજને દબાવીને રાજ કરી શકાતું નથી.... પ્રજાનો આક્રોશ આવી આપખુદશાહીને રાખ કરી નાંખે છે. એનો ધડો દરેક લોકશાહી દેશે બાંગ્લાદેશના તાજા ઘટનાક્રમ પરથી લેવો જોઈએ.

# અનુશિક્ષણના કેન્દ્રો અર્થશાસ્ત્રની તૂટેલી બારી હોય તેવી ચાડી ખાય છે, ચીને રાતોરાત આવા કોચિંગ સેન્ટરોને કચડી નાખ્યાં હતાં

જે કોઈપણ આપણી 'વ્યવસ્થા પદ્ધતિ'માં સામેલ છે તે પશ્ચિમ દિલ્હીના UPSC માટેના કોચિંગ હબ ઓલ્ડ રાજીન્દર નગરમાં રાઉના IAS સ્ટડી સર્કલના બેઝમેન્ટ લાઈબ્રેરીમાં ત્રણ યુવાનોના ડૂબી જવાથી મૃત્યુ વિશે કંઈક કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે. એક તરફ દિલ્હી હાઈકોર્ટે પણ આ વિશેની તપાસ સીબીઆઈને સોંપી દીધી છે, જ્યારે બીજી તરફ દિલ્હી સરકારે બેઝમેન્ટ્સમાં ચાલતાં અન્ય આવા ઘણાં કોચિંગ સેન્ટરોને સલામતીને ધ્યાને રાખીને સંપૂર્ણપણે બંધ કરી દીધા છે. સરકારે એવી પણ જાહેરાત કરી છે કે તે આવા વ્યવસાયોને નિયંત્રિત કરતો કાયદો જલ્દી પસાર કરશે. આ અંગે આવા કોચિંગ સેન્ટરોના કેટલાક માલિકો અને વરિષ્ઠ મેનેજમેન્ટ સભ્યોની ધરપકડ કરી લેવામાં આવી છે અને વધુ પરાક્રમ બતાવીને દિલ્હી પોલીસે પાણીથી ભરેલી શેરીમાં વાહન ચલાવવા બદલ અને શેરીમાં ભરાયેલું પાણી ગાડીને કારણે ભોંયરામાં ધકેલ્યું, તેવા આરોપ હેઠળ એક SUVના માલિક અને ડ્રાઈવરની ધરપકડ કરીને વિશ્વભરના મુખ્ય સમાચારોમાં અગ્રીમતા મેળવી લીધી છે. કેટલાંક અન્ય કોચિંગ સેન્ટરોના માલિકો અને તેમના સુપરસ્ટાર 'શિક્ષકો' મીડિયા પ્લેટફોર્મ્સ પર પીડિતો માટે નકલી સહાનુભૂતિ વ્યક્ત કરતા હોવાનું પણ જોવા મળી રહ્યું છે. જો કે આવા લોકો મોટાભાગે સ્વ-બદનામી માટે પસંદ કરેલા જ્યાં તેઓ પરસ્પર ફાયદાકારક વ્યવસાયિક સંબંધો ધરાવતા હતા તેવા મીડિયા પ્લેટફોર્મ્સ પર જ દેખાઈ રહ્યા છે. આ મીડિયા પ્લેટફોર્મ્સ પર કોઈને પણ મુખ્ય પ્રશ્ન પૂછવામાં આવતો નથી: તેમના પ્રશ્નોની સૂચી આ પ્રકારે હોય છે, તમે કેટલા પૈસા ચાર્જ કરો છો અથવા તમે બનાવેલી રીલ્સમાંથી તમે ઈન્સ્ટાગ્રામ પર કેટલી પ્રસિદ્ધિ મેળવી છે અથવા તો તમે આ અસુરક્ષિત, અસ્વચ્છ, ઝૂંપડપટ્ટી જેવા વિસ્તારોમાં 'ક્લાસ' કેવી રીતે ચલાવી રહ્યા છો ? અથવા તે કેવી રીતે છે કે તેઓ તેમના વિદ્યાર્થીઓને ટોપ ડોલર ચાર્જ કરીને વચન આપે છે કે સિસ્ટમને રમત જેવી બનાવી શકે છે. તેઓ લગભગ ૯૯.૮ ટકાના નિષ્ફળતા દર સાથે પણ તેઓ ઓછામાં ઓછી કેટલીક મૂળભૂત સુવિધાઓ અને સલામતી પ્રદાન કરવા માટે ખર્ચ કરતા નથી ? આ આપણી હાસ્યાસ્પદ સિસ્ટમ છે જેમાં શિક્ષણમાંથી નફો મેળવવો કાયદેસર નથી. તમને કોઈ નફો મળતો નથી તેવો ડોળ કરીને યુનિવર્સિટીઓ, કોલેજો, શાળાઓ ચલાવો છો. કોચિંગ બિઝનેસમાં આવી કોઈ સમસ્યા નથી. ઘણા તો શેરબજારમાં પણ લિસ્ટેડ છે અથવા ત્યાં જતા હોય છે. આપણું શાસન કેટલું તકલાદી છે અને તે આપણા દંભને કેટલી અવિશ્વસનીય રીતે સ્પર્શે છે- કે તમે યુવા ભારતીયોને શિક્ષણ આપીને નફો નથી કરી શકતા, પરંતુ સમાન ટ્યુશનના માધ્યમથી સ્નાતકો તૈયાર કરીને હજારો કરોડો કમાઈ શકો છો ? કોચિંગ બિઝનેસ કેટલો મોટો છે અને તે કેટલી ઝડપે ફાલી રહ્યો છે તે જાણવું હોય તો, કેન્દ્ર તેમની પાસેથી જે GST વસૂલ કરે છે તેની ઉપર ધ્યાન કરવા જેવું છે. ThePrint શો પર મૃણાલિની ધ્યાનીએ આપેલા આંકડા પ્રમાણે, ૨૦૧૯-૨૦૨૦માં ૧૮ ટકાના દરે GST એકત્ર કરવામાં આવ્યો હતો જે રૂા.૨,૨૪૦ કરોડ હતો. પાંચ વર્ષ પછી તે લગભગ તે ૧૫૦ ટકા વધીને રૂા.૫,૫૧૭ કરોડ થઈ ગયો છે. હવે તો એવો અંદાજ છે કે ૨૦૨૯ સુધીમાં તે લગભગ ૧૫,૦૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી જશે. આ વ્યવસાયનું કદ અને તેની શક્તિને સમજવાની બીજી રીત એ છે કે, દેશભરના મોટા દૈનિક અખબારોના પ્રથમ પાના પર જોઈ લો. આ કોચિંગ સેન્ટરો પાસે ન્યૂઝપ્રિન્ટ પર તે મોંઘાં રિયલ એસ્ટેટના એકરની એકર જગ્યા ખરીદવા માટે માર્કેટિંગ બજેટ છે, માત્ર તેમના સફળ 'વિદ્યાર્થીઓ'ની જ નહીં પરંતુ તેમના 'શિક્ષકો'ની પણ જાહેરાત કરે છે. દરેકને




**આપણું શાસન કેટલું તકલાદી છે અને આપણો દંભ કેટલો આશ્ચર્ય પમાડે તેવો છે કે, આપણે આપણા યુવા ભારતીયોને શિક્ષણ આપીને નફો કમાઈ શકતા નથી પણ તેમને ટ્યુશન આપીને તેમાંથી હજારો કરોડો કમાઈએ છીએ**

સ્ટાર તરીકે દર્શાવવામાં આવે છે અને દરેકના નામનો પ્રત્યય 'સર' છે અથવા મહિલા 'શિક્ષક'ના દુર્લભ કિસ્સામાં, 'મૅમ' છે. હું માનું છું કે, તે 'જી-હુઝૂરી' સંસ્કૃતિમાં આપણા ભાવિ શાસકોનું પ્રારંભિક લોહી છે. ફિલ્મ બિઝનેસની બહાર ભારતમાં તે સૌથી મોટી વ્યક્તિગત બ્રાન્ડ-બિલ્ડિંગ કવાયત પણ છે. કારણ કે કોચિંગ વ્યવસાયની સફળતા માટે સ્થાપકો અને શિક્ષકોનું સુપરસ્ટારડમ આવશ્યક છે. શિક્ષકો સામાન્ય રીતે સ્વયં પ્રભાવશાળી, ઉદાર અને વિશાળ હૃદયના લોકો હતા જે નમ્રતા સાથે વિદ્યાર્થીઓને શાણપણ અને જ્ઞાન આપતા હતા. કોચિંગ વ્યવસાય એ શિક્ષણ જગત પર એક ડાઘ છે અને તેની સુપરસ્ટાર ઘટના બે બાબતો છેઃ એક, વાસ્તવિક, અનામી, સાધારણ પગાર ધરાવતા શિક્ષકોનું અપમાન અને બીજું આપણી નિયમિત શિક્ષણ પ્રણાલી કેટલી નબળી છે તેની પણ યાદ અપાવે છે. જો તંત્ર આટલું નબળું ન હોત તો શા માટે લાખો યુવાનો 'કોચિંગ' માટે શહેરોમાં ભમરાતા હશે ? અલબત્ત, સફળ થયેલા ઘણા લોકો આ જાહેરાતો માટે તેમના ચહેરા ઉછીના આપીને વળતર પણ મેળવશે અને એક પ્રકારની 'લાંચ' સાથે જ તેમની પવિત્ર કારકિર્દીની શરૂઆત થશે. વિધુ વિનોદ ચોપરાની ૧૨મી ફેલ જોવા જેવી ખરી. તેનું મુખ્ય કારણ કોચિંગ બિઝનેસ રૂા.૩૦,૬૫૦ કરોડના કદને પાર કરી ગયો છે (આધાર તરીકે ૧૮ ટકાના દરે રૂા.૫,૫૧૭ કરોડનો GST લઈ શકાય છે) તેનાથી ફલીત થાય છે કે આપણી જાહેર શિક્ષણ વ્યવસ્થાની કમર તૂટી ગઈ છે. ઘણી બધી રીતે આપણાં વીજળીના પુરવઠા ઉપરાંત આપણા શાસનમાં તૂટેલી બારી જેવા અર્થશાસ્ત્રનો આ સૌથી મોટો દાખલો છે. તૂટેલી-બારી અર્થશાસ્ત્રના વિચારનો શ્રેય ૧૯મી સદીના ફ્રેન્ચ અર્થશાસ્ત્રી અને સંસદસભ્ય, ફ્રેડરિક બેસ્ટિયાટને આપવામાં આવે છે. તેમણે ઉદાહરણ તરીકે એક કાલ્પનિક દુકાનદાર જેમ્સ ગુડફેલોનો ઉપયોગ કરીને જણાવ્યું કે, તમે એક તુટેલી બારીને ઠીક કરવા માટે સુથારને બોલાવશો, તમે આ સુથારને મજૂરી પેટે જે ચૂકવો છો તેમાંથી તે બ્રેડ ખરીદે છે અને બેકરને ચૂકવે છે. બસ્તિયાટે કહ્યું કે, આ સદ્ગુણી ચક્ર નથી. તે તૂટેલી બારીનો ભ્રમ છે. અહીં જે ચૂકી જાય છે તે તકની કિંમત છે. આ કિસ્સામાં મિસ્ટર ગુડફેલોની તેમની દુકાન અને બારી છે અને સાંકળમાં રહેલા લોકો પાસે તેમની નોકરી છે અને તે જ પૈસાથી તે તેના પુત્રને પગરખાં અને પોતાને એક પુસ્તક ખરીદી શકે છે. તે એક પુણ્ય ચક્ર હશે. જુઓ કે આ આપણા જીવનમાં કેવી રીતે ચાલે છે. આપણે પાવર માટે સબસિડી આપીએ છીએ, આપણી ગ્રીડ તૂટી ગઈ છે, યુટિલિટી કંપનીઓ તૂટી ગઈ છે, ઉત્પાદકોને ચૂકવણી નથી થઈ રહી અને જે બેંકોએ તેમને પૈસા આપ્યા છે તે હવે સંઘર્ષ કરી રહ્યા છે. જ્યારે દેશમાં પાવર સરપ્લસ છે ત્યારે દરેક વ્યક્તિ ભાંગી પડે છે. આપણી શક્તિ અવિશ્વસનીય છે, ઘણી વાર બંધ થઈ જાય છે અને વોલ્ટેજમાં વધઘટ થાય છે, તેથી આપણે જનરેટર, ઈન્વર્ટર અને વોલ્ટેજ સ્ટેબિલાઈઝરમાં રોકાણ કરીએ છીએ, પ્રચંડ માત્રામાં ડીઝલ ખરીદીએ છીએ અને તેને બાળી નાખીને હવાને પ્રદૂષિત કરીયે છીએ. આ આપણી પહેલાથી જ પ્રદૂષિત રહેલી હવાને વધુ દૂષિત કરે છે, કારણ કે આપણે આપણો કચરો બાળીએ છીએ, મફત શક્તિ અને પાણીનું મિશ્રણ સ્ટબલ સળગાવવા તરફ દોરી જાય છે, વગેરે વગેરે... આનો ઉકેલ એ છે કે આપણા ઘરો માટે એર કંડિશનર કરતાં વધુ કિંમત વાળા એર પ્યુરિફાયર ખરીદો. આ તમામ જનરેટર, સ્ટેબિલાઈઝર, ઈન્વર્ટર અને એર પ્યુરિફાયર-આપણા વિશાળ અર્થશાસ્ત્ર [તૂટેલી-બારીવાળુ અર્થશાસ્ત્ર] બનાવે છે. શિક્ષણ તેનાથી અલગ નથી. કોચિંગનો વ્યવસાય એ તેની સૌથી ખરાબ અભિવ્યક્તિ છે. કોઈ પણ ચાઈનીઝ પાસેથી શીખવા માંગતું નથી, પરંતુ જુઓ કે શી જિનપિંગે ૨૦૨૧માં સમગ્ર ટ્યુશન અને કોચિંગ ઉદ્યોગને રાતોરાત તોડી નાખીને કારણ આપતા જણાવ્યું કે, આને કારણે પરિવારોના નાણાંને તાણમાં મૂકે છે, તે અસમાનતાનું કારણ બને છે, તે પરિવારોનો સમય બગાડે છે અને તે યુવાનોને મનોરંજક વસ્તુઓથી દૂર લઈ જાય છે. ચીનના પ્રખ્યાત UPSC સમકક્ષ, ગાઓકાઓ માટેના કોચિંગ સેન્ટરો સહિત દરેક વસ્તુ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. નફા માટે કોઈ ટ્યુટરિંગ નહોતું, કોઈ IPO લિસ્ટિંગ નહોતું, કોઈ શેરનું વેચાણ નહોતું, ઓનલાઈન લર્નિંગની મર્યાદા, કોઈ મર્જર, એક્વિઝિશન, ફ્રેન્ચાઈઝી, વિદેશી સહયોગ ન હતો. રાતોરાત ચાઈનીઝ એડટેક કંપનીઓએ શેરબજારોમાં ૧ ટ્રિલિયન $થી વધુનું નુકસાન કર્યું, જે ૨૦૦૮ના વૈશ્વિક નાણાકીય મંદીમાં થયેલા નુકસાન કરતાં વધુ છે. જેક મા સિવાય (તેમને અલગ રીતે તોડી પાડવામાં આવ્યા હતા), ટોચના અબજોપતિઓમાંના ત્રણ, લેરી ચેન, માઈકલ યુ અને ઝાંગ બંગક્સિન, એડટેકથી તેમની ૫૦થી ૯૦ ટકા સંપત્તિ ગુમાવી દીધી હતી. શી જિનપિંગ જેટલી દૂરંદેશી દષ્ટિ એ ખૂબ દૂર જવા જેવું લાગે છે. પરંતુ જો તમે તેમણે સંબોધિત કરેલી સમસ્યાઓ પર નજર નાખો તો તમને સમજાશે કે ભારતમાં પણ આવું જ બધુ સમાન જ છે. તેથી કંઈક કરવું જોઈએ. આ કોચિંગ-ટ્યુશન-નફાકારક મોડેલ આપણી ભાંગી પડેલી શિક્ષણ પ્રણાલીની પાછળ બાંધવામાં આવેલું એક ઘૃણાસ્પદ કૌભાંડ છે અને તેને હટાવી દેવુ જ જોઈએ.

-શેખર ગુપ્તા

(સૌ. : ધ પ્રિન્ટ)

## નેશનલ હેન્ડલૂમ ડે

નેશનલ હેન્ડલૂમ ડે ૨૦૨૩ : દેશમાં દર વર્ષે ૭ ઓગસ્ટના રોજ નેશનલ હેન્ડલૂમ ડે મનાવવામાં આવે છે. આ દિવસનો ઉદ્દેશ્ય ભારતીય કારીગરો અને હેન્ડલૂમ-વણાટ સમુદાયના પ્રયત્નોને સ્વીકારવા અને પ્રશંસા કરવાનો છે. ઉપરાંત આ દિવસ મહિલા વણકરોને તેમની વૃદ્ધિ અને સશક્તિકરણ માટે સમર્થન આપવા પર ભાર મૂકે છે. ભારત સૌથી મોટા હેન્ડલૂમ ઉદ્યોગની ભૂમિ છે. તે ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં અર્થતંત્રના સૌથી મહત્ત્વજપૂર્ણ સ્ત્રોતોમાંનું એક છે. આ દિવસ ૭મી ઓગસ્ટ, ૧૯૦૫ના રોજ શરૂ થયેલી સ્વદેશી ચળવળને યાદ કરે છે. સત્તાવાર સરકારી વેબસાઈટ અનુસાર ૨૦૧૫માં ભારત સરકારે દર વર્ષે ૭મી ઓગસ્ટને રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ તરીકે નિયુક્ત કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસનું ઉદ્દ્ઘાટન ૭ ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ચેન્નાઈમાં કરવામાં આવ્યું હતું.

**રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ ઉજવવાના કારણો**

- કારીગરીને પ્રોત્સાહન આપો
- કારીગરોને સશક્ત કરવા
- હેન્ડલૂમ સેક્ટરને પુનર્જીવિત કરવું
- ઈકો-ફ્રેન્ડલી ફેશનને પ્રોત્સાહન આપવું
- ગ્રામીણ અર્થતંત્રને વેગ આપવો
- સાંસ્કૃતિક વારસાને સુરક્ષિત રાખવું
- 'મેક ઇન ઈન્ડિયા'ને સમર્થન
- કલાત્મક પ્રવાસનને પ્રોત્સાહન આપવું
- સામાજિક ચેતના વધારવી




પ્રાસંગિક - ડો.જી.આર. ગોહિલ

### સમગ્ર દેશમાં સાડા ત્રીસ લાખ લોકોને કૂતરાં કરડ્યા

## ભાજપના નેતાએ સંસદમાં ઉઠાવ્યો રખડતા શ્વાનનો મુદ્દો

### આ વિષય પર એક સમિતિ બનાવવામાં આવે : સાંસદ

(એજન્સી) નવીદિલ્હી , તા.૬

કૂતરૂં કરડવાના કિસ્સા આપણે ઘણી વખત અખબારોમાં કે શેરીમાં અથવા તો ચા ની દુકાનમાં સાંભળ્યા હશે પરંતુ મંગળવારે આ મુદ્દો સંસદમાં ઉઠાવવામાં આવ્યો હતો. ગાઝિયાબાદથી ભાજપના સાંસદ અતુલ ગર્ગે આ મુદ્દો ઉઠાવ્યો હતો. ભાજપ સાંસદે કહ્યું કે એક સવાલના જવાબમાં સંસદમાં જણાવવામાં આવ્યું હતું કે, સમગ્ર દેશમાં સાડા ત્રીસ લાખ લોકોને કૂતરાં કરડ્યા છે. તેમાંથી ૨૮૬ લોકોના મોત થયા છે. જો આ આંકડો સાચો છે તો મારા ગાઝિયાબાદમાં એક વર્ષમાં ૩૫ હજાર લોકો કૂતરું કરડવાના શિકાર બન્યા છે. તેનો સૌથી વધુ શિકાર નાના-નાના બાળકો બની રહ્યા છે.

અહેવાલનો હવાલો આપતાં કહ્યું કે, ગાઝિયાબાદમાં કૂતરું એક બાળકના કાન પર કરડ્યું અને તેનો કાન કાપી લીધો. ચાર દિવસ પહેલા એક સમાચાર આવ્યા હતાં કે હડકવાથી એક બાળકનું દુઃખદ મૃત્યુ થયું છે. જો કૂતરો પાલતુ હોય અને તે કોઈને કરડે તો તેના માટે તેનો માલિક જવાબદાર હોય છે. જો પ્રાઈવેટ કૂતરા ગંદગી કરે તો તેના માટે પણ કોઈ જવાબદાર હોય છે. પરંતુ જો કોઈ રખડતું કૂતરૂં કરડે તો કોઈ કૂતરા પ્રેમી કરડનાર વ્યક્તિ સામે કોઈ નથી આવતું અને તેમને બચાવવા માટે પણ કોઈ આગળ નથી આવતું. ભાજપના સાંસદ અતુલ ગર્ગે કહ્યું કે, તમને વિનંતી છે કે અગાઉ પણ સંસદની અંદર અને સુપ્રીમ કોર્ટની અંદર ઘણા મામલાઓ પર પુનર્વિચાર કરવામાં આવ્યો છે. એવા નિયમો બનાવવામાં આવ્યા છે કે જો કૂતરાની નસબંધી કરવામાં આવી હોય તો તેને ફરીથી ત્યાં જ છોડી દેવો પડશે. મારા શહેરમાં બાળકો રમી નથી શકતા અને લોકો ફરી નથી શકતા. શહેરમાં આતંકનું વાતાવરણ બની ગયું છે અને આવી જ સ્થિતિ અન્ય સ્થળોએ પણ હશે.

સાંસદે કહ્યું કે અધ્યક્ષ મહોદય હું તમને વિનંતી કરું છું કે ફરી એક સમિતિ બનાવીને આ અંગે પુનર્વિચાર કરવો જોઈએ. જેઓ કહી રહ્યાં છે કે, એબીસીનું કામ બરાબર ચાલી રહ્યું છે. હું તેમને પૂછવા માંગુ છું કે કૂતરા કરડવાથી અને તેનાથી મરનારા લોકોની સંખ્યા કેમ વધી રહી છે ? તેમણે કહ્યું કે, આ નિયમોમાં પશુ પ્રેમી અને માણસની સ્વતંત્રાતા વચ્ચે કોઈને કોઈ અસંતુલન છે. સરકાર હોય કે, પછી કોઈ પણ કોર્ટ હોય માનવતાને પ્રાથમિકતા મળવી જોઈએ. તમને વિનંતી કરું છું કે, આ વિષય પર એક સમિતિ બનાવવામાં આવે.

### જીએસટીથી સામાન્ય લોકો ખૂબ જ નારાજ છે

## ઈન્ડિયા એલાયન્સના સાંસદોએ સંસદના મકર ગેટ પર પ્રદર્શન કર્યું

### ઈન્ડિયા એલાયન્સના સાંસદોએ સંસદના મકર ગેટ પર આરોગ્ય અને જીવન વીમા પ્રિમિયમ પર ૧૮ ટકા GST દૂર કરવા પ્રદર્શન કર્યું

(એજન્સી) નવીદિલ્હી, તા.૬

દિલ્હીમાં આજે ઈન્ડિયા એલાયન્સના સાંસદોએ સંસદના મકર ગેટ પર પ્રદર્શન કર્યું. વિરોધનો ઉદ્દેશ્ય કેન્દ્ર સરકાર પર આરોગ્ય અને જીવન વીમા પ્રિમીયમ પર ૧૮% GST દૂર કરવા દબાણ લાવવાનો છે. કોંગ્રેસના સાંસદ ઈમરાન પ્રતાપગઢીએ કહ્યું, 'સરકાર દ્વારા સ્વાસ્થ્ય વીમા અને દવાઓ પર લાદવામાં આવેલા જીએસટીથી સામાન્ય લોકો ખૂબ જ નારાજ છે. નીતિન ગડકરી (કેન્દ્રીય મંત્રી)એ આ માટે પત્ર પણ લખ્યો છે. સરકારની અંદર પણ આનો ભારે વિરોધ થઈ રહ્યો છે. આ માટે આજે સમગ્ર વિપક્ષ વિરોધ કરી રહ્યો છે. સરકારે સામાન્ય માણસને રાહત આપવી પડશે.

વિરોધ પક્ષોનું કહેવું છે કે વીમા પ્રીમિયમ પર ૧૮% GSTએ લોકો માટે આર્થિક બોજ છે અને તેને દૂર કરવો જરૂરી છે. તેઓ દલીલ કરે છે કે આ કર માત્ર વીમા પૉલિસીને મોંઘો નથી બનાવતો પણ સમાજમાં આર્થિક અસુરક્ષા પણ વધારે છે. તેઓ માંગ કરી રહ્યા છે કે GST દૂર કરવાથી વધુ લોકોને વીમા પૉલિસી ખરીદવા માટે પ્રોત્સાહિત થશે, જેનાથી સમાજમાં સુરક્ષાની ભાવના વધશે અને લોકોને આર્થિક મદદ મળશે.

અગાઉ પણ બજેટ સત્ર દરમિયાન વિરોધ પક્ષોએ આ મુદ્દે સંકલન કર્યું હતું, પરંતુ કોઈ સંયુક્ત પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું ન હતું. તૃણમૂલ કોંગ્રેસના સાંસદોએ સંસદમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પણ આ સંદર્ભે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણને પત્ર લખ્યો છે. પત્રમાં, તેમણે વિનંતી કરી છે કે આરોગ્ય અને જીવન વીમા પ્રિમીયમ પરનો GST દૂર કરવામાં આવે, જેથી જનતાને રાહત મળી શકે.તમને જણાવી દઈએ કે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ નાણા મંત્રી નિર્મલા સીતારમણને પત્ર લખીને જીવન વીમા અને મેડિકલ ઈન્સ્યોરન્સ પર ૧૮% GST હટાવવાની માંગ કરી છે. ગડકરીએ દલીલ કરી છે કે આ વીમા પૉલિસીઓ પરથી GST દૂર કરવાથી લોકોને વધુ વીમા પૉલિસી ખરીદવા પ્રોત્સાહિત થશે, જેનાથી સમાજમાં સુરક્ષાની ભાવના વધશે અને લોકોને આર્થિક મદદ મળશે. ઓગસ્ટના ત્રીજા સપ્તાહમાં ૫૪મી GSTT કાઉન્સિલની બેઠક યોજાય તેવી શક્યતા છે, જેમાં આ પ્રસ્તાવ પર વિચાર કરવામાં આવશે. જો નાણામંત્રી આ પ્રસ્તાવને મંજુરી આપે તો દેશના કરોડો લોકોને મેડિકલ ઈન્સ્યોરન્સ મેળવવો સરળ થઈ જશે અને તેનું પ્રીમિયમ પણ ઘટશે.

## પેરિસ ઓલિમ્પિકમાં જર્મની સામે ભારતનો પરાજય, હવે બ્રોન્ઝની આશા

(એજન્સી) પેરિસ, તા.૬

જર્મનીએ સેમિફાઈનલમાં ભારતને ૩-૨થી હરાવીને નેધરલેન્ડ સામે ફાઈનલ મુકાબલો નક્કી કર્યો છે. ભારતે અંતિમ મિનિટો સુધી સખત સંઘર્ષ કર્યો હતો પરંતુ માર્કો મિલ્ટકાઉના ગોલથી બંને પક્ષો વચ્ચેનો તફાવત આવી ગયો હતો. ભારત માટે આ કપરી હાર હતી પરંતુ હવે તેણે સ્પેન સામે બ્રોન્ઝ મેડલની મેચમાં રમવું પડશે. અગાઉ સુખજીતે ત્રીજા ક્વાર્ટરમાં ગોલ કરીને સ્કોર ૨-૨થી સરભર કર્યો હતો અને ભારતને રમતમાં પાછું લાવ્યું હતું. પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં મેગા સેમિફાઈનલમાં હાફ ટાઈમમાં જર્મનીએ ભારત પર ૨-૧ની સરસાઈ મેળવી હતી. ભારતે હરમનપ્રીત સિંહના ગોલથી પ્રથમ ક્વાર્ટરમાં સંપૂર્ણ રીતે વર્ચસ્વ જમાવ્યું હતું પરંતુ જર્મનીએ બીજા ક્વાર્ટરમાં પોતાની રમત દેખાડી હતી અને ગોલ કરીને આગળ વધ્યું હતું. જર્મનોએ ક્વાર્ટર ફાઈનલમાં આર્જેન્ટિનાને ૩-૨થી હરાવીને ભારત સાથે સેમિફાઈનલ મુકાબલો નક્કી કર્યો હતો જેણે તેમની છેલ્લી મેચમાં ગ્રેટ બ્રિટન સામે ઉત્સાહી પ્રદર્શન કર્યું હતું.

**હદીસ બોધ**

ગરીબ તે છે જેના જીવનમાં સારા કર્મો દેખાતા નથી. - હદીસ બોધ

**બોધ વચન**

જે માણસો સવારથી જ સત્કાર્યો શરૂ કરી દે છે એમને દિવસનો દરેક કલાક મજા આપે છે; અને તેમની આસપાસની દરેક વસ્તુમાંથી તેમને માટે શાંતિ અને ઉલ્લાસ જન્મે છે. - ગેસનર

**આજની આરસી**

૭ ઓગસ્ટ બુધવાર ૨૦૨૪
૧ સફર હિજરી ૧૪૪૬
શ્રાવણ સુદ ત્રીજ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૪-૪૭
ખત્મે ઝવાલ ૧૨-૪૬
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૧૩
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૧૮

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

### આ સીઝનમાં નીરજનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન

# નીરજ ચોપરાએ પ્રથમ પ્રયાસમાં જ ફાઈનલમાં પ્રવેશ કર્યો

**નીરજ ચોપરાએ ટોક્યો ઓલિમ્પિક ૨૦૨૦માં ૮૭.૫૮ મીટર ભાલો ફેંકીને ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો હતો**




(એજન્સી)નવી દિલ્હી, તા.૬

નીરજની જેમ પાકિસ્તાનના અરશદ નદીમે પણ પ્રથમ પ્રયાસમાં જ ફાઈનલ માટે ક્વોલિફાય કર્યું હતું. અરશદે તેના પ્રયાસમાં ૮૬.૫૯ મીટરનો થ્રો કર્યો અને ફાઈનલ માટે ક્વોલિફાઈ થઈ ગયો. અરશદનો આ થ્રો તેનું સિઝનનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. ગ્રેનાડાના એન્ડરસન પીટર્સે પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું અને પ્રથમ પ્રયાસમાં જ ફાઈનલ માટે ક્વોલિફાઈ કર્યું હતું. પીટર્સે તેના પ્રથમ પ્રયાસમાં ૮૮.૬૩નો સ્કોર કર્યો અને ગ્રુપ-બીમાંથી સીધો ક્વોલિફાય કરનાર ત્રીજો એથ્લેટ બન્યો. નીરજ પ્રથમ પ્રયાસમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર એથલીટ હતો. નીરજ ચોપડાએ ટોક્યો ઓલિમ્પિક ૨૦૨૦માં ૮૭.૫૮ મીટર ભાલા ફેંકીને ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો હતો. વિશ્વ ચેમ્પિયનશિપ સ્તરે એથ્લેટિક્સમાં ગોલ્ડ મેડલ જીતનારા અભિનવ બિન્દ્રા પછી તે બીજો ભારતીય છે. આ વખતે પણ તે ગોલ્ડ જીતવા માટે ફેવરિટ છે. કરોડો ભારતીયોને આશા છે કે, તે ચોક્કસપણે કમાલ કરશે. વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ ૨૦૨૩માં ગોલ્ડ મેડલ જીતવા પર નીરજ ચોપરાને ઈનામી રકમ તરીકે ૭૦ હજાર યુએસ ડૉલર મળ્યા, જે ભારતીય રૂપિયા અનુસાર લગભગ ૫૮ લાખ રૂપિયા છે. સ્વિત્ઝર્લેન્ડ ટુરિઝમે પણ ૨૫ વર્ષીય નીરજને તેના શાનદાર પ્રદર્શન માટે સન્માનિત કર્યા છે અને તેને ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. ભારતીય સ્ટાર જેવલિન થ્રોઅર નીરજ ચોપરાને ઝ્યુરિચ ડાયમંડ લીગમાં સિલ્વર મેડલથી જ સંતોષ માનવો પડ્યો હતો. ડાયમંડ લીગના આ તબક્કામાં પણ થોડા દિવસો પહેલાં બુડાપેસ્ટમાં એથ્લેટિક્સ વર્લ્ડ કપમાં ૮૮.૧૭ મીટરમાં ગોલ્ડ મેડલ જીતનાર નીરજ પાસેથી દરેકને ગોલ્ડ મેડલની અપેક્ષા હતી, પરંતુ નીરજને માત્ર સિલ્વર મેડલથી જ સંતોષ માનવો પડ્યો હતો.

## પેરિસ ઓલિમ્પિકમાં નીરજ ચોપરાએ કરી કરતબ

### ૮૯ મીટરથી વધારે લાંબો ભાલો ફેંકીને ફાઈનલમાં ક્વોલિફાય નીરજ ચોપરા

ભારતીય ગોલ્ડન બોય નીરજ ચોપરાએ પેરિસ ઓલિમ્પિકમાં ફરીથી પોતાની કરતબ કરી બતાવ્યું છે. તેણે ક્વોલિફાયરમાં એક જ થ્રોમાં ૮૯ મીટરથી વધારે લાંબો ભાલો ફેંકીને ફાઈનલમાં ક્વોલિફાય કર્યું હતું. નીરજે પહેલાં જ પ્રયાસમાં ૮૯.૩૪ મીટર થ્રો કર્યો હતો જે તેનો સિઝન બેસ્ટ સ્કોર પણ હતો. ક્વોલિફિકેશનમાં ૮૪ મીટર ક્લિયર કરનાર એથ્લેટ આપમેળે ફાઈનલ માટે ક્વોલિફાય થઈ જાય છે. આ સિવાય ટોચના ૧૨ ખેલાડીઓ પણ મેડલ સ્પર્ધા માટે ક્વોલિફાય થાય છે. નીરજ ચોપરાએ ટોક્યો ઓલિમ્પિકમાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો અને તે ફરી એકવાર તે પ્રદર્શનનું પુનરાવર્તન કરશે તેવી અપેક્ષા ભારતીય રમતપ્રેમીઓને હતી. નીરજ ક્વોલિફિકેશનમાં ગ્રુપ-બીમાં સામેલ હતો. તેનો હરીફ પાકિસ્તાનનો અરશદ નદીમ પણ આ જ ગ્રુપમાં હતો.

નીરજની જેમ પાકિસ્તાનના અરશદ નદીમે પણ પ્રથમ પ્રયાસમાં જ ફાઈનલ માટે ક્વોલિફાય કર્યું હતું. અરશદે તેના પ્રયાસમાં ૮૬.૫૯ મીટરનો થ્રો કર્યો અને ફાઈનલ માટે આપોઆપ ક્વોલિફાઈ થઈ ગયો. અરશદનો આ થ્રો તેનું સિઝનનો શ્રેષ્ઠ દેખાવ છે. ભારતીય સ્ટાર જેવલિન થ્રોઅર નીરજ ચોપરાએ ક્વોલિફિકેશનના તેના પહેલા જ પ્રયાસમાં ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. નીરજે પહેલાં જ પ્રયાસમાં ૮૯.૩૪ મીટર થ્રો કર્યો હતો, જે ૮૪ મીટરની ઓટોમેટિક ક્વોલિફિકેશન કરતા ઘણો વધારે હતો. આ સિઝનમાં નીરજનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન પણ છે.

# 'મને મારી સાડી ઉતારી ચડ્ડી પહેરાવવામાં આવી', દલિત મહિલાએ પોલીસ પર લગાવ્યા ગંભીર આરોપ

(એજન્સી) તા.૬

તેલંગાણામાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં એક દલિત મહિલાએ પોલીસકર્મીઓ પર સતામણીનો ગંભીર આરોપ લગાવ્યો છે. મહિલાનો આરોપ છે કે પોલીસ સ્ટેશનમાં તેની સાથે મારપીટ કરવામાં આવી હતી, તેને તેની સાડી ઉતારવા અને ચડ્ડી પહેરવા માટે પણ દબાણ કરવામાં આવ્યું હતું. આ મામલો તેલંગાણાના શાદનગરનો છે. મહિલાએ શાદનગર પોલીસ સ્ટેશનમાં તૈનાત પોલીસકર્મીઓ પર આ આરોપો લગાવ્યા છે. અધિકારીઓએ મહિલાના આરોપોની તપાસના આદેશ આપ્યા છે અને શાદનગર પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટરને લાઈન જોડી દીધી છે. ખરેખર, મહિલાને સોનાની ચોરીના આરોપમાં પોલીસ સ્ટેશન બોલાવવામાં આવી હતી. મહિલાનો આરોપ છે કે તેના સગીર પુત્રની હાજરીમાં તેને માર મારવામાં આવ્યો હતો. મહિલાએ દાવો કર્યો કે પહેલા તેના પતિને માર મારવામાં આવ્યો અને પછી તેને છોડી દેવામાં આવ્યો. મહિલાએ દાવો કર્યો કે આ પછી તેને તેની સાડી ઉતારવા અને શોર્ટ્સ પહેરવાની ફરજ પાડવામાં આવી અને પોલીસકર્મીઓએ તેને મારતા પહેલા તેના હાથ-પગ બાંધી દીધા. આરોપોના જવાબમાં, પોલીસ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં, સાયબરાબાદ પોલીસ કમિશનર અવિનાશ મોહંતીએ ટાંકીને જણાવ્યું છે કે આરોપોની તપાસ બાકી છે, શાદનગર પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટરને લાઈન પર જોડવામાં આવ્યા છે. એટલું જ નહીં મામલો પોતાના હાથમાં લઈને તપાસ શરૂ કરી દેવામાં આવી છે. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે શાદનગરના મદદનીશ પોલીસ કમિશનર આ મામલાની તપાસ કરી રહ્યા છે અને તપાસ રિપોર્ટના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# અનુસૂચિત જાતિ અનામતના ઉપ-વર્ગીકરણના નામે હિન્દુ ઉચ્ચ જાતિના સામૂહિક અંતરાત્માને સંતુષ્ટ કરવી

(એજન્સી) તા.૬

આયરિશ હોમ રૂલનો ઈતિહાસ શું દર્શાવે છે ? આ સર્વવિદિત છે કે, ઉલ્સ્ટર અને દક્ષિણી આયરલેન્ડના પ્રતિનિધિઓની વચ્ચે મંત્રણા દરમ્યાન દક્ષિણી આયરલેન્ડના પ્રતિનિધિ રેડમંડે ઉલ્સ્ટરને હોમ રૂલમાં લાવવા માટે બંધારણ પૂરા આરયલેન્ડમાં સમાને ઉલ્સ્ટરના પ્રતિનિધિઓને જણાવ્યું કે, 'તમે જે પણ રાજનૈતિક સુરક્ષા ઈચ્છો છો, તેમને પૂછો અને તમને તે મળી જશે.'

ઉલ્સ્ટરના લોકોએ શું જવાબ આપ્યો ? તેમનો જવાબ હતો, 'તમારી સુરક્ષાને ધિક્કાર છે, અમે કોઈપણ શરત પર તમારા દ્વારા શાસિત નથી થવા ઈચ્છતા.' જે લોકો ભારતમાં લઘુમતીઓને દોષી ગણાવે છે, તેમણે આ વિચારવું જોઈએ કે જો લઘુમતીઓને ઉલ્સ્ટર જેવું વલણ અપનાવ્યું હોત તો બહુમતીઓની રાજનૈતિક આકાંક્ષાઓ શું હોત.

જો આપણે હિન્દુ ઉચ્ચ જાતિ દ્વારા બનાવવામાં આવેલા અનામતની આજુબાજુ પ્રચલિત રાજનૈતિક આખ્યા નથી. અલગ ગંભીરતાથી જોઈએ તો બાબાસાહેબ આંબેડકર દ્વારા આપવામાં આવેલા ઉપરોક્ત ઉદાહરણ આપણને ભારતમાં અનામતની ઉત્પતિ તરફ લઈ જાય છે, ના કે માત્ર કલ્યાણકારી ઉપાયો તરીકે, પરંતુ આધુનિક ભારતીય રાજ્ય અને લઘુમતી તરીકે અનુસૂચિત જાતિઓની વચ્ચે મુખ્ય વાતચીત તરીકે. પ્રશ્ન એ છે કે, શું ભારતીય રાજ્યએ આ વાતચીતને પૂરી કરી છે ? એસસી અને એસટીની દયનીય સ્થિતિને જોતા કોઈપણ ન્યાયનો સમર્થક ભાજપ રાજ્યનું વલણ નહીં અપનાવે. સાચા અર્થમાં કોઈને સરકાર અને ન્યાયપાલિકા બંનેને પ્રશ્ન કરવો જોઈએ. શું ભારતીય રાજ્ય પોતાના સૌથી હાંશિયા પર પડેલા લોકોને કરવામાં આવેલા પોતાના લોકતાંત્રિક વચનને નિભાવવામાં નિષ્ફળ રહ્યું છે ? વધુ પડતા દલિત ભૂમિહીન કેમ છે ? માત્ર ૯ ટકા દલિત કૃષિ ભૂમિ પર કામ કરે છે. એકમાત્ર બ્રાહ્મણ સમુદાય રાષ્ટ્રીય આવકના ૪૮ ટકા અને અન્ય ઉચ્ચ જાતિ સમુદાય રાષ્ટ્રીય સરેરાશ આવકથી ૪૫ ટકાથી વધુ પર એકાધિકાર કેમ કરે છે. ? કેન્દ્રીય મંત્રાલયોમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ અનામત શ્રેણીમાં ખાલી પદોની સંખ્યામાં પાછલા કેટલાક વર્ષોમાં ઘણી વૃદ્ધિ કેમ થઈ છે ? એસસી/એસટી શ્રેણીમાં ૫૦ ટકાથી વધુ પદ ખાલી કેમ છે ? ૬૫ ટકાથી વધુ કોર્પોરેટ બોર્ડના સભ્ય એક જ ઉચ્ચ જાતિ સમૂહથી કેમ છે ? આ પ્રશ્નોના જવાબ શોધવાના સ્થાને સુપ્રીમ કોર્ટે કેટલાક કાલ્પનિક રીતે અગ્રણી, પ્રમુખ એસસી સમુદાયોના આધારે નિર્ણય સંભળાવ્યો છે. જે કોઈપણ દસ્તાવેજ અથવા સત્તાવાર દસ્તાવેજ પર હાજર નથી.

### બાંગ્લાદેશમાં સર્વત્ર હંગામો

# ચીફ જસ્ટિસ અને ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટનના ઘરે તોડફોડ અને આગચંપી

## બાંગ્લાદેશના સંસ્થાપક શેખ મુજીબુર રહેમાનના સત્તાવાર નિવાસસ્થાન 'બંગબંધુ ભવન'માં તોડફોડ કરવામાં આવી હતી

(એજન્સી) ઢાકા, તા.૬

બાંગ્લાદેશના સંસ્થાપક શેખ મુજીબુર રહેમાનના સત્તાવાર નિવાસસ્થાન 'બંગબંધુ ભવન'માં તોડફોડ કરવામાં આવી હતી અને આગ લગાડવામાં આવી હતી. આ એક ઐતિહાસિક ઈમારત છે જે ઢાકાના ધાનમોન્ડીમાં સ્થિત છે, જેનો ઉપયોગ શેખ મુજીબુર રહેમાન તેમના ખાનગી નિવાસસ્થાન તરીકે કરતા હતા. બાંગ્લાદેશમાં તખ્તાપલટ અને શેખ હસીનાના રાજીનામા બાદ દેશના વિવિધ વિસ્તારોમાં હિંસાનું વાતાવરણ છે. કેટલીક જગ્યાએ તોડફોડ અને કેટલીક જગ્યાએ આગચંપીના અહેવાલો છે. બાંગ્લાદેશી ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન મસરફે મોર્તઝાના ઘરને પ્રદર્શનકારીઓએ આગ લગાવી દીધી હતી. દેખાવકારોએ નારેલમાં મશરફી મુર્તઝાના મુખ્ય ઘરને આગ ચાંપી દીધી હતી. વિરોધીઓએ બાંગ્લાદેશમાં કથિત 'નરસંહાર અને વિદ્યાર્થીઓની સામૂહિક ધરપકડ' પર તેમના મૌન માટે શાસક અવામી લીગ પાર્ટીના સાંસદ મુર્તઝા પર પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો છે. આ ઘટના પછી જે દૃશ્યો સામે આવ્યાં હતાં તેમાં દેખાવકારો દ્વારા તેમના ઘરની તોડફોડ અને આગ લગાડવામાં આવી હતી. મોર્તઝાએ અલગ-અલગ ફોર્મેટમાં ૧૧૭ મેચોમાં બાંગ્લાદેશની કેપ્ટનશિપ કરી હતી, જે તેના દેશ માટે સૌથી વધુ છે. તેમની લાંબી ક્રિકેટ કારકિર્દી દરમિયાન, તેણે ૩૬ ટેસ્ટ, ૨૨૦ વન-ડે અને ૫૪ ટી-૨૦ મેચોમાં પ્રભાવશાળી ૩૯૦ દેખાવ કર્યા અને ૨૯૫૫ રન બનાવ્યા. નિવૃત્તિ પછી તેમણે ૨૦૧૮માં તેમની રાજકીય ઈનિંગ્સ શરૂ કરી અને શેખ હસીનાના નેતૃત્વવાળી અવામી લીગમાં જોડાયા. તેઓ નરેલ-૨ બેઠક પરથી સાંસદ તરીકે જીત્યા હતા. ઢાકામાં પ્રદર્શનકારીઓ દ્વારા બાંગ્લાદેશના મુખ્ય ન્યાયાધીશના ઘરની લૂંટ કરવામાં આવી હતી. બાંગ્લાદેશનું પોલીસ તંત્ર સાવ પડી ભાંગ્યું છે, રસ્તાઓ પર પોલીસ નથી. બાંગ્લાદેશ સરહદ રક્ષક સૈનિકોને પણ પાછા ખેંચી લેવામાં આવ્યા છે અને તેઓ ફરજ પર નથી. બાંગ્લાદેશના રસ્તાઓ પર માત્ર સેનાના જવાનો જ તૈનાત છે, પરંતુ તેમની સંખ્યા ઓછી છે. બાંગ્લાદેશના સંસ્થાપક શેખ મુજીબુર રહેમાનના સત્તાવાર નિવાસસ્થાન 'બંગબંધુ ભવન'માં તોડફોડ કરવામાં આવી હતી અને આગ લગાડવામાં આવી હતી. આ એક ઐતિહાસિક ઈમારત છે જે ઢાકાના ધાનમોન્ડીમાં સ્થિત છે, જેનો ઉપયોગ શેખ મુજીબુર રહેમાન તેમના ખાનગી નિવાસસ્થાન તરીકે કરતા હતા. હકીકતમાં ઓગસ્ટ ૧૯૭૫માં શેખ મુજીબની તેમના પરિવારના સભ્યો સાથે આ ઘરમાં હત્યા કરવામાં આવી હતી. આ દરમિયાન તેમની પુત્રી શેખ હસીના આ ઘટના સમયે વિદેશમાં હોવાના કારણે બચી ગઈ હતી. આ ઈમારત રાષ્ટ્રીય ધરોહર સ્થળ છે અને તેને બંગબંધુ મેમોરિયલ મ્યુઝિયમમાં રૂપાંતરિત કરવામાં આવી છે.

**શુદ્ધિપત્ર**

ગુજરાત ટુડે (સુરત) ગુજરાતીમાં પ્રકાશિત થયેલ અધિકૃત અધિકારી, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક દ્વારા 29/07/2024ના રોજ પ્રકાશિત કરાયેલ સાંકેતિક કબજાની સૂચનાના સંદર્ભમાં આ શુદ્ધિપત્ર જારી કરવામાં આવ્યો છે. SR નં.10 પર ઉલ્લેખિત લોન એકાઉન્ટ નંબર 52976254, F.P.NO. તરીકે 74 ગણવામાં આવશે અને વિસ્તાર 77.97 ચોરસ મીટર તરીકે ગણવામાં આવશે.
સ્થળઃ સુરત, ગુજરાત
તારીખઃ સહી
એસડી/- અધિકૃત અધિકારી
સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક

# રાજસ્થાનમાં દલિતોએ સુપ્રીમ કોર્ટના નિર્ણય પર ચિંતા વ્યક્ત કરી, એકતા સામે ખતરો અને બાકી અનામતનો મુદ્દો ઉઠાવ્યો...

(એજન્સી) જયપુર,તા.૬

રાજસ્થાનમાં દલિતોએ સુપ્રીમ કોર્ટના નિર્ણય પર ચિંતા વ્યક્ત કરી; એકતા માટે ખતરો,પેન્ડિંગ ક્વોટાનો મુદ્દો ઉઠાવ્યો. જ્યારે કેટલાક દલિત નેતાઓએ વધુ પછાત SC/ST જૂથો માટે ક્વોટાની અંદર ક્વોટા સુનિશ્ચિત કરવાના સુપ્રીમ કોર્ટના નિર્ણયનું સ્વાગત કર્યું, ત્યારે તેઓએ કહ્યું કે ત્યાં કોઈ સમાનતા નથી.સુપ્રિમ કોર્ટના ચુકાદાએ રાજ્યોને અનુસૂચિત જાતિ (SCs)/અનુસૂચિત જનજાતિ (STs)ને પેટા-વર્ગીકરણ કરવાની મંજૂરી આપી હતી જેથી આ જૂથોમાં વધુ પછાત જાતિઓને ક્વોટા આપવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે રાજસ્થાનમાં દલિત નેતાઓમાં મિશ્ર પ્રતિક્રિયાઓ પેદા થઈ છે. જો કે તેમાંના મોટાભાગના લોકો કહે છે કે આવા પેટા વર્ગીકરણથી સમુદાયોમાં વિભાજન થશે. દલિત ચિંતક અને લેખક ભંવર મેઘવંશીએ ધ ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું,આ નિર્ણય ભવિષ્યમાં દલિતો વચ્ચે પેટાજાતિની ઓળખ સંઘર્ષમાં વધારો કરશે. દલિતોમાં એકતા વધી રહી છે, જે તોડવામાં આવશે. તેમણે ઉમેર્યું કે જ્યારે તે માન્ય છે કે કેટલાક સમુદાયો કહે છે કે તેઓ પાછળ રહી ગયા છે અને તેમને યોગ્ય તક મળી નથી,પેટા-વર્ગીકરણ દલિત-બહુજન એકતા માટે ખતરો ઉભો કરે છે. મેઘવંશીએ જણાવ્યું હતું કે, પેટા-વર્ગીકરણ અંગેનો નિર્ણય સંસદ દ્વારા લેવામાં આવવો જોઈએ અને ચુકાદાને ન્યાયતંત્ર દ્વારા કાયદા પર અતિક્રમણ ગણાવ્યો હતો. અને ભાગીદારી અને ન્યાયનો પ્રશ્ન ગૌણ છે. શું SC/ST બેકલોગ (ભરતીમાં) સુધારવામાં આવ્યો છે. જ્યારે બેકલોગ પોતે જ ભરાયો નથી, તો તે કેવી રીતે કહી શકાય કે કેટલાકને વધુ ફાયદો થયો છે અને અન્યને નથી થયો.જો તમે ન્યાયતંત્ર અને યુનિવર્સિટીઓ પર પણ નજર નાખો, તો હજુ પણ (SC અને ST)પૂરતી ભાગીદારી નથી. હાલમાં જ્ઞાતિઓ પર કોઈ ડેટા નથી, તો પેટા વર્ગીકરણ કયા આધારે કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટે સાતમાંથી ચાર ન્યાયાધીશોએ ક્વોટા ઉપર SC/ST માંથી ક્રીમીલેયરને બાકાત રાખવાની તરફેણ કરતા મેઘવંશીએ જણાવ્યું હતું કે,સામાજિક ધોરણે આપવામાં આવતી અનામતને આર્થિક માપદંડ તરફ ધકેલવામાં આવી રહી છે. આ, તેમણે કહ્યું, આખરે આરક્ષણને સમાપ્ત કરવાનો માર્ગ છે. મેઘવંશીની વાત પર પડઘો પાડતા, બી એલ બૈરવા, જેઓ ડૉ. આંબેડકર મેમોરિયલ વેલ્ફેર સોસાયટી અને ઓલ ઈન્ડિયા એસસી એસટી રેલ્વે એમ્પ્લોઈઝ એસોસિએશનનું નેતૃત્વ કરે છે, તેમણે કહ્યું,પહેલાં તેઓ (SC અને ST) અનામત વિરોધી દળો સામે લડતા હતા. હવે તેઓ એકબીજા સાથે લડશે. આ એવા સમયે આવે છે જ્યારે નિર્દિષ્ટ આરક્ષણ પણ આપવામાં આવતું નથી. તેમણે એમ પણ કહ્યું કે SC અને ST આરક્ષણ જાતિના આધારે છે, આર્થિક આધાર પર નથી અને તે સુપ્રીમ કોર્ટ નો ચુકાદો નીતિ નિર્ધારણની શ્રેણી હેઠળ આવે છે જ્યારે સુપ્રીમ કોર્ટને બંધારણમાં ઉમેરવા, કાઢી નાખવા અથવા ફેરફાર કરવાનો કોઈ અધિકાર નથી. જો કે, બહુમતી ૬-૧ ના ચુકાદામાં, સાત ન્યાયાધીશોની સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચે એ દલીલને ફગાવી દીધી હતી કે બંધારણની કલમ ૩૪૧ હેઠળ એક વખત રાષ્ટ્રપતિની યાદીમાં ગણાય તે પછી, અનુસૂચિત જાતિઓ એકસમાન વર્ગની રચના કરે છે, જે વધુ પેટા-ઉપયોગ માટે અસમર્થ છે. વર્ગીકરણ અને તેમને પેટા-વર્ગીકરણ કરવાનો કોઈપણ પ્રયાસ રાષ્ટ્રપતિની સૂચિ સાથે ચેનચાળા કરવા સમાન હશે. બૈરવાએ ઉમેર્યું,આ મુશ્કેલ સંજોગોમાં, દેશના તમામ બહુજનોએ તેમના બંધારણીય અધિકારોનું રક્ષણ કરવા અને કોર્ટના નિર્ણયોના આધારે, એક પછી એક અનામત નાબૂદ કરવાની પ્રક્રિયાને રોકવા માટે એકસાથે આવવું જોઈએ. નિવૃત્ત IAS અધિકારી એસ આર ચોરડિયા, જે અનુસુચિત જાતિ કર્મચારી અધિકારી એસોસિયેશનના વડા છે, તેમણે પણ કહ્યું કે, ચુકાદો આરક્ષણ સમાપ્ત કરવાનો પ્રયાસ છે.તે નવો એજન્ડા નથી અને સરકાર પણ તેમાં સામેલ છે. તેઓ છેલ્લાં ૨૦-૩૦ વર્ષથી તેના માટે પ્રયાસ કરી રહ્યા હતા અને હવે તેમાં સફળતા મળી રહી છે. સમુદાયમાં ભારે ગુસ્સો છે. જ્યારે પેટા-વર્ગીકરણ અને ક્રીમીલેયરને બાકાત રાખવાની માંગણીઓ કરવામાં આવી હતી, તે એપ્રિલ ૨૦૨૩ માં જયપુરમાં યોજાયેલી SC/ST મહાપંચાયતમાં મુખ્ય માંગ ન હતી. તેના બદલે, મુખ્ય માંગ SC અને STની અનામતમાં અનુક્રમે ૧૬% અને ૧૨% થી બે ટકા પોઈન્ટ વધારો કરવાની હતી. બીએલ આર્ય, જે ગયા વર્ષની મહાપંચાયતના સંયોજક હતા, કહે છે,ચુકાદો ભાવનામાં સારો છે પરંતુ તે SC અને STમાં સંઘર્ષ તરફ દોરી જશે.જો કોઈ પરિવાર અન્યના ખર્ચે લાભ મેળવવાનું ચાલુ રાખે, તો તે વાજબી નથી. ચુકાદો સમાજમાં ઘણી ગૂંચવણો ઉભી કરશે કારણ કે કોઈપણ (રાજ્ય) સરકાર માટે SC દ્વારા નિર્ધારિત માપદંડોને પરિપૂર્ણ કરવાનું ખૂબ મુશ્કેલ હશે. જે સમુદાયો થોડા સારા છે તેઓ ગરીબો સામે ગેંગ કરશે, જેઓ પોતાની રીતે ટકી રહેવાની સ્થિતિમાં નહીં હોય. સુપ્રીમ કોર્ટના નિર્દેશો મુજબ,આર્યએ ચુકાદામાં સમયમર્યાદાના અભાવ ને પણ રેખાંકિત કર્યો, રાજ્યો હવે સામાજિક પછાતપણાની વિવિધ ડિગ્રીઓને ઓળખવા અને ઓળખાયેલ નુકસાનની ચોક્કસ ડિગ્રી હાંસલ કરવા માટે વિશેષ જોગવાઈઓ (જેમ કે અનામત) પ્રદાન કરવા માટે મુક્ત છે. આ નિર્ણયની પ્રશંસા કરનારાઓમાં, આંબેડકર મેમોરિયલ વેલ્ફેર સોસાયટીના જનરલ સેક્રેટરી જી એલ વર્માએ કહ્યું,સરકારો દ્વારા તેનો કેટલો પ્રામાણિકપણે અમલ કરવામાં આવશે તે જોવાની જરૂર છે એ કહેવું અયોગ્ય હશે કે આ નિર્ણય જાતિઓમાં વિભાજન કરવામાં મદદ કરશે. વર્માએ કહ્યું,જ્યારે કુટુંબની ચોથી પેઢી સરકારી સેવાઓમાં અનામતનો લાભ લઈ રહી છે, ત્યારે કુટુંબની એક પેઢીએ પણ આરક્ષણનો લાભ લીધો નથી. અનામતની અંદર પણ એક ઉત્કૃષ્ટ વર્ગ ઉભરી આવ્યો છે. જેઓ ચુનંદા વર્ગના નથી તેઓને એવી જગ્યાઓ પર કામ કરવા માટે મોકલવામાં આવે છે જ્યાં બીજું કોઈ જવા માંગતું નથી. આ સમુદાયના ગરીબ અને અભણ પરિવારોના બાળકો સારી શાળાઓ અને સારી શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષણ મેળવનાર ઉત્કૃષ્ટ વર્ગના બાળકો સાથે કેવી રીતે સ્પર્ધા કરે તેવી અપેક્ષા રાખી શકીએ. અમુક સમુદાયો માટે કોઈ સમાનતા નહોતી અને આ નિર્ણયથી થોડી રાહત મળી શકે છે, જોકે હજુ ઘણું કરવાનું બાકી છે.

# વિનેશ ફોગાટે સર્જ્યો ઈતિહાસ, ઓલિમ્પિક સેમી ફાઈનલ માટે ક્વોલિફાઈ થનારી પ્રથમ ભારતીય મહિલા બની




તા.૬

મહિલાઓની ૫૦ કિલોગ્રામ કેટેગરી શ્રેણીમાં યુક્રેનની ઓકસાના લીવાચ ને ૭-૫થી પરાજિત કરીને સેમી ફાઇનલમાં પ્રવેશ કરતી મહિલા પહેલવાન અગાઉ જાપાનની ઓલમ્પિક ચેમ્પિયનને ક્વાર્ટર ફાઇનલમાં હરાવીને જબરો અપસેટ સર્જી દેનાર વિનેશ માટે ગોલ્ડના દરવાજા ખુલ્યા

પેરિસ તારીખ ૬ ઓલિમ્પિકમાં ભારતીય મહિલા કુસ્તી બાજ વિનેશ ફોગાટે નવા ઈતિહાસનો આલેખન કર્યું છે. ઓલિમ્પિક ચેમ્પિયન જાપાનની મહિલાને હરાવીને મોટો અપસેટ સર્જી દીધા બાદ આ ભારતીય મહિલા પહેલવાનને યુક્રેનની મહિલા કુસ્તીબાજ ઓકસાના લીવાચને હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે. આ રીતે વિનેશ ઓલમ્પિક મહિલા કુસ્તી વિભાગના સેમિફાઇનલમાં પહોંચનાર પહેલી ભારતીય મહિલા કુસ્તી બાજ બની છે. આ રીતે હવે આ મહિલા પહેલવાન ભારતને કુસ્તીમાં પહેલીવાર ગોલ્ડ મેડલા અપાવે એવી શક્યતા જાગી ઉઠી છે.

આ પહેલાના મુકાબલામાં વિનેશ ફોગાટનો મુકાબલો જાપાનની ઓલિમ્પિક ચેમ્પિયન મહિલા પહેલવાન યુઇ સુસાકી સાથે થયો હતો જેમાં વિનેશનો જોરદાર વિજય થયો હતો. શરૂઆતમાં જાપાનની પહેલવાન બે ઝીરો પોઇન્ટથી આગળ થઈ ગઈ હતી પરંતુ બાદમાં વિનેશ દ્વારા છેલ્લી ઘડીએ જોરદાર દાવ અજમાવવામાં આવ્યો હતો અને જાપાનની પહેલવાનને ચિત કરી નાખી હતી. આ બહુ મોટો અપસેટ ભારતીય મહિલાએ સર્જી દીધો છે.

હવે ફાઇનલમાં વિનેશનો મુકાબલો કયુબાની યુઝને લિસ ગુજમાન સાથે થશે. આ રીતે ભારતીય મહિલા કુસ્તી બાજ એક પછી એક નવા કીર્તિમાન પ્રસ્થાપિત કરી રહી છે અને ગોલ્ડ મેળવી આપે અને દેશનું નામ રોશન કરે તેવી આશા જાગી છે.

**ગુજરાત ટુડે**

**ટચુકડી જાહેર ખબર**

**જોઈએ છે**

Wanted Accountant (full time)
• Knowledge of Tally Prime, Excel and good communication
• At least 3 year's experience.
• Salary as per person's ability.
• Panchkuwa Gate, Ahmedabad-380001
M. 9913398786

**વેચવાનું છે**

**મકાન વેચવાનું છે**
ચાર માળનું, દરેક માળ અલગ-અલગ વેચવાના છે. દસ્તાવેજવાળું શાહપુર મીલ કમ્પાઉન્ડ
9924501558

**ફ્લેટ વેચવાનો છે**
મુસ્લિમ સોસાયટી નવરંગપુરા ૩ બેડ રૂમવાળો
9898611992

**ફ્લેટ વેચવાનો છે**
ઝમઝમ ફ્લેટ જુહાપુરા, ૩ બેડ રૂમવાળો, ૨ માળ જુહાપુરા-અમદાવાદ
9898611992

**FOR SALE**
3 BHK ફ્લેટ અંબર ટાવર સામે, જુહાપુરા રોડ, અમદાવાદ,
મો.નં.8141985211
દલાલ માફ

**લગ્ન વિષયક**

**નિકાહ નેટવર્ક્સ મુસ્લિમ મેરેજ બ્યુરો**
લોકલ તથા NRI હાઈ પ્રોફાઈલ એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો.
9825215334,
9904969895

**મકાન અને જમીન ભાડે-વેચાણ**

**લે-વેચ માટે**
મકાન-દુકાન/ફ્લેટ/ટેનામેન્ટ/પ્લોટ વેચાણથી-ભાડેથી લેવા માટે, મોબાઈલ
નં.8735957110

**દુકાન વેચાણ આપવાની છે**
૭-અલવસીલા કોર્ટ, ત્રણ ખુણિયા બગીચા પાસે, મીરઝાપુર, નેટ-400 sq.ft.
9376123076
9998364328

**વ્યવસાયીલક્ષી/અન્ય**

મારૂં નામ લુહાર સરાજમહમદ સમસુદીનથી બદલી સિરાજમહમદ સમસુદીન લુહાર રાખેલ છે.
મહેતાપુરા, હિંમતનગર, મુ. અને તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા

**સોલાર સિસ્ટમ લગાવો**
વીજળીના બીલમાં રાહત મેળવો રેસિડેન્શિયલ/કોમર્શિયલ
S.R. Pathan-
9727722210

# પશ્ચિમ બંગાળ વિધાનસભાએ રાજ્યના વિભાજન વિરુદ્ધ સર્વસંમતિથી ઠરાવ પસાર કર્યો

## વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ કહ્યું કે, ભગવા શિબિર પણ 'સંયુક્ત બંગાળનો સર્વાંગી વિકાસ' ઈચ્છે છે

(એજન્સી) કોલકાતા, તા.૬

તૃણમૂલ કોંગ્રેસ (TMC) અને ભારતીય જનતા પાર્ટી (BJP) એક મુદ્દે સહમત થયા છે અને તેઓ પશ્ચિમ બંગાળના 'વિભાજન' વિરુદ્ધ છે અને તેઓએ સર્વસંમતિથી રાજ્યના વિભાજન વિરુદ્ધ ઠરાવ પસાર કર્યો છે. મુખ્યમંત્રી મમતા બેનરજીએ ગૃહની અંદર બોલતા કહ્યું કે, તેઓ રાજ્યના વિભાજનની વિરુદ્ધ છે. અમે સહકારી સંઘવાદમાં માનીએ છીએ અને તેથી હું રાજ્યના વિભાજનના કોઈપણ પ્રયાસ સાથે અસંમત છું. વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ પણ ઉલ્લેખ કર્યો કે, ભગવા શિબિર પણ 'સંયુક્ત બંગાળનો સર્વાંગી વિકાસ' ઈચ્છે છે. અધિકારીની ટિપ્પણીને મુખ્યમંત્રીએ સ્વીકારી હતી અને તેથી



સર્વાનુમતે ઠરાવ ગૃહમાં પસાર કરવામાં આવ્યો હતો. મીડિયા સાથે વાત કરતાં અધિકારીએ કહ્યું કે, ભાજપનું વલણ સ્પષ્ટ છે અને તે રાજ્યનું કોઈ વિભાજન ઈચ્છતું નથી. અધિકારીએ ઉલ્લેખ કર્યો કે, ઠરાવમાં શરૂઆતમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ સુકાંત મજુમદાર, ઝારખંડના સાંસદ નિશિકાંત ડેબુ અને રાજ્યસભાના સાંસદ અનંત મહારાજ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેમની ટિપ્પણીઓનું ખોટું અર્થઘટન કરવામાં આવ્યું હતું અને મેં સ્પષ્ટપણે ઉલ્લેખ કર્યો હતો કે, અમને વિકાસ જોઈએ છે અને ભાજપ પશ્ચિમ બંગાળના વિકાસ માટે વચનબદ્ધ છે. મુખ્યપ્રધાને પછી મારો અવાજ રેકોર્ડ કરવાનું કહ્યું અને ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. બીજેપી કુર્સિયોંગના ધારાસભ્ય બિષ્ણુ પ્રસાદ શર્માએ ગૃહમાંથી વોકઆઉટ કર્યું કારણ કે, મુખ્ય દંડક શંકર ઘોષને વિનંતી કરવા છતાં તેમને પ્રસ્તાવ પર બોલવાની મંજૂરી આપવામાં આવી ન હતી. તેમણે કહ્યું કે, ભાજપ ગૃહની બહાર રાજ્યના વિભાજનની વાત કરે છે અને હવે ગૃહની અંદર તેઓ કંઈક બીજું બોલે છે. ભાજપનું આ શંકાસ્પદ વર્તન મને ગમતું નથી.

# આસામના સીએમ માત્ર હિંદુ-મુસ્લિમની રાજનીતિ જ કરે છે : કોંગ્રેસ

## ભૂપેન કુમાર બોરાહ કહે છે કે ૧૮ પક્ષોના સંયુક્ત વિપક્ષે ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી સુધી તેમનું જોડાણ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે

(એજન્સી) તા.૬

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાને "હિન્દુ-મુસ્લિમની રાજનીતિ" કરવા બદલ દોષી ઠેરવતા, કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભૂપેન કુમાર બોરાહે કહ્યું કે લોકોને ભાજપના "કોમી એજન્ડા"માં રસ નથી. ગુવાહાટીમાં પત્રકારો સાથેની વાતચીત દરમિયાન, તેમણે કહ્યું કે આસામમાં ૧૮ પક્ષોના સંયુક્ત વિપક્ષે ૨૦૨૬માં વિધાનસભા ચૂંટણી સુધી તેમનું જોડાણ ચાલુ રાખવાનું નક્કી કર્યું છે અને તે આગામી બે વર્ષમાં દરેક ચૂંટણી એક જૂથ તરીકે લડશે. બોરાહે કહ્યું કે,"મુખ્યમંત્રી માત્ર હિંદુ-મુસ્લિમ રાજકારણમાં જ વ્યસ્ત રહે છે. જો કે, આસામના લોકોને આવા સાંપ્રદાયિક એજન્ડામાં બિલકુલ રસ નથી, જે લોકસભાની ચૂંટણી દરમિયાન સાબિત થયું હતું." સરમાએ કહ્યું હતું કે, તેમની સરકાર ટૂંક સમયમાં લવ જેહાદના



મામલામાં આજીવન કેદ માટે કાયદો લાવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે "વિશેષ સમુદાય"ના સ્વદેશી લોકો માટે જમીન અધિકારો અને સરકારી નોકરીઓનું રક્ષણ કરવા માટે ઘણા પગલાં શરૂ કરવામાં આવ્યા છે. બોરાહે આરોપ લગાવ્યો કે,"કોઈપણ જમીન નીતિ માટે, વિધાનસભામાં કાયદો લાવવો જોઈએ અને પછી તેની ચર્ચા થવી જોઈએ. તેના બદલે, મુખ્યમંત્રી આ મુદ્દાને સાંપ્રદાયિક બનાવવા માટે નિવેદન આપી રહ્યા છે" કોંગ્રેસના પ્રદેશ પ્રમુખે સરમાની પણ ટીકા કરી હતી, ભારપૂર્વક જણાવ્યું હતું કે સરકારની આર્થિક નીતિઓ ખામીયુક્ત છે અને માત્ર લાભાર્થી યોજનાઓ પર આધારિત છે. તેમણે દાવો કર્યો કે,"વર્તમાન સરકાર મુખ્યમંત્રીના સાંપ્રદાયિક વિચારોનો પ્રચાર કરવા માટે મીડિયા અને રાજ્ય પ્રચાર મશીનરીનો ઉપયોગ કરી રહી છે. સરકારની કમાણી મોટાભાગે આજકાલ દારૂના વેચાણ પર નિર્ભર છે. તે ગામડાઓમાં તેમના સ્થાનિક નેતાઓને ૨,૦૦૦ દારૂની દુકાનના લાઈસન્સ આપી રહી છે." બોરાહે એમ પણ કહ્યું હતું કે "વર્તમાન સરકારની નિષ્ફળતાને છતી કરવા" આગામી દિવસોમાં વધુ પ્રવૃત્તિઓ થશે.

# ભારતીયતાની ઓળખ માટે ૧૨ વર્ષની કાનૂની લડાઈ : આસામની નાગરિકતા ટ્રિબ્યુનલમાં રહીમ અલીનો મરણોત્તર વિજય

(એજન્સી) તા.૫

૧૧ જુલાઈના રોજ સુપ્રીમ કોર્ટ દ્વારા એક ચુકાદો આપવામાં આવ્યો હતો અને એક વ્યક્તિના ૧૨ વર્ષની કાનૂની લડાઈનો અંત લાવ્યો હતો. રહીમ અલીએ તેની ભારતીય રાષ્ટ્રીયતા સ્થાપિત કરવા માટે રાજ્ય સામે આ લડાઈ લડી હતી. જો કે, તેના કેસમાં ન્યાય ઘણો મોડો આવ્યો, કારણ કે, રહીમ અલીનું અઢી વર્ષ પહેલાં તેના નામની સામે 'વિદેશી'ના ટેગ સાથે અવસાન થયું હતું. રહીમ અલી જેઓ ૨૮ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ આસામના નલબારી જિલ્લાના કાશીમપુર ગામમાં સતત ભયનો સામનો કરી રહ્યા હતા અને તેઓ ગંભીર સ્વાસ્થ્ય બીમારીઓથી પીડાતા હતા. રહીમ અલીનો કેસ અને તેના પરિવારની સફર એ આસામના લોકો જેમાંથી પસાર થઈ રહ્યા છે તે આ અગ્નિપરીક્ષાના ભાવનાત્મક અને



## આસામના નાગરિકની આ કરુણ યાત્રા, જેને તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા ભારતીય જાહેર કરવામાં આવ્યા છે, તે આસામની નાગરિકતા સંકટમાં માનવીય કિંમત અને અમલદારશાહી નિષ્ફળતાની કાળી બાજુ દર્શાવે છે

આર્થિક નુકસાનની યાદ અપાવે છે. ભારતના ઉત્તર-પૂર્વીય રાજ્ય આસામમાં નાગરિકતા સાબિત કરવી એ એક સમસ્યા છે, જે અસંખ્ય લોકોના જીવનને અનિશ્ચિત કરે છે. પરિસ્થિતિની ગંભીરતા ત્યારે અનુભવી શકાય છે જ્યારે મોટાભાગના કિસ્સાઓમાં તેમની ધાર્મિક ઓળખના આધારે રાજ્ય દ્વારા અન્યાયી રીતે તેઓને નિશાન બનાવવામાં આવે છે. સ્કેનર હેઠળના લોકોના કેસોની સુનાવણી અને નિર્ણય લેવામાં ટ્રિબ્યુનલ અને અદાલતોને ઘણા વર્ષો લાગે છે, ખાસ કરીને કારણ કે, તપાસના ઈન્ચાર્જ અધિકારી તેમની નાગરિકતા સ્થાપિત કરવા માટે આરોપીઓ દ્વારા રજૂ કરાયેલા દસ્તાવેજોની ચકાસણી કરવામાં તેમની ફરજ નિષ્પક્ષ રીતે નિભાવતા નથી. દરમિયાન તેઓ રાષ્ટ્રીયતા અને ઓળખને આધારે પીડાતા રહે છે. સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી જ આરોપીનું પ્રતિનિધિત્વ કરતા વકીલ એડવોકેટ કૌશિક ચૌધરીને રહીમ અલીના નિધનની જાણ થઈ. ધ ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ ચૌધરીએ જણાવ્યું હતું કે, તેઓ રહીમ અલીનો પ્રોબોનો કેસ લડી રહ્યા હતા અને ચુકાદાના સંદર્ભમાં પરિવારનો સંપર્ક કરવામાં આવતા તેઓને રહીમ અલીના મૃત્યુની જાણ થઈ હતી. સિટીઝન ફોર જસ્ટિસ એન્ડ પીસની આસામની ટીમે તેમના ગામમાં રહીમ અલીના પરિવાર સાથે મુલાકાત કરી, આ ચુકાદા વિશે વાત કરી અને મૃત રહીમ અલીની ભારતીય નાગરિકતાની અને તેમની અગ્નિપરીક્ષા માટે ભાવનાત્મક ટેકો આપ્યો હતો. CJP આસામની ટીમ, આસામના રહેવાસીઓને તેમની નાગરિકતા સાબિત કરવાની કાનૂની લડાઈ લડવા માટે મદદ કરે છે.

વર્તમાન અપીલકર્તા મો. રહીમ અલી સામેનો કેસ વર્ષ ૨૦૦૪માં શરૂ થયો હતો. અલીના આરોપો તેમના કથિત ૨૫ માર્ચ, ૧૯૭૧ પછી બાંગ્લાદેશથી ગેરકાયદેસર સ્થળાંતર સંબંધિત હતા. વર્ષ ૧૯૭૧ની ૨૫ માર્ચની ઉક્ત તારીખ નોંધપાત્ર છે કારણ કે, તે નાગરિકતા અધિનિયમની કલમ ૬-એ (આસામ એકોર્ડ દ્વારા આવરી લેવામાં આવતી વ્યક્તિઓની નાગરિકતા અંગેની વિશેષ જોગવાઈઓ) મુજબ કટ-ઓફ તારીખ છે.

તપાસ અધિકારી, સબ-ઈન્સ્પેક્ટર બિપિન દત્તાએ ફોરેનર્સ એક્ટ ૧૯૪૬ હેઠળ 'નોટિસ' મોકલીને અહેવાલ આપ્યો કે અપીલકર્તા ૧ જાન્યુઆરી, ૧૯૬૬ પહેલાં ભારતમાં પ્રવેશના દસ્તાવેજી પુરાવા પ્રદાન કરવામાં નિષ્ફળ ગયા હતા. અલબત્ત, કારણ કે, આસામમાં સિટિઝન્સ ફોર જસ્ટિસ એન્ડ પીસ (www.cjp.org.in)નો અનુભવ દર્શાવે છે કે, આવી નોટિસનો આધાર અને તથ્ય વિના છે.

આ કેસમાં પણ સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર અપીલકર્તાએ જણાવ્યું કે, આસામમાં ભબાનીપુર વિધાનસભા મતવિસ્તાર હેઠળના ગામ ડોલુરપાથેર માટે ૧૯૬૫ અને ૧૯૭૦ની મતદાર યાદીમાં તેના માતા-પિતાના નામ હતા. અલીએ એમ પણ કહ્યું હતું કે, તેનો જન્મ આ જ ગામમાં થયો હતો અને તેનું નામ તેના પરિવારના સભ્યો સાથે ૧૯૮૫ની મતદાર યાદીમાં આવ્યું હતું. ૧૯૯૭માં લગ્ન કર્યા પછી તે નલબારી જિલ્લાના ગામ કાશીમપુરમાં રહેવા ગયો, જ્યાં તેનું નામ ૧૯૯૭ની મતદાર યાદીમાં આવ્યું. ટ્રિબ્યુનલના આદેશ બાદ અલીએ ૩૦ મે, ૨૦૧૨ના રોજ હાઈકોર્ટના આદેશને પડકારવા હાઈકોર્ટમાં અરજી કરી હતી. ૬ જૂન, ૨૦૧૨ના રોજ હાઈકોર્ટે વચગાળાનો આદેશ પસાર કરીને ટ્રિબ્યુનલના આદેશ પર સ્ટે મૂક્યો હતો, જેમાં હાઈકોર્ટ સમક્ષની કાર્યવાહીની પેન્ડન્સી દરમિયાન અપીલકર્તાને દેશનિકાલ ન કરવાનો આદેશ આપ્યો હતો.

જો કે, ૨૩ નવેમ્બર, ૨૦૧૫ના રોજ હાઈકોર્ટે અલીની રિટ પિટિશનને ફગાવી દીધી હતી, અલીને વિદેશી જાહેર કરવાના ટ્રિબ્યુનલના આદેશને સમર્થન આપ્યું હતું અને હાઈકોર્ટના બરતરફીના આદેશને પડકારતાં અલીએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી.

૧૧ જુલાઈ, ૨૦૨૪ના રોજ એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં ન્યાયમૂર્તિ વિક્રમનાથ અને અહસાનુદ્દીન અમાનુલ્લાહની ખંડપીઠે અવલોકન કર્યું હતું કે, સત્તાવાળાઓ લોકો પર વિદેશી હોવાનો રેન્ડમલી આરોપ લગાવી શકતા નથી અને આ શંકા માટે કોઈ ભૌતિક આધાર અથવા માહિતી વિના વ્યક્તિની રાષ્ટ્રીયતાની તપાસ શરૂ કરી શકતા નથી. બેન્ચે ગૌહાટી હાઈકોર્ટના ચુકાદાને રદ કરી દીધો હતો.

CJP આસામની ટીમ વતી રાજ્ય પ્રભારી નંદા ઘોષ અને કાયદાકીય સભ્ય એડવોકેટ અભિજિત ચૌધરી નલબારીના કાશેમપુર ગામમાં રહીમ અલીના પરિવાર સાથે મળવા ગયા હતા. જ્યારે તેઓ રહીમ અલીની પત્ની હજેરા બીબીને પ્રથમ વખત મળ્યા ત્યારે હજેરાને રાહત થઈ કે તેના પતિને આખરે ભારતીય તરીકે ઓળખવામાં આવ્યા હતા પરંતુ રહીમ અલી આ દિવસ જોવા માટે જીવિત નથી. હજેરાએ કહ્યું કે, તેની ધરપકડના ડરને કારણે તેનું ડાયાબિટીસ વધી ગયું હતું. પરિવારે બકરીઓ, ગાયો અને મિલકત સહિત તેમની માલિકીની દરેક વસ્તુ વેચી દીધી, પરંતુ તેઓ રહીમ અલીની જરૂરી તબીબી સંભાળ માટે ચૂકવણી કરવામાં અસમર્થ હતા.

હજેરા હવે તેમના પુત્રની સંભાળ રાખે છે, જે ૧૪ વર્ષનો છે. સુપ્રીમ કોર્ટના નિર્ણયે તુલનાત્મક મુશ્કેલીઓમાંથી પસાર થતાં અન્ય ઘણા લોકોને આશા આપી છે. તેણીએ કહ્યું કે, આ ચુકાદો નિર્ણાયક છે જે અન્યાય મારી સાથે થયો તે અન્ય કોઈની સાથે ન થાય. CJPએ હજેરાને સાંત્વના આપી, તેઓએ તેમને અને તેમના ગામોને નાગરિકતા સંબંધિત કોઈપણ ચિંતાઓ સાથે આગળ વધવા માટે સમર્થન આપવાનું વચન આપ્યું. રહીમ અલી કેસમાં સર્વોચ્ચ અદાલતે આપેલા ચુકાદા દ્વારા બેન્ચે કહ્યું હતું કે, તપાસ શરૂ કરવા માટે પણ કેટલાક ભૌતિક આધાર અથવા માહિતી હોવી જોઈએ. બીજું, કોઈ વ્યક્તિ ગેરકાયદેસર સ્થળાંતરિત છે તેવો માત્ર આરોપ ફોરેનર્સ એક્ટ ૧૯૪૬ની કલમ ૯ હેઠળ આરોપી પર નાગરિકતા સાબિત કરવાનો બોજ લાદવા માટે પૂરતો નથી. બેન્ચે જણાવ્યું હતું કે, મુખ્ય આધારો જેના આધારે કેસનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અથવા તે વ્યક્તિ વિદેશી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે તેના પુરાવા ન આપવા એ કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું ઉલ્લંઘન છે.

-(સૌ.: સબરંગ ઈન્ડિયા.ઈન)

# બાંગ્લાદેશ કટોકટી પર કેન્દ્રની સર્વપક્ષીય બેઠક : રાહુલ ગાંધીએ સંભવિત વિદેશી સંડોવણી અંગે પ્રશ્ન ઉઠાવ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

વિદેશ પ્રધાન એસ જયશંકરે મંગળવારે બાંગ્લાદેશમાં વધતી જતી ખરાબ પરિસ્થિતિ વિશે માહિતી આપવા માટે સર્વપક્ષીય બેઠક બોલાવી હતી. દેશમાં વિરોધને પગલે અશાંતિ ઊભી થઈ હતી અને જોબ ક્વોટા મુદ્દે શેખ હસીનાને રાજીનામું આપી દેશ છોડીને ભાગી જવા માટે ફરજ પડી છે. હસીના સોમવારે સાંજે ભારત આવી હતી અને મીડિયા અહેવાલો અનુસાર, તેણી લંડનનો તેમનો પ્રવાસ ચાલુ રાખવાની ધારણા છે. જયશંકરે મીટિંગની વિગતો શેર કરતાં કહ્યું કે બાંગ્લાદેશમાં ચાલી રહેલ અશાંતિ વિશે આજે સંસદમાં સર્વપક્ષીય બેઠકમાં સંક્ષિપ્તમાં વાત થઈ હતી. આ બેઠક દરમિયાન જયશંકરે નેતાઓને કહ્યું કે કેન્દ્ર સરકાર બાંગ્લાદેશ આર્મીના પણ સંપર્કમાં છે. તેમણે કહ્યું કે તે પ્રવર્તમાન પરિસ્થિતિ અંગે સરકાર યોગ્ય સમયે યોગ્ય પગલાં લેશે. આ બેઠકમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને AICC અધ્યક્ષ કેસી વેણુગોપાલ સામેલ હતા. વધુમાં, કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ, સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ, ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા અને સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુ સહિત કેન્દ્ર સરકારના પ્રતિનિધિઓ હાજર હતા.

રાહુલ ગાંધીએ બાંગ્લાદેશની સ્થિતિને લઈને ભારતની લાંબા ગાળાની અને ટૂંકા ગાળાની રણનીતિઓ વિશે પૂછપરછ કરી હતી. સરકારે જવાબ આપ્યો કે પરિસ્થિતિ ખરાબ થઈ રહી છે અને તેનું સતત વિશ્લેષણ કરવામાં આવશે. તેમણે વિદેશી સંભવિત સંડોવણી અંગે પણ સરકારને પ્રશ્ન કર્યો હતો, જેના જવાબમાં સરકારે કહ્યું હતું કે તમામ સંભવિત શક્યતાની તપાસ કરવામાં આવી રહી છે.



રાહુલ ગાંધીએ વિદેશી હાથની સંભવિત સંડોવણી અંગે પણ સરકાર પર સવાલ ઉઠાવ્યા હતા. કેન્દ્ર સરકારે કહ્યું કે તમામ સંભવિત એંગલ પર વિચાર કરવામાં આવી રહ્યો છે.

બેઠક દરમિયાન નેતાઓને જણાવવામાં આવ્યું હતું કે બાંગ્લાદેશમાં અંદાજે ૨૦,૦૦૦ ભારતીય નાગરિકો છે. ANI સૂત્રોના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં ૮,૦૦૦ ભારતીય નાગરિકો પરત ફર્યા છે. જયશંકરે ખાતરી આપી હતી કે ભારત સરકાર ભારતીય નાગરિકો સાથે સતત સંપર્કમાં છે અને બાંગ્લાદેશમાં હાઈ કમિશન કામ કરી રહ્યું છે. નેતાઓને એ પણ જણાવવામાં આવ્યું હતું કે લઘુમતીઓની સુરક્ષા એ પ્રાથમિકતા છે અને તેમની સુરક્ષા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે.

# ભારત બાંગ્લાદેશ આર્મીના સંપર્કમાં છે અને શેખ હસીનાને મદદ કરશે

# જયશંકરે સંસદમાં સર્વપક્ષીય બેઠક અંગે સંક્ષિપ્ત માહિતી આપી

## હસીનાને ભારત આવ્યાને ૨૪ કલાક પણ થયા નથી તેની નોંધ લેતા, તેમણે કહ્યું કે તે આઘાતમાં છે અને સરકાર તેમની ભાવિ યોજનાઓ સહિત વિવિધ મુદ્દાઓ પર તેમની સાથે વાત કરે તે પહેલાં તેમને સ્વસ્થ થવા માટે સમય આપી રહી છે

(એજન્સી) તા.૬

વિદેશ પ્રધાન એસ જયશંકરે મંગળવારે સર્વપક્ષીય બેઠકમાં જણાવ્યું હતું કે ભારતે સોમવારે સાંજે અહીં પહોંચેલા બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાને મદદની ખાતરી આપી છે અને તેમને ભાવિ પગલાં નક્કી કરવા માટે સમય આપ્યો છે. સંસદ ભવનમાં રાજકીય પક્ષોના નેતાઓની માહિતી આપતા જયશંકરે કહ્યું કે ભારતે તે દેશમાં ૧૦,૦૦૦ ભારતીય વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા બાંગ્લાદેશના આર્મી ચીફ સાથે વાત કરી છે.

વિપક્ષના નેતા રાહુલ ગાંધી સહિત વિવિધ નેતાઓના પ્રશ્નોના જવાબ આપતા, વિદેશ મંત્રીએ આ દેશમાં અશાંતિમાં વિદેશી સરકારોની ભૂમિકાને નકારી ન હતી પરંતુ ભારપૂર્વક જણાવ્યું હતું કે આજે પરિસ્થિતિ ખૂબ જ જટિલ છે, અને સરકાર તેના પર નજર રાખી રહી છે. આ બેઠકમાં ગાંધીએ પૂછ્યું કે શું વિદેશી સરકારો આ સંકટ માટે સામેલ હોઈ શકે છે. જયશંકરે કહ્યું કે પડોશી દેશમાં વિરોધ કરનારાઓ દ્વારા લઘુમતીઓના ઘરો અને મિલકતોને નિશાન બનાવવામાં આવ્યા હતા. હસીનાને ભારત આવ્યાને ૨૪ કલાક પણ થયા નથી તેની નોંધ લેતા, તેમણે કહ્યું કે તે આઘાતની સ્થિતિમાં છે અને સરકાર તેની ભાવિ યોજનાઓ સહિત વિવિધ મુદ્દાઓ પર તેની સાથે વાત કરે તે પહેલાં તેને સ્વસ્થ થવા માટે સમય આપી રહી છે.

વિદેશ મંત્રી રાજ્યસભા અને લોકસભામાં આ મુદ્દે નિવેદન આપવાના છે. રાહુલ ગાંધી સહિત વિવિધ નેતાઓએ આ મુદ્દે સરકારને તેમનો સંપૂર્ણ સહકાર આપ્યો હતો. YSR કોંગ્રેસના નેતા વી વિજયસાઈ રેડ્ડીએ કહ્યું કે તેમની પાર્ટી દેશના હિતમાં સરકારને સમર્થન આપે છે. બાંગ્લાદેશમાં ચાલી રહેલ અશાંતિ વિશે આજે સંસદમાં એક સર્વપક્ષીય બેઠકમાં દરેકના સર્વસંમત સમર્થન અને સમજણની પ્રશંસા કરવામાં આવી હતી.

કોંગ્રેસના નેતા કાર્તિ ચિદમ્બરમે કહ્યું કે સરકારે બાંગ્લાદેશની સ્થિતિ અંગે સર્વપક્ષીય બેઠકની જાણકારી આપી છે. ચિદમ્બરમે પીટીઆઈને કહ્યું કે, જ્યાં સુધી રાષ્ટ્રીય સુરક્ષા અને રાષ્ટ્રીય હિતનો સંબંધ છે ત્યાં સુધી કોંગ્રેસ પાર્ટી સંપૂર્ણપણે સરકારની સાથે છે. જો કે તે બેઠકમાં હાજર રહ્યા ન હતા. સર્વપક્ષીય બેઠકમાં રક્ષા મંત્રી રાજનાથસિંહ, ગૃહમંત્રી અમિત શાહ, આરોગ્ય મંત્રી જેપી નડ્ડા, જેડી(યુ)ના નેતા અને કેન્દ્રીય મંત્રી રાજીવ રંજન સિંહ 'લલન', જેડી(એસ)ના નેતા અને કેન્દ્રીય મંત્રી એચડી કુમારસ્વામી, નેતાએ હાજરી આપી હતી. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, ડીએમકેના નેતા ટી આર બાલુ, સપાના નેતા રામ ગોપાલ યાદવ, તૃણમૂલના નેતા સુદીપ બંદોપાધ્યાય, એનસીપીના નેતા સુપ્રિયા સુલે વગેરે પણ હાજર હતા.

બેઠક પહેલા શિવસેનાના રાજ્યસભાના સભ્ય સંજય રાઉતે કહ્યું હતું કે ભારતના શાસકોએ બાંગ્લાદેશની ઘટનામાંથી બોધપાઠ શીખવો જોઈએ. જ્યારે લોકશાહી પર જોખમ આવે છે અને સત્તામાં રહેલા લોકો લોકશાહીનો માસ્ક પહેરીને સરમુખત્યાર બની જાય છે, ત્યારે દેશના લોકો તેમને થોડા સમય માટે સહન કરે છે અને પછી અરાજકતા થાય છે.

સીપીઆઈ(એમ)ના સભ્ય પી સંતોષ કુમારે કહ્યું કે બાંગ્લાદેશમાં સ્થિતિ ખૂબ જ અસ્થિર છે. અમે બાંગ્લાદેશના લોકો સાથે છીએ, જમાત-એ-ઈસ્લામી, સૈન્ય કે શેખ હસીના સાથે નથી. અમે બાંગ્લાદેશના વિદ્યાર્થીઓ સાથે છીએ. સમાજવાદી પાર્ટીના સભ્ય વીરેન્દ્રસિંહે કહ્યું કે બાંગ્લાદેશની સ્થિતિ એવા તમામ દેશો માટે સંદેશ છે જે લોકોનો અવાજ સાંભળતા નથી. આવી સમાન પરિસ્થિતિઓ એવા દેશોમાં બને છે જ્યાં લોકશાહીનો અંત લાવવા અને સરમુખત્યારશાહી લાવવાના પ્રયાસો થાય છે. તે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે. ભાજપના રાજ્યસભાના સભ્ય લહરસિંહ સિરોયાએ કહ્યું કે સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમગ્ર મામલા પર નજર રાખી રહ્યા છે. તેઓએ જરૂરી પગલાં લીધાં છે. આપણો દેશ આ મુદ્દાને હેન્ડલ કરવા સક્ષમ છે.

# બાંગ્લાદેશના રાષ્ટ્રપતિનો જેલમાં બંધ પૂર્વ પીએમ ખાલિદા ઝિયાને તાત્કાલિક મુક્ત કરવાનો આદેશ

## વચગાળાની સરકારની રચના અંગે ચર્ચા કરવા પ્રમુખ મોહમ્મદ શહાબુદ્દીને ઢાકામાં બંગભવન ખાતે એક બેઠકની અધ્યક્ષતા કરી હતી

(એજન્સી) તા.૬

બાંગ્લાદેશમાં રાજકીય અશાંતિ વચ્ચે ૫ ઓગસ્ટના રોજ શેખ હસીનાએ વડા પ્રધાન પદેથી રાજીનામું આપ્યું અને દેશ છોડી દીધો.પ્રમુખ મોહમ્મદ શહાબુદ્દીને ઢાકામાં બંગભવન ખાતે ત્રણેય સશસ્ત્ર દળોના વડાઓ, વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ અને નાગરિક સમાજના પ્રતિનિધિઓ સાથે વચગાળાની સરકારની રચના અંગે ચર્ચા કરવા માટે એક બેઠકની અધ્યક્ષતા કરી.

બેઠકમાં સર્વસંમતિથી BNP અધ્યક્ષ બેગમ ખાલિદા ઝિયાને તાત્કાલિક મુક્ત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

રાષ્ટ્રપતિની પ્રેસ ટીમે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, શહાબુદ્દીનની આગેવાની હેઠળની બેઠકમાં "બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP)ના અધ્યક્ષ બેગમ ખાલિદા ઝિયાને તાત્કાલિક મુક્ત કરવાનો સર્વસંમતિથી નિર્ણય લેવામાં આવ્યો હતો." બેઠકમાં ક્વોટા વિરોધી ચળવળમાં માર્યા ગયેલા લોકોની યાદમાં શોક ઠરાવ પણ લેવામાં આવ્યો હતો અને દિવંગત આત્માઓની ક્ષમા માંગવામાં આવી હતી અને શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. આ બેઠકમાં વચગાળાની સરકારની રચના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો, દેશમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને નિયંત્રિત કરવા માટે દરેકને ધીરજ અને



સહનશીલતાનો ઉપયોગ કરવા વિનંતી કરી. તેમજ લૂંટફાટ અને હિંસક પ્રવૃત્તિઓને રોકવા માટે કડક કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો હતો.

આ ઉપરાંત ભેદભાવ વિરોધી આંદોલન દરમિયાન અટકાયત કરાયેલા તમામ લોકોને મુક્ત કરવાનો નિર્ણય લેવાયો હતો. આ બેઠકમાં એવી પણ સંમતિ સધાઈ હતી કે કોઈ પણ સમુદાયને કોઈપણ રીતે નુકસાન ન થાય. અગાઉ, હસીના ભારત જવા રવાના થતાં, બાંગ્લાદેશના આર્મી ચીફ જનરલ વકર-ઉઝ-ઝમાને તેમના રાજીનામાના સમાચારને સમર્થન આપ્યું હતું અને કહ્યું હતું કે દેશને ચલાવવા માટે ટૂંક સમયમાં વચગાળાની સરકારની રચના કરવામાં આવશે. રવિવારે પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે થયેલી અથડામણમાં ૧૦૦થી વધુ લોકો માર્યા ગયા અને ૧,૦૦૦થી વધુ ઘાયલ થયા હોવાના અહેવાલ છે.

દેશના અગ્રણી મીડિયાએ અહેવાલ આપ્યો હતો કે, "ગઈકાલની ગણતરી સાથે, સરકાર વિરોધી વિરોધમાં મૃત્યુઆંક માત્ર ત્રણ અઠવાડિયામાં ૩૦૦ને વટાવી ગયો, જે તેને બાંગ્લાદેશના નાગરિક ચળવળના ઈતિહાસમાં સૌથી લોહિયાળ સમયગાળો બનાવે છે,"

વિદ્યાર્થીઓની આગેવાની હેઠળના અસહકાર આંદોલને છેલ્લા ઘણા અઠવાડિયામાં હસીનાની આગેવાની હેઠળની સરકાર પર ભારે દબાણ કર્યું હતું.

વિદ્યાર્થીઓ ૧૯૭૧માં લોહિયાળ ગૃહયુદ્ધમાં પાકિસ્તાનથી બાંગ્લાદેશની આઝાદી મેળવનારા સ્વાતંત્ર્ય સેનાનીઓના સંબંધીઓ માટે સરકારી નોકરીઓમાં ૩૦ ટકા અનામતનો વિરોધ કરી રહ્યા હતા, જેમાં ઢાકાના અધિકારીઓના જણાવ્યા અનુસાર, પાકિસ્તાની સૈનિકો અને તેમના સમર્થકો દ્વારા નરસંહારમાં ૩૦ લાખ લોકો માર્યા ગયા હતા. સુપ્રીમ કોર્ટે આરક્ષણ ઘટાડીને ૫ ટકા કર્યા પછી, વિદ્યાર્થી નેતાઓએ વિરોધ પ્રદર્શનો પર રોક લગાવી દીધી, પરંતુ પ્રદર્શનો ફરીથી ભડક્યા કારણ કે વિદ્યાર્થીઓએ પીએમ હસીનાના રાજીનામાને તેમની પ્રાથમિક માંગ બનાવી કહ્યું કે સરકારે તેમના તમામ નેતાઓને મુક્ત કરવાના તેમના આહ્વાનને અવગણ્યું હતું.

સર્વ શિક્ષા અભિયાનના રતન કંવર સહિત ૧૦ અધિકારી બદલાયા

# રાજ્યમાં વધુ એકવાર આઈએએસ અધિકારીઓની સાગમટે કરાઈ બદલી

## ભાવનગર મહાપાલિકાના કમિશનર પદે સુજીત કુમારને મૂકાયા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૬

ગુજરાતના ૧૮ આઈએએસની તાજેતરમાં જ બદલીના ઓર્ડર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ આજે વધુ ૧૦ આઈએએસ અધિકારીઓની બદલી કરવામાં આવી છે. જેમાં રતન કંવર, સુજિત કુમાર, શ્વેતા તિઓટિયા સહિતના આ અધિકારીઓની કલેક્ટર સહિત વિવિધ પોસ્ટ ઉપર બદલીઓ કરવામાં આવી છે. હાલમાં ગુજરાતમાં બદલીઓની મૌસમ ચાલી રહી છે. ગત અઠવાડિયે જ IAS અને IPS બેડામાં મોટા ફેરફાર કરવામાં આવ્યા હતા. જેમાં ૧૮ IAS અધિકારીઓની



જવાબદારી બદલવામાં આવી હતી. આ સિવાય આઠ IPS અધિકારીઓની પણ બદલી કરવામાં કરવામાં આવી હતી. ત્યારે હવે બીજા રાઉન્ડમાં ૧૦ IAS અધિકારીઓની બદલી કરવામાં આવી છે, જેમાં કલેક્ટરોનો સમાવેશ થાય છે. બદલી કરાયેલા અધિકારીઓમાં બી. જે. પટેલને ગાંધીનગરના DDO તરીકે નિમણૂક કરવામાં આવી છે. કે. ડી. લાખાણીને શ્રમ વિભાગના ડાયરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. એસ. ડી. ધાનાણીને પોરબંદરના કલેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. એક. કે. મોદીને નર્મદાના કલેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. એન. એન. દવેને વલસાડના કલેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. રતનકંવર ગઢવીચારણની બદલી સાબરકાંઠા કલેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. સુજીત કુમારને ભાવનગર મનપાના મ્યુનિ. કમિશનર તરીકે નિમણૂક કરવામાં આવી છે. શ્વેતા તિઓટિયાને GUVNLના ડાયરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. એન. વી. ઉપાધ્યાયને કો ઓપરેટિવ સોસાયટીના રજિસ્ટ્રાર તરીકે નિમણૂક કરવામાં આવી છે. લલિત નારાયણ સિંહ સંધુને સમગ્ર શિક્ષા અભિયાનમાં પોસ્ટિંગ કરવામાં આવ્યું છે.

પાટણના બાલીસણા ગામે

# બે કોમ વચ્ચે થયેલ ઘર્ષણના બનાવમાં કોર્ટના હુકમના પગલે છેવટે પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધ્યો

## મુસ્લિમ સમાજનો આર્થિક બહિષ્કાર કરવા અન્ય સમાજના લોકોને ઉશ્કેરવા વીડિયો ક્લિપ ફરતી કરાઈ હતી જે બનાવની પોલીસે ફરિયાદ ન લેતાં કોર્ટમાં દાદ માંગવામાં આવી હતી

પાટણ,તા.૬

પાટણ તાલુકાના બાલીસણા ગામે મુસ્લિમ સમાજની લાગણી દુભાય તેવી વિવાદીત પોસ્ટને લઈ એક વર્ષ અગાઉ બે કોમ વચ્ચે જૂથ અથડામણ થઈ હતી. જે બનાવમાં મુસ્લિમ સમાજનો આર્થિક બહિષ્કાર કરવા અન્ય સમાજના લોકોને ઉશ્કેરવા વીડિયો કલીપ ફરતી કરાઈ હતી. જે મામલે મકબુલ હુસેન દિલાવરભાઈ શેખે છ વ્યકિતઓના નામ સાથે અન્ય અજાણ્યા વ્યકિતઓ વિરૂદ્ધ બાલીસણા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા છતાં ફરિયાદ નહીં નોંધતા એડી. સિવિલ જજ અને જ્યુડિ. મે.જી.ફ.ક. પાટણના ન્યાયાધીશ એચ.પી. જોશીની કોર્ટમાં દાદ માગતા કોર્ટે ફરિયાદ નોંધવા હુકમ કરતા બાલીસણા પોલીસે આઈપીસીની કલમ ૧૫૩ એ, ૧૫૩ બી, ૫૦૫ (૨), ૧૧૪, ૩૪, ૧૨૦ બી, મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મકબુલ હુસેન દિલાવરભાઈ શેખે બાલીસણા પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ એડી સિવિલ જજ અને જ્યુડી મેજિ. ફક કોર્ટે પાટણ જા.નં. ૧૬૪/૨૦૨૩થી કી. ઈન્કવાયરી નંબર ૧૩૯/૨૦૨૩ના કામે ગઈ તા.૩૦/૭/૨૦૨૪ના રોજ સામાવાળા વિરૂદ્ધ ક્રિમિનલ પ્રો. કોડની કલમ ૧૫૬ (૩) મુજબ ફરીયાદ દાખલ કરવા હુકમ કરેલ હોઈ જે કામે હકીકત એવી છે કે સામાવાળા (૧) રાકેશ કાનજીભાઈ પટેલ તથા (૨) જયંતી ગંગારામભાઈ પટેલ (માસ્તર) તથા (૩) અનિલ હરીભાઈ વાલાભાઈ પટેલ તથા (૪) દીપક નારાયણભાઈ પટેલ (ઉપસરપંચના પતિ) તથા (૫) રોહીત માધાભાઈ ચેનલવાળા તથા (૬) ધ્રૂવકુમાર ઈશ્વરભાઈ મોનાભાઈ પટેલ તથા (૭) અન્ય ચારથી પાંચ પટેલ અજાણ્યા ઈસમોનાઓ થોડાક સમય પહેલા બાલીસણા મુકામે બે સમૂહો વચ્ચે ઘર્ષણ થયેલ જે બનાવનો દુરૂપયોગ કરી બાલીસણા ગામમાં રહેતા અસામાજિક તત્વો ગામમાં સુખ સંપથી રહેતા વિભિન્ન સમુદાયો વચ્ચે ધાર્મિક વૈમનસ્ય ફેલાવવાનું અને અલગ અલગ સમાજમાં આગ ચાંપવાનું કામ કરી રહ્યા છે જેની સાબિતી રૂપે વાયરલ કરેલ વીડિયો કલીપની સીડી સામેલ કરી છે. આ વીડિયો કલીપ આવ્યા બાદ ઘણા મુસ્લિમ ઈસમો જેઓ ભાડૂતઆત તરીકે ધંધો કરતા હતા. તેઓની પાસેથી દુકાનો ખાલી કરાવવામાં આવેલ છે. આ કામના તમામ તહોમતદારો રાજકીય વગવાળા તેમજ માથાભારે અને ઝનૂની છે. તેમજ તેમના કુટુંબના અન્ય સભ્યોને પણ નુકસાન પહોંચાડી શકે તેવી પૂરેપૂરી દહેશત છે. તેમજ મુસ્લિમ સમુદાયના અન્ય નિર્દોષ વ્યકિતઓને ખોટી રીતે ખોટા કેસોમાં ફસાવી શકે છે. તેમજ મોટા પ્રમાણમાં જાનહાની તેમજ માલહાની પહોંચાડી શકે છે તેવો ઉલ્લેખ કર્યો છે. બાલીસણા પોલીસે ઉક્ત હકીકત સાથે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી આરોપીઓને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

**ન્યુઝ પોઈન્ટ**

**સમાજે આવા વીરલાઓનું બહુમાન કરવું જોઈએ જે કાયદાકીય લડત આપી નફરત ફેલાવનારાઓ સામે ફરિયાદ કરે છે બાકી ફક્ત દેખાડો કરવા આવેદનપત્ર આપી ઊંઘી જવું એ ફક્ત પબ્લિસિટી મેળવનારાઓને જ શોભે. ૨૦૦૨ના રમખાણના કેસોમાં ૧૪૨ આરોપીઓને સજા થઈ અને જ્યાં જ્યાં સેશન્સ કોર્ટે સજા કરી ત્યાં આજ સુધી રમખાણ થયા નથી. ખંભાતમાં કોઈ પીડિતને કોર્ટમાં મદદ કરનાર ન હોવાને કારણે ઘર બાળી એક ચોક્કસ કોમના લોકોને ભારે નુકસાન પહોંચાડનારાઓને સજા કરાવવાના પ્રયત્ન કર્યા નથી. માટે ત્યાં ફક્ત ૩ વર્ષના અંતરે ૨ વાર રમખાણ થયા હતા. પોલીસ ફરિયાદ ન લે તો મેજિસ્ટ્રેટની કોર્ટમાં ફરિયાદ કેમ કરતાં નહીં હોય ? સામાજિક સંસ્થાઓ પણ ફક્ત 'કીટ' વહેંચી પીડિતોને ભૂલી જાય છે પરંતુ ન્યાય માટે કોર્ટમાં મદદ કરનારા ખૂબ જ જૂજ છે.**

બાંગ્લાદેશની પરિસ્થિતિને લઈ વિદ્યાર્થીઓ માટે ગાઈડલાઈન જારી

# ગુજરાત યુનિ.માં ભણતા બાંગ્લાદેશના વિદ્યાર્થીઓ અમદાવાદ છોડી શકશે નહીં

## વિદ્યાર્થીઓ સાથે બેઠક યોજી સૂચનાઓ અપાઈ : ઈમરજન્સી નંબર અપાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

બાંગ્લાદેશમાં બે મહિનાથી ચાલી રહેલાં અનામત વિરોધી વિદ્યાર્થી આંદોલન બાદ વડાપ્રધાન શેખ હસીનાએ સોમવારના રોજ પદ પરથી રાજીનામું આપ્યું હતું. આ પછી તેઓ દેશ છોડીને ઢાકાથી અગરતલા થઈને ભારત પહોંચ્યાં છે. જેને પગલે બાંગ્લાદેશમાં કટોકટીની સ્થિતિ ઉભી થઈ છે. બાંગ્લાદેશની આ સ્થિતિ વચ્ચે ગુજરાત યુનિવર્સિટીમાં બાંગ્લાદેશના ૨૦ વિદ્યાર્થીઓ પણ અભ્યાસ કરી રહ્યા હોઈ તેમના માટે સૂચનાઓ જારી કરાઈ છે. જ્યારે આ આ વર્ષે પણ ૩૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે. પરંતુ વિદ્યાર્થીઓ હજુ અહીં આવ્યા નથી. અત્યારે હાજર ૨૦ વિદ્યાર્થીઓ માટે ગુજરાત યુનિવર્સિટી દ્વારા ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે.વિદ્યાર્થીઓ જાણ કર્યા વિના અમદાવાદ છોડી શકશે નહીં. ICCR(ઇન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન્સ)દ્વારા મળતી સ્કોલરશિપના આધારે અનેક વિદેશી વિદ્યાર્થીઓ ભારતમાં અભ્યાસ કરવા આવે છે, ત્યારે ગુજરાત યુનિવર્સિટીમાં પણ અલગ અલગ દેશના વિદ્યાર્થીઓ દર વર્ષે અભ્યાસ કરવા આવે છે. જેમાં ગુજરાત યુનિવર્સિટીમાં UG, PG અને PHDમાં ૨૦ વિદ્યાર્થી અભ્યાસ કરી રહ્યા છે. બાંગ્લાદેશમાં ઈમરજન્સીની સ્થિતિ ઊભી થતાં ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ દ્વારા તાત્કાલિક બાંગ્લાદેશના વિદ્યાર્થીઓને બોલાવીને બેઠક કરવામાં આવી હતી. કુલપતિ નીરજા ગુપ્તાએ બાંગ્લાદેશના વિદ્યાર્થીઓ સાથે બેઠકમાં વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મેળવી હતી. વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દ્વારા સુરક્ષાની બાહેંધરી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દ્વારા કેટલીક સૂચના તથા માર્ગદર્શન આપવામાં આવ્યા છે.બાંગ્લાદેશી વિદ્યાર્થીઓને કોઈ મૂંઝવણ હોય અથવા કોઈ મુશ્કેલી હોય તો તે અંગે પણ જાણ કરવા જણાવ્યું છે. કુલપતિએ જણાવ્યું હતું કે બાંગ્લાદેશના વિદ્યાર્થીઓ સાથેની બેઠકમાં સુરક્ષા સહિત કેટલીક જરૂરી સુચના આપવામાં આવી છે. વિદ્યાર્થીઓને અમદાવાદ ના છોડવા માટે ખાસ સૂચના આપવામાં આવી છે.વિદ્યાર્થીઓ અમદાવાદ છોડે તો યુનિવર્સિટીને જાણ કરીને છોડે તેમ જણાવવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓની સુરક્ષા અંગે આશ્વાસન પણ આપવામાં આવ્યું છે. કુલપતિએ વધુમાં જણાવ્યું કે, વિદ્યાર્થીઓને બે મોબાઈલ નંબર આપવામાં આવ્યા છે. આ ઉપરાંત કોઈ કારણસર વિદ્યાર્થીઓ દ્વારા ફોન ન લાગે તો વિદ્યાર્થીઓ પાસેથી પણ વધારાનો એક નંબર લેવામાં આવ્યો છે, જેથી ઈમરજન્સીના સમયમાં સંપર્ક થઈ શકે. વિદ્યાર્થીઓ સાથે કેટલીક વિદ્યાર્થિનીઓ હોવાથી તેમને ફિમેલ ગાર્ડનો પણ નંબર આપવામાં આવ્યો



છે. સોશિયલ મીડિયા પર રિએક્ટ ના કરવા સૂચના આપવામાં આવી છે. તેની સાથે સાથે કોઈ પણ અફવા પર વિશ્વાસ ન કરવા અને સરકારી એડવાઈઝરીનું પાલન કરવા તથા પરિવારના સંપર્કમાં રહેવા જણાવ્યું છે. બાંગ્લાદેશથી તેમને કોઈ સૂચના મળે તો યુનિવર્સિટીના જાણ કરવા પણ જણાવ્યું છે. આ વર્ષે ગુજરાત યુનિવર્સિટીમાં અલગ અલગ દેશના ૨૨૦૦ વિદ્યાર્થીઓને UG,PG અને PHDના કોર્સમાં એડમિશન ફાળવવામાં આવ્યા છે.વિદ્યાર્થીઓને લેટર મોકલવામાં આવ્યા છે.બાંગ્લાદેશના પણ ૩૦૦ વિદ્યાર્થીઓને આ વર્ષે ગુજરાત યુનિવર્સિટીમાં એડમિશન આપવામાં આવ્યું છે. પરંતુ વિદ્યાર્થીઓ હજુસુધી આવ્યા નથી.

# રાજ્યમાં તળાવો અને જળાશયો બાબતે તલસ્પર્શી અહેવાલ રજૂ કરવા હાઈકોર્ટનો આદેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

રાજ્યમાં તળાવો અને જળાશયોન પ્રકારે પુરાણ કરી દેવાના કારણે પર્યાવરણ ઉપર પડતી ગંભીર અસર તેમજ તેના કારણે ચોમાસા દરમિયાન પાણી ભરાઈ જવાની સમસ્યા બાબતે હાઈકોર્ટે ગંભીર નોંધ લઈને સમગ્ર રાજ્યમાં થયો અને વોટરબોડીની તમામ વિગતો રજુ કરવાનું તમામ જિલ્લા કલેકટરો અને વન વિભાગને આદેશ કર્યો છે. આ બાબતે વધુ સુનાવણી બે સપ્તાહ બાદ રાખવામાં આવી છે. એટલું જ નહીં આ ઓર્ડર ની નકલ સરકારી વકીલને પણ મોકલીને તેમને જાણ કરવાનો અદાલતે આદેશ કર્યો છે. હાઈકોર્ટે સુપ્રીમકોર્ટના અને ગુજરાત હાઈકોર્ટના અગાઉના તળાવ, સરોવર સહિતના જળાશયો જેવા જળસ્ત્રોતોને એના એ જ સ્વરૂપમાં જાળવી રાખવા અને જતન કરવા અંગેના જારી ચુકાદાઓનો પણ ઉલ્લેખ પોતાના આદેશ કર્યો હતો અને આમ સમગ્ર રાજ્યમાં જિલ્લાઓ તેમજ વન વિભાગમાં આવેલા જળાશયો બાબતનું રિપોર્ટ હાઈકોર્ટમાં રજૂ કરવાનું મહત્વપૂર્ણ હુકમ કરવામાં આવ્યો છે.

દ્વારકામાં ગેરકાયદેસર રીતે જળાશયોમાં પુરાણ કરી દેવાયું હોવાની બાબત હાઈકોર્ટ સમક્ષ થયેલી અદાલતના તિરસ્કારની અરજીમાં અદાલતને આ બાબતો ધ્યાનમાં આવતા આ આદેશ કરવામાં આવ્યો છે.

દ્વારકાના વિવિધ તળાવ, સરોવર સહિતના જળાશયોમાં પુરાણ કરવાની એક કંપની નાં ટ્રસ્ટ દ્વારા ગેરકાયદે પ્રવૃત્તિને લઈને ખંડપીઠે જળાશયો-જળસ્ત્રોતોના આ પ્રકારે પુરાણ કરી તેનું અસ્તિત્વ મિટાવી નાંખવાના આવા પ્રયાસોની આકરી નિંદા કરી હતી અને દ્વારકાના જિલ્લા કલેકટરને હાઈકોર્ટ સમક્ષ રૂબરૂ હાજર રખાવ્યા હતા જસ્ટિસ અલ્પેશ વાય.કોગજે અને જસ્ટિસ સમીર જે.દવેની ખંડપીઠ સુનાવણી દરમિયાન આ બાબત ધ્યાન ઉપર આવતા અદાલતે અવલોકન કર્યું હતું કે જળાશયોમાં આ પ્રકારના પુરાણના કારણે ઈકો સીસ્ટમ પર પણ ગંભીર અને વિપરીત અસરો પડી છે. તેના કારણે શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યાઓ થઈ છે.

અદાલતે જણાવ્યું હતું કે, અગાઉના ચુકાદાઓ સમગ્ર રાજ્યને લાગુ પડતા હોવાથી રાજ્યભરના તળાવો, સરોવર, જળાશયો સહિતના જળસ્ત્રોતોની વિગતો મંગાવવી જરૂરી છે. માત્ર શહેરી વિસ્તારમાં જ નહી પરંતુ ગ્રામ્ય અને વન્ય જીવન અભયારણ્ય ક્ષેત્ર અથવા બફર ઝોનમાં આ પ્રકારની સ્થિતિ પ્રવર્તી રહી છે. હાઈકોર્ટની ખંડપીઠે રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરોને આદેશ કરતાં જણાવ્યું કે, જે તે જિલ્લા કલેકટરે તેમના કાર્યક્ષેત્ર કે વિસ્તારમાં આવતાં તળાવ, સરોવર, જળાશયો સહિતના જળસ્ત્રોતોની ઓળખ કરી તેનો સર્વે કરવો અને તેની રેવન્યુ રેકોર્ડમાં નોંધ કરવાની રહેશે. જે તળાવ, સરોવરકે જળાશયો આઈડેન્ટીફાયના થઈ શકે તેની પણ નોંધ કરવાની રહેશે. જિલ્લા કલેકટરે કમિશનરેટ વિસ્તાર અને અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી વિસ્તારમાં આવતા તળાવ, સરોવર સહિતના જળાશયો માટે અલગ રિપોર્ટ ફાઈલ કરવાનો રહેશે. રાજ્યના તમામ જિલ્લા કલેકટરો અને ડિસ્ટ્રીક્ટ ફોરેસ્ટ ઓફિસરોએ તેમના વિસ્તારમાં આવેલા તળાવ, સરોવર, જળાશયો સહિતના જળસ્ત્રોતોની ચોમાસાની ચાલુ સીઝન દરમ્યાન જ સર્વે કરી દેવાનો રહેશે કે જેથી તે તળાવ, સરોવરકે જળાશય છે તેનું સાચુ ચિત્ર ખ્યાલ આવી શકે. એટલું જ નહી, હાઈકોર્ટે સર્વે કરાય તે તમામ તળાવ, સરોવર અને જળાશયોનો લેટેસ્ટ ફોટોગ્રાફ્સ સાથેનો રિપોર્ટ ફાઈલ કરવા જિલ્લા કલેકટરો અને ડિસ્ટ્રીક્ટ ફોરેસ્ટ ઓફિસરોને ફરમાન કર્યું છે.

ગુણવત્તાયુક્ત ઉત્પાદન માટે કેન્દ્રની ઝીરો ઈફેક્ટ, ઝીરો ડીફેક્ટ-ઝેડ યોજના

# દેશમાં સૌથી વધુ ગુજરાતના ૪૧,૫૫૬ ઉદ્યોગોને કેન્દ્ર દ્વારા ઝેડ સર્ટિફિકેટ

## ગોલ્ડ સર્ટિ.માં બિહાર ટોપ પર; રાજ્યમાં રાજકોટ-અમદાવાદ સૌથી આગળ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૬

રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતે વધુ એક સિદ્ધિ હાંસલ કરી છે. ગુણવત્તાયુક્ત ઔદ્યોગિક ઉત્પાદન માટે કેન્દ્ર સરકાર દ્વારા અમલી સર્ટિફિકેશન પ્રોસેસ ઝીરો ઈફેક્ટ, ઝીરો ડિફેક્ટ અંતર્ગત ગુજરાતના MSME (સુક્ષ્મ, લઘુ અને મધ્યમ) ઉદ્યોગોનું સૌથી વધુ પ્રમાણન થયું છે. ગુજરાત બાદ કર્ણાટક, બિહાર, મહારાષ્ટ્ર, પંજાબ અને રાજસ્થાનનો ક્રમ આવ્યો છે. એમાંય વડોદરાના એક ઉદ્યોગે તો સતત સાત વખત ગોલ્ડ સર્ટિફિકેટ મેળવવાનો વિક્રમ નોંધાવ્યો છે. ભારત સરકારના લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલયની ઝીરો ઈફેક્ટ, ઝીરો ડિફેક્ટને ઝેડ યોજના નામે ઓળખવામાં આવે છે. આ યોજના હેઠળ એમએસએમઈ ઉદ્યોગોને ઝેડ સર્ટિફિકેટ આપવામાં આવે છે. આ પ્રકારના ઉદ્યોગોમાં વેસ્ટેજ ઘટાડવા, માર્કેટનું વિસ્તાર કરવા, વીજળી અને કુદરતી સંસાધનોનો કાર્યક્ષમ ઉપયોગ અને પર્યાવરણહિતેષી બનાવવા સાથે ઉત્પાદન ક્ષમતા વધારવા માટે આવા ઉદ્યોગોનું સર્ટિફિકેશન કરવામાં આવે છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા આ યોજના અમલી છે. ઉદ્યોગો બેસ્ટ પ્રેક્ટિસ અપનાવે, વૈશ્વિક સ્પર્ધામાં ટકી રહેવા માટે ઉત્પાદનના માપદંડોને બહેતર બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા બ્રોન્ઝ, સિલ્વર અને ગોલ્ડ સર્ટિફિકેટ આપી તેને પ્રમાણિત કરવામાં આવે છે. આ પ્રમાણપત્ર આઈએસઓ જેવું છે, પણ ભારત સરકાર હવે ઉદ્યોગો માટે ઝેડ આપશે. સિક્સ-સિગ્મા કે કાયઝેન જેવું જ ! તેમ એમએસએમઈ સર્ટિફિકેશન એક્સપર્ટ સપના પંચાલે જણાવ્યું હતું. સમગ્ર દેશમાં ગુજરાતમાં સોથી વધુ ૪૧,૫૫૬ ઉદ્યોગોને આ સર્ટિફિકેટ મળ્યું છે. તેમાં ૬૮ ગોલ્ડ, ૯૦ સિલ્વર અને ૪૧,૩૯૮ બ્રોંઝ સર્ટીફિકેટનો સમાવેશ થાય છે. એ બાદ કર્ણાટકમાં ૩૫,૨૮૧, બિહારમાં ૧૭,૬૨૨, મહારાષ્ટ્રમાં ૧૧,૬૪૭, પંજાબમાં ૧૧,૧૬૬ અને રાજસ્થાનમાં ૯,૫૩૮ ઉદ્યોગોને પ્રમાણપત્ર મળ્યું છે. ગોલ્ડ સર્ટિફિકેટ મેળવવામાં બિહારમાં ૭૪ બાદ ગુજરાત ૬૭ ઉદ્યોગો સાથે દ્વિતીય છે. ગુજરાતના જિલ્લાઓની વાત કરીએ તો ઝેડ સર્ટિફિકેટ લેવામાં રાજકોટ ૯,૬૯૨ ઉદ્યોગો સાથે સૌથી આગળ છે. ત્યાં ૯,૬૬૧ બ્રોંઝ, ૧૦ ગોલ્ડ અને ૨૧ સિલ્વર સર્ટીફિકેટ છે. અમદાવાદમાં ૧૪ ગોલ્ડ, ૧૩ સિલ્વર અને ૮,૮૦૪ બ્રોંઝ મળી કુલ ૮,૮૩૧ ઝેડ સર્ટીફિકેટધારકો છે. એ બાદ સુરતમાં ૩ ગોલ્ડ, બે સિલ્વર અને ૭,૬૭૪ બ્રોંઝ મળી કુલ ૭,૬૭૯ ઉદ્યોગોનું સર્ટિફિકેશન થયું છે.

આજુબાજુનો પાંચ કિ.મી. વિસ્તાર કોલેરા ભયગ્રસ્ત

# ઉમરેઠના કાજીવાડ તથા ખાટકીવાડ વિસ્તાર કોલેરાગ્રસ્ત જાહેર

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૬

ઉમરેઠના કાજીવાડ તથા ખાટકીવાડને કોલેરાગ્રસ્ત અને આજુબાજુના પાંચ કિ.મી. વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત જાહેર કરાયો છે. આણંદ જિલ્લાના ઉમરેઠ શહેરી વિસ્તાર ખાતે બે કોલેરા પોઝીટીવ કેસ મળતા કોલેરાનો ઉપદ્રવ ન વધે હેતુથી અને જાહેર આરોગ્યની દૃષ્ટિએ સાવચેતીના પગલાં રૂપે કોલેરાગ્રસ્ત/ કોલેરા ભયગ્રસ્ત વિસ્તારમાં ધી એપેડેમિક ડીસીઝ એક્ટ અન્વયે કોલેરા રેગ્યુલેશન હેઠળ જિલ્લા મેજીસ્ટ્રેટ પ્રવીણ ચૌધરીએ ઉમરેઠ શહેરના વિસ્તાર(કાજીવાડ તથા ખાટકીવાડ)ના આજુબાજુના ૫ કિ.મી વિસ્તારને કોલેરા ગ્રસ્ત/ કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરતું જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે.

# આટકોટ દુષ્કર્મ કેસમાં આરોપી ભાજપના આગેવાન ટાઢાણીના રિમાન્ડ પૂરા થતાં જેલ હવાલે

## અન્ય એક આરોપી હજુ પણ પોલીસ પકડથી દૂર

અમદાવાદ,તા.૬

રાજકોટના આટકોટની માતૃશ્રી ડી.બી. પટેલ કન્યા છાત્રાલયની છાત્રા પર દુષ્કર્મ ગુજારવાના કેસમાં પકડાયેલા ભાજપના આગેવાન અને જસદણની પાચવડા ગામના પૂર્વ સરપંચ મધુ ટાઢાણીના બે દિવસના રિમાન્ડ પુરા થતાં જસદણ કોર્ટે જેલ હવાલે કરવાનો હુકમ કર્યો હતો. જયારે અન્ય એક આરોપી આ કેસમાં હજુ પણ ફરાર છે જેને શોધવા પોલીસે ગતિવિધિ તેજ કરી છે. આટકોટની માતુશ્રી ડી.બી. પટેલ કન્યા છાત્રાલયની છાત્રા પર દુષ્કર્મ ગુજારવાના કેસમાં પકડાયેલા ભાજપના આગેવાન અને જસદણના પાચવડા ગામના પૂર્વ સરપંચ મધુ ટાઢાણીને આજે જસદણ કોર્ટે જેલ હવાલે કરવાનો હુકમ કર્યો હતો. આરોપીના બે દિવસના રિમાન્ડ પોલીસે મેળવ્યા હતા. જે પૂરા થતાં વધુ ૧૦ દિવસના રિમાન્ડની માગણી સાથે કોર્ટમાં રજૂ કર્યો હતો. પરંતુ કોર્ટે પોલીસના વધુ રિમાન્ડની માગણી નામંજૂર કરી હતી. રાજકોટમાં ગોંડલના ડીવાયએસપી ઝાલાએ જણાવ્યું કે આરોપીનો ડીએનએ ટેસ્ટ કરાવવામાં આવ્યો છે. આ ઉપરાંત બીજા પૂરાવા મેળવવાની કાર્યવાહી હાલ ચાલુ છે. ડી.બી. પટેલ કન્યા છાત્રાલયનું જડતી-પંચનામુ કરવામાં આવ્યું છે. આરોપી મધુ ટાઢાણીએ ધરપકડ પહેલાં એક વીડિયો સોશિયલ મીડિયામાંથી વાયરલ કર્યો હતો. જે વીડિયો ક્યાંથી અને કેવી રીતે વાયરલ કર્યો હતો તે અંગે પણ પોલીસ તપાસ કરી રહી છે.આ કેસમાં સંડોવાયેલા ભાજપના બીજા આગેવાન અને વીરનગર ગામના પૂર્વ સરપંચ પરેશ રાદડીયાને આજ સુધી પોલીસ પકડી નહીં શકતા અનેક સવાલો ઉપસ્થિત થયા છે. જે અંગે પોલીસ સૂત્રોએ જણાવ્યું કે આરોપી પરેશને પકડવા માટે પોલીસની ચારથી વધુ ટીમો કામે લગાડવામાં આવી છે.

# નડિયાદ : મજૂરીએ ન જતા પતિ પર પત્નીએ ઉકળતું તેલ નાંખ્યું

## ગંભીર રીતે દાઝી જતાં પતિને સારવાર અર્થે ખસેડાયો

(સંવાદદાતા દ્વારા) નડીયાદ, તા.૬

નડિયાદ તાલુકાના નવા ગામમાં ઘર જમાઈ તરીકે રહેતા બોરીયાવી નગરના યુવકને પત્નીએ કામે જવાના મુદ્દે ઝઘડો કરીને ઉકળતું તેલ નાખતા પતિ ગંભીર રીતે દાજી જતાં તેને સારવાર માટે હોસ્પિટલે ખસેડાયો છે.

મળતી માહિતી મુજબ બોરીયાવી નગરના હીરાપુરામાં રહેતા વિનોદ નટુભાઈ ચૌહાણ (ઉ વ.૩૫) પત્ની રેખા અને ત્રણ સંતાનો સાથે નડિયાદના નવાગામ ખાતે આવેલ સાસરીમાં છેલ્લા ઘણા સમયથી ઘર જમાઈ તરીકે રહે છે અને તેઓ મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે વિનોદભાઈ થોડા દિવસોથી વરસાદ ચાલુ હોઈ મજૂરી કામ અર્થે જતા ન હતા જેથી પત્ની રેખા તેમને અવારનવાર મજૂરી કામ કરવા જવા માટે કહેતી હતી પણ વરસાદના કારણે મજૂરી કામ મળતું ન હોય વિનોદભાઈ ઘરે રહેતા હતા પતિ ઘરે બેસી રહેતા હોય તે પત્ની રેખાને ગમતું ન હતું. દરમિયાન વિનોદભાઈ સાથે પરમ દિવસ બપોરના સમયે પત્ની રેખાએ મજૂરી કામ જવા બાબતે ઝઘડો કર્યો હતો ઉશ્કેરાયલ પત્નીએ ઘરમાંથી ડોલકામાં ગરમ કરેલ ઉકડતું લઈ આવેલ તેલ પતિ વિનોદભાઈના મોઢા, જમણી છાતી પર છાંટ્યું હતું જેને લઈ સખત દાઝી ગયેલ તેમના મોઢાના ભાગે અને છાતીના ભાગે ફોલ્લા પડી ગયા હતા તે સાથે પત્ની રેખા ત્યાંથી ભાગીને નજીકમાં રહેતા માવતરના ત્યાં જતી રહી હતી શરીરે સખત રીતે દાઝી ગયેલ વિનોદભાઈ ને સારવાર અર્થે નડિયાદ સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતા. નડિયાદ ગ્રામ્ય પોલીસે આ અંગે વિનોદભાઈ ચૌહાણની ફરિયાદના આધારે તેમની પત્ની રેખા વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# જમાઅતે ઈસ્લામી હિન્દ દ્વારા બાંગ્લાદેશમાં શાંતિ સ્થાપવા અને હિંસા બંધ કરવાની અપીલ

અમદાવાદ,તા.૬

જમાઅતે ઈસ્લામી હિન્દના પ્રમુખ સૈયદ સઆદતુલ્લાહ હુસૈનીએ બાંગ્લાદેશની વર્તમાન સ્થિતિ અંગે ચિંતા વ્યકત કરી છે અને બાંગ્લાદેશમાં આ કટોકટીની સ્થિતિને સંભાળી રહેલા અધિકારીઓને દેશમાં શાંતિ અને સ્થિરતા પુનઃ સ્થાપિત કરવા માટે તાત્કાલિક અને નિર્ણાયક પગલાં ભરવાની અપીલ કરી છે. સૈયદ સઆદતુલ્લાહ હુસૈનીએ જણાવ્યું હતું કે અમે વ્યાપક હિંસા અને ખાસ કરીને અલ્પસંખ્યક સમુદાયો પર થઈ રહેલા અત્યાચારોથી ગંભીરતાથી ચિંતિત છીએ. અમે આ હુમલાઓની ભારપૂર્વક નિંદા કરીએ છીએ અને અલ્પસંખ્યકો તેમજ અન્ય સંવેદનશીલ જૂથોની સુરક્ષા અને સલામતી માટે તાત્કાલિક પગલાં લેવાની માંગ કરીએ છીએ. સિવિલ સોસાયટીના સભ્યો ધાર્મિક સ્થળો અને અલ્પસંખ્યક સમુદાયની મિલકતોની સુરક્ષા માટે આગળ આવી રહ્યા છે તે જોઈને અમને રાહત થાય છે. બાંગ્લાદેશી લોકોની આકાંક્ષાઓનું પ્રતિનિધિત્વ કરતી એક સાચા પ્રતિનિધિ અને લોકશાહી રીતે ચૂંટાયેલી સરકારની તાત્કાલિક સ્થાપના થવી જરૂરી છે. બાંગ્લાદેશની આંતરિક સ્થિતિ પ્રદેશ અને પાડોશી દેશો માટે સુરક્ષાની ચિંતા ન બને તે માટે પણ પગલાં લેવા જોઈએ. આંદોલનકારીઓ અને સામાન્ય લોકોને દેશમાં શાંતિ અને વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવાને પ્રાથમિકતા આપવાની અપીલ જમાઅતે ઈસ્લામી હિન્દે કરી છે.

## પૂણે ખાતે કોર્પોરેટ ગેમ્સની બીજી આવૃત્તિ યોજાઈ

અમદાવાદ,તા.૬

ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડે ૨૬થી ૨૮ જુલાઈ, ૨૦૨૪ દરમ્યાન પૂણેના શ્રી શિવ છત્રપતિ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે તેની કોર્પોરેટ ગેમ્સની બીજી આવૃત્તિનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. ઈન્ડિયન ઓઈલના ચેરમેન શ્રીકાંત માધવ વૈદ્યએ તા.૨૬ જુલાઈ, ૨૦૨૪ના રોજ આ ઈવેન્ટનું ઉદઘાટન કર્યું હતું. આ પ્રસંગે રશ્મિ ગોવિલ, નિયામક (એચઆર) વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઈવેન્ટમાં બેડમિન્ટન, ચેસ, ટેબલ ટેનિસ, કેરમ અને સ્વિમિંગ સહિતની ઈવેન્ટમાં ગેમ્સની શ્રેણી દર્શાવવામાં આવી હતી, જેમાં દેશભરમાંથી ૨૭ મલ્ટિ-ડિવિઝનલ ટીમોના ૬૨૩ કર્મચારીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

## આગામી ૧૧મી સુધી ગ્રેટ ફ્રીડમ ફેસ્ટીવલ ચાલુ રહેશે

અમદાવાદ,તા.૬

એમેઝોન.ઈનના ૬ઠ્ઠી ઓગસ્ટથી ૧૧મી ઓગસ્ટ ૨૦૨૪ સુધી તેના ગ્રેટ ફ્રીડમ ફેસ્ટિવલ દરમ્યાન ઉપલબ્ધ સોદાઓ સાથે સ્વતંત્રતાની ભાવનાની ઉજવણી કરશે. આ વર્ષે ગ્રાહકોને લાખો પ્રોડકટસ પર આકર્ષક ઓફરો મળી શકે છે. ગ્રાહકો ટોચની બ્રાન્ડસમાંથી મહાન મુલ્યની ઓફરો મેળવી શકે છે. વધુમાં એસબીઆઈ ક્રેડિટ કાર્ડ અને ઈએમઆઈ વ્યવહારો સાથે વધારાની ૧૦ ટકા ત્વરીત છુટનો આનંદ મેળવી શકે છે.

**નામ બદલેલ છે**

મારૂં નામ **પિન્કીબેન કાસમભાઈ મન્સુરી**થી બદલીને **રજીયાબેન રફીકભાઈ મન્સુરી** કરેલ છે.

**એડ્રેસ :- ૧૧૨૬, પગીવાસ, કોલવડા, ગાંધીનગર - ૩૮૨૦૨૮**

# હસીનાની હકાલપટ્ટી બાદ સમગ્ર બાંગ્લાદેશમાં હિંસામાં ૧૦૦થી વધુનાં મોત

(એજન્સી) ઢાકા, તા. ૬

શેખ હસીનાના વડાપ્રધાન પદેથી રાજીનામું આપવા અને દેશમાંથી ભાગી ગયા પછી અરાજકતામાં વધારો થયો છે જેમાં બાંગ્લાદેશમાં હિંસામાં ૧૦૦થી વધુ લોકોનાં મોત થયા છે. બીજી તરફ સેનાએ વહેલી તકે સામાન્ય સ્થિતિનું વચન આપ્યું છે. દિવસભરની અશાંતિ અને તણાવની રાત બાદ મંગળવારે સવારે ઢાકામાં સ્થિતિ મોટાભાગે શાંત રહી હતી. બસો અને અન્ય જાહેર પરિવહન જોવા મળ્યું અને વેપારીઓ દુકાનો ખોલી રહ્યા હતા. સરકારી વાહનો કચેરીઓ તરફ જતા હતા. ઓટો રિક્ષાઓ પણ માર્ગો પર જોવા



## હસીનાના મંત્રીઓ, સાંસદો અને પાર્ટી નેતાઓના ઠેકાણાઓ પર લોકોએ હુમલા કર્યા, હસીનાના સત્તાવાર નિવાસ પર તોડફોડ અને આગચંપી કરાઈ

મળી હતી. હસીનાની વિદાયના સમાચાર સોમવારે ફેલાતાં સેંકડો લોકો તેમના નિવાસસ્થાનમાં ઘૂસી ગયા, તોડફોડ કરી અને આંતરિક ભાગોમાં લૂંટફાટ કરી હતી અને સરકાર વિરોધી અભિયાનને ટેકો આપ્યો હતો. રાજધાનીમાં હસીનાના નિવાસસ્થાન સુધા સદન અને અન્ય સંસ્થાઓ પર હુમલો કરવામાં આવ્યો હતો અને તોડફોડ કરી આગ લગાડવામાં આવી હતી. ઢાકા અને ઢાકાની બહાર હસીનાની અવામી લીગ સરકારના મંત્રીઓ, પાર્ટીના સાંસદો અને નેતાઓના રહેઠાણો અને વેપારી મથકો પર પણ હુમલા કરવામાં આવ્યા હતા. સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર હિંસામાં રાજધાની અને અન્ય વિવિધ સ્થળોએ વ્યાપક લૂંટફાટમાં ૧૧૯ લોકો માર્યા ગયા છે. અહેવાલમાં કહેવાયું છે કે સોમવારે સવારે ૧૧થી ૮ વાગ્યાની વચ્ચે ઢાકા મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ૩૭ મૃતદેહો લાવવામાં આવ્યા હતા. હોસ્પિટલના સૂત્રોને ટાંકીને અહેવાલમાં જણાવ્યું હતું કે ૫૦૦ લોકોને વિવિધ ઈજાઓ સાથે હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા જેમાં ગોળીઓથી ઈજાઓ પણ સામેલ છે. ઢાકા ટ્રિબ્યુન અખબારે અહેવાલ આપ્યો છે કે સોમવારે પોલીસ અને હિંસક ટોળા વચ્ચેની અથડામણ બાદ રાજધાનીની બહારના સાવર અને ધમરાઈ વિસ્તારોમાં ઓછામાં ઓછા ૧૮ લોકો માર્યા ગયા હતા. સોમવારે રાજધાનીના ઉત્તરમાં નાગરિક પોશાકમાં સજ્જ ટોળાઓએ દેખાવકારો પર ગોળીબાર કર્યા પછી દસ લોકો માર્યા ગયા હતા. હબીગંજમાં છ, જેસોરમાં આઠ, ખુલનામાં ત્રણ, બરીસાલમાં ત્રણ, લક્ષ્મીપુરમાં ૧૧, કુશ્તિયામાં છ, સતખીરામાં ત્રણ અને ગાઝીપુરના શ્રીપુરમાં છ લોકો માર્યા ગયા હતા.

# 'પાકિસ્તાન આ ઘટનાક્રમથી ખુશ થશે' : બાંગ્લાદેશ સંકટ અંગે ઢાકામાં પૂર્વ ભારતીય હાઈ કમિશનર દેબ મુખર્જીનું મંતવ્ય

(એજન્સી) તા.૬

IFS (નિવૃત્ત) અને ઢાકા ખાતેના પૂર્વ ભારતીય હાઈ કમિશનર દેબ મુખર્જીએ ધ ટેલિગ્રાફના સંકર્ષણ ઠાકુર સાથે બાંગ્લાદેશ કટોકટી પર વાત કરી હતી.



**પ્રશ્ન : ભારતીય ઉપખંડમાં મુખ્ય ઘટનાઓના સંદર્ભમાં તમે આજે બાંગ્લાદેશમાં બનતી ઘટનાઓને કેવી રીતે જુઓ છો ?**

## મુખર્જીએ કહ્યું કે, ચીન પણ ખૂબ જ કાળજીપૂર્વક નજર રાખશે, અમે સૌથી વધુ પ્રભાવિત છીએ કારણ કે, અમારી સહિયારી સરહદ છે અને તેથી અમારા માટે અસરો પણ ઘણી મોટી છે, આપણે જોવું પડશે કે બાંગ્લાદેશની રાજનીતિ અને લોકો આને કેવી રીતે ઉકેલે છે

મુખર્જી : આ અંગે કહેવું બહુ વહેલું છે, પરંતુ આ એક મહત્ત્વપૂર્ણ ક્ષણ છે. ૨૦૦૭માં નેપાળમાં આવું થયું હતું જ્યારે સૈન્ય (રાજશાહીના કમાન્ડ હેઠળ) એ લોકો પર ગોળીબાર કરવાનો ઈનકાર કર્યો હતો અને લોકશાહીમાં પાછા ફરવાની માંગને રાજા જ્ઞાનેન્દ્ર દ્વારા સ્વીકારવી પડી હતી.

**પ્રશ્ન : ભારત માટે આની શું અસર છે ?**

મુખર્જી : ફરીથી હું એ કહીશ કે આ નિર્ણય કરવા માટે આ સમય વહેલો છે. સત્ય એ છે કે, શેખ હસીનાની અવામી લીગ સરકારના ભારત સાથે ઘણા વર્ષોથી ખૂબ સારા સંબંધો હતા. ઘણી બાબતો ખૂબ જ સકારાત્મક રીતે આગળ વધી છે, ખાસ કરીને વેપારમાં, પાવર સેક્ટરમાં, સંચાર અને પરિવહનમાં. બાંગ્લાદેશમાં શેખ હસીના પર એક આરોપ એવો હતો કે, તે ખૂબ જ ભારત તરફી હતી. હું તેના પર ટિપ્પણી કરવા સક્ષમ નથી, પરંતુ ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ખૂબ સારા સંબંધો છે.

**પ્રશ્ન : શું તમે હવે આ બધું બદલાતા જોઈ રહ્યા છો ? તમે કહો છો તેમ શેખ હસીનાને ભારત તરફી તરીકે જોવામાં આવતી હતી અને હવે તેમની હકાલપટ્ટી કરવામાં આવી છે ?**

મુખર્જી : નવી સર્વપક્ષીય સરકાર શું કરશે તે જોવાનું રહેશે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે, આવી સરકારની રચના નવેસરથી ચૂંટણીઓ તરફ દોરી જશે. આ બાંગ્લાદેશ માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ ઘટનાઓ છે અને આશા રાખીએ કે સ્થિરતા ઝડપથી પાછી આવે અને વધુ કોઈ જાનહાનિ ન થાય.

**પ્રશ્ન : શું તમે માનતા નથી કે બાંગ્લાદેશમાં જમાતને જીતનો અહેસાસ થતાં ભારત માટે વસ્તુઓ પ્રતિકૂળ બનશે ? બાંગ્લાદેશમાં મજબૂત, સશક્ત જમાત આપણા માટે શું સૂચવે છે ?**

મુખર્જી : જમાતની ભૂમિકા શું હશે અને ભારત માટે તેનો અર્થ શું હશે તે અંગે તરત જ અનુમાન લગાવવું થોડું મુશ્કેલ છે. જમાત ભૂતકાળમાં ભારત માટે મૈત્રીપૂર્ણ રહી નથી, પરંતુ હું ભવિષ્યની આગાહી કરી શકતો નથી. બાંગ્લાદેશમાં જમાતને માત્ર પાંચ ટકા વોટ શેર મળ્યો છે. વસ્તુઓ પ્રવાહમાં છે. ભારત સાથે બાંગ્લાદેશનો રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક હિસ્સો હતો અને મને આશા છે કે, ભારત-બાંગ્લા સંબંધોના મુખ્ય પાસાઓને સુરક્ષિત કરી શકાશે.

**પ્રશ્ન : બાંગ્લાદેશની રચનાનો એક ઈતિહાસ છે અને ત્યાં જે થાય છે તે ભાગ્યે જ પાકિસ્તાનથી અલગ થઈને જોઈ શકાય છે.**

મુખર્જી : હું કહી શકું છું કે, બાંગ્લાદેશમાં આ ઘટનાઓથી પાકિસ્તાનીઓ ખૂબ ખુશ થશે. ચીનીઓ પણ આ ઘટનાક્રમ પર ખૂબ ધ્યાનથી નજર રાખશે. અમે સૌથી વધુ પ્રભાવિત છીએ કારણ કે, અમારી સહિયારી સરહદ છે અને તેથી અમારા માટે અસરો ઘણી વધુ છે. આપણે જોવાનું રહેશે કે બાંગ્લાદેશની રાજનીતિ અને લોકો આને કેવી રીતે ઉકેલે છે.

**પ્રશ્ન : શું તમે માનો છો કે, ભારત માટે શેખ હસીનાને જામીન મુક્ત કરવા અને તેમને સુરક્ષિત આશ્રય આપવાનું અનુમાન કરવામાં આવે છે તે યોગ્ય હતું ?**

મુખર્જી : મને લાગે છે કે, કેટલાક નિર્ણયો એવા હોય છે જે રાજકારણ કે મુત્સદ્દીગીરીની વિચારણાથી આગળ વધે છે. મુશ્કેલીના સમયે મૈત્રીપૂર્ણ પડોશી નેતાનું રક્ષણ કરવાની આપણી ફરજ છે. શેખ હસીના મૈત્રીપૂર્ણ છે. તે સાચો નિર્ણય છે.

**પ્રશ્ન : ઐતિહાસિક રીતે કહીએ તો શું તમે કહેશો કે આ બાંગ્લાદેશમાં શેખ મુજીબુર રહેમાનના વારસા અને પરિવારનો અંત છે ?**

મુખર્જી : તે ખૂબ જ રસપ્રદ પ્રશ્ન છે. બાંગ્લાદેશના જન્મ માટેના સંઘર્ષમાં શેખ મુજીબનું યોગદાન જાહેર રેકોર્ડની બાબત છે. એ વાતને કોઈ નકારી શકે નહીં. મારે એ પણ કહેવું જોઈએ કે હસીનાને બાંગ્લાદેશના વડાંપ્રધાન બનવા માટે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો, મને ખબર છે કે, તેમને કેવા પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. અવામી લીગનો રેકોર્ડ ઉત્કૃષ્ટ રહ્યો છે, ખાસ કરીને બાંગ્લાદેશે આર્થિક પ્રગતિ કરી છે.

શેખ હસીનાની કાર્યપદ્ધતિ અંગે આરોપો છે. હું તેના પર ટિપ્પણી કરવા સક્ષમ નથી. પરંતુ જે આંદોલને બાંગ્લાદેશને હચમચાવી મૂક્યું છે. અવામી લીગના નેતાઓ દ્વારા કરવામાં આવેલા કેટલાક આક્રમક નિવેદનો દુર્ભાગ્યપૂર્ણ હતા. મને લાગે છે કે, ઈસ્લામિક કટ્ટરવાદ સામે લડવા માટે બાંગ્લાદેશે શેખ હસીનાનો આભાર માનવો જોઈએ.

# રાહુલે મોચીને મળવાનો વીડિયો પોસ્ટ કર્યો, કહ્યું 'ભારતના નિર્માતાઓ' દેશનું ભાગ્ય બદલી શકે છે

## કોંગ્રેસના સાંસદ તાજેતરમાં ઉત્તર પ્રદેશના સુલતાનપુરથી લખનૌ પરત ફરતી વખતે મોચી રામ ચેતજીને મળ્યા હતા

(એજન્સી) તા.૬

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે ભારતની સૌથી મોટી સંપત્તિ કારીગરોના પરિવારોની "પરંપરાગત કુશળતા"માં રહેલી છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે જો આવા "ભારતના નિર્માતાઓ"ને જરૂરી સમર્થન મળે, તો તેઓ માત્ર પોતાનું ભાગ્ય જ નહીં પણ દેશનું ભાગ્ય પણ બદલી શકે છે. કોંગ્રેસના સાંસદે ઉત્તર પ્રદેશના સુલતાનપુરથી લખનૌ પરત ફરતી વખતે મોચી સાથેની તેમની તાજેતરની મુલાકાતના વીડિયો સાથે શેર કરેલી પોસ્ટમાં આ ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું કે, "ભારતની સૌથી મોટી સંપત્તિ કામદારોના પરિવારોની 'પરંપરાગત કૌશલ્ય'માં રહેલી છે. તાજેતરમાં, સુલતાનપુરથી પરત ફરતી વખતે, હું જૂતાના કારીગર રામ ચેતજીને મળ્યો, જેમણે મને પ્રેમથી પોતાના હાથથી બનાવેલા જૂતાની ખૂબ જ આરામદાયક અને ઉત્તમ જોડી મોકલી" ગાંધીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે,"દેશના ખૂણેખૂણે



અલગ-અલગ કૌશલ્યો ધરાવતી આવી કરોડો પ્રતિભાઓ છે. જો આ 'ભારતના નિર્માતાઓ'ને જરૂરી સમર્થન મળે તો તેઓ માત્ર પોતાનું જ નહીં પરંતુ દેશનું ભાગ્ય પણ બદલી શકે છે," ગાંધીએ શેર કરેલા વીડિયોમાં, તેઓ ચંપલ સીવવામાં હાથ અજમાવતા અને મોચીની આવક વિશે પૂછતા જોવા મળે છે. વિડિયોમાં તે ક્ષણ પણ કેપ્ચર કરવામાં આવી હતી જ્યારે કોંગ્રેસના નેતાએ તેની દુકાન પર થોડો સમય રોક્યાના એક દિવસ પછી મોચીને ગાંધી પાસેથી સિલાઈ મશીન મળ્યું હતું. વીડિયોમાં, રામ ચેત કહે છે કે તે ખાસ ભેટ મેળવીને ખૂબ જ ખુશ છે અને રાહુલ ગાંધી માટે જૂતા સીવે છે જે ભેટ માટે મોચીનો આભાર માને છે અને તેને પહેરે છે. ગાંધી ૨૦૧૮ના માનહાનિના કેસમાં કોર્ટમાં હાજર થવા સુલતાનપુર ગયા હતા.

# કોંગ્રેસનો ચૌહાણ પર વિશેષાધિકાર ભંગની નોટિસ રજૂ કરવા માટે RSમાં ખોટું બોલવાનો આરોપ

## પાર્ટીના પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ કહ્યું કે લાખો ખેડૂતો પીડિત છે, મોદી સરકાર તેમને "વધેરી નાખવાનો" ઈરાદો ધરાવે છે

(એજન્સી) તા.૬

કોંગ્રેસે કેન્દ્રીય કૃષિ પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણ પર તેમના મંત્રાલય પરની ચર્ચાનો જવાબ આપતી વખતે રાજ્યસભાને "જૂઠું બોલવા" અને "ગુમરાહ" કરવાનો આરોપ મૂક્યો અને કહ્યું કે તે તેમની સામે વિશેષાધિકાર ભંગનો કેસ કરશે. કોંગ્રેસના મહાસચિવ રણદીપ સુરજેવાલાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના સંસદીય દળના વડા સોનિયા ગાંધીના નેતૃત્વમાં સમગ્ર વિપક્ષે રાજ્યસભામાં કૃષિ પ્રધાનની ટિપ્પણીનો બહિષ્કાર કર્યો હતો અને મોદી સરકારની નીતિઓ અને પગલાં "ખેડૂત વિરોધી" હોવાથી વોકઆઉટ કર્યો હતો. સુરજેવાલાએ જણાવ્યું હતું કે લાખો ખેડૂતો પીડિત છે, અને મોદી સરકાર તેમને "વધેરી નાખવાનો" ઈરાદો ધરાવે છે. તેમણે એક મીડિયા બ્રીફિંગમાં કહ્યું કે, "કૃષિ પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણનું જૂઠ રંગે હાથે પકડાયું કારણ કે મોદી સરકારે ૬ ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ સુપ્રીમ કોર્ટમાં એક એફિડેવિટ આપી હતી, જેમાં કહ્યું હતું કે દેશના ખેડૂતોને ખર્ચ વત્તા ૫૦ ટકા આપી શકાય નહીં કારણ કે આ બજાર ડહોળાઈ જશે." ચૌહાણે ગૃહના ફ્લોર પર સ્વીકાર્યું કે સરકાર જ્યારે જરૂરિયાત ઊભી થાય ત્યારે જ MSP (લઘુત્તમ ટેકાના ભાવ) પર પાક ખરીદે છે, જેનો અર્થ છે કે સરકારે સ્વીકાર્યું કે તે MSP પર ખેડૂતોના પાકની ખરીદી કરતી નથી કારણ કે તે તેને જરૂરી માનતી નથી, સુરજેવાલાએ



કહ્યું કે, કરોડો ખેડૂતો MSPની કાયદેસર ગેરંટી માંગે છે અને દેશના કૃષિ પ્રધાન સંસદમાં ખાલી વચનો આપતા રહે છે. તેમણે ઉમેર્યું કે,"ખેડૂતો અને મજૂરોના અધિકારો માટેનો આ સંઘર્ષ રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેના નેતૃત્વમાં ચાલુ રહેશે,"

સુરજેવાલાએ કહ્યું કે ગૃહ અને દેશને "ગેરમાર્ગે" કરવાના આરોપમાં ચૌહાણ સામે વિશેષાધિકાર ભંગનો કેસ પણ ઉઠાવવામાં આવશે.

"મોદી સરકારનું વર્તન, ચરિત્ર અને ચહેરો ખેડૂત વિરોધી છે. એક તરફ, મોદી સરકારે ગૃહમાં કહ્યું કે તે ખર્ચ પર ૫૦ ટકા નફો આપશે અને કોંગ્રેસે સ્વામીનાથન કમિશનના અહેવાલને કચરાપેટીમાં ફેંકી દીધો છે.

"બીજી તરફ, મોદી સરકારે ૬ ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ સુપ્રીમ કોર્ટમાં એક સોગંદનામું આપ્યું હતું, જેમાં કહ્યું હતું કે ખેડૂતોને ખર્ચ પર ૫૦ ટકા નફો ક્યારેય આપી શકાતો નથી અને કોંગ્રેસે સ્વામીનાથન કમિશનની ૧૭૫ ભલામણો લાગુ કરી હતી." "આવી સ્થિતિમાં સત્ય શું છે અને અસત્ય શું છે ? ભાજપ માત્ર લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહી છે. આ દર્શાવે છે કે તેમની વિચારસરણી ખેડૂત વિરોધી છે."

કોંગ્રેસના દિગ્ગજ સાંસદ અને મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહે આરોપ લગાવ્યો કે ચૌહાણને જૂઠ બોલવાની આદત છે.તેમણે કહ્યું કે, "કમલનાથ જીના નેતૃત્વમાં, મધ્યપ્રદેશની કોંગ્રેસ સરકારે લગભગ ૩૭ લાખ ખેડૂતોની લોન માફ કરી હતી. પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે પણ નિવેદન આપ્યું હતું કે કોંગ્રેસના શાસન દરમિયાન ખેડૂતોની લોન માફ કરવામાં આવી હતી"

પરંતુ ગૃહમાં, ચૌહાણે દાવો કર્યો હતો કે કોંગ્રેસને આપવામાં આવેલી તકમાં, ખેડૂતોની લોન માફ કરવામાં આવી ન હતી સિંહે ઉમેર્યું હતું કે, આ "સંપૂર્ણપણે ખોટું" છે અને તેના પુરાવા પ્રદાન કરવામાં આવશે. આમ આદમી પાર્ટીના સભ્ય સંજય સિંહે કહ્યું કે ચૌહાણે દાવો કર્યો છે કે તેમણે ખાતરની કિંમતમાં ૧૦ રૂપિયાનો ઘટાડો કર્યો છે, જે ખોટો છે. "યુરિયાની એક બોરીમાં ૧૦ કિલોનો ઘટાડો કરવામાં આવ્યો હતો અને જ્યારે પહેલા ૫૦ કિલોની બોરીની કિંમત રૂા. ૨૬૮ હતી, હવે તેની કિંમત રૂા. ૨૬૬ છે. તેથી માત્ર રૂા. ૨નો ઘટાડો થયો હતો, "તેમણે જણાવ્યું હતું. "કૃષિ મંત્રી દેશને ગેરમાર્ગે દોરી રહ્યા છે."

# ઉત્તરપ્રદેશનું નઝુલ પ્રોપર્ટી બિલ શું છે અને ભાજપના ધારાસભ્યો તેનો શા માટે વિરોધ કરી રહ્યા છે....?

(એજન્સી) લખનૌ, તા.૬

ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા રજૂ કરાયેલ એક બિલ કે જે નઝુલ જમીનના કોઈપણ પ્લોટને ફ્રી હોલ્ડિંગને નામંજૂર કરે છે અને જેનું અમલીકરણ ફ્રીહોલ્ડની માંગ કરતી તમામ પેન્ડિંગ અરજીઓને આપમેળે રદ કરે છે, તેના વિરોધમાં ભાજપના બે ધારાસભ્યો પણ જોડાતા વિવાદ શરૂ થયો છે.

ઉત્તરપ્રદેશ નઝુલ પ્રોપર્ટીઝ (સાર્વજનિક હેતુઓ માટે વ્યવસ્થાપન અને ઉપયોગ) બિલ ગુરૂવારે પસંદગી સમિતિને મોકલવામાં આવ્યું હતું અને વિપક્ષના હોબાળા અને ભાજપના બે ધારાસભ્યો હર્ષવર્ધન બાજપાઈ અને સિદ્ધાર્થનાથ સિંહ દ્વારા ઊઠાવવામાં આવેલા વાંધાઓ વચ્ચે વિધાનસભા દ્વારા તેને મંજૂરી આપવામાં આપવામાં આવી હતી. વિપક્ષનો આરોપ છે કે, માર્ચમાં રજૂ કરાયેલા યુપી નઝુલ પ્રોપર્ટીઝ (મેનેજમેન્ટ એન્ડ યુટિલાઈઝેશન ફોર પબ્લિક પર્પઝ) વટહુકમને બદલવા માંગતા આ બિલની વ્યાપક અસર પડશે અને હજારો લોકોએ આશ્રય ગુમાવવો પડશે.

નઝુલ પ્રોપર્ટી, બિલ મુજબ, જમીનનો કોઈ પણ ટુકડો, ઈમારત અથવા ઈમારત સાથેની કોઈપણ જમીન કે જે જાહેર રેકોર્ડ મુજબ સરકારી મિલકત છે અને તે તમામ મિલકતો, જમીન અને ઈમારતો જે બંધારણની કલમ ૨૯૬ મુજબ રાજ્ય સરકારને સોંપવામાં આવશે. વધુમાં નઝુલ જમીનમાં તે તમામ પ્લોટનો પણ સમાવેશ થાય છે જેમાં સરકારી ગ્રાન્ટ એક્ટ ૧૮૯૫ હેઠળ અથવા બ્રિટિશ સરકારના એક્ઝિક્યુટિવ અધિકારી દ્વારા ગ્રાન્ટ આપવામાં આવી હતી અથવા એવી કોઈપણ જમીન કે જે ખાનગી જમીન નથી અને જેના સંબંધમાં લીઝ ડીડ્સ, લાયસન્સ અથવા ભોગવટાના અધિકારો સૂચના દ્વારા જાહેર કર્યા મુજબ આપવામાં આવ્યા છે.

**બિલ શું કહે છે ? :**

આ બિલ એ સુનિશ્ચિત કરશે કે આ અધિનિયમ અમલમાં આવ્યા પછી રાજ્યમાં કોઈપણ ખાનગી વ્યક્તિ અથવા એકમ કોઈપણ નઝુલ મિલકત માટે ફ્રીહોલ્ડ અધિકારો મેળવી શકશે નહીં. એકવાર આ અધિનિયમ અમલમાં આવ્યા પછી કોઈપણ નિર્ણય, હુકમનામું અથવા વિરુદ્ધ આદેશ અથવા તે સમયે વલણમાં રહેલી અન્ય કોઈપણ કાયદેસરતા અથવા કોઈપણ સરકારી આદેશને ધ્યાનમાં લીધા વિના નઝુલ જમીન માટે ફ્રીહોલ્ડ અધિકારોની માંગ કરતી તમામ બાકી કાર્યવાહી અથવા અરજીઓ સમાપ્ત થઈ જશે. અરજદારોને તેમના દ્વારા ચૂકવવામાં આવેલ કોઈપણ નાણાં SBIના શ્રેષ્ઠ ધિરાણ દરના સીમાંત ખર્ચના વ્યાજ દરે પરત કરવામાં આવશે. એકવાર તે અમલમાં આવ્યા પછી નઝુલ જમીનની અનુદાન યોગ્ય પ્રક્રિયા પછી જ જાહેર એકમોને કરવામાં આવશે. સરકાર એવા લીઝધારકોના લીઝ ડીડ ચાલુ રાખી



શકે છે જેઓ સમયસર ભાડું ચૂકવતા હોય અને ડીડની કોઈપણ શરતનું ઉલ્લંઘન કર્યું ન હોય. લીઝની અવધિ પૂર્ણ થયા પછી આવી જમીન, તમામ બોજોથી મુક્ત થયા પછી આપમેળે રાજ્ય સરકારને સોંપવામાં આવશે. અન્ય જોગવાઈ છે કે, તમામ વર્તમાન લીઝ ડીડ ધારકોએ ત્રણ મહિનાની અંદર જમીન અને મકાન અને આ જમીનના ઉપયોગની વિગતો જિલ્લા મેજિસ્ટ્રેટ (DM) સમક્ષ રજૂ કરવી પડશે.

વધુમાં તમામ લીઝ ડીડનો સમયાંતરે સર્વે કરવામાં આવશે અને જ્યાં પણ ડીડ ધારક તેની શરતો અનુસાર ડીડનો ઉપયોગ કરી રહ્યો નથી અથવા આવી જમીનનો શરતોનું ઉલ્લંઘન કરીને ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, તો ડીએમની ભલામણ પર સરકાર, ડીડનો સમયગાળો અથવા પ્લોટનો વિસ્તાર અથવા બંને અથવા ખતને સમાપ્ત કરી શકે છે. સરકાર ફ્રીહોલ્ડ રાઈટ્સ રદ કરી શકે છે અને આવા તમામ કેસોમાં જમીન અને મકાન હસ્તગત કરી શકે છે. સપાના વડા અખિલેશ યાદવે આ બિલને 'અમાનવીય' ગણાવ્યું છે અને કોંગ્રેસની આરાધના મિશ્રાએ પૂછ્યું છે કે, શું સરકાર પ્રયાગરાજમાં નઝુલ જમીન પર સ્થાપિત હાઈકોર્ટ, ન્યાયાધીશોના બંગલા, શાળાઓ અથવા સરકારી કચેરીઓ ખાલી કરશે. કુંડલાના ધારાસભ્ય અને જનસત્તા દળ (લોકતાંત્રિક)ના નેતા રાજા ભૈયાએ ધ્યાન દોર્યું કે પ્રયાગરાજમાં બ્રિટિશ યુગની ઘણી નઝુલ મિલકતો હતી. સાગર પેશા એ પ્રયાગરાજની મધ્યમાં આવેલી ઝૂંપડપટ્ટીઓ છે. આવા હજારો લોકો ઘરવિહોણા થઈ જશે. કુંડલાના ધારાસભ્યએ કહ્યું, પ્રયાગરાજમાં જ ફ્રીહોલ્ડ રાઈટ્સ અંગે લગભગ ૩૨૦૦ અરજીઓ પેન્ડિંગ છે. એસપી ધારાસભ્ય આર.કે. વર્માએ આ બિલની જોગવાઈ સામે વાંધો ઉઠાવ્યો હતો કે, પીડિત વ્યક્તિ બિલના સંબંધમાં ડીએમ સમક્ષ જ અપીલ કરી શકે છે ન્યાયતંત્ર સામે નહીં. તેમના સહયોગી સંદીપ સિંહે દાવો કર્યો હતો કે, આ બિલ ખાનગી ક્ષેત્રના ઉદ્યોગપતિઓને ફાયદો પહોંચાડવા માટે છે. સિંહે આરોપ લગાવ્યો હતો કે, જમીન સંપાદન અધિનિયમ હોવા છતાં સરકાર ગ્રામીણ વિસ્તારોમાં અસરગ્રસ્તોને ચાર વખત અને શહેરી વિસ્તારોમાં બે વખત વળતરની ચૂકવણી ટાળવા માટે આ બિલ લાવી રહી છે. સરકાર અન્ય રાજ્યોના લોકોને કબજો આપવા માંગે છે. જો કે, પ્રયાગરાજના બે બીજેપી ધારાસભ્યોએ પણ આ બિલનો વિરોધ કર્યો હતો. અલ્હાબાદ (ઉત્તર)ના બીજેપી ધારાસભ્ય હર્ષવર્ધન બાજપાઈએ બુધવારે વિધાનસભામાં કહ્યું કે, કેટલીક નઝુલ પ્રોપર્ટી પર લીઝ ડીડ ધારકો ૧૦૦-૨૦૦ વર્ષથી જીવી રહ્યા છે. તેમણે કહ્યું કે, આ પ્રોપર્ટી મોટા બંગલા નથી. કેટલાક નાના પ્લોટમાં પેટા-વિભાજિત છે અને નાના ફ્લેટમાં વહેંચાયેલા બંગલા સાથે ગેરકાયદેસર પ્લોટિંગ કરવામાં આવ્યું છે. કેટલાક પ્લોટ એવા છે જે બ્રિટિશ સરકારે સ્વાતંત્ર્ય સેનાનીઓ પાસેથી હસ્તગત કર્યા હતા અને હવે તે નઝુલ જમીનનો ભાગ છે. અલ્હાબાદ (પશ્ચિમ)ના બીજેપી ધારાસભ્ય સિદ્ધાર્થનાથ સિંહે કહ્યું કે, આમાંથી ઘણી મિલકતો પ્રયાગરાજમાં છે પરંતુ ઘણી કાનપુર, લખનૌ, કુંડા, શ્રાવસ્તી અને બસ્તીમાં આવેલી છે. તેમાંના કેટલાક બોનાફાઈડ લીઝ ડીડ ધારકો છે અને તેમની લીઝ પેઢીઓથી ચાલી આવે છે. બે સૂચનો કરતાં તેમણે જણાવ્યું હતું કે, જે બોનાફાઈડ રહેવાસીઓની લીઝ પેઢીઓથી આપવામાં આવી છે, તેમની લીઝ રિન્યુ કરવામાં આવે. સિંઘે જણાવ્યું હતું કે, નાણાપ્રધાન સુરેશ ખન્નાએ તેમનું સૂચન સ્વીકાર્યું હતું અને બોનાફાઈડ ભાડૂતોની લીઝ ડીડ લંબાવવામાં આવે તેની ખાતરી કરવા ફેરફારોની ખાતરી આપી હતી. મૂળ રહેવાસીઓના ઘણા પરિવારોને બિલ્ડરો/માફિયાઓને ખૂબ જ ઓછી કિંમતે મિલકતો વેચવાની ફરજ પડી હતી. અમારામાંના જેઓ વર્ષોથી અહીં રહેતા હતા, તેમણે લડવું પડ્યું કારણ કે, અમારી સાથે અન્યાયી વર્તન કરવામાં આવ્યું હતું. અલ્હાબાદના કેટલાક રાજવીઓ અને બુદ્ધિજીવીઓ પાસે આવી ભાડાપટ્ટે મિલકતો હતી. અગાઉના અલ્હાબાદના ઘણા પ્રખ્યાત પરિવારોએ સરકારના અભિગમને કારણે પ્રદેશ છોડીને સ્થળાંતર કરવું પડ્યું હતું.

(સૌ.: ધ પ્રિન્ટ.ઈન)

# કાવડયાત્રા : ૪ રાજ્યોમાં કાવડયાત્રીઓને સંડોવતી ૨૦ હિંસક ઘટનાઓ

(એજન્સી) તા.૬

કાવડયાત્રા ૨ ઓગસ્ટે પૂરી થઈ. લગભગ બે અઠવાડિયા સુધી ચાલેલી આ યાત્રામાં હિંસાના ઓછામાં ઓછા ૨૦ દસ્તાવેજી કિસ્સાઓ જોવા મળ્યા હતા. એક કિસ્સામાં કાવડયાત્રીઓ પર સ્થાનિકો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, જ્યારે અન્ય તમામ ૧૯ ઘટનાઓની હિંસામાં કાવડયાત્રીઓ સંડોવાયેલા છે જેમાં હરિયાણાના ફતેહાબાદમાં એક શીખ સંગઠનની સ્કૂલ બસ પરના હુમલાથી લઈને ઉત્તરપ્રદેશના મેરઠમાં એક મુસ્લિમ વ્યક્તિને નિશાન બનાવવા અને રાજસ્થાનના ઝુંઝુનુમાં એક ધાર્મિક સ્થળ પર એક મહિલા સ્નાન કરતી હતી ત્યાં બળજબરીથી જગ્યામાં પ્રવેશ કરવાનો સમાવેશ થાય છે. ત્યારબાદ યુપીના મુઝફ્ફરનગરમાં કાવડયાત્રીઓ દ્વારા માર મારવામાં આવ્યાના પાંચ દિવસ પછી મૃત્યુ પામનાર ઈ-રિક્ષા ડ્રાઈવર મોહિતનો કેસ હતો. પોલીસ કહે છે કે, તેનું મૃત્યુ બીમારીના કારણે થયું હતું જ્યારે મોહિતના પરિવારજનો દાવો કરે છે કે, કાવડયાત્રીઓ દ્વારા કરવામાં આવેલા હુમલામાં તેને થયેલી ઈજાઓને કારણે તેનું મૃત્યુ થયું હતું.

- કાવડયાત્રા દરમિયાન હિંસાના ૨૦ કિસ્સાઓ શું છે ?
- તેઓ ક્યાં થયા હતા ?
- આની પાછળના કારણો શું છે ?

અમે આ ભાગમાં આ પ્રશ્નોના જવાબ આપવાનો પ્રયત્ન કર્યો છે.

**૧૬ દિવસમાં હિંસાની ૨૦ ઘટનાઓ :**

કાવડયાત્રા સાથે જોડાયેલી ૨૦ હિંસક ઘટનાઓમાંથી ૧૪ પશ્ચિમ યુપીમાં, બે ઉત્તરાખંડમાં, બે હરિયાણામાં, એક રાજસ્થાનમાં અને એક પૂર્વ યુપીમાં બની હતી.

- **૧૮ જુલાઈ - બિજનૌર :** હરિદ્વારથી પરત ફરી રહેલા ૩ કાવડયાત્રીઓને સ્થાનિકોએ માર માર્યો.
- **૧૯ જુલાઈ - મુઝફ્ફરનગર :** ભોજનમાં ડુંગળી અને લસણના ઉપયોગને લઈને કાવડયાત્રીઓએ એક ભોજનશાળામાં તોડફોડ કરી.
- **૨૧ જુલાઈ - મુઝફ્ફરનગર :** કાવડયાત્રીઓએ કારમાં તોડફોડ કરી, ડ્રાઈવરને માર માર્યો અને ભોજનશાળા પર હુમલો કર્યો.
- **૨૩ જુલાઈ - હરિદ્વાર :** કાવડયાત્રીઓએ નાની અથડામણ પછી ટ્રક ડ્રાઈવર પર હુમલો કર્યો.
- **૨૩ જુલાઈ - મુઝફ્ફરનગર :** કાવડયાત્રીઓએ મોહિત નામના ઈ-રિક્ષા ડ્રાઈવર પર હુમલો કર્યો. પાંચ દિવસ પછી તેમનું અવસાન થયું. પરિવારનો દાવો છે કે, હુમલાને કારણે તેનું મૃત્યુ થયું હતું, પોલીસનું કહેવું છે કે, તે બીમાર હતો.
- **૨૩ જુલાઈ - હરિદ્વાર :** કાવડયાત્રીઓએ ઈ-રિક્ષા ડ્રાઈવરને માર માર્યો અને તેના વાહનને નુકસાન પહોંચાડ્યું
- **૨૩ જુલાઈ - સહારનપુર :** કાવડયાત્રીઓએ બે ભાઈઓ પર હુમલો કર્યો કારણ કે, તેમની બાઈક અકસ્માતે તેમના કાવડને અડી ગઈ હતી.
- **૨૪ જુલાઈ - મુઝફ્ફરનગર :** ધૂમ્રપાન ન કરવાનું કહેવામાં આવતા કાવડયાત્રીઓએ પેટ્રોલ પંપના કર્મચારીઓ પર હુમલો કર્યો. એક પીડિત આઈસીયુમાં દાખલ.
- **૨૫ જુલાઈ - મુઝફ્ફરનગર :** કાવડયાત્રીઓએ તેમની સામે લાકડી લહેરાવવા માટે એક અપંગ માણસને માર માર્યો.
- **૨૫ જુલાઈ - મુરાદનગર :** કાવડયાત્રીઓએ એક કોન્ટ્રાક્ટ પર કામ કરતા કર્મચારીને માર માર્યો, જેણે તેઓને જે વાડ ઊભી કરી હતી તેના પર ન બેસવાનું કહ્યું.
- **૨૬ જુલાઈ - મેરઠ :** કાવડયાત્રીઓએ એક વ્યક્તિ પર હુમલો કર્યો અને તેની કારની તોડફોડ કરી કારણ કે, તે કથિત રીતે ખોટી બાજુએ ડ્રાઈવ કરી રહ્યો હતો.
- **૨૭ જુલાઈ - મુરાદનગર :** એક યાત્રાળુને ટક્કર માર્યા પછી કાવડયાત્રીઓએ કારમાં તોડફોડ કરી. બાદમાં તેઓએ રસ્તો બ્લોક કરી દીધો હતો.
- **૨૮ જુલાઈ - ઝુનઝુનુ :** કાવડયાત્રીઓએ ધાર્મિક સ્થળ પર મહિલાઓના સ્નાન વિસ્તાર પર આક્રમણ કર્યું. પોલીસ દ્વારા પીછો કરવામાં આવતા તેઓએ પછીથી સ્થાનિક દુકાનોમાં તોડફોડ કરી.
- **૨૯ જુલાઈ - ગાઝિયાબાદ :** અન્ય વાહને એક તીર્થયાત્રીને ટક્કર મારતાં કાવડયાત્રીઓએ પોલીસ વાહનને પલટી નાખ્યું અને તોડફોડ કરી.
- **૨૯ જુલાઈ - ગાઝિયાબાદ :** કાવડયાત્રીઓએ તેમની સાથે ડાન્સ કરવાનો પ્રયાસ કરતા બે ટ્રાન્સજેન્ડર્સને માર માર્યો.
- **૨૯ જુલાઈ - સાહિબાબાદ :** કાવડયાત્રીઓએ દારૂની દુકાનોમાં તોડફોડ કરી અને તેને બંધ કરાવવાનો પ્રયાસ કર્યો.
- **૩૦ જુલાઈ - ફતેહાબાદ :** કાવડયાત્રીઓએ શીખ જૂથ દ્વારા ચલાવવામાં આવતી સ્કૂલની બસ પર હુમલો કર્યો. બે સ્થાનિક હિંદુત્વ કાર્યકર્તાઓ પર ઉશ્કેરણી માટે કેસ નોંધાયો.
- **૧ ઓગસ્ટ - હાપુર :** કોઈએ તીર્થયાત્રીઓ પર થૂંક્યું હોવાના આક્ષેપ પછી કાવડયાત્રીઓએ હુમલો કર્યો અને મદ્રેસામાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો.
- **૧ ઓગસ્ટ - વારાણસી :** વાન આકસ્મિક રીતે તીર્થયાત્રીને ટક્કર મારતાં કાવડયાત્રીઓએ પિક-અપ વાન પર હુમલો કર્યો અને કારના શોરૂમમાં તોડફોડ કરી.
- **૨ ઓગસ્ટ - ગુરૂગ્રામ :** અન્ય વિવાદો વચ્ચે મ્યુઝિક સિસ્ટમને લઈને કાવડયાત્રીઓના બે જૂથો વચ્ચે અથડામણ થતાં ૬ ઘાયલ.

## કાવડયાત્રા સાથે જોડાયેલી ૨૦ હિંસક ઘટનાઓમાંથી ૧૪ પશ્ચિમ ઉત્તરપ્રદેશમાં બની હતી

**હિંસા પાછળના કારણો શું છે ? :**

જ્યારે મીડિયાએ યાત્રામાં ભાગ લઈ રહેલા તીર્થયાત્રીઓ સાથે વાત કરી ત્યારે તેમણે હિંસા માટે બે મુખ્ય કારણો દર્શાવ્યા.

શ્યામ વિદાગર નામના કાવડયાત્રીના જણાવ્યા અનુસાર 'ફક્ત એવા કાવડયાત્રીઓ હિંસા કરે છે જેઓ ઈમાનદારી અને નિષ્ઠા સાથે યાત્રામાં ભાગ લેતા નથી.'

કાવડયાત્રીઓએ ટાંકેલું બીજું કારણ કાવડ (વાંસના થાંભલા સાથે જોડાયેલા ઘડાઓ) કે જે યાત્રાળુઓ વહન કરે છે તેની સામેનું જોખમ છે.

મનોજે નામના કાવડયાત્રીએ મીડિયાને કહ્યું કે, 'કાવડ ખૂબ જ ભારે અને વહન કરવું મુશ્કેલ છે. જ્યારે રસ્તો સાંકડો હોય ત્યારે તે ખાસ કરીને મુશ્કેલ બની જાય છે. કેટલાક ડ્રાઈવરો કાળજીપૂર્વક પસાર થાય છે પરંતુ કેટલાક કરતા નથી અને અમારા કાવડને નુકસાન થાય છે. જ્યારે ડ્રાઈવરો સાંભળતા નથી, ત્યારે અમારે તેમને મારવા પડે છે.'

નીચે કાવડયાત્રીઓ સાથે મીડિયાની સંપૂર્ણ વાતચીત જુઓ.

જો કે, હિંસા પાછળ રાજકીય કારણો પણ છે.

ઓછામાં ઓછા એક કિસ્સામાં હિંસા કથિત રીતે સ્થાનિક હિંદુત્વવાદી તત્ત્વો દ્વારા ઉશ્કેરવામાં આવી હતી. આ ઘટના હરિયાણાના ફતેહાબાદમાં બની હતી, જ્યાં કાવડયાત્રીઓએ શીખ જૂથ દ્વારા સંચાલિત એક સ્કૂલની બસ પર હુમલો કર્યો હતો. પોલીસે કાવડયાત્રીઓને ઉશ્કેરવાના આરોપસર બે હિન્દુત્વવાદી કાર્યકરો સામે ગુનો નોંધ્યો છે. બંને કાર્યકરોએ નવેમ્બર ૨૦૨૩માં પણ ગુરૂદ્વારાને નિશાન બનાવ્યું હતું.

સૌથી મોટો મુદ્દો છૂટનો છે. કાવડયાત્રાને રાજકીય પક્ષો, હિંદુત્વ સંગઠનો અને વહીવટીતંત્ર દ્વારા મોટા પ્રમાણમાં સમર્થન આપવામાં આવે છે.

એવા કિસ્સાઓ બન્યા છે જેમાં પોલીસે કાવડયાત્રીઓ સામે હળવી કે કોઈ કાર્યવાહી કરી અને તેના બદલે હિંસાનો ભોગ બનેલા લોકોને 'મામલો પતાવવા' કહ્યું.

કાવડયાત્રીઓએ માર માર્યાના પાંચ દિવસ બાદ મુઝફ્ફરનગરમાં મૃત્યુ પામેલા ઈ-રિક્ષા ચાલક મોહિતના કેસમાં પોલીસ સામે સવાલો ઊઠી રહ્યા છે.

મોહિતની બહેન નીલમના જણાવ્યા અનુસાર, 'તે (મોહિત) એક સ્વસ્થ યુવાન હતો, જેને અગાઉ કોઈ બીમારી નહોતી. માર મારવાથી થયેલી ઈજાઓ, ખાસ કરીને તેની છાતી અને કિડનીમાં ગંભીર ઈજાઓ હતી. પોલીસે જે કહ્યું તે લખવાની અમને ફરજ પડી હતી. હું વાંચી શકી ન હતી અને હું મારા ભાઈને ઘરે લઈ જવા માંગતી હતી.'

પોલીસે આરોપોને નકારી કાઢ્યા હતા અને કહ્યું હતું કે, તે પરિવાર હતો જેણે પોસ્ટમોર્ટમનો ઈન્કાર કર્યો હતો અને મોહિતનું મૃત્યુ થયું હતું કારણ કે, તે દારૂના નશામાં ડ્રાઈવિંગને કારણે પડી ગયો હતો.

બીજી તરફ નીલમ કહે છે કે, 'તેનું મૃત્યુ થયું કારણ કે, કાવડયાત્રીઓએ તેને ખરાબ રીતે માર્યો હતો. આ વાત બધા જાણે છે.'

જ્યારે એમાં કોઈ શંકા નથી કે મોટાભાગના સમર્થન એ હકીકતને આભારી છે કે, મોટાભાગના કાવડયાત્રીઓ જ્યાંથી આવે છે તે હરિયાણા, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને ઉત્તરાખંડ ભાજપશાસિત છે. એવું પણ નથી કે માત્ર ભાજપ દ્વારા જ તેમને ટેકો આપવામાં આવે છે.

જ્યારે રાજસ્થાનના ઝુંઝુનુમાં પોલીસે મહિલાના નહાવાના વિસ્તારમાં બળજબરીથી ઘૂસેલા કાવડયાત્રીઓ પર લાઠીચાર્જ કર્યો ત્યારે કોંગ્રેસે ખરેખર રાજસ્થાન પોલીસની ટીકા કરી હતી. રાજ્ય વિધાનસભામાં બોલતા રાજસ્થાનના વિપક્ષના નેતા ટીકા રામ જુલીએ કાવડયાત્રીઓ પર પોલીસના લાઠીચાર્જની નિંદા કરતા સીએમ ભજનલાલ શર્માને યાદ કરાવ્યું, 'તમે (CM ભજનલાલ શર્મા) ગિરિરાજ (ભગવાન શિવ)ના ભક્ત છો અમારા નેતા (ભગવાન શિવ) રાહુલ ગાંધી) પણ ભગવાન શિવના ભક્ત છે.'

# બાંગ્લાદેશમાં રાજકીય સંકટ વચ્ચે મમતાની બંગાળના લોકોને ઉશ્કેરણીથી બચવાની સલાહ

(એજન્સી) કોલકાતા, તા.૬

પાડોશી દેશ બાંગ્લાદેશમાં રાજકીય કટોકટી ઘેરાઈ હોવાને પગલે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ રાજ્યના લોકોને શાંતિ જાળવવા અને કોઈપણ ઉશ્કેરણીથી બચવાની સલાહ આપી હતી. મુખ્યમંત્રી મમતા બેનરજીએ રાજ્ય વિધાનસભામાં મીડિયાકર્મીઓને સંબોધતાં જણાવ્યું હતું કે, 'હું પશ્ચિમ બંગાળમાં તમામ સમુદાયોના તમામ નાગરિકોને શાંતિ જાળવવા અને તમામ પ્રકારની ઉશ્કેરણીથી દૂર રહેવા તથા કાયદો હાથમાં લેવાથી દૂર રહેવાની અપીલ કરૂં છું.' મમતા બેનરજીએ વધુમાં જણાવ્યું કે, તેઓ ભારત સરકારની સૂચનાઓ અનુસાર કાર્ય કરશે. બાંગ્લાદેશના ઘટનાક્રમ પર કોઈપણ પ્રકારની ટિપ્પણી કરવાનો ઈન્કાર કરતાં તેમણે જણાવ્યું કે, આ મુદ્દો ભારતના વિદેશ મંત્રાલયનો છે.



આ સાથે જ મમતાએ જણાવ્યું હતું કે, શાંતિ ડહોળનારી કોઈપણ સોશિયલ મીડિયા પોસ્ટથી દૂર રહેવા રાજકીય પાર્ટીઓને સલાહ આપવામાં આવે છે. તેમણે જણાવ્યું કે, બાંગ્લાદેશમાં પ્રવર્તી રહેલી સ્થિતિથી આપણે બધા વાકેફ છીએ. બંગાળ તથા દેશમાં શાંતિ ડહોળાય તેવી કોઈપણ સોશિયલ મીડિયા પોસ્ટ કોઈએ કરવી નહીં. રાજ્યમાં શાંતિનો ભંગ થાય તેવી કોઈપણ પોસ્ટ નહીં કરવા મારી રાજકીય પાર્ટીઓ અને તમામ લોકોને વિનંતી છે. તેમણે જણાવ્યું કે, ભાજપના નેતાઓએ પહેલાં જ આવી પોસ્ટ કરી છે જે તેમના મતે યોગ્ય નથી. સોશિયલ મીડિયા પર ઉશ્કેરણીજનક પોસ્ટ અને અફવાઓ પર ધ્યાન નહીં આપવા મારી સલાહ છે. આ દરમિયાન બંગાળ પોલીસે પણ એક્સ પર પોસ્ટમાં કહ્યું કે, રાજ્ય વહીવટીતંત્ર આ મુદ્દે જાગૃત છે. તમામ શાંતિ જાળવી રાખે. સોશિયલ મીડિયા પર શાંતિ ભંગ કરનારી કેટલીક પોસ્ટ અને વીડિયો અમારા ધ્યાને આવ્યા છે. અફવાઓ પર ધ્યાન આપશો નહીં, ઉશ્કેરણી ફેલાવશો નહીં અને ફેક ન્યુઝના જાળમાં ફસાવશો નહીં.

# કોણ છે નાહિદ ઈસ્લામ ? એક વિદ્યાર્થી નેતા જેણે શેખ હસીના સામે વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કર્યું

**નાહિદ ઈસ્લામ બાંગ્લાદેશમાં સરકારી નોકરીઓમાં ક્વોટા પ્રણાલીમાં સુધારાની માગણી કરતી વિદ્યાર્થીઓની આગેવાની હેઠળના વિરોધ પ્રદર્શન અને વિદ્યાર્થીઓ વિરુદ્ધ ભેદભાવ ચળવળના રાષ્ટ્રીય સંયોજકોમાંનો એક છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

બાંગ્લાદેશમાં લગભગ એક મહિનાથી ચાલતા ક્વોટા વિરોધી અને સરકાર વિરોધી પ્રદર્શનો પછી વડાંપ્રધાન શેખ હસીનાએ રાજીનામું આપ્યું અને તેઓ દેશ છોડીને જતા રહ્યા હતા. વિદ્યાર્થી નેતા નાહિદ ઈસ્લામની આગેવાની હેઠળના દેશવ્યાપી દેખાવોના પગલે તેણીએ રાજીનામું આપ્યું હતું. સ્વતંત્રતા સેનાનીઓના પરિવારો માટે દેશની ક્વોટા નીતિમાં સુધારાની હાકલ તરીકે જે શરૂ થયું તે ધીમે-ધીમે શેખ હસીનાના રાજીનામાની માગણી સાથે સરકાર વિરોધી ચળવળમાં ફેરવાઈ ગયું હતું.

વિરોધીઓએ દેશવ્યાપી કર્ફ્યુનો અવગણના કરી વડાંપ્રધાનના નિવાસસ્થાન પર હુમલો કર્યો અને લોકોના ચળવળ માટે વિજય જાહેર કર્યો હતો.

**વિદ્યાર્થી નેતા નાહિદ ઈસ્લામ વિશે કેટલીક વાતો :**

૧. નાહિદ ઈસ્લામ હાલમાં ઢાકા યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર વિભાગમાં વિદ્યાર્થી છે. તેઓ માનવ અધિકાર રક્ષક તરીકે તેમના કામ માટે જાણીતા છે.

૨. તેઓ બાંગ્લાદેશમાં સરકારી નોકરીઓમાં ક્વોટા પ્રણાલીમાં સુધારાની માગણી કરતા વિદ્યાર્થીઓની આગેવાની હેઠળના વિરોધ પ્રદર્શન 'ભેદભાવ સામે વિદ્યાર્થીઓ' ચળવળના રાષ્ટ્રીય સંયોજકોમાંના એક તરીકે સેવા આપે છે. બાંગ્લાદેશની સર્વોચ્ચ અદાલતે જૂન ૨૦૨૪માં યુદ્ધ નિવૃત્ત સૈનિકો અને સ્વાતંત્ર્ય સેનાનીઓના વંશજો માટે ૩૦ ટકા ક્વોટા પુનઃ સ્થાપિત કર્યા પછી આંદોલન શરૂ થયું હતુ. ચળવળની દલીલ હતી કે, ક્વોટા સરકારી નોકરીઓ મેળવવા માટે ભેદભાવપૂર્ણ અને રાજકીય રીતે ચાલાકીવાળી સિસ્ટમ છે.

૩. નાહિદ શેખ હસીનાની પાર્ટી અવામી લીગ સામે અવાજ ઉઠાવી રહ્યા છે અને તેમને રસ્તાઓ પર તૈનાત 'આતંકવાદી' તરીકે વર્ણવે છે. અગાઉ શાહબાગ ખાતે વિરોધીઓને સંબોધતા તેમણે જાહેર કર્યું કે વિદ્યાર્થીઓએ 'આજે લાકડીઓ ઉપાડી છે' અને જો લાકડીઓ કામ ન કરે તો તેઓ 'શસ્ત્રો ઉપાડવા' તૈયાર છે.

૪. ૧૯ જુલાઈ, ૨૦૨૪ના રોજ નાહિદ ઈસ્લામનું સાબુજબાગના એક ઘરમાંથી સાદા વસ્ત્રોમાં આવેલા ઓછામાં ઓછા ૨૫ માણસોએ અપહરણ કર્યું હતું. વિરોધ પ્રદર્શનમાં તેની સંડોવણી વિશે વારંવાર પૂછપરછ દરમિયાન તેની આંખ પર પટ્ટી બાંધવામાં આવી હતી, હાથકડી બાંધવામાં આવી હતી અને ત્રાસ આપવામાં આવ્યો હતો. બે દિવસ પછી તે પૂર્વાચલમાં એક પુલ નીચે બેભાન મળ્યો હતો.

૫. નાહિદ ઈસ્લામનું ૨૬ જુલાઈ, ૨૦૨૪ના રોજ ધનમંડીની ગોનોષસ્થય નગર હોસ્પિટલમાંથી બીજી વખત અપહરણ કરવામાં આવ્યું હતું. ઢાકા મેટ્રોપોલિટન પોલીસની ડિટેક્ટિવ બ્રાન્ચ સહિત વિવિધ ગુપ્તચર એજન્સીઓએ તેનો અપહરણ કર્યો હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. જો કે, પોલીસે આમાં કોઈ સંડોવણી હોવાનો ઈન્કાર કર્યો છે.

# બાંગ્લાદેશ પર સર્વપક્ષીય બેઠકમાંથી AAPને બાકાત રાખવા પર સંજયસિંહે કહ્યું : 'કેન્દ્રમાં ગંભીરતાનો અભાવ'

(એજન્સી) તા.૬

આમ આદમી પાર્ટીના સાંસદ સંજયસિંહે બાંગ્લાદેશ કટોકટી પર સર્વપક્ષીય બેઠકમાંથી તેમને દૂર રાખવા માટે કેન્દ્રની ટીકા કરી અને જણાવ્યું કે, તે દર્શાવે છે કે, સરકાર આ મુદ્દે ગંભીર નથી. સિંહે જણાવ્યું કે, જ્યારે રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દાઓની વાત આવે છે, ત્યારે કેન્દ્રએ 'નેતૃત્ત્વ લેવું જોઈએ.' AAP સાંસદે જણાવ્યું કે, રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દાઓ પર તે વડાપ્રધાનની વ્યક્તિગત ઈચ્છાઓ પર આધારિત ન હોઈ શકે, જે પક્ષો સાથે તેઓ ખુશ અને નાખુશ છે. લોકસભામાં ત્રણ અને રાજ્યસભામાં ૧૦ સાંસદો ધરાવતી રાષ્ટ્રીય પાર્ટીને સર્વપક્ષીય બેઠકમાંથી બહાર રાખવી એ સરકારની ગંભીરતા અને ઘૃણાસ્પદ માનસિકતાનો અભાવ દર્શાવે છે. બાંગ્લાદેશની સ્થિતિ પર ચર્ચા કરવા કેન્દ્રએ મંગળવારે સર્વપક્ષીય બેઠક બોલાવી અને વિદેશમંત્રી એસ. જયશંકરે વિપક્ષી નેતાઓને પરિસ્થિતિની જાણકારી આપી. એક્સ પરની એક પોસ્ટમાં તેમણે સંસદ ભવનમાં થયેલી મીટિંગની તસવીરો પણ શેર કરી છે. જયશંકરે જણાવ્યું કે, બાંગ્લાદેશમાં ચાલી રહેલા વિકાસને લઈને આજે સંસદમાં સર્વપક્ષીય બેઠક યોજાઈ. સર્વસંમત સમર્થન અને સમજણની પ્રશંસા કરો. વિપક્ષના નેતા રાહુલ ગાંધી સહિત સાંસદોને આ પરિસ્થિતિની સંભવિત સુરક્ષા, આર્થિક અને રાજદ્વારી મુદ્દાઓને ઉકેલવા માટે ભારત સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાં વિશે માહિતી આપતાં વિદેશમંત્રીએ કહ્યું કે, સરકાર યોગ્ય સમયે યોગ્ય પગલાં લેશે. તેમણે સાંસદોને એમ પણ જણાવ્યું કે, બાંગ્લાદેશમાં ૨૦,૦૦૦થી વધુ ભારતીય નાગરિકો છે અને તેમાંથી ૮૦૦૦થી વધુ સ્વદેશ પરત ફર્યા છે. જો કે, પરિસ્થિતિ એટલી ખરાબ નથી કે તેમને બહાર કાઢવાની જરૂર છે. ભારતીય હાઈ કમિશન ભારતીય નાગરિકોના સંપર્કમાં છે.

બાંગ્લાદેશના પૂર્વ વડાંપ્રધાન શેખ હસીના વિશે જે હાલમાં દિલ્હીમાં છે, જયશંકરે જણાવ્યું કે, તેઓ તેમના ભવિષ્યનો નિર્ણય લેવા અને કેન્દ્રને તેના વિશે જાણ કરવા માટે તેમને સમય આપવા માંગે છે. જયશંકરે જણાવ્યું કે, દેશ હસીનાની રક્ષા કરશે.

# NCERTના ધોરણ-૩, ધોરણ-૬ના પાઠ્યપુસ્તકોમાંથી પ્રસ્તાવનાને હટાવાઈ

**પર્યાવરણીય અભ્યાસ (EVS), ગણિત, અંગ્રેજી અને હિન્દી સહિતના મુખ્ય શૈક્ષણિક વિષયો ગણાતા પાઠ્યપુસ્તકોમાંથી પ્રસ્તાવનાને દૂર કરવામાં આવી છે**

(એજન્સી) તા.૬

નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT)એ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે વર્ગ ૩ અને ધો.૬ માટેના વિવિધ પાઠ્યપુસ્તકોમાંથી ભારતીય બંધારણની પ્રસ્તાવનાને બાદ કરી દીધી છે.

પર્યાવરણીય અભ્યાસ (EVS), ગણિત, અંગ્રેજી અને હિન્દી સહિતના મુખ્ય શૈક્ષણિક વિષયો ગણાતા પાઠ્યપુસ્તકોમાં પ્રસ્તાવનાને દૂર કરવામાં આવી છે. આ પગલું ૨૦૨૦માં બીજી મોદી સરકાર દરમિયાન ભારતની નવી રાષ્ટ્રીય શૈક્ષણિક નીતિ (NEP)ના પાલનમાં પાઠ્યપુસ્તકોના સંશોધનના ભાગરૂપે ભરવામાં આવ્યું છે.

ધો.૬ માટે NCERTએ અવર પાસ્ટ-I, સામાજિક અને રાજકીય જીવન-I અને ધ અર્થ, અવર હેબિટેટ નામના ત્રણ EVS પાઠ્યપુસ્તકોને એક્સપ્લોરિંગ સોસાયટી: ઈન્ડિયા એન્ડ બિયોન્ડ નામના એક પુસ્તક સાથે બદલ્યા છે. આ પુસ્તકમાંથી પ્રસ્તાવના દૂર કરવામાં આવી છે, જ્યારે નાગરિકના મૂળભૂત અધિકારો અને ફરજોને પુસ્તકમાં તેમનું સ્થાન મળ્યું છે.

નવી અંગ્રેજી પાઠ્યપુસ્તક, પૂર્વી, જે જૂની પાઠ્યપુસ્તક હની સકલને બદલે છે, તેમાં પ્રસ્તાવનાની જગ્યાએ રાષ્ટ્રગીતનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ધો.૩ માટે હિન્દી, અંગ્રેજી, ગણિત અને EVS પાઠ્યપુસ્તક વિશ્વ આપણી આસપાસના નવા પાઠ્યપુસ્તકોમાંથી ભારતની પ્રસ્તાવના બાદ કરવામાં આવી છે. આ પાઠ્યપુસ્તકોના જૂના સંસ્કરણમાં પ્રથમ થોડા પૃષ્ઠો પર એક પ્રસ્તાવના છપાયેલી હતી. આ પગલાએ NCERT સામે શૈક્ષણિક સમુદાયની ટીકાને આમંત્રણ આપ્યું છે. દરમિયાન NCERTના અભ્યાસક્રમ અભ્યાસ અને વિકાસ વિભાગના વડા પ્રોફેસર રંજના અરોરાએ દાવો કરીને નિર્ણયનો બચાવ કર્યો હતો કે, પ્રસ્તાવના, મૂળભૂત ફરજો, મૂળભૂત અધિકારો અને રાષ્ટ્રગીતને અભ્યાસક્રમના વિવિધ તબક્કામાં વિવિધ પાઠ્યપુસ્તકોમાં મૂકવામાં આવે છે.

અરોરાને ટાંકીને મીડિયાએ જણાવ્યું હતું કે, 'પ્રસ્તાવના માત્ર બંધારણ અને બંધારણીય મૂલ્યોને પ્રતિબિંબિત કરે છે તે સમજણ ખામીયુક્ત અને સંકુચિત છે.'

પલશીકર અને યાદવે જેઓ ધો.૯થી ૧૨ના મૂળ પોલિટિકલ સાયન્સ પુસ્તકોના મુખ્ય સલાહકાર હતા, તેમણે નેશનલ કાઉન્સિલ ફોર એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT)ને પત્ર લખ્યો છે કે, તર્કસંગતતાની કવાયતે પુસ્તકોને 'વિકૃત' કર્યા છે અને તેમને 'શૈક્ષણિક રીતે નિષ્ક્રિય' બનાવ્યા છે. એક શિક્ષણશાસ્ત્રી અને રાજકીય વૈજ્ઞાનિક એવા પાલશીકર અને એક રાજકીય વૈજ્ઞાનિક અને સ્વરાજ ઈન્ડિયાના નેતા યાદવ રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (NCF)ના ૨૦૦૫ સંસ્કરણ પર આધારિત મૂળ ૨૦૦૬-૦૭માં પ્રકાશિત થયેલા ધો.૯થી ૧૨ માટેના રાજકીય વિજ્ઞાન પુસ્તકોના મુખ્ય સલાહકાર હતા). દરેક પુસ્તકની શરૂઆતમાં 'વિદ્યાર્થીઓને પત્ર' અને પાઠ્યપુસ્તક વિકાસ ટીમોની યાદીમાં તેમના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. NCERTએ ધો.૧૦ના નાગરિકશાસ્ત્રના પાઠ્યપુસ્તકોમાંથી રસાયણશાસ્ત્ર અને લોકશાહીના પડકારોમાંથી સામયિક કોષ્ટક પરના પ્રકરણો પણ નોંધપાત્ર રીતે દૂર કર્યા હતા, જેમાં વ્યાપક ટીકાઓ થઈ હતી.

### ઘણા અમેરિકન સૈનિકો ઘાયલ

# ઈરાકમાં મિલિટરી બેઝ પર રોકેટ હુમલો કરાયો

ઈરાક, તા.૬

એજન્સીના જણાવ્યા અનુસાર, સુરક્ષા સૂત્રોએ જણાવ્યું કે સોમવારે પશ્ચિમ ઈરાકમાં સ્થિત બેઝ પર બે કાત્યુષા રોકેટ છોડવામાં આવ્યા હતા. એક સુરક્ષા સૂત્રએ જણાવ્યું કે રોકેટ બેઝની અંદર પડ્યા હતા. ઈરાકમાં એક સૈન્ય મથક પર હવાઈ હુમલાની માહિતી સામે આવી છે, જેમાં ઘણા અમેરિકન જવાનો ઘાયલ થયા છે. રોયટર્સના રિપોર્ટ અનુસાર આ જાણકારી ત્રણ અમેરિકન અધિકારીઓએ આપી છે. ગયા અઠવાડિયે હમાસ અને હિઝબુલ્લાના વરિષ્ઠ સભ્યોની હત્યા બાદ મધ્ય પૂર્વમાં ચિંતા વધી છે. અધિકારીઓએ નામ જાહેર ન કરવાની શરતે જણાવ્યું હતું કે શંકાસ્પદ રોકેટ હુમલો ઈરાકના અલ અસદ એરબેઝ પર થયો હતો. એક અધિકારીએ જણાવ્યું હતું કે, "બેઝ કર્મચારીઓ હુમલાથી થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરી રહ્યા છે."એજન્સીના જણાવ્યા અનુસાર, સુરક્ષા સૂત્રોએ જણાવ્યું કે, સોમવારે પશ્ચિમ ઈરાકમાં લશ્કરી એરબેઝ પર બે કાત્યુષા રોકેટ છોડવામાં આવ્યા હતા. એક સુરક્ષા સૂત્રએ જણાવ્યું કે રોકેટ બેઝની અંદર પડ્યા હતા.ગયા અઠવાડિયે, યુ.એસ.એ ઈરાકમાં એવા વ્યક્તિઓ પર હુમલો કર્યો હતો જેઓ યુએસ અધિકારીઓએ કહ્યું હતું કે આતંકવાદીઓ હતા જેઓ ડ્રોન લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યા હતા અને જેઓ યુએસ અને ગઠબંધન દળો માટે ખતરો હતા.બે દિવસ પહેલા તેહરાનમાં હમાસના નેતા ઈસ્માઈલ હાનિયાની હત્યાનો જવાબ આપવાનું ઈરાન પોતાનું વચન પૂરું કરે છે કે કેમ તેના પર અમેરિકા નજર રાખી રહ્યું છે.પેન્ટાગોને કહ્યું છે કે તે મધ્ય પૂર્વમાં વધારાના ફાઈટર જેટ અને નૌકાદળના યુદ્ધ જહાજો તૈનાત કરશે કારણ કે વોશિંગ્ટન ઈરાન અને તેના સહયોગી હમાસ અને હિઝબોલ્લાહ તરફથી ધમકીઓને પગલે સુરક્ષાને મજબૂત બનાવવા માંગે છે.

# બાંગ્લાદેશ : હિંસક ટોળાએ શેખ હસીનાના પક્ષના નેતાની માલિકીની ઝબીર હોટલને આગ લગાડ્યા બાદ ઓછામાં ઓછા ૨૫ માર્યા ગયા

**૧૦૦થી વધુ લોકો દાઝી જતા તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, અહેવાલો મુજબ આ હોટલ શેખ હસીનાના નેતૃત્વ હેઠળના સત્તાધારી પક્ષ અવામી લીગના સાંસદ શાહીન ચકલાદારની માલિકીની છે, હિંસક પ્રદર્શનકારીઓ હોટલમાં સાંસદને શોધી રહ્યા હતા અને જ્યારે તેઓ તેમને મળ્યા ન હતા ત્યારે ટોળાએ હોટલને આગ લગાવી દીધી હતી**

(એજન્સી) ઢાકા, તા.૬

બાંગ્લાદેશમાં અશાંતિ વચ્ચે જશોરમાં એક ટોળાએ દેશના દક્ષિણ પશ્ચિમ ભાગમાં સ્થિત પ્રખ્યાત ઝબીર રહેણાંક હોટલને કથિત રીતે આગ લગાવી દીધી. હિંસક ટોળાએ હોટલને આગ લગાડ્યા બાદ તેને આગમાં સળગતી દર્શાવતો એક વીડિયો સામે આવ્યો છે. ઓછામાં ઓછા ૨૫ લોકો માર્યા ગયા હતા અને ૧૦૦થી વધુ લોકો દાઝી ગયા હતા અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

અહેવાલો મુજબ આ હોટલ શેખ હસીનાના નેતૃત્વ હેઠળના સત્તાધારી પક્ષ અવામી લીગના સાંસદ શાહીન ચકલાદારની માલિકીની છે. હિંસક પ્રદર્શનકારીઓ હોટલમાં સાંસદને શોધી રહ્યા હતા અને જ્યારે તેઓ તેમને મળ્યા ન હતા, ત્યારે ટોળાએ હોટલને આગ લગાવી દીધી હતી.

મીડિયા અહેવાલ અનુસાર શાહીન ચકલાદાર જેસોર જિલ્લા અવામી લીગના મહાસચિવ છે. ડેપ્યુટી કમિશનર અબ્રારૂલ ઈસ્લામે હિંસક દેખાવકારો અને ટોળા દ્વારા હોટલને આગ લગાડવાના સમાચારની પુષ્ટિ કરી હતી.

પ્રારંભિક અહેવાલો અનુસાર મૃતકોમાં યુવાનો અને સંખ્યાબંધ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

અહેવાલો અનુસાર શેખ હસીનાના રાજીનામાની ઉજવણી કરવા માટે વિરોધીઓ અને ટોળા દ્વારા કરવામાં આવેલા દેખાવો અને સૂત્રોચ્ચાર વચ્ચે, કેટલાક અજાણ્યા વ્યક્તિઓએ જબીર હોટલને આગ લગાવી દીધી હતી. અહેવાલો અનુસાર હોટલના ફર્નિચરની પણ તોડફોડ કરવામાં આવી હતી.

આ ઉપરાંત જિલ્લા અવામી લીગની ઓફિસ અને શારશા અને બેનાપોલ વિસ્તારમાં વધુ ત્રણ અવામી લીગના નેતાઓના ઘરો પર પણ બેકાબૂ દેખાવકારો અને તોડફોડ કરનારાઓએ હુમલો કર્યો હતો.

### ખાડાઓનું શહેર અમદાવાદ ખાડે ગયું હોય તેવી સ્થિતિ !

# ચંડોળા તળાવના પુનઃ વિકાસમાં ખોદાયેલા ખાડામાં ડૂબી જવાથી ત્રણ માસૂમોનાં મોત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૬

અમદાવાદને સ્માર્ટ સિટી બનાવવા હાલ વિકાસના અનેક કામો થઈ રહ્યા છે. ત્યારે ચંડોળામાં થઈ રહેલા વિકાસે ત્રણ માસૂમોનો ભોગ લીધો હતો. અહીં તંત્રે કામગીરી દરમ્યાન ઉંડા ખાડા ખોદયા પણ કોઈ સાવધાની રાખી ન હોવાની લોક ચર્ચાએ જોર પકડયું છે. અમદાવાદ શહેરમાં કરૂણાંતિકા સર્જાઈ છે. ચંડોળા તળાવમાં નાહવા પડેલા શ્રમિક પરિવારના ત્રણ બાળકોનાં મોત થતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. શહેરના દાણીલીમડા વિસ્તારમાં ચંડોળા તળાવના રિડેવલોપમેન્ટ માટે ખોદાયેલા ખાડામાં ભરાયેલા વરસાદી પાણીમાં રમતાં રમતાં ૧૦થી ૧૨ વર્ષની ઉંમરનાં ત્રણ બાળકો પડી ગયાં હતાં. આ બાળકો સોમવારે બપોર બાદ ગાયબ હતાં. પરિવારજનો અને સ્થાનિક લોકો દ્વારા શોધખોળ કરવામાં આવી હતી. રાત્રિના સમયે તળાવમાં વરસાદી પાણી ભરાયું હતું. તે જગ્યા પર શોધખોળ કરવામાં આવી હતી. અહીં ત્રણેય બાળકો ડૂબેલા જોવા મળતાં ત્રણેયને બહાર કાઢી એલજી હોસ્પિટલ લઈ જવાયા હતા. જો કે, ડોક્ટરોએ ત્રણેયને મૃત જાહેર કર્યા હતા. ત્રણમાંથી બે તો તેના પરિવારના એકના એક દીકરા હતા. હાલમાં મૃતદેહો એસવીપી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે લઈ જવામાં આવ્યા છે.

## પરિવારજનોનો તંત્રની બેદરકારી સામે આક્ષેપ

પરિવારજનોએ આ મામલે જણાવ્યું હતું કે, ચંડોળા તળાવની અંદર ખાડા ખોદવાથી અમારાં બાળકો રમતાં રમતાં તેમાં પડી ગયાં હતાં. અમને તમે ન્યાય અપાવો. ત્યાં કોઈ ધ્યાન આપવાવાળું નથી. એક નહીં ત્રણ-ત્રણ છોકરાનો સવાલ છે. હજુ આગળ કેટલા છોકરા ખાડામાં પડે એ કોને ખબર. આ ઘટના ખાડા ખોદવાની લાપરવાહીથી બની છે. ત્યારે તંત્ર આ મામલે ક્યારે સજાગ બનશે ? તેવી લોકચર્ચાઓ થવા લાગી છે. મળતી માહિતી મુજબ, ચંડોળા તળાવની રિડેવલોપમેન્ટની કામગીરી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવી રહી છે. રિડેવોલોપમેન્ટના કામના પગલે હાલમાં તળાવ આખું ખાલી કરી દેવામાં આવ્યું છે. તળાવને ઊંડું કરવા ખોદવામાં આવી રહ્યું છે. જો કે, વરસાદ પડ્યો હોવાના કારણે પાણી ભરાઈ ગયાં હતાં. ચંડોળા તળાવની બાજુમાં આવેલા દેવીપૂજકવાસમાં રહેતા ત્રણ બાળકો તળાવમાં સોમવારે બપોરે રમવા માટે ગયાં હતાં. જો કે, મોડી સાંજ સુધી ત્રણેય બાળકો ઘરે પરત ફર્યા નહોતાં. બે સગા ભાઈના એકના એક દીકરા સહિત ત્રણ બાળકો ગુમ થતા દેવીપૂજક વાસના સ્થાનિકો અને પરિવારજનોએ તળાવમાં શોધખોળ શરૂ કરી હતી. આખું ચંડોળા તળાવ ફરી વળ્યા હતા. જો કે, બાળકો મળ્યાં નહોતાં. પરંતુ તળાવમાં રિ-ડેવોલોપમેન્ટની કામગીરી ચાલી રહી છે તેના કારણે ખોદવામાં આવેલા ત્રણથી ચાર જેટલા ખાડામાં તપાસ શરૂ કરવામાં આવી હતી. ૮થી ૧૦ ફૂટ ઊંડા એક ખાડામાં જ્યારે તપાસ કરી તો ત્રણેય બાળકો અંદર ડૂબેલી હાલતમાં મળી આવ્યાં હતાં. સ્થાનિક બંગાળી લોકોએ ત્રણેય બાળકોને બહાર કાઢ્યા હતા. ત્રણેયને એલજી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યાં હતાં. જો કે, બાળકોનાં પહેલાંથી જ મૃત્યુ થઈ ગયાં હતા. હોસ્પિટલના ડોક્ટરોએ તેઓને મૃત જ જાહેર કર્યા હતા. આ બનાવ અંગે ઈસનપુર પોલીસને જાણ કરવામાં આવી હતી. જેથી પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.

**મૃતકના નામ**
(૧) મેહુલ દેવીપૂજક
(૨) આનંદ દંતાણી
(૩) જિજ્ઞેશ દંતાણી

### ભચાઉ-ગાંધીધામ હાઈવે પર વિદ્યાર્થીઓની ચીસો ગૂંજી

# સળિયા ભરેલી ટ્રકમાં સ્કૂલવાન ઘૂસી જતાં એક વિદ્યાર્થીનું મોત : ૮ ઈજાગ્રસ્ત

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૬

સ્કૂલવાનમાં બાળકોને શાળાએ મોકલતા વાલીઓ માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. કચ્છના ભચાઉ નજીક ચોપડવા બ્રિજ પાસેથી પસાર થતી સળિયા ભરેલી ટ્રક પાછળ સ્કૂલવાન ઘૂસી ગયા બાદ પલટી ગઈ હતી. જેમાં વાનમાં સવાર એક વિદ્યાર્થિનીનું કરૂણ મોત નીપજ્યું છે. જ્યારે અન્ય ૮ વિદ્યાર્થીઓ ઈજાગ્રસ્ત થતા તેઓને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. જ્યારે એક વિદ્યાર્થીની હાલત ગંભીર છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગત મુજબ ભચાઉથી ૭ કિ.મી. દૂર ગાંધીધામ હાઈવે પર ચોપડવા બ્રિજ નજીક આજે સવારે સ્કૂલવાનમાં સવાર થઈ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ શાળાએ જઈ રહ્યાં હતાં. આ સમયે સ્કૂલવાનના ચાલકે ઓવરટેક કરતા જતા આગળ જઈ રહેલા સળિયા ભરેલા ટ્રકમાં અથડાઈ હતી. જેના કારણે વાન પલટી જતા સવાર નવ વિદ્યાર્થીઓને ઈજા પહોંચી હતી. અકસ્માતના કારણે હાઈવે વિદ્યાર્થીઓની ચિચિયારીઓથી ગુંજી ઊઠ્યો હતો. અકસ્માતમાં સ્કૂલવેનમાં સવાર કુલ ૯ છાત્ર-છાત્રાઓ ઘવાયાં હતાં જેમને ભચાઉની વાગડ વેલ્ફેર હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતાં. જેમાં શાંતિ રબારી નામની વિદ્યાર્થિની અને સાહિન ફકીર નામના વિદ્યાર્થીને ગંભીર ઈજા પહોંચતા વધુ સારવાર માટે ગાંધીધામ ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં શાંતિ રબારી નામની વિદ્યાર્થિનીનું મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતમાં ઘવાયેલા વિદ્યાર્થીઓમાં હેતવી સાકરા રબારી, (ઉ.૧૬), નંદગામ, વંશીકા મસરૂભાઈ રબારી,(ઉ.૧૫), નંદગામ, સાહિન સબીરભાઈ ફકીર (ઉ.૧૫), નાની ચિરઈ, વંશ જેઠાલાલ માંગે (ઉ.૧૧), ગોકુલગામ, સીમરન અવેશભાઈ ફકીર (ઉ.૧૭), નાની ચિરઈ, માધવી પચાણભાઈ રબારી, (ઉ.૧૪), નંદગામ, હેમાલી ભાવેશભાઈ, (ઉ.૧૪), નંદગામ, પ્રાચી જેઠાલાલ માંગે, (ઉ.૧૬), ગોકુલગામનો સમાવેશ થાય છે.

# મોરબીમાં વેપારી પરિવારે સામૂહિક આપઘાત કરી લેતાં ચકચાર

### પતિ-પત્ની અને પુત્ર એમ ત્રણેયનાં મોતથી અરેરાટી; ''જીવનથી કંટાળીને આત્મહત્યા કરીએ છીએ''ની સ્યુસાઈડ નોટ મળી આવી

(સંવાદદાતા દ્વારા) મોરબી, તા.૬

મોરબી શહેરના વસંત પ્લોટમાં આવેલ રોયલ પેલેસ એપાર્ટમેન્ટમાં ફ્લેટમાં રહેતા વેપારીએ તેના પત્ની અને પુત્રની સાથે પોતાના જ ઘરની અંદર ગળાફાંસો ખાઈને આપઘાત કર્યો હોવાની જાણ મોરબી એ-ડિવિઝન પોલીસને કરવામાં આવતા એસપી સહિતના અધિકારીઓ સ્થળ ઉપર દોડી આવ્યા હતા અને મૃતક યુવાન, તેના પત્ની અને તેના દીકરાના મૃતદેહને પીએમ માટે મોરબીની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા અને ઘરમાંથી એક સ્યુસાઈડ નોટ મળી આવતા તે પોલીસ દ્વારા કબજે કરવામાં આવી છે.

મોરબી શહેરના વસંત પ્લોટ વિસ્તારની અંદર આવેલ રોયલ એપાર્ટમેન્ટમાં ચોથા માળે રહેતા હરેશભાઈ દેવચંદભાઈ કાનાબાર (ઉ.વ.૫૬) તેમના પત્ની વર્ષાબેન હરેશભાઈ કાનાબાર (ઉ.વ.૫૩) અને દીકરા હર્ષ હરેશભાઈ કાનાબાર (ઉ.વ.૨૧)એ પોતાના જ ઘરની અંદર છતમાં લગાવેલા હુક સાથે ચૂંદડી બાંધીને ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો અને આ બનાવ અંગેની મૃતક વર્ષાબેનના બહેનને જાણ થતાં તેમણે મૃતક હરેશભાઈના ભાઈ પંકજભાઈને બનાવની જાણ કરી હતી અને ત્યારબાદ મોરબી સિટી એ-ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે આપઘાતના આ બનાવની જાણ કરી હતી. જેથી કરીને પોલીસ સ્ટેશનના પીઆઈ હકુમતસિંહ જાડેજા, મોરબી જિલ્લાના એસપી રાહુલ ત્રિપાઠી સહિતના પોલીસ અધિકારી સહિતનો કાફલો તાત્કાલિક ઘટનાને દોડી ગયો હતો અને આપઘાત કરી લેનાર ત્રણેયના મૃતદેહને તાત્કાલિક પીએમ માટે સિવિલ હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યા હતા. જાણવા મળતી માહિતી મુજબ હરેશભાઈ કાનાબારના દરવાજાની ચાવી દરવાજામાં લટકતી હતી અને દરવાજો ખોલીને જોતા અંદર ત્રણેય વ્યક્તિઓએ આપઘાત કરી લીધો હતો. વધુમાં પોલીસ સૂત્રો પાસેથી જાણવા મળતી વિગત પ્રમાણે ઘરમાંથી એક સ્યુસાઈડ નોટ મળી આવેલ છે જેમાં હરેશભાઈ કાનાબારની નીચે સહી કરેલી છે અને 'તે જીવનથી કંટાળી ગયા છે અને તેમના પરિવારે ભરેલા આ પગલાં માટે કોઈ દોષિત નથી અને કોઈએ રડવું નહીં' એવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.



મૃતક લોહાણા પરીવાર ફાઈલ તસ્વીર

### ગોધરામાં કબ્રસ્તાનની જગ્યા પર ફાયર સ્ટેશન બનાવવાનો મામલો

# હાઈકોર્ટમાં કેસ પડતર હોવા છતાં વર્કઓર્ડર ઈશ્યુ કરનાર ચીફ ઓફિસરને રૂબરૂ હાજર રહેવા હુકમ

**આ અંગે વધુ સુનાવણી ૧૩ ઓગસ્ટે હાથ ધરાશે**

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૬

ગોધરા નગરપાલિકાના વિસ્તારમાં કેટલીક જમીનનો કબ્રસ્તાન તરીકે ઉપયોગ થઈ રહ્યો હોવા છતાં અને આ બાબતે ગુજરાત હાઈકોર્ટમાં કેસ પડતર હોવા છતાં ગોધરા નગરપાલિકા દ્વારા આ જગ્યાએ ફાયર સ્ટેશન બનાવવા માટે તજવીજ હાથ ધરવામાં આવતા ગુજરાત હાઈકોર્ટનાં જસ્ટિસ નિખિલ કેરિયલે સરકારી તંત્રની ટીકા કરીને નગરપાલિકાના ચીફ ઓફિસરને તા.૧૩ ઓગસ્ટના રોજ હાજર રહેવા માટે આદેશ કર્યો હતો.

કબ્રસ્તાનના કેટલાક ભાગમાં ફાયર સ્ટેશન બનાવવા બાબતે ગત તા.૧૪ માર્ચનો વર્ક ઓર્ડર ઈશ્યુ કરી દેવાતા અને તોડફોડની

## હાઈકોર્ટની નોટિસ બાદ સરકારી વિભાગ મનસ્વી રીતે વર્તી શકે નહીં

કાર્યવાહી શરૂ કરવામાં આવતા આ બાબતે ગુજરાત હાઈકોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. આથી જસ્ટિસ સરકારી અધિકારીઓની ટીકા કરતા ટકોર કરી હતી કે, જ્યારે કોઈ કેસ હાઈકોર્ટમાં પેન્ડિંગ હોય અને ઓથોરિટીએ જો નિર્ણય લેવો જ પડે તેમ હોય તો અદાલતની પરવાનગી મેળવવાની કે અદાલતને જાણ કરવાની રહે છે આ બાબતે કોઈ જાણ કરાઈ નથી. સરકારી અધિકારીઓ તેમના મનમાં સમજે છે શું અને તેઓને અદાલતી પ્રક્રિયાની સમજ નથી કે શું ? આમ અદાલતે રીતસરનો ઉધડો લઈને અધિકારીને હાજર રહેવા માટે આદેશ કર્યો હતો.

આ કેસની વિગત એવી છે કે, ગોધરામાં આવેલી કેટલીક સરકારી જમીનનો ઉપયોગ આઝાદી પહેલેથી કબ્રસ્તાન તરીકે કરવામાં આવે છે. કબ્રસ્તાનનાં ટ્રસ્ટ તરફથી આ જમીનનો કબજો મેળવવા સામે અગાઉ ૨૦૧૯માં હાઈકોર્ટમાં રિટ કરાઈ હતી કે, આ સરકારી જગ્યા છે પરંતુ વર્ષોથી કબ્રસ્તાન માટે ઉપયોગમાં લેવાય છે. કબ્રસ્તાનની જમીનમાં ફાયર સ્ટેશન ઊભું કરવાની પ્રક્રિયા કરવામાં આવતા છેલ્લા ઘણા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો અને છેવટે મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો.

આ રિટમાં હાઈકોર્ટે ગોધરા નગરપાલિકા સહિતના સત્તાધીશોને નોટિસ પણ જારી કરી હતી. આ મેટર પેન્ડિંગ હોવા છતાં ગોધરા નગરપાલિકા તરફથી ઠરાવ કરી દેવાયો હતો કે, આ કબ્રસ્તાનની અમુક જગ્યામાં ફાયર સ્ટેશન ઊભું કરવા માટે જમીન ફાળવણી કરવામાં આવે છે. તેથી અરજદારોએ ફરી હાઈકોર્ટનું આ બાબતે ધ્યાન દોર્યું. હાઈકોર્ટે ડીઆઈએલઆરનો રિપોર્ટ મંગાવ્યો, જેમાં સ્પષ્ટ થયું હતું કે, આ જગ્યામાં જુદી-જુદી જગ્યાએ કબરો આવેલી છે અને તેનો કબ્રસ્તાન તરીકે ઉપયોગ થાય છે. મેટર પડતર હોવા છતાં ગોધરા નગરપાલિકા તરફથી તા.૨૪/૩/૨૦૨૪ના ઠરાવ મારફતે ઉપરોક્ત જગ્યામાં ફાયર સ્ટેશન બનાવવા અંગેનો વર્ક ઓર્ડર ઈશ્યુ કરી દેવાયો હતો. જેને પગલે અરજદાર તરફથી ફરીથી હાઈકોર્ટનું સમગ્ર મામલે ધ્યાન દોરવામાં આવતાં જસ્ટિસ નિખિલ કેરિયલે આગામી મુદતે ગોધરા નગરપાલિકાના ચીફ ઓફિસરને રૂબરૂ હાઈકોર્ટ સમક્ષ હાજર થવા ફરમાન કર્યું હતું.

### જૂનાગઢમાં મકાન દુર્ઘટનામાં ત્રણ મોત બાદ યુવતીની આત્મહત્યાનો મામલો

# અરજદારના પુરાવા ચકાસી ગુનો બનતો હોય તો જવાબદારો સામે FIR દાખલ કરવા હાઈકોર્ટનો પોલીસને હુકમ

**● જળ હોનારત પછીની મકાન દુર્ઘટનામાં મૃતક પરિવારના સગાની અરજી અન્વયે ગુજરાત હાઈકોર્ટનો હુકમ ● RTIમાં માંગવામાં આવેલ જવાબમાં ઘટસ્ફોટ થયો કે, જૂનાગઢ મ્યુ.કોર્પો. દ્વારા બિલ્ડિંગ ડિમોલિશનની ૨૦૨૩માં આપેલ નોટિસમાં ૧૯૭૬માં મૃત્યુ પામેલ માલિકની સહી કરાવેલ હોવાનું બહાર આવ્યું**

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૬

ગત જુલાઈ-૨૦૨૩ માં જુનાગઢ શહેરમાં થયેલ પ્રચંડ જળ હોનારત પછી કડીયાવાડા વિસ્તારમાં બે માળનું મકાન ધસી પડતાં ત્રણ વ્યક્તિ મૃત્યુ પામેલ હતા પાછળથી મૃતક ના પત્નીએ પણ આત્મહત્યા કરી લેવાં અરેરાટીભર્યા કેસમાં હાઈકોર્ટએ આ બનાવમાં જુનાગઢ મ્યુનિ. કોર્પોરેશનના અધિકારીઓની બેદરકારીના પુરાવા પૂરી રીતે ચકાસી જો ગુન્હો બનતો હોય તો ફરિયાદ લેવાનું ડાઈરેક્શન આપતો હુકમ કરતાં જુનાગઢ મ્યુ. કોર્પોરેશન અધિકારીઓમાં દોડધામ મચી જવા પામી છે. આ કેસમાં મૃત્યુ પામેલ પરિવારના એક વ્યક્તિએ કોર્પોરેશનના અધિકારીઓની બેદરકારી અંગે પોલીસ અધીક્ષક સમક્ષ ફરિયાદ કરવામાં આવેલ હતી પરંતુ જે તે સમયે મ્યુ. ના અધિકારીઓ સામે બેદરકારીના આક્ષેપો થયા પછી ઉલ્ટાના મ્યુ. ના અધિકારીઓની અરજીના આધારે પોલીસ એ જર્જરીત મકાનના માલિક સામે ગુન્હો દાખલ કર્યો હતો જેમાં આરોપી તરીકે ત્રણ વ્યક્તિઓ નો નામ સામેલ કરવામાં આવેલ હતું ૧) તુલસીદાસ વિરજીભાઈ પીઠડીયા, ૨) નારણદાસ વિરજી પીઠડીયા અને ૩) રતિલાલ વિરજી પીઠડીયા, પરંતુ પોલીસ અધીક્ષક માં અરજી કરનાર અરજદારે આ બાબત હાઈકોર્ટમાં પડકાર્તા ગુજરાત હાઈકોર્ટે મૃત્યુ પામેલ પરિવારના સંબંધીની અરજીના દસ્તાવેજી પૂરાવા ચકાસી જવાબદારો સામે ગુન્હો નોંધવા હાઈકોર્ટે જણાવ્યું છે. આ કેસમાં એ સમયે જે વ્યક્તિ મૃત્યુ પામી છે તેની સામે કોર્પોરેશને પોલીસ ફરિયાદ તો નોંધાવી છે પણ આ બાબતમાં રજૂ કરેલ પુરાવો એટલે કે મકાન માલીકને આપવામાં આવેલ નોટિસમાં મૃત્યુ પામેલ વ્યક્તિની સહી હોવાનો પુરાવો હાઈકોર્ટમાં રજૂ થયો છે. આ કેસની વિગત કંઈક આવી છે. ગત જુલાઈ-૨૦૨૩માં જૂનાગઢમાં અત્યંત ભારે વરસાદને કારણે પૂર પ્રકોપ થયો હતો. જે પછી તા.૨૪ જુલાઈ ૨૦૨૩ ના રોજ કડીયાવાદ શાકમાર્કેટમાં આવેલ એક બહુમાળી મકાન ધસી પડ્યું હતું. જેમાં એ સમયે રિક્ષામાં શકમાર્કેટમાં શાક લેવા ગયેલ એક જ પરિવારના ત્રણ વ્યક્તિ સંજય સતિષ ડાભી (ઉ.વ.૩૨), તરુણ સંજય ડાભી (ઉ.વ.૯) અને દક્ષ સંજય ડાભી (ઉ.વ.૫) ધસેલા મકાન નીચે દબાઈને મૃત્યુ પામ્યા હતા. આ બનાવના બે દિવસ બાદ સંજયભાઈના પત્ની મયૂરીબેન પરિવારના મૃત્યુના આઘાતમાં એસીડ પી જઈ આત્મહત્યા કરી મૃત્યુ પામ્યા હતા. આ કેસમાં જુનાગઢ મ્યુ. ના અધિકારીઓની ઘોર બેદરકારી છે એવા પ્રકારની અરજી મૃત્યુ પામેલ પરિવારના દૂરના સગા વિરાટભાઈ ડાભીએ પોલીસ અધીક્ષક અને કલેકટર સમક્ષ કરી હતી પણ જાણે કે ચોર કોટવાલને દંડતા હોય તેમ પોલીસ મ્યુ. ના અધિકારીઓ સામે ફરિયાદ લેવાને બદલે મ્યુ. અધિકારીઓની અરજીના આધારે જર્જરીત મકાનના માલિક સામે બેદરકારી અંગે ફરિયાદ દાખલ કરી હતી. જે બાબત સામે વિરાટભાઈ ડાભી હાઈકોર્ટમાં અરજી કરી હતી. આ દરમિયાન કરવા આવેલ એક આર.ટી.આઈ ની અરજી ના જવાબ સ્વરૂપે કોર્પોરેશન દ્વારા એવી વાત બહાર આવી હતી કે મ્યુ. કોર્પોરેશને આ દુર્ઘટનામાં મકાન માલીકની બેદરકારી હોવાના પુરાવારૂપે તેમણે જર્જરીત મકાન અંગે જે નોટીસ આપવામાં આવી હતી તે વ્યક્તિ તો મૃત્યુ પામી છે અને આ નોટીસ જૂનાગઢના કોલેજ રોડ પર આવેલ પીઠડીયા ગેરેજવાળા તુલસીભાઈ વિરજીભાઈ પીઠડીયાને બજાવવામાં આવી તે વ્યક્તિ તો ૧૮ ઓકટોબર ૧૯૭૬ માં મૃત્યુ પામી છે અને જે વ્યક્તિ મૃત્યુ પામી છે તે સહીથી આ નોટીસ સ્વીકારવામાં આવી તેવા પુરાવો મેળવેલ હતો. તેમજ ફરિયાદમાં દર્શાવમાં આવેલ આરોપી નંબર ૨ નામે નારણદાસ વિરજી પીઠડીયાનું પણ અવસાન સને ૨૦૧૨માં થઈ ગયેલ તો પછી તે બંનેના નામ ફરિયાદમાં આરોપી તરીકે કઈ રીતે દર્શાવામાં આવ્યા.

### આરોગ્ય વિષયક માપદંડોમાં ૧૦૦માંથી ૯૦ ગુણ મેળવી ગુજરાત ટોપ પર

# નીતિ આયોગ દ્વારા જાહેર કરાયેલ SDG ઈન્ડેક્ષમાં દેશમાં ગુજરાત પ્રથમ ક્રમે

## વર્ષ ૨૦૧૮માં ગુજરાતનો સ્કોર બાવન હતો : સતત બીજી વાર પ્રથમ ક્રમે

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૬

ભારત સરકારના નીતિ આયોગ દ્વારા તાજેતરમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ (SDG) ઈન્ડેક્સનો ચોથો રિપોર્ટ રિલીઝ કરવામાં આવ્યો છે. જેમાં ગુજરાત રાજયએ ગોલ નંબર ત્રણ - આરોગ્ય અને સુખાકારીમાં રાજ્યોની શ્રેણીમાં સતત બીજા વર્ષે પ્રથમ રેન્ક મેળવી ઉચ્ચસ્થાન હાંસલ કર્યું છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધી માટે રાજયના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે રાજયના તમામ હેલ્થકેર વર્કર્સની ફરજનિષ્ઠાને બિરદાવીને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે આ સિધ્ધિ રાજયના તમામ હેલ્થકેર વર્કર્સના પ્રયાસોને સમર્પિત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ ઈન્ડેક્સ અંતર્ગત નીતિ આયોગ દ્વારા વિશ્વ કક્ષાએ નક્કી કરેલા વિકાસના ૧૭ ગોલમાં તમામ રાજ્યો અને યુનિયન ટેરિટરીઝમા પ્રગતિનુ આલેખન વિવિધ સૂચકાંકોમાં સિધ્ધિઓનું સ્કોરીંગ કરી સાપેક્ષ રેન્ક મારફતે પ્રસિદ્ધ કરે છે. નીતિ આયોગ દ્વારા વર્ષ ૨૦૧૮માં સૌ પ્રથમ એસડીજી ઈન્ડેક્સનો રિપોર્ટ પ્રસિદ્ધ કરાયો હતો. વર્ષ ૨૦૧૮માં ગુજરાત રાજ્ય દ્વારા એસડીજીના આરોગ્યના ગોલમાં ૫૨ ના સ્કોર હતો. જે વર્ષ ૨૦૨૩-૨૪ના રિપોર્ટમાં ૯૦એ પહોંચ્યો છે. રાજ્ય સરકારના આરોગ્ય પ્રત્યેની કટિબદ્ધતા તેમજ પ્રજાલક્ષી નીતિઓ તથા આરોગ્ય સેવાઓ અને યોજનાઓના અસરકારક અમલીકરણના પરિણામે જ એસડીજી ગોલના સ્કોરમા સતત સુધારો જોવા મળી રહ્યો છે. વર્ષ ૨૦૧૯-૨૦ના બીજા રીપોર્ટમાં આરોગ્યના ગોલના સ્કોરમાં વધારો થઇ ૬૭ સ્કોર સાથે ગુજરાત રાજ્ય ૧૭થી ૮માં રેન્ક પર રહ્યું હતું. ત્યાર બાદ એસડીજી ઈન્ડેક્સના ત્રીજા રીપોર્ટમા ૮૬ના સ્કોર સાથે ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં રાજયની શ્રેણીમાં પ્રથમ રેક્ર પર પહોંચી ગયું હતું. આજે વર્ષ ૨૦૨૩-૨૪ના રીપોર્ટમાં ગુજરાત સમગ્ર ભારતમાં રાજ્યોની શ્રેણીમાં સતત બીજી વાર પ્રથમ રેક્ર પર રહ્યું છે . એટલું જ નહીં પણ ભારતનો સ્કોર જયારે ૭૭ છે ત્યારે ગુજરાતનો સ્કોર ૯૦ રહ્યો છે. આ રેક્રિંગ માટે આરોગ્ય અને સુખાકારીના સંદર્ભે ૧૧ જેટલા આરોગ્ય વિષયક માપદંડોની સમીક્ષા કરવામાં આવે છે. જેમાં માતા મૃત્યુદર, પાંચ વર્ષથી નાના બાળકોનો મૃત્યુદર, બાળકોનું રસીકરણ, સંસ્થાકીય પ્રસૂતિ, ટીબીના કેસોની નોંધણી, HIVના કેસ, અનુમાનિત આયુષ્ય, રોડ અસકસ્માતને કારણે મૃત્યુદર, આત્મહત્યા દર, આરોગ્ય કર્મચારીઓનું પ્રમાણ અને ખિસ્સા બહારના આરોગ્ય ખર્ચ વગેરનો સમાવેશ થાય છે. અગાઉ પ્રસિદ્ધ થયેલ સસ્ટેનેબલ ગોલ ઈન્ડેક્ષમાં આરોગ્ય વિષયક માપદંડોમાં ગુજરાતની સ્થિતિ અને આ વર્ષની સ્થિતિની સરખામણી કરતા માતા મૃત્યુદર ૭૫ (SDG ઈન્ડેક્સ ૩)થી ઘટીને ૫૭ (SDG ઈન્ડેક્સ ૪) થયો છે. જયારે પાંચ વર્ષથી ઓછી ઉમરના બાળકોનો મૃત્યુદર ૩૧ (SDG ઈન્ડેક્સ ૩)થી ઘટીને ૨૪ (SDG ઈન્ડેક્સ ૪) થયો. ૯-૧૧ વર્ષના બાળકોમાં રસીકરણનો વ્યાપ ૮૭ (SDG ઈન્ડેક્સ ૩)થી વધીને ૯૫.૯૫ (SDG ઈન્ડેક્સ ૪) થયો . વધુમાં દેશમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલની સરેરાશ સ્થિતિની સાપેક્ષે ગુજરાતની સરખામણી કરતા દેશમાં સરેરાશ આયુષ્ય ૭૦ ની સામે ગુજરાતમાં ૭૦.૫ વર્ષ છે. દેશમાં સંસ્થાકીય પ્રસુતિ સરેરાશ ૯૭.૧૮ ટકાની સામે ગુજરાતમાં ૯૯.૯૪ ટકા, સરેરાશ માતા મૃત્યુદર ૯૭ ની સામે ગુજરાતમાં ૫૭ અને ૧૦ હજાર એ હેલ્થકેર વર્કર્સની ઉપલબ્ધતામાં દેશમાં ૪૯.૪૫ની સામે ગુજરાતમાં ૫૫.૫૬નું સંખ્યાબળ ઉપલબ્ધ છે.

# ધોરણ-૧૦-૧૨ની પૂરક પરીક્ષાની માર્કશીટ આજે સ્કૂલોને, કાલે વિદ્યાર્થીઓને મળશે

### શિક્ષણ બોર્ડ દ્વારા જિલ્લા કક્ષાએ માર્કશીટ મોકલી આપવામાં આવી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૬

શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં લેવામાં આવેલી ધોરણ-૧૦ અને ૧૨ની પુરક પરીક્ષાની માર્કશીટ ૮ ઓગસ્ટના રોજ વિદ્યાર્થીઓને મળી જશે. શિક્ષણ બોર્ડ દ્વારા તમામ જિલ્લાઓમાં માર્કશીટ રવાના કરી દેવામાં આવી છે. આ માર્કશીટ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા બુધવારના રોજ સ્કૂલોને આપવા માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સ્કૂલો માર્કશીટ લઈ જઈને મોડામાં મોડા ૮ ઓગસ્ટ સુધીમાં વિદ્યાર્થીઓને આપે તે પ્રકારનું આયોજન કરવા માટે પણ બોર્ડ દ્વારા સુચના આપવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જૂન-જુલાઈ માસમાં ધોરણ-૧૦ અને ૧૨ની પુરક પરીક્ષા લેવામાં આવી હતી. ૨૪ જૂનથી શરૂ થયેલી આ પુરક પરીક્ષા ૬ જુલાઈના રોજ પુર્ણ થઈ હતી. પુરક પરીક્ષા પુર્ણ થયા બાદ પરિણામ તૈયાર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં તાજેતરમાં શિક્ષણ બોર્ડ દ્વારા ૨૯ જુલાઈના રોજ ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પુરક પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. દરમિયાન, ધોરણ-૧૦ અને ૧૨ની પુરક પરીક્ષાના ગુણપત્રકો, એસ.આર. અને પ્રમાણપત્રો તમામ જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે બોર્ડની કચેરીએથી રવાના કરી દેવામાં આવ્યા છે. જિલ્લા શિક્ષણાધિકારીએ ગુણપત્રકો, એસ.આર. અને પ્રમાણપત્રો વિતરણ કરવા અંગેનું યોગ્ય આયોજન કરી ૭ ઓગસ્ટના રોજ જિલ્લાની જિલ્લાની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહની શાળાઓને પરિણામ વિતરણ થઈ જાય તે મુજબ તમામ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. રાજયની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્યોએ પોતાની શાળાનું પરિણામ મુખત્યારપત્ર રજૂ કરી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા નિયત થયેલા સમયે અને સ્થળેથી મેળવી લેવાનાં રહેશે. શાળાઓએ ૮ ઓગસ્ટ સુધીમાં વિદ્યાર્થીઓને પરિણામનું વિતરણ કરવાનું રહેશે.

### ભરૂચ જિલ્લામાં ફરી એકવાર ડ્રગ્સના કાળા કારોબારનો પર્દાફાશ

# દહેજની ફાર્મા કંપનીમાં દવાઓની આડમાં ડ્રગ્સનું રો-મટીરિયલ બનાવવાનું કૌભાંડ

### ગુજરાત ATSએ કરોડો રૂા.નો રો-મટીરિયલનો જથ્થો ઝડપી લીધો

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૬

ભરૂચ જિલ્લામાં ફરી એક વાર ડ્રગસના કાળા કારોબારનો પર્દાફાશ થયો છે. ગુજરાત એ.ટી.એસ.એ દહેજમાં આવેલ એલાયન્સ કંપનીમાં દોરડા પાડી ડ્રગ્સમાં વપરાતા રો-મટીરીયલનો કરોડો રૂપિયાનો જથ્થો ઝડપી પાડ્યો હતો. ભરૂચ જિલ્લામાં ફરી એકવાર ફાર્માસ્યુટિકલ કંપનીમાં જીવન રક્ષક દવાઓ બનાવવાની આડમાં ડ્રગ્સનું રો-મટીરીયલ બનાવવાના કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ અંગે મળતી વિગતો અનુસાર ગુજરાત એટીએસ અને ભરૂચ પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા દહેજ જીઆઈડીસીમાં આવેલ એલાયન્સ કંપનીમાં દરોડા પાડવામાં આવ્યા હતા. જયાંથી એમ.ડી.ડ્રગ્સની બનાવટમાં ઉપયોગમાં લેવાતું કરોડો રૂપિયાનું રો મટીરીયલ ઝડપાયું હતું. પોલીસે આ રો-મટીરીયલનો જથ્થો એફ.એસ.એલ.માં ચકાસણી અર્થે મોકલી આપ્યો છે.આ મામલામાં NDPS એક્ટ હેઠળ પોલીસ દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ અગાઉ અંકલેશ્વરમાંથી ડ્રગસ બનાવતી આખેઆખી ફેક્ટરી ઝડપાઈ હતી. જયાંથી પણ કરોડો રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો ત્યારે વધુ એકવાર ભરૂચ જિલ્લામાંથી ડ્રગસના કાળા કારોબારનો પર્દાફાશ થયો છે.

www.gujarattoday.in facebook.com/gujarattodaydaily @Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS